અહેવાલ
૨૮૪

# ગુજરાત રાજ્યમાં વસતા છૂટાછવાયા આદિવાસીઓનો સામાજિક-આર્થિક અભ્યાસ અને આયોજન


અહેવાલ લેખન
ડૉ. ઠાકોરભાઈ નાયક
શ્રી ચંદ્રકાન્ત ઉપાધ્યાય
શ્રી દિલીપ પરમાર



આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર
ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ - ૧૪
૧૯૯૦


૨૮૪

# અનુક્રમણિકા


| પ્રકરણ | વિગત | પૃષ્ઠ નંબર |
|---|---|---|
| | કોઠાની અનુક્રમણિકા | |
| | પરિશિષ્ઠ - યાદી | |
| | આભાર દર્શન | |
| ૧ | પૃષ્ઠભૂમિ અને સંશોધન પ્રબંધ | ૧ - ૧૨ |
| ૨ | વસતિ અને શિક્ષણ | ૧૨ - ૫૦ |
| ૩ | આર્થિક જીવન : વ્યવસાયો અને વિશેષતાઓ | ૫૧ - ૮૫ |
| ૪ | રહેઠાણ અને આરોગ્ય | ૮૬ - ૯૭ |
| ૫ | શિક્ષિત બેકારો અને સહકારી યોજનાઓ | ૯૮ - ૯૯ |
| ૬ | સર્વેક્ષિત કુટુંબોની આર્થિક, શૈક્ષણિક અને આરોગ્ય વિષયક જરૂરિયાતો | ૧૦૦ - ૧૦૫ |
| ૭ | જુદાં જુદાં ગામોમાં આદિવાસીઓની સ્થિતિઓ ચિતાર | ૧૦૬ - ૧૧૮ |
| ૮ | સારાંશ, ભલામણો અને તેમને માટેનું આયોજન | ૧૧૯ - ૧૬૯ |
| | પરિશિષ્ટ | ૧૭૦ - ૨૯૪ |

## કોઠાની અનુક્રમણિકા


| ક્રમ | શીર્ષક | પૃષ્ઠ નંબર |
| --- | --- | --- |
| | પ્રકરણ-૧ | |
| ૧.૧ | જિલ્લાવાર અનુસૂચિત જનજાતિની વસતિ (૧૯૮૧) | |
| | પ્રકરણ-૨ | |
| ૨.૧ | જિલ્લાવાર સર્વેક્ષણ થયેલ ગામો અને કુટુંબ સંખ્યા | |
| ૨.૨ | અનુસૂચિત જનજાતિ વસતિના જાતિવાર સર્વેક્ષણ | |
| ૨.૩ | ગુજરાત રાજયમાં અને અનુસૂચિત જનજાતિમાં છેલ્લા ત્રણ દાયકામાં થઈ રહેલા વસતિમાં ફેરફારના આંકડા | |
| ૨.૪ | જિલ્લાવાર કુલ સભ્યસંખ્યા કુલ કુટુંબ સંખ્યાં અને કુટુંબકદ | |
| ૨.૫ | કુટુંબના સભ્યોનું વયજૂથ પ્રમાણે વર્ગીકરણ | |
| ૨.૬ | વયજૂથ પ્રમાણે કુલ સરેરાશ વસતિ કરતાં વધુ સરેરાશ ધરાવતા જિલ્લાઓ | |
| ૨.૭ | છેલ્લા ત્રણ દાયકાનું ગુજરાત રાજય અને અનુસૂચિત જનજાતિનું ગ્રામ્ય અને શહેરી પ્રમાણ | |
| ૨.૮ | શહેરી અને ગ્રામ્ય વિસ્તારના આદિવાસી વિદ્યાર્થીઓનું શૈક્ષણિક સ્તર પ્રમાણે વિગત (કુમાર-કન્યા પ્રમાણે) | |
| ૨.૯ | સર્વેક્ષણમાં આવરી લીધેલ કુટુંબોમાં સાક્ષરતાની માત્રા | |
| ૨.૧૦ | જિલ્લાવાર શિક્ષણનું પ્રમાણ | |
| ૨.૧૧ | સર્વેક્ષણ કરેલ કુટુંબમાં શિક્ષણ પૂરું કરેલાનું વર્ગીકરણ | |
| ૨.૧૨ | જુદી જુદી કક્ષાએ લિંગવાર (કુમાર-કન્યા) અભ્યાસ કરતાં બાળકોની સંખ્યા | |
| ૨.૧૩ | જિલ્લાવાર ૭ થી ૧૪ વર્ષની ઉંમરના ન ભણતા બાળકોની સંખ્યા | |
| | પ્રકરણ-૩ | |
| ૩.૧ | ગુજરાતમાંથી કુલ વસતિમાંથી અને આદિવાસી વસતિમાંથી જુદા જુદા વ્યવસાયોમાં કામ કરતી સંખ્યા (ટકામાં) છેલ્લા ત્રણ દાયકાની માહિતી | |
| ૩.૨ | સર્વેક્ષણ થયેલ કુટુંબોનું વ્યવસાયિક વર્ગીકરણ | |

| ક્રમ | શીર્ષક | પૃષ્ઠ નંબર |
|---|---|---|
| ૩.૩ | જિલ્લાવાર જમીન ધરાવતાં કુટુંબોની સંખ્યા | |
| ૩.૪ | જિલ્લાવાર હાળી સભ્યો કઈ શરતે કામ કરે છે તેની વિગત | |
| ૩.૫ | વાર્ષિક આવકજૂથ પ્રમાણે કુટુંબોનું વર્ગીકરણ | |
| ૩.૬ | જાતિવાર અને આવક જૂથવાર સર્વેક્ષણ થયેલ કુટુંબનું વર્ગીકરણ | |
| ૩.૭ | વાર્ષિક ખર્ચ જૂથ પ્રમાણે કુટુંબોનું વર્ગીકરણ | |
| ૩.૮ | જાતિ પ્રમાણે ખર્ચ જૂથવાર, સર્વેક્ષણ કરેલ કુટુંબોનું વર્ગીકરણ | |
| ૩.૯ | જિલ્લાવાર દેવાદાર કુટુંબની સંખ્યા | |
| ૩.૧૦ | જાતિ પ્રમાણે સર્વેક્ષણ થયેલ કુટુંબનું દેવાજૂથ | |
| ૩.૧૧ | જાતિવાર કુટુંબદીઠ વાર્ષિક આવક-ખર્ચ અને દેવું | |
| | પ્રકરણ-૪ | |
| ૪.૧ | જિલ્લાવાર સર્વેક્ષણ થયેલા કુટુંબો અને ઘર બાંધવા માટે મળેલ પ્લોટ દર્શાવતો કોઠો | |
| ૪.૨ | જિલ્લાવાર સર્વેક્ષણ થયેલા કુટુંબોના સભ્યોમાં ખોડ-ખાંપણ | |
| ૪.૩ | જિલ્લાવાર નસબંધી ઓપરેશનમાં માનનારા સભ્યો અને ઓપરેશન કરાવનાર સ્ત્રી-પુરુષની માહિતી. | |


•••

# પરિશિષ્ટ


| ક્રમ | વિગત | પૃષ્ઠ નંબર |
|---|---|---|
| ૧. | આદિવાસી વિસ્તાર પેટા યોજનાની વસતિ અને વિસ્તાર | |
| ૨. | રાજ્યમાં જીલ્લાવાર છૂટાછવાયા આદિવાસીઓની વસતિ | |
| ૩. | જિલ્લાવાર પસંદ થયેલા ગામોની સંખ્યા અંગેની માહિતી | |
| ૪. | છૂટાછવાયાં આદિવાસી કુટુંબ તપાસ પત્રક | |
| ૫. | જિલ્લાવાર પસંદ થયેલા તાલુકામાં શિક્ષકોને તાલીમ આપ્યા અંગેની માહિતી | |
| ૬. | ગુજરાતની આદિવાસી જાતિઓ | |
| ૭. | છૂટાછવાયા આદિવાસીઓ માટેના સર્વેક્ષણ હેઠળ કુટુંબોની સામાજિક-આર્થિક મોજણી, કુટુંબપત્રક ભરનાર માટે વિગતવાર સૂચના | |
| ૮. | જીલ્લાવાર અને જાતિવાર કુટુંબની સંખ્યા | |
| ૯. | જિલ્લાવાર કુટુંબ વયજૂથ પ્રમાણે વર્ગીકરણ | |
| ૧૦. | જિલ્લાવાર સર્વેક્ષણ થયેલ કુટુંબોમા શિક્ષણની સ્થિતિ (શિક્ષણ પુરુ કરેલ) | |
| ૧૧. | જિલ્લાવાર સર્વેક્ષણ થયેલ કુટુંબમાં જુદી જુદી કક્ષાએ અભ્યાસ કરતાં બાળકોની સંખ્યા | |
| ૧૨. | જિલ્લાવાર સર્વેક્ષણ થયેલ કુટુંબોમાં ન ભણતા બાળકોની સંખ્યા | |
| ૧૩. | જિલ્લાવાર અને જાતિવાર કુટુંબોનું મુખ્ય ધંધાવાર વર્ગીકરણ | |
| ૧૪. | જિલ્લાવાર સર્વેક્ષણ કરેલ ખેતી ધરાવતાં કુટુંબોનું જમીનના કદ પ્રમાણે વર્ગીકરણ | |
| ૧૫. | જિલ્લાવાર સર્વેક્ષણ થયેલ કુટુંબોમાં કમાનાર તેમજ શિક્ષિત બેકારોની સંખ્યા | |
| ૧૬. | જિલ્લાવાર સ્થળાંતર થયેલ કુટુંબોની માહિતી | |
| ૧૭. | જિલ્લાવાર રહેઠાણમાં ઉપલબ્ધ સગવડો | |
| ૧૮. | સર્વેક્ષણ કરેલ કુટુંબોમાં માંદગીથી પીડાતા સભ્યોની સંખ્યા | |
| ૧૯. | જિલ્લાવાર શિક્ષિત બેકાર અંગેની વિગત | |
| ૨૦. | જિલ્લાવાર સહકારી મંડળી અંગેની વિગત | |

| ક્રમ | વિગત | પૃષ્ઠ નંબર |
|---|---|---|
| ૨૧. | જિલ્લાવાર સરકારી સહાય અંગેની વિગત | |
| ૨૨. | જિલ્લાવાર સરકારી સંહાય અંગેની વિગત | |
| ૨૩. | જિલ્લાવાર વંશપરંપરાગત ધંધામાં અને પરિવહનના ધંધા માટે ભાડેથી રોજી કમાવવાની જરૂરીયાત | |
| ૨૪. | જિલ્લાવાર ખેતી વિષયક જરૂરીયાત | |
| ૨૫. | જિલ્લાવાર ખેતીના સાધનોની જરૂરીયાત | |
| ૨૬. | જિલ્લાવાર ખેતી માટેના કુવા તથા પિયતનાં સાધનોની જરૂરીયાત | |
| ૨૭. | જિલ્લાવાર શાકભાજી અને ફળાઉ ઝાડનો ઉછેર કરવા માંગતા કુટુંબોની સંખ્યા | |
| ૨૮. | જિલ્લાવાર સર્વેક્ષણ થયેલ કુટુંબોમાં પશુપાલન અંગેની જરૂરીયાત | |
| ૨૯. | જિલ્લાવાર સર્વેક્ષણ થયેલ કુટુંબમાં આવક વૃદ્ધિ માટે નવા ધંધા રોજગારની ઈચ્છા | |
| ૩૦. | જિલ્લાવાર નવા ધંધા રોજગાર માટે તાલીમની જરૂરીયાત | |
| ૩૧/૧ | જિલ્લાવાર ઘરથાળના પ્લોટ તેમજ નવા મકાનની જરૂરીયાત હોય તેવા કુટુંબોની સંખ્યા | |
| ૩૧/૨ | જિલ્લાવાર રહેઠાણ અંગેની જરૂરીયાતો | |
| ૩૨. | જિલ્લાવાર ખોડ-ખાંપણવાળા અંગેની અને તેની જરૂરીયાત | |

# આભાર દર્શન

ભારત દેશમાં અનુસૂચિત જનજાતિની વસતિ ૭ ટકા જેટલી છે અને ગુજરાતમાં તેની વસતિ ૧૪.૨૨ ટકા છે. આમ દેશ અને રાજયમાં અનુસૂચિત જનજાતિ એક મહત્વનો સમુદાય છે. આમ છતાં આ જાતિ ઘણા લાંબા સમયથી સામાજિક-આર્થિક અને શૈક્ષણિક રીતે ઘણી પાછળ રહી ગઈ છે, તે એક નગ્ન સત્ય છે. ભારત દેશ મૂળભુત રીતે સમાનતા અને ભાતૃત્ત્વને વરેલો છે ત્યારે આવી પછાત જાતિઓ માટે કંઈને કંઈ થવું જોઈએ તેઓને અન્ય સમાજ સમકક્ષ લાવવા જોઈએ તેવી ચિંતા ગાંધીજીને હતી અને તેમણે તે માટે સઘન પ્રયાસો આદર્યા. અને તેમણે પોતાના જીવનમાં પછાત વર્ગનો ઉત્કર્ષ કરવો તેને પાયાનું કામ ગણાવ્યું.

૧૯૪૭માં ભારતને સ્વતંત્રતા મળી. દેશ આઝાદ થયો અને બંધારણનું ઘડતર થયું. બંધારણમાં પછાત વર્ગના ઉત્કર્ષ અને ઉત્થાન માટે વિવિધ જોગવાઈઓ કરવામાં આવી અને તેમાં સ્વીકારાયું કે જો તેઓનો આર્થિક અને શૈક્ષણિક વિકાસ થશે તો બાકી ઘણું આપોઆપ આગળ વધશે અને આથી બંધારણની કલમ-૪૬ મુજબ કેન્દ્ર અને રાજય સરકારોને નબળા વર્ગોની શૈક્ષણિક તથા આર્થિક ઉત્કર્ષની ખાસ જ્વાબદારી સોંપવામાં આવી છે.

તદ્નુસાર રાજયે પ્રજાના નબળા વર્ગોમાંના અનુસૂચિત જનજાતિના શૈક્ષણિક અને આર્થિક વિકાસ માટે ખાસ વ્યવસ્થા કરવાની રહે છે. આ માટે ૧૯૫૨માં ૨જી ઓકટોબરે કોમ્યુનીટી ડેવલપમેન્ટ અને નેશનલ એક્ષટેન્શન પ્રોગ્રામ અમલમાં મુક્યો અને ૧૯૫૫માં જયાં આદિવાસીનો વસવાટ છે તેનાં સંકલિત વિકાસ માટે પાઈલોટ બેશ્રીસ બ્લોકની શરૂઆત થઈ, પરંતુ આનાં ધાર્યા પરિણામો ન મળતાં છઠ્ઠી પંચવર્ષિય યોજનામાં આ સમૂહ ઉપર વધુ ધ્યાન અપાય તે માટે વિસ્તાર અને જાતિને ધ્યાનમાં રાખી ચાર વિભાગો (૧) પ્રાયોજના વિસ્તાર (૨) લઘુ વિસ્તાર (૩) પ્રિમિટીવ ગ્રુપ અને (૪) છૂટાછવાયા આદિવાસીઓમાં વિભાજન કર્યું. આમાં પ્રથમ ત્રણ માટે વહીવટી રીતે અને યોજનાકીય રીતે લાભો મળે છે જયારે છૂટાછવાયા આદિવાસીઓ માટે આવી કોઈ વ્યવસ્થા નથી. સરકારશ્રીને વસવાટ કે વિસ્તાર સાથે નહિ પરંતુ આ જાતિનો ખરેખર રીતે વિકાસ થાય તેમાં રસ છે અને તેથી આદિજાતિ વિકાસ વિભાગના મંત્રીશ્રી અને સચિવશ્રીની જાગૃતિને લીધે એવું ધ્યાનમાં આવ્યું કે છૂટાછવાયા માટે જે કંઈ થાય છે તેના કરતાં ઘણું વધારે કરવું પડશે અને આ માટે પ્રથમ આ સમુદાયની માહિતી મેળવવી આવશ્યક છે. આ વિસ્તારના ફળસ્વરૂપે આદિજાતિ વિકાસ વિભાગના ભૂતપુર્વ કમિશ્નરશ્રી ટી.ડી.સોયંતર અને હાલના કમિશ્નરશ્રી બેનરજી સાહેબ, નાયબ સચિવ (ભૂતપુર્વ) શ્રી વ્હોરા સાહેબ અને હાલના શ્રી ચક્રવર્તી સાહેબ તેમજ નાયબ આદિજાતિ વિકાસ કમિશ્નરશ્રી જોષી સાહેબ વગેરે આ માટે પ્રથમ સર્વેક્ષણ થાય તેમ નક્કી કર્યું અને આ કામ આ કેન્દ્રને સોંપ્યું અને આ માટે જરૂરી નાણાકીય મદદ કરી. નાણાંકીય ઉપરાંત વખતોવખત એમની સાથે ચર્ચા દરમિયાન અમને રાહબરી દેખાડી અને પ્રોત્સાહન આપ્યું. જરૂર જણાય ત્યાં નવા મુદ્દા પણ આપ્યા. આ સર્વે અધિકારીઓનો બહોળો અનુભવ અમને માર્ગદર્શક બન્યો હતો. આ સર્વ મહાનુભાવોના અમે ઋણી છીએ અને એમના અત્યંત આભારી છીએ.

સર્વેક્ષણ કાર્ય એક હજારથી વધુ ગામોમાં કરવાનું હતું. આ માટે સર્વેક્ષકો મેળવવા મુશ્કેલ હતા. આથી અમારી નજર પ્રાથમિક શિક્ષકો તરફ દોડી. અને સ્થાનિક શિક્ષકો કામ કરે તો કામમાં વિગતો સાચી અને વાસ્તવિકતાથી નજીક આવી શકે. આ માટે શિક્ષણ વિભાગના નિયામકશ્રી આઈ.કે. વ્હોરા સાહેબને અમે મળ્યા. તેમણે અને નાયબ શિક્ષણ નિયામકશ્રી રે.ખા. ચૌધરીએ આ કામ કરવા માટે શિક્ષકોની મંજુરી આપી અને જરૂરી આદેશો જિલ્લા શિક્ષણ અધિકારીને કર્યા. આ સમયે શિક્ષણ નિયામકશ્રી વ્હોરા, નાયબ શિક્ષણ નિયામકશ્રી ચૌધરી, દરેક જિલ્લાના જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓ, તાલુકા કેળવણી નિરીક્ષકો વગેરેને યાદ કરી આભારની લાગણી વ્યક્ત કરીએ છીએ.

ગુજરાત વિદ્યાપીઠના કુલનાયકશ્રી રામલાલભાઈ પરીખ તરફથી અભ્યાસની શરૂઆતથી જ પ્રેરણા, માર્ગદર્શન, પ્રોત્સાહન અને જરૂરી સૂચનો મળતાં જ રહ્યાં હતાં. અને તેમના આભારી છીએ. આવડા મોટા સર્વેક્ષણમાં વ્યવસ્થા કાર્ય ગોઠવવું મુશ્કેલ અને ચિંતા ઉપજાવે તેવું હોય છે પરંતુ અમારા કુલ સચિવશ્રી વિનોદભાઈ ત્રિપાઠીએ અમને ક્ષેત્રકાર્યની શરૂઆતથી જ અહેવાલના અંત સુધીમાં જયાં જયાં સમસ્યા આવી ત્યાં ઉકેલી આપી છે, એમનો જેટલો આભાર માનીએ તેટલો ઓછો છે.

આ અભ્યાસની શરૂઆત કરનાર અને તેને પૂરો કરાવવા માર્ગદર્શન અને દિશાસૂચન આપનાર કેન્દ્રના નિયામક ડૉ.ઠાકોરભાઈ નાયકે સર્વેક્ષણના દરેક પાસાંઓ ઝીણવટથી તપાસ્યાં હતાં, ક્ષેત્રકાર્યની અનેકવાર મુલાકાત લઈ આદિવાસીઓ અને પદાધિકારીઓ સાથે ચર્ચા કરી છે, તેમણે આ અહેવાની હસ્તપ્રત ઉંડાણપૂર્વક જોઈ જરૂરી સુચનો કર્યાં અને અભ્યાસને વધુ વૈજ્ઞાનિક, સમૃધ્ધ અને ઉપયોગી કરવા દિશાદર્શન કરાવ્યું, એના ફળ સ્વરૂપે આ અહેવાલ બન્યો છે. એમનો આભાર તો જેટલો માનીએ તેટલો ઓછો છે અમે તેમના ચિરઋણી છીએ.

સર્વેક્ષણ કાર્ય શિક્ષકો દ્વારા કરવાનું હતું. શિક્ષકોને આ માટેની જરૂરી તાલીમ આપવી આવશ્યક હતી. રાજયના પંચોતેર તાલુકામાં તાલીમ આપવી ઘણું કઠીન કાર્ય હતું. તે કામ કેન્દ્રના સૌ મિત્રોએ ઉપાડી લીધું. નાયબ નિયામકશ્રી સિદ્ધરાજભાઈ સોલંકી, સંશોધન અધિકારીશ્રી રાસબિહારી લાલ, શ્રી મુસ્તાઅલી મસવી, શ્રી ગૌરીશભાઈ પંડયા, શ્રીમતી ભારતીબેન દેસાઈ, શ્રી હસમુખભાઈ પરમાર અને સંશોધન મદદનીશોમાં શ્રી ભીખાભાઈ પટેલ, શ્રી સાયમનભાઈ મેકવાન, શ્રી ચંદ્રકાંત પટેલ, શ્રી જશવંતસિંહ રાઠોડ અને શ્રી કાંતિભાઈએ મદદ કરી હતી. શ્રી અરૂણભાઈ પટેલે આંકડાકીય કામમાં મદદ કરી હતી, આ સૌના આભારી છીએ.

કેન્દ્રમાં અન્યોએ પણ આ કામમાં મદદ કરી છે જેમાં શિક્ષકોને નાણાં ચુકવવા માટે કેન્દ્રના એકાઉન્ટન્ટશ્રી રામભાઈ પટેલ અને પ્રકાશભાઈ મહેતા, કેન્દ્રના ટાઈપીસ્ટો શ્રી છોટુભાઈ પટેલે વખતોવખત જરૂરી પત્રો અને અન્ય જે કાંઈ હોય તે ટાઈપ કરી આપ્યું છે. કેન્દ્રના પટાવાળા શ્રી સોમાભાઈ પટેલ, શ્રી રતનભાઈ દેસાઈ અને શ્રી શંકરભાઈ હળપતિએ સાઈકલોસ્ટાઈલ મશીનનું કામ અને પાર્સલ બનાવવા માટે અને પાર્સલો ગાડીમાં

લઈ જવા માટે અમારા ડ્રાઈવર શ્રી હીરાલાલ પટેલે મદદ કરી હતી. આ સૌને કેમ ભૂલી શકાય ? એ સૌ તરફ આભારની લાગણી વ્યક્ત કરીએ છીએ.

અને છેલ્લે ઘણા અતિ મહત્વના જે શિક્ષક મિત્રોએ પહેલાં થોડી નાખુશી પછી પોતાનું આ કામ ગણ્યું તે દાદ માગી લે છે તેમણે પોતાના શાળાના સમય પછી પણ સમય કાઢી ઘેર ઘેર કુટુંબોની મુલાકાત મેળવી જે માહિતી મેળવી છે તે હંમેશ માટે યાદ રહેશે. સાથે પસંદ થયેલ ગામના અનુસૂચિત જનજાતિનાં ભાઈ-બહેનોએ નિષ્ઠાપુર્વક માહિતી આપી, સર્વેક્ષણ કાર્યમાં ઘણો સહકાર આપ્યો છે. તેમના સહકાર વિના આ કામ પૂરું થયું ન હોત, આ સૌનો આભાર માનવા માટે અમારા શબ્દો વામણા પડે છે.

આ અહેવાલ સરકારશ્રીને વહીવટ અને યોજનાઓના અમીલકરણમાં પડેલા અધિકારીઓ, સામાજિક કાર્યકરો, આદિવાસીઓમાં રસ લેનાર બહુજન સમાજના સભ્યો, સંશોધકો અને અન્યોને ઉપયોગી થાય તે માટે અહેવાલ સારો અને અર્થપૂર્ણ કરવાનો પ્રયાસ કર્યો છે, છતાં કાંઈ ત્રૂટીઓ રહી ગઈ હોય તો તે માટે અમે જવાબદાર છીએ અને ક્ષમાયાચના માંગીએ છીએ.

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર
ગુજરાત વિદ્યાપીઠ
તા.૧૭/૯/૯૦

ચંદ્રકાંત ઉપાધ્યાય
દિલીપ પરમાર

## પ્રકરણ - ૧

## પૃષ્ઠભૂમિ અને સંશોધન પ્રબંધ

ભારતની વસતિનાં કેટલાંક જૂથો આર્થિક, સામાજિક, શૈક્ષણિક અનેક રાજકીય કારણોસર પાછળ છે, આપણો દેશ આઝાદ થયો તે પહેલાં સમાજના નબળા વર્ગોમાં હરિજન અને આદિવાસીઓના વિકાસ માટે દેશના અગ્રગણ્યો, સામાજિક કાર્યકરો અને પ્રશાસનમાં કામ કરતા લોકો વિચારતાં હતા, ખાસ કરીને આઝાદી મળ્યા પછી આવાં કેટલાંક જૂથોની પ્રગતિ ઝડપી બનાવી શકાય તે માટે બંધારણમાં ખાસ જોગવાઈ કરવામાં આવી છે. બંધારણની જોગવાઈ અનુસાર પંચવર્ષીય યોજનાના આયોજનમાં પછાત વર્ગોના કલ્યાણનો પાયો નંખાયો હતો. જેમાં ૧૯૫૨ની ૨જી ઓકટોબરે કોમ્યુનીટી ડેવલપમેન્ટ અને નેશનલ એક્ષટેન્શન પ્રોગ્રામ અમલમાં આવ્યા હતા. જયારે ૧૯૫૫માં સમગ્ર ભારતમાં જયાં ખાસ કરીને આદિજાતિઓ સ્થાયી થયેલ છે. તેઓના સંકલિત વિકાસ માટે પાઈલોટ બેઝીસ ઉપર ખાસ ઘટક બ્લોકોની શરૂઆત કરાઈ હતી.

ત્યારબાદ આદિવાસીઓની જુદી જુદી યોજના અને કાર્યક્રમોથી વધુ લાભ આપી શકાય તે માટે રાજયના આદિવાસી વિસ્તારોને છઠ્ઠી પંચવર્ષિય યોજના મુખ્યત્વે ચાર વિભાગમાં વિભાજિત કરવામાં આવ્યાં છે, જેથી વિકાસ કાર્યક્રમોનો સઘન ઉપયોગ થઈ શકે :

(૧) આદિવાસી સંકલિત વિસ્તાર

(૨) લઘુ વિસ્તાર

(૩) છુટાછવાયા આદિવાસીઓ અને

(૪) આદિમજૂથો

ગુજરાતે પણ કેન્દ્ર સરકારના પગલે પગલે ઉપરોકત અભિગમો અપનાવ્યા હતા, જેમ કે ગુજરાતની એકંદર વસતિમાં આદિવાસી વસતિ ૪૮.૪૮ લાખ ૧૯૮૧ પ્રમાણે) છે.આમ આદિવાસી પ્રજાનું પ્રમાણ ચૌદ ટકા જેટલું છે, એટલે કે દર સાત ગુજરાતીએ એક આદિવાસી છે. રાજયમાં મુખ્યત્વે આદિવાસી વસતિ આઠ જિલ્લાઓમાં આદિવાસી પેટા યોજના અને પોકેટમાં મળી અનુસૂચિત વસતિ ૩૭,૭૭,૧૦૮ (૭૮ ટકા) છે. આ સિવાય બધા જિલ્લાઓમાં બાકીની જે અનુસૂચિત જનજાતિની વસતિ છે તે છુટીછવાયી વસતિ તરીકે ઓળખાય છે, જેની સંખ્યા ૧૦,૭૧,૪૭૮ છે.

રાજયમાં આદિવાસીઓને વિસ્તાર અને જાતિની રીતે જે આદિવાસી પેટા યોજના, લઘુ વિસ્તાર, છૂટાછવાયા અને આદિમ જૂથો તરીકે ઓળખાવ્યા છે તેનો ટૂંકો ખ્યાલ આ મુજબ છે.

(૧) **આદિમજાતિ પેટા યોજના વિસ્તાર :**

રાજયના આઠ જિલ્લા (૧) વડોદરા (૨) ભરૂચ (૩) વલસાડ (૪) સુરત (૫) ડાંગ (૬) પંચમહાલ (૭) સાબરકાંઠા અને (૮) બનાસકાંઠાના ૩૨ તાલુકાઓમાં આદિવાસીઓની વસતિ ૫૦ ટકા કરતાં પણ વધારે છે. આ બધા વિસ્તારોને આદિવાસી વિસ્તાર પેટા-યોજના હેઠળ આવરી લેવામાં આવ્યાં રાજયની કુલ ૪૮.૪૮ લાખની આદિવાસી વસતિમાંથી ૩૭.૭૮ લાખની વસતિ (૭૮ ટકા) આદિવાસી વિસ્તાર પેટા યોજના હેઠળ આવરી લેવામાં આવી છે. આદિવાસી વિસ્તાર પેટા યોજના હેઠળ કુલ ૨૮,૧૯૪ ચો.કિ.મી. વિસ્તાર આવરી લીધેલ છે.જે રાજયના કુલ ભૌગોલીક વસ્તારના ૧૪.૩૯ ટકા થાય છે.

આદિજાતિ પેટા યોજનાના કેટલાંક ખાસ ઉદ્દેશો પણ છે :

(૧) આદિવાસી વિસ્તાર અને બીજા વિસ્તારોથી વિકાસની કક્ષા વચ્ચેનું અંતર ઘટાડવાની કામગીરી.

(૨) આદિજાતિના ૫૦% કુટુંબોને ગરીબી રેખાથી બહાર કાઢવાની કામગીરી.

(૩) ખેતી, પશુપાલન, વિદ્યા, કુટી અને નાના ઉદ્યોગો વગેરે ક્ષેત્રે ઉત્પાદકતાની કક્ષા ઉંચે લાવવાની કામગીરી.

(૪) શિક્ષણ કક્ષા ઉંચે લાવવી.

(૫) આદિજાતિ વિસ્તારના અર્થતંત્રની આર્થિક અને સામાજિક પુર્વ જરૂરીયાતના તફાવતને પહોંચી વળવાની કામગીરી.

(૬) જમીન અને વનની કુદરતી સંપત્તિની શકયતા ઉભી કરવાની, ઔદ્યોગિક પાયાને પ્રોત્સાહન આપવાની કામગીરી, આ માટે જરૂરી મુડી રોકાણ પુરુ પાડવાની કામગીરી.

(૭) જમીન, વેપાર અને ઉદ્યોગો, ગૌણ વન પેદાશો ઉપજાવી ખરીદ વેચાણમાં થતાં શોષણ સામે રક્ષણ, આપવાની કામગીરી.

આદિવાસી વિસ્તાર પેટા યોજનાની માહિતી પરિશિષ્ટ-૧ માં આપવામાં આવી છે.

(૨) **લઘુ વિસ્તાર :**

છઠ્ઠી પંચવર્ષિય યોજના પ્રમાણે જે વિસ્તારમાં આદિવાસીઓની વસતિ દશ હજારથી વધુ હોય તેવા વિસ્તારોને લઘુ વિસ્તાર (પોકેટ એરીયા)માં સમાવેશ કરવામાં આવ્યાં છે. લઘુ વિસ્તાર માટે બે માપદંડો ધ્યાનમાં લેવામાં આવ્યાં છે :

(૧) આદિવાસી પોકેટની વસતિ દશ હજાર હોય અને તેમાં ૫૦% વસતિ આદિવાસીઓની હોવી જોઈએ

(૨) લઘુ વિસ્તાર કોઈપણ એક તાલુકાનો સળંગ ભાગ હોવો જોઈએ. આ સિદ્ધાંતોને આધારે રાજ્યમાં કુલ ૧૫ પોકેટસ નક્કી કરવામાં આવ્યાં હતા પરંતુ સાતમી પંચવર્ષીય યોજનામાં બીજા કેટલાંક વિસ્તારોનો પણ લઘુ વિસ્તારમાં સમાવેશ કરવામાં આવ્યો છે. આમ રાજ્યમાં હાલ કુલ ૧૯ આદિવાસી પોકેટસ જાહેર કરવામાં આવ્યા છે. પોકેટસની વધુ વિગત પરિશિષ્ટ-૧માં છે.

(૩) **છૂટાછવાયા આદિવાસીઓ :**

રાજ્યની કુલ ૪૮.૪૮ લાખની આદિવાસી વસતિમાં ૩૭.૩૮ લાખ (૭૮ ટકા) વસતિને આદિવાસી વિસ્તાર પેટા યોજના વિસ્તાર હેઠળ સમાવવામાં આવી છે. બાકીની ૨૨ ટકા આદિવાસી વસતિ રાજ્યમાં છૂટીછવાયી છે. આ છૂટી છવાયી આદિવાસી વસતિમાંથી ૮૩.૩૪ ટકા આદિવાસીઓ સઘન આદિવાસી વસતિ તરીકે જાહેર થયેલા જિલ્લાઓમાં વસે છે જ્યારે ૧૬.૬૪ ટકા બિનઆદિવાસી વસતિ ધરાવતા જાહેર થયેલા જિલ્લાઓમાં વસે છે. જ્યારે ૧૬.૬૪ ટકા બિન આદિવાસી વસતિ ધરાવતા જાહેર થયેલ જિલ્લાઓમાં છે. છૂટીછવાયી આદિવાસી વસતિમાં મુખ્યત્વે ભીલ અને હળપતિઓની સંખ્યા વિશેષ છે. છૂટી-છવાયી આદિવાસીઓનો વસવાટ વડોદરા જિલ્લામાં સૌથી વધુ છે. છૂટાછવાયા આદિવાસીઓની વસતિ અંગેની માહિતી પરીશિષ્ટ-૨ માં છે.

(૪) **આદિમ જૂથો :**

છઠ્ઠી પંચવર્ષિય યોજનામાં રાજ્યમાં આવેલ કુલ ૨૮ આદિવાસી જાતિઓમાંથી પાંચ જાતિઓ અલ્પ વિકસિત અવસ્થામાં જીવન વ્યતિત કરતી કાથોડી, કોલઘા, કોટવાળિયા, સીદી અને પઢારજાતિને આદિમ જૂથમાં કેન્દ્ર સરકાર દ્વારા ગણાવવામાં આવેલ છે. આ પાંચેય જાતિ આર્થિક રીતે ઘણી જ પછાત છે. તેમજ તેમના શિક્ષણનો દર પણ ઘણો જ નીચો છે. આ જાતિઓના આર્થિક વિકાસ કાર્યક્રમ માટે કેન્દ્ર સરકાર દ્વારા ૧૦૦ ટકા સહાયની જોગવાઈ કરવામાં આવી છે. રાજ્ય સરકારે આ જાતિઓનું જીવન સ્તર ઉંચું લાવવા માટે અનેક કાર્યક્રમો અને અલગ તંત્ર મુકયું છે.

● **છૂટાછવાયા આદિવાસીઓના અભ્યાસની અગત્યતા અને હેતુઓ :**

આગળ દર્શાવ્યું તેમ રાજ્યમાં કેટલાક આદિવાસી વિસ્તારો આદિવાસી પેટા યોજના નીચે છે, તો અન્ય કેટલાંક તાલુકાનાં વિસ્તારો લઘુ વિસ્તારો તરીકે જાહેર થયા છે. આ બધા વિસ્તારોને પ્રાયોજના કચેરી તરફથી આદિવાસી વિકાસ કાર્યક્રમોના લાભ મળે છે. જ્યારે રાજ્યના છુટાછવાયા આદિવાસી માટે આવી વ્યવસ્થા ગોઠવાઈ નથી. થોડા ઘણા લાભો ગ્રામવિકાસ યોજના દ્વારા મળ્યાં છે, પરંતુ તેનું પ્રમાણ નહિવત્ છે.

મોટેભાગે બિન આદિવાસીઓ સાથે રહેતાં હોય આદિવાસીનો બદલે બિન આદિવાસીઓ વધુ લાભ લઈ જાય છે. વળી વસવાટ અન્ય જાતિઓ સાથે હોય અને તેઓના સામાજિક, સાંસ્કૃતિક, ભૌતિક વ્યવહાર, પહેરવેશ વગેરેની અસર અને પ્રભાવ આ આદિવાસી લોકો પર પડે છે. જ્યારે સામી બાજુ તેઓ આર્થિક રીતે ઘણા જ પછાત છે. શિક્ષણના અભાવને લીધે સરકારી યોજનાથી માહિતગાર નથી. આથી તેઓ યોજનાનો લાભ મેળવી શકતા નથી બલ્કે મળતો નથી અને તેઓ તુલનાત્મક રીતે પોતાના જ જૂથ કે સમાજથી પાછળ પડી જાય છે.

છઠ્ઠી યોજનામાં આ વસતિના વિકાસ માટે વિચારણા થઈ પરંતુ કાર્યક્રમો શરૂ થઈ શકયા નહીં, જ્યારે સાતમી યોજનામાં આયોજન થઈ શકે તે માટે આ અભ્યાસ શરૂ કર્યો છે. ગુજરાત એ વિકાસશીલ રાજ્ય છે ત્યારે રાજ્ય કોઈપણ વિસ્તારને ધ્યાનમાં ન લેતાં સમગ્ર આદિવાસી જાતિના વિકાસમાં રસ ધરાવે છે અને એ માટે રાજ્યમાં વસતા છૂટાછવાયા આદિવાસીઓના પૃષ્ઠભૂમિ સહિત આયોજન કરી આપવાનું કામ આદિવાસી સંશોધન કેન્દ્રને સોંપ્યું છે અને એ રીતે અભ્યાસ વિકાસ કાર્યક્રમોને માટે સહાયક, માર્ગદર્શક અને કાર્યક્રમોને કાર્યાન્વિત કરવામાં ઘણી સુગમતા કરી આપશે તેમાં સંશય નથી.

આ ઉપરાંત અભ્યાસના બીજા કેટલાંક હેતુઓ છે જે નીચે પ્રમાણે છે :

(૧) છૂટાછવાયા આદિવાસીઓની વસતિ કયાં કેટલી છે તે જાણવું.

(૨) તેઓની આર્થિક સંરચના જોવી, તેઓ કયા વ્યવસાયમાં પડેલા છે, એનાથી કેવું વળતર મેળવે છે, વ્યસાયોમાં ભિન્નતા કેવી તે તપાસવું અને એમાંના કેટલાં ગરીબી રેખા નીચે છે તે જોવું.

(૩) તેઓમાં શિક્ષણનું પ્રમાણ કેવું છે, તેમના બાળકો શાળાએ જાય છે કે કેમ ? નથી જતા તો શા માટે ? શિક્ષણ ક્ષેત્રે લાભો મળ્યા છે કે નહિ તે જોવું, ભણેલામાં બેકાર કેટલા છે તે તપાસવું.

(૪) સરકારશ્રી દ્વારા જે અનેકવિધ યોજનાઓ ચાલે છે તેમાંની કોઈ યોજનાનો લાભ આ વસતિને મળ્યો છે ? મળ્યો હોય તો શું ? કેટલો ? કોના દ્વારા ? વગેરે વિશે જાણવું.

(૫) ઉપર દર્શાવેલ યોજનાથી તેમના કુટુંબમાં આવક વૃદ્ધિ થઈ છે ? થઈ હોય તો જીવન સ્તરમાં કેવાં ફેરફાર થયા છે તે નોંધવું.

(૬) તેઓની જમીન જતી હોય તેવું આંકડાઓ બોલે છે તો આ જમીન અન્ય કોના હાથમાં ગઈ છે ? ગઈ હોય તો તેનાં કારણો જાણવા.

(૭) તેમની તંદુરસ્તી સ્થિતિ જાણવી, તેમના રોગો જાણવાં, સાથે સરકારશ્રીના કાર્યક્રમો જેવા કે કુટુંબનિયોજન વગેરે વિશે ખ્યાલો, અભિપ્રાયો અને તેમણે કરેલ કાર્યક્રમોનું અમલીકરણ જોવું.

(૮) ખાસ તો સરકારશ્રી પાસે બૃહદ સમાજ પાસે એમની શી અપેક્ષા છે ? તેઓ પોતાના વિકાસ માટે શું ઈચ્છે છે ? તેમને કેવાં કાર્યક્રમો ખપે છે તે જાણવું કે જેથી તેમનું જીવનસ્તર સુધારી શકાય તે માટે સૂચનો બતાવી શકાય.

ઉપરોકત હેતુઓને ધ્યાનમાં રાખી ગ્રામ્ય વિસ્તારમાં વસતા છૂટાછવાયા આદિવાસીઓના સર્વેક્ષણ માટેનો કોમ્પોનન્ટ પ્લાન તૈયાર કરી રાજયની કુલ ૧૦.૭૧ લાખની છૂટીછવાયી આદિવાસી વસતિમાંથી ૫૦% કે તેથી થોડી વધુ આદિવાસી વસતિના કુટુંબની સ્થિતિ જાણવી, તેઓની જરૂરીયાત છે તે જાણી તેઓને ગરીબી રેખાથી ઉપર લાવવાનો પ્રયત્ન કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું આ સર્વેક્ષણ માટે પ્રાયોજના વિસ્તારના જિલ્લા (૧) વલસાડ (૨) સુરત (૩) ભરૂચ (૪) વડોદરા (૫) સાબરકાંઠા (૬) બનાસકાંઠા અને (૭) પંચમહાલમાંથી ૨૫૦ કે તેથી વધુ અનુસૂચિત જનજાતિની વસતિ ધરાવતા ગામોની યાદી તૈયાર કરવામાં આવી હતી. જયારે પ્રાયોજના વિસ્તારની બહારના જિલ્લા (૧) અમદાવાદ (૨) મહેસાણા (૩) ખેડા (૪) ભાવનગર (૫) જામનગર (૬) જૂનાગઢ (૭) કચ્છ અને (૮) રાજકોટ જિલ્લાઓમાંથી ૧૦૦ કે તેથી વધુ અનુસૂચિત જનજાતિની વસતિ ધરાવતા ગામોની યાદી તૈયાર કરતા કુલ ૧૧૪૧ પસંદ થયેલા ગામોમાંથી કેટલા ગામોનું સર્વેક્ષણ થયું છે તેની માહિતી પરિશિષ્ટ-૩ માં છે.

આ ઉપરાંત બાકી રહેતા (૧) ડાંગ (૨) સુરેન્દ્રનગર (૩) અમરેલી (૪) ગાંધીનગર જિલ્લા પ્રાયોજના વિસ્તાર નીચે આવી જવાથી તેનું સર્વેક્ષણ કરવાનું ન હતું. સુરેન્દ્રનગર જિલ્લામાં પઢારોની જ વસતિ છે અને પઢાર જાતિને પ્રિમિટીવ ગ્રુપમાં લીધા છે અને તેનું અલગ રીતે સર્વેક્ષણ કરી આયોજન કર્યું હોવાથી તેને પણ આ સર્વેક્ષણમાં લીધા નથી જયારે અમરેલી અને ગાંધીનગર જિલ્લાના કોઈપણ ગામમાં ૧૦૦ કે તેથી વધુ આદિવાસી વસતિ ન હોવાથી સર્વેક્ષણમાં પસંદ થઈ શકયા નથી.

રાજયમાં અનુસૂચિત જનજાતિની વસતિ પાટનગરથી શરૂ કરી હવે તો નાનાં ગામડાં સુધી છે. મતલબ કે રાજયના ઘણા વિસ્તારોમાં આદિવાસી વસતિ છે. રાજયના દરેક જિલ્લામાં અનુસૂચિત જનજાતિની વસતિ વધતા-ઓછાં પ્રમાણમાં જોવા મળે છે. અનુસૂચિત જનજાતિની વધુ વસતિ સુરત, વલસાડ, પંચમહાલ, વડોદરા, ભરૂચ, સાબરકાંઠા અને બનાસકાંઠામાં છે. સૌથી ઓછી વસતિ અમરેલી જિલ્લામાં છે. જિલ્લાવાર અનુસૂચિત જનજાતિની વસતિ કોઠા નં.૧.૧માં (૧૯૮૧ પ્રમાણે) આપવામાં આવેલી છે.

કોઠા નં.૧.૧

જિલ્લાવાર અનુસૂચિત જનજાતિની વસતિ (૧૯૮૧)

| ક્રમ | જિલ્લો | કુલ વસતિ | આદિવાસી | કુલ વસતિમાં આદિવાસી વસતિના ટકા | કુલ અનુસૂચિત જનજાતિની વસતિના ટકા |
|---|---|---|---|---|---|
| ૧. | જામનગર | ૧૩૯૩૪૦૭૬ | ૪૨૮૦ | ૦૦.૩૧ | ૦૦.૦૯ |
| ૨. | રાજકોટ | ૨૦૯૩૦૯૪ | ૩૮૩૯ | ૦૦.૧૮ | ૦૦.૦૮ |
| ૩. | સુરેન્દ્રનગર | ૧૦૩૪૧૮૫ | ૫૯૬૨ | ૦૦.૫૮ | ૦૦.૧૨ |
| ૪. | ભાવનગર | ૧૮૭૯૦૦૦ | ૨૪૩૧ | ૦૦.૧૩ | ૦૦.૦૫ |
| ૫. | અમરેલી | ૧૦૭૯૦૯૭ | ૭૬૮ | ૦૦.૦૭ | ૦૦.૦૨ |
| ૬. | જૂનાગઢ | ૨૧૦૦૭૦૯ | ૧૦૭૩૮ | ૦૦.૫૧ | ૦૦.૨૨ |
| ૭. | કચ્છ | ૧૦૫૦૧૬૧ | ૬૩૩૦૧ | ૦૬.૦૩ | ૦૧.૩૧ |
| ૮. | બનાસકાંઠા | ૧૬૬૭૯૧૪ | ૧૧૧૯૩૬ | ૦૬.૭૧ | ૦૨.૩૧ |
| ૯. | સાબરકાંઠા | ૧૫૦૨૨૮૪ | ૨૫૧૧૨૭ | ૧૬.૭૨ | ૦૫.૧૮ |
| ૧૦. | મહેસાણા | ૨૫૪૮૭૮૭ | ૮૪૧૯ | ૦૦.૩૩ | ૦૦.૧૭ |
| ૧૧. | ગાંધીનગર | ૨૮૯૦૮૮ | ૧૬૭૨ | ૦૦.૫૮ | ૦૦.૦૩ |
| ૧૨. | અમદાવાદ | ૩૮૭૫૭૯૪ | ૩૨૫૦૧ | ૦૦.૮૪ | ૦૦.૬૭ |
| ૧૩. | ખેડા | ૩૦૧૫૦૨૭ | ૪૪૬૭૮ | ૦૧.૪૮ | ૦૦.૯૨ |
| ૧૪. | પંચમહાલ | ૨૩૨૧૬૮૯ | ૯૬૯૫૨૩ | ૪૧.૭૬ | ૨૦.૮૦ |
| ૧૫. | વડોદરા | ૨૫૫૮૦૯૨ | ૬૪૮૩૭૨ | ૨૫.૩૫ | ૧૩.૩૦ |
| ૧૬. | ભરૂચ | ૧૨૯૬૪૫૧ | ૫૭૭૩૯૩ | ૪૪.૫૪ | ૧૧.૯૧ |
| ૧૭. | સુરત | ૨૪૯૩૨૧૧ | ૧૦૩૮૨૦૦ | ૪૧.૬૪ | ૨૧.૪૧ |
| ૧૮. | વલસાડ | ૧૭૭૪૧૩૬ | ૯૬૮૫૧૮ | ૫૪.૫૯ | ૧૯.૯૮ |
| ૧૯. | ડાંગ | ૧૧૩૬૬૪ | ૧૦૪૯૧૮ | ૯૨.૩૧ | ૦૨.૧૬ |
| | કુલ ગુજરાત | ૩૪૦૮૫૭૯૯ | ૪૮૪૮૫૮૬ | ૧૪.૨૨ | ૧૦૦.૦૦ |

પ્રાપ્તિ સ્થાન : જિલ્લા વસતિ ગણતરી પુસ્તિકા-૧૯૮૧.

રાજયમાં કુલ ૨૮ જાતિઓમાં મુખ્યત્વે ભીલ લોકોની વસતિ (૪૧.૮૮ ટકા) છે. લગભગ એક લાખથી વધુ વસતિ ધરાવતી ૧૦ જાતિઓ છે જેમાં અનુક્રમે દુબળા, ધોડિયા, ગામીત, નાયકા, રાઠવા, ચૌધરી, કોંકણા-કૂનબી, ધાનકા અને વારલી છે જયારે બીજા કેટલાક નાના જૂથો પણ છી જેની વસતિ ૧૦૦૦ કરતાં પણ ઓછી છે. આવી જાતિઓમાં બરડા, ભરવાડ, પારધી, અડવીચી અને પોમલા છે. જાતિવાર અનુસૂચિત જનજાતિની વસતિ નીચે કોઠા નં.૧.૨ માં આવી જાય છે.

કોઠા નં.૧.૨

જાતિવાર અનુસૂચિત જનજાતિની વસતિ

| ક્રમ | જાતિનું નામ | કુલ | કુલ આદિવાસી વસતિના ટકા |
|---|---|---|---|
| ૧. | બરડા | ૭૫૭ | ૦૦.૦૨ |
| ૨. | બાવચા, બામચા | ૩૭૪૧ | ૦૦.૦૮ |
| ૩. | ભરવાડ | ૫૧૯ | ૦૦.૦૧ |
| ૪. | ચીલ, ભીલ, ગરાસીયા, ઢોલીયા, ભીલ, ડુંગરી ભીલ, ડુંગરી ગરાસીયા મેવાસીભીલ, રાવલ ભીલ, તડવી ભીલ, ભંગાલીયા, ભીલાલા,પવાર, વસાવા અને વસાવે | ૨૦૩૦૪૩૮ | ૪૧.૮૮ |
| ૫. | ચારણ | ૧૪૨૬ | ૦૦.૦૩ |
| ૬. | ચૌધરી | ૨૧૯૮૯૭ | ૦૪.૫૪ |
| ૭. | ચૌધરી | ૫૪૬૪ | ૦૦.૧૧ |
| ૮. | ધાનકા/તડવી | ૧૮૫૦૯૧ | ૦૩.૮૨ |
| ૯. | ધોડિયા | ૪૪૯૧૨૯ | ૦૯.૨૬ |
| ૧૦. | દૂબળા / હળપતિ | ૪૬૯૮૫૬ | ૦૯.૬૯ |
| ૧૧. | ગામીત | ૨૫૦૮૩૭ | ૦૫.૧૭ |
| ૧૨. | ગોંડ/રાજગોંડ | ૧૦૫૬ | ૦૦.૦૨ |
| ૧૩. | કાથોડી | ૨૪૫૬ | ૦૦.૦૫ |
| ૧૪. | કોંકણા | ૨૦૩૫૧૧ | ૦૪.૨૦ |

| ક્રમ | જાતિનું નામ | કુલ | કુલ આદિવાસી વસતિના ટકા |
|---|---|---|---|
| ૧૫. | કોળી (કચ્છમાં) | ૪૭૮૭૭ | ૦૦.૯૯ |
| ૧૬. | કોળીઢોર/કોલઘા | ૬૨૨૩૨ | ૦૧.૨૮ |
| ૧૭. | કુનબી | ૩૫૨૧૪ | ૦૦.૭૩ |
| ૧૮. | નાયકા/નાયકડા | ૨૮૦૨૩૧ | ૦૫.૭૮ |
| ૧૯. | પઢાર | ૧૦૫૮૭ | ૦૦.૨૨ |
| ૨૦. | પારઘી (કચ્છના) | ૪૪૧૬ | ૦૦.૦૯ |
| ૨૧. | પારઘી અડવીચી /ફણસે | ૮૧૩ | ૦૦.૦૨ |
| ૨૨. | પટેલીઆ | ૭૦૨૩૦ | ૦૧.૪૫ |
| ૨૩. | પોમલા | ૭૯૪ | ૦૦.૦૨ |
| ૨૪. | રબારી | ૫૦૪૭ | ૦૦.૧૦ |
| ૨૫. | રાઠવા | ૩૦૮૬૪૦ | ૦૬.૩૭ |
| ૨૬. | સીદી | ૫૪૨૯ | ૦૦.૧૧ |
| ૨૭. | વાઘરી (કચ્છના) | ૭૮૦૬ | ૦૦.૧૬ |
| ૨૮. | વારલી | ૧૫૨૯૮૩ | ૦૩.૧૬ |
| ૨૯. | કોટવાલી /વીટોલીયા | ૧૭૭૫૮ | ૦૦.૩૪ |
| ૩૦. | બિનવર્ગીકૃત | ૧૪૩૨૪ | ૦૦.૩૦ |
| | કુલ | ૪૮૪૮૫૬ | ૧૦૦.૦૦ |

Souice : Census of India 1981, Gujarat part IX (ii) series 5
Special tables for schedule Tribe.
Director of census operation Gujarat, ૧૯૮૮.

● સંશોધનનો પ્રબંધ

ભારત દેશ સામાજિક વિજ્ઞાન અને સંશોધનમાં દિનપ્રતિદિન આગળ વધી રહયો છે. સંશોધનના ક્ષેત્રને વિકસાવવા માટે તેને આનુષાંગિક સંસ્થાઓ પણ વિકાસ પામી રહી છે અને આ સંસ્થાઓમાં સંશોધનના નવા નવા પાસાઓ અને ક્ષેત્રોમાં કામ થવા માંડયું છે. ગુજરાત આમાંથી બાકાત નથી. નવું કામ કરવામાં ગુજરાતનું સ્થાન સારું અને આગળ પડતું છે, એમ રાજયમાં સંશોધન સંસ્થાઓ પણ ઘણી છે. જેમ કે આદિવાસી સંશોધન

કેન્દ્ર (ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ) સરદાર પટેલ ઈન્સ્ટિટ્યૂટ (અમદાવાદ) આઈ.આઈ.એમ. (અમદાવાદ) સેન્ટર ફોર સોશ્યલ સ્ટડીઝ (સુરત) ઈન્સ્ટીટયૂટ ઓફ એરીયા પ્લાનીંગ (અમદાવાદ) ગાંધી શ્રમ સંસ્થાન (અમદાવાદ) ઈન્સ્ટીટયૂટ ઓફ એગ્રો ઈકોનોમી (વલ્લભ વિદ્યાનગર) ડેમોગ્રાફીક રીસર્ચ સેન્ટર (વડોદરા) તેમજ જુદાં જુદાં વિશ્વ વિદ્યાલયના સમાજશાસ્ત્ર અને અર્થશાસ્ત્રના વિભાગો વગેરે અગ્રણી સંશોધન કાર્ય કરતી સંસ્થાઓ છે.

ઉપરોકત સંસ્થાઓમાં સમાજ અને સંસ્કૃતિને કેન્દ્રમાં રાખી અધ્યયનો થાય છે. સાથોસાથ પછાત વિસ્તાર, સમુદાયને ધ્યાનમાં રાખી તેમના નવોત્થાન માટે કામ થાય છે, તો વળી કેટલાંક કામો પ્રવર્તમાન પ્રશ્નોના સંદર્ભમાં પણ થાય છે.

ગુજરાતમાં સંશોધનના કામમાં જે અનેક સંસ્થાઓ કામ કરે છે તેમાં આદિવાસી સંશોધન કેન્દ્ર એ એક જુની અને મોખરાની સંસ્થા છે કે જેમાં ખાસ કરીને પછાત જાતિઓ, પછાત વિસ્તારો અને તેમના પ્રશ્નો વિશે સંશોધન કાર્ય અને અધ્યયન થાય છે. આજ સંસ્થા દ્વારા ૧૯૮૦-૮૧ થી ૧૯૮૪-૮૫ ના ચાર વર્ષના ગાળામાં રાજયમાં અનુસૂચિત જાતિના અંદાજે ૨ લાખ ઉપર કુટુંબોનો અભ્યાસ કરવામાં આવ્યો હતો અને આ સર્વેક્ષણ યોજનાને ધ્યાનમાં લઈ આદિજાતિ વિકાસ વિભાગ તરફથી રાજયમાં વસતા છૂટાછવાયા આદિવાસી કુટુંબોનો કુટુંબલક્ષી અભ્યાસ કરી તેમની જરૂરીયાત જાણી અને આના માટે સૂચિત અંગભૂત યોજના બતાવવાનું આ સંસ્થાને સૂચવ્યું છે. આ પહેલાં અને અત્યારે આટલા મોટા વિશાળક્ષેત્ર અને કુટુંબોને આવરી લઈ કામ કરવામાં આવ્યું છે તે ઘણું મોટું છે. આટલું મોટું કામ બીજે કયાંય થયું નથી તેમ કહેવામાં કશું અજુગતું કે અતિશયોક્તિ નથી.

**● મોજણીનું આયોજન :**

છુટાછવાયા આદિવાસીઓના સર્વેક્ષણ માટે પસંદ થયેલ ગામોમાં વસતા કુટુંબોની સામાજિક, આર્થિક અને અન્ય વિગતો એકત્ર કરવા માટે એક કુટુંબપત્રક તૈયાર કરવામાં આવ્યું હતું. આ પત્રક તૈયાર કરતાં પહેલાં આદિજાતિ વિકાસ વિભાગના પદાધિકારીઓ સાથે વિચારવિમર્શ અને ચર્ચા કરી આખરી ઓપ આપ્યો હતો. આ મોજણીનું ફલક વિશાળ હોઈ, સર્વેક્ષણનાં પરિણામો સંબંધિત ખાતાને મોકલવાનાં હતાં. આદિજાતિ વિકાસ વિભાગને સર્વેક્ષણ થયેલ દરેક કુટુંબની વ્યક્તિગત માહિતી અને તેમની જરૂરીયાતોની વિગતોની આવશ્યકતા હોઈ આ બધી હકીકતોને ધ્યાનમાં રાખી સામાન્ય પદ્ધતિથી ભિન્ન એમ એક પાન નીચે કાર્બન પેપર મુકી દરેક કુટુંબની વિગત બે નકલમાં મેળવી શકાય એ રીતે બુક ફોર્મમાં સમગ્ર કુટુંબની માહિતી પત્રક તૈયાર કરવામાં આવ્યું હતું. બુકલેટનું પહેલું પાનું સફેદ અને બીજું પાનુ પીળા રંગનું રાખવામાં આવ્યું હતું. આ રીતે કુટુંબપત્રકની વિગતો મેળવવા માટેની સંમતિ આદિજાતિ વિકાસ કમિશ્નરશ્રી તરફથી મળી હતી. આ

કુટુંબ પત્રકમાં દરેક કુટુંબની પેટાજાતિ, સંખ્યા, શિક્ષણ,વ્યવસાય, આવક, ખર્ચ, દેવું, રહેઠાણની સ્થિતિ, ખેતી વિષયક માહિતી, આરોગ્યની સ્થિતિ, ખેતી વિષયક માહિતી, આરોગ્યની સ્થિતિ, સરકારી યોજનાનો લાભ મળેલ કુટુંબો, શિક્ષિત બેકારો, સ્થળાંતર કરેલ કુટુંબો, કુટુંબ નિયોજન અપનાવેલની વિગતો, નોકરી કરતાં સભ્યોની સંખ્યા અને સાથે તેમને પોતાના ધંધા કે ઉદ્યોગના સંબંધમાં શી શી જરૂરીયાત છે તેની માહિતી છે. કુટુંબ પત્રકનો નમૂના કોડ યાદી સાથે પરિશિષ્ટ-૪ માં આપ્યો છે. કુટુંબની વ્યાખ્યામાં માતા-પિતા અને તેમના અપરિણીત સંતાનો ગણ્યા છે. એક જ કુટુબંમાં મોટી ઉંમરના પરિણીત ભાઈઓ, તેમની પત્નીઓ અને બાળકો સાથે રહેતા હોય પરંતુ તેઓ અલગ રસોડું ચલાવતાં હોય તો તેમને અલગ કુટુંબ ગણી માહિતી લેવામાં આવી હતી.

રાજયના આટલા વિશાળ ક્ષેત્રમાં કામગીરી જલ્દીથી અને સારી રીતે કરી શકાય તે માટે જે તે જિલ્લાના પસંદ થયેલ ગામનાં પ્રાથમિક શિક્ષકોનો ઉપયોગ આમાં થાય તો ઈચ્છનીય ગણાય એ માટે નિયામકશ્રી પ્રાથમિક શિક્ષણ સાથે આદિજાતિ વિકાસ વિભાગના અધિકારી અને આદિવાસી કેન્દ્રના અધિકારીઓએ વાત મૂકી, નિયામકશ્રી શિક્ષણે આને સંમતિ આપી અને એવું નક્કી કર્યું કે પ્રાથમિક શાળાના શિક્ષકો આ કામગીરી કરે અને તેમને આ કામગીરીનું અલગ મહેનતાણું આપવું અને સર્વેક્ષણ કામ કઈ રીતે કરવું તેની એક દિવસની તાલીમ આપવી.

● **તાલીમ :**

રાજયમાં ૧૫ જિલ્લાના ૭૫ તાલુકા સર્વેક્ષણ માટે પસંદ થયા હતા, તાલુકાવાર ગામોની સંખ્યા અને શિક્ષકોની સંખ્યાનો વિચાર કરતાં એવું નક્કી કર્યું જે તે પસંદ થયેલ ગામના તાલુકા મથકે શિક્ષકોને બોલાવી તાલીમ આપવી.

તાલીમ બે તબક્કામાં આપવાનું વિચાર્યું. પ્રથમ તબક્કામાં પ્રાયોજના વિસ્તારના જિલ્લા વડોદરા, ભરૂચ, સુરત, વલસાડ, સાબરકાંઠા, બનાસકાંઠા અને પંચમહાલમાં તાલીમની તારીખો નક્કી કરી અને તાલુકા મથકે સંબંધિત શિક્ષકોને બોલાવી એક દિવસની તાલીમ આપવી.

બીજા તબક્કામાં અમદાવાદ, ખેડા અને કચ્છમાં તાલીમ આપી હતી. જયારે બાકી રહેતા જિલ્લાઓમાં ગામોની સંખ્યા ઓછી હોય ત્યાં કેન્દ્ર તરફથી સર્વેક્ષકોને મોકલી સર્વેક્ષણ પૂરું કરાવ્યું હતું. આવા જિલ્લામાં જૂનાગઢ, રાજકોટ, જામનગર, ભાવનગર અને મહેસાણા હતા. આમ તાલીમની શરૂઆત વડોદરા જિલ્લાના વડોદરા તાલુકામાં તા.૨૦-૮-૮૮ થી કરી હતી અને છેલ્લે કચ્છ જિલ્લાના ભૂજ, માંડવી, મુંદ્રા, અબડાસા અને નખત્રાણા તાલુકાના શિક્ષકોને તા.૧૬-૨-૮૯ ના રોજ ભૂજ મૂકામે તાલીમ આપીને તાલીમની કાર્યવાહી

પૂરી કરી હતી. કયા તાલુકામાં કઈ તારીખે તાલીમ આપી હતી તેની વિસ્તૃત વિગત પરિશિષ્ટ-૫ માં છે. આ બધા તાલુકામાં થઈ આશરે ૧૨૦૦ જેટલા શિક્ષકો ભાઈઓને સર્વેક્ષણ સંબંધી તાલીમ આપી હતી.

તાલીમમાં શિક્ષકોને છૂટાછવાયા આદિવાસીઓ અંગેની સામાન્ય માહિતી આપી હતી. છૂટાછવાયા આદિવાસીઓના પ્રશ્ન કેવા છે તેને કઈ રીતે તપાસવા, પ્રશ્નાવલીમાં જે વિગતો આપી છે તે કઈ રીતે તારવી તેને વિશે સમજ આપી અને ત્યારબાદ સર્વેક્ષણ પત્રક વિગતથી સમજાવ્યું હતું. સર્વેક્ષણમાં ૨૯ જાતિને લેવી તેની યાદી આપી હતી જેનો નમૂનો પરિશિષ્ટ-૬માં છે.

ઉપરોક્ત મુખ્ય મુદ્દાઓને ધ્યાનમાં રાખી શિક્ષકોને તાલીમ આપી હતી. કુટુંબ પત્રક ભરતી વેળા કઈ કઈ બાબતો ધ્યાનમાં લેવાની છે તેની મૌખિક સૂચના "સૂચનાપત્રક" દ્વારા આપવામાં આવી હતી. કુટુંબ પત્રક ભરનારે ધ્યાનમાં લેવાની બાબતો અંગેનું સૂચના પત્રક પરિશિષ્ટ-૭ માં છે.

અગાઉ અમારા આ પ્રકારના સર્વેક્ષણના અનુભવો ઉપરથી અમોને એવું જરૂર લાગે છે કે આવી તાલીમ દ્વારા સર્વેક્ષણમાં ચોકસાઈ અને સ્પષ્ટતા આવે છે, કેમ કે સર્વેક્ષણ એ એક એવી બાબત છે કે જેમાં આપણે જેમને જાણતા નથી, જેમની વિગતોથી અજાણ છીએ, તેવા કુટુંબ વિશે માહિતી લેતાં પહેલાં તાલીમ આવશ્યક છે. અમોને એ વસ્તુની પણ પ્રતિતિ થઈ છે કે તાલીમ બાદ સર્વેક્ષણમાં કામ કરવાની સુઝ, તાકાત અને શ્રદ્ધા વધે છે.

ઉપરોક્ત તાલીમ આપતાં પહેલાં જે તે તાલુકામાં જરૂરી એવી સર્વેક્ષણ સામગ્રી એસ.ટી. પાર્સલ અને ખાનગી ટ્રાન્સપોર્ટ દ્વારા કેન્દ્ર તરફથી મોકલી આપી હતી અને તાલીમ પૂરી થયે ગામવાર જરૂરી સર્વેક્ષણ પત્રકો શિક્ષકોને આપી દીધાં હતાં.

શિક્ષકોને આ કામગીરી માટે તાલીમમાં આવવાનું અને ભરાયેલ કુટુંબ પત્રકો તાલુકા સ્થળે મૂકવા, જવાનું, આવવા-જવાનું ખરેખર બસ ભાડું અને એક કુટુંબની વિગત ભરવાના રૂા.૧-૨૫ પૈસા આપવાનું નક્કી કર્યું હતું. ભાડાના પૈસા અને સર્વેક્ષણ મહેનતાણાનાં નાણાં કેન્દ્ર તરફથી મનીઓર્ડર દ્વારા શિક્ષકોને મોકલવાની વ્યવસ્થા કરી હતી.

● **ક્ષેત્રકાર્ય, સમય અને નિરીક્ષણ :**

આગળ દર્શાવ્યું તેમ પસંદ થયેલ જિલ્લાના તાલુકાઓમાં સર્વેક્ષણ કામની તાલીમ જુદા જુદા સમયે આપી, સર્વેક્ષણ કાર્ય ચાલુ કરાવ્યું હતું. શિક્ષકો દ્વારા ભરાયેલ પત્રકોની ચકાસણી કેન્દ્રના સેવકો દ્વારા કરાવી હતી અને શક્ય તેટલા વધુ સ્થળોની મુલાકાત લઈ માહિતીની ચકાસણી કરી હતી. આદિવાસી કુટુંબોને મળી તેમની સાથે ચર્ચા કરી હતી. તેમના પ્રશ્નો સાંભળ્યા હતા. (ગામોનું ચિત્ર કેવું જોવા મળ્યું હતું, તેનું અલગ પ્રકરણ બનાવ્યું છે.)

જયાં જયાં ક્ષેત્રકાર્ય પૂરું થતું ગયું તે પછી કેન્દ્રના નિયામકશ્રી ડૉ.ઠાકોરભાઈ નાયક તેમજ પ્રોજેકટ અધિકારીશ્રી ચંદ્રકાંત ઉપાધ્યાય અને સંશોધન મદદનીશ શ્રી દિલીપભાઈ પરમારે પસંદ થયેલ ગામોમાંથી અમુક ગામોની મુલાકાત લઈ જે માહિતી લીધી હતી તેની ચકાસણી કરી હતી. સ્થાનિક આગેવાનો, પ્રશાસનમાં કામ કરતા અધિકારીઓ વગેરે સાથે છૂટાછવાયા વિસ્તારમાં વસવાટ કરતા આદિવાસીઓના પ્રશ્નો અંગે ચર્ચા કરી માહિતી એકઠી કરી હતી. સર્વેક્ષણમાં જયાં ખામી જણાઈ હતી તેવે સ્થળે ફરીથી સર્વેક્ષણ કરાવ્યું હતું. જેમ કે ગામડી (તા.આણંદ, જિ.ખેડા) આમ સર્વેક્ષકો દ્વારા એકઠી કરેલી વિગતોની ચકાસણી વિવિધ તબક્કે અને ઝીણવટપૂર્વક કરવામાં આવી હતી. આટલી બધી ચોકસાઈ અને ઝીણવટથી જ આવડાં મોટાં સર્વેક્ષણમાં મેળવેલ વિગતો વાસ્તવિકતાથી નજીક, પરિણામો સાચાં અને વિશ્વસનીય બની રહે છે.

## પ્રકરણ-૨

## વસતિ અને શિક્ષણ

આગળ જણાવ્યું છે તેમ આ સર્વેક્ષણમાં અભ્યાસમાં પ્રાયોજના વિસ્તારના જે જિલ્લાઓ છે ત્યાંથી ૨૫૦ કે તેથી વધુ વસતિ ધરાવતા ગામો લીધાં છે અને બાકીના જિલ્લામાંથી ૧૦૦ કે તેથી વધુ વસતિ હોય તેવાં ગામો પસંદ કર્યાં છે અને આ રીતે ૯૮૮ ગામના ૯૩૯૩૨ અનુસૂચિત જનજાતિના કુટુંબોના આર્થિક ઉત્કર્ષના ધ્યેયને હાંસલ કરવા માટે અને આવા કુટુંબોની કુટુંબલક્ષી અને વ્યક્તિલક્ષી માહિતી મેળવવામાં આવી છે.

### (૧) જિલ્લાવાર અને ગામ દીઠ કુટુંબ સંખ્યા :

સર્વેક્ષણ દરમિયાન પસંદ થયેલ જિલ્લાના ગામોની સંખ્યા અને ગામદીઠ સર્વેક્ષણ કરેલ અનુસૂચિત જનજાતિના કુટુંબોની સંખ્યા કોઠા નં.૨.૧ મા આપવામાં આવી છે.

કોઠા નં.૨.૧

જિલ્લાવાર સર્વેક્ષણ થયેલ ગામો અને કુટુંબની સંખ્યા

| ક્રમ | જિલ્લો | સર્વેક્ષણ કરેલ ગામોની સંખ્યા | સર્વેક્ષણ કરેલ કુટુંબ સંખ્યા | ગામદીઠ કુટુંબ સંખ્યા | સર્વેક્ષણ કરેલ કુટુંબના ટકા |
|---|---|---|---|---|---|
| ૧. | જામનગર | ૫ | ૩૩૦ | ૬૬ | ૦.૩૫ |
| ૨. | ભાવનગર | ૨ | ૫૫ | ૨૮ | ૦.૦૬ |
| ૩. | જૂનાગઢ | ૨૧ | ૯૧૬ | ૪૪ | ૦.૯૮ |
| ૪. | કચ્છ | ૧૨૮ | ૬૯૪૮ | ૫૪ | ૭.૪૦ |
| ૫. | અમદાવાદ | ૧૦ | ૪૬૦ | ૪૬ | ૦.૪૯ |
| ૬. | મહેસાણા | ૩ | ૭૩ | ૨૪ | ૦.૦૮ |
| ૭. | ખેડા | ૯૨ | ૪૦૯૪ | ૪૫ | ૪.૩૬ |
| ૮. | સાબરકાંઠા | ૨૦ | ૧૮૮૯ | ૯૪ | ૨.૦૧ |
| ૯. | બનાસકાંઠા | ૨૧ | ૧૭૭૮ | ૮૫ | ૧.૮૯ |
| ૧૦. | પંચમહાલ | ૭૭ | ૮૩૧૩ | ૧૦૮ | ૮.૮૫ |
| ૧૧. | વલસાડ | ૪૭ | ૬૫૬૯ | ૧૪૦ | ૦.૯૯ |
| ૧૨. | સુરત | ૧૦૮ | ૧૨૨૪૯ | ૧૧૩ | ૧૩.૦૪ |
| ૧૩. | ભરૂચ | ૧૫૨ | ૧૫૯૪૦ | ૧૦૫ | ૧૬.૯૭ |
| ૧૪. | વડોદરા | ૩૦૨ | ૩૪૩૧૮ | ૧૧૪ | ૩૬.૫૩ |
| | કુલ | ૯૮૮ | ૯૩૯૩૨ | ૯૫ | ૧૦૦.૦૦ |

ઉપરોકત કોઠા નં.૨.૧ પરથી જણાય છે કે સૌથી વધુ ગામદીઠ સર્વેક્ષણ કરેલ કુટુંબોની સંખ્યા અનુક્રમે વલસાડ, સુરત, વડોદરા, ભરૂચ, સાબરકાંઠા અને બનાસકાંઠા જિલ્લામાં હતી જયારે સૌથી ઓછાં ગામદીઠ કુટુંબોની સંખ્યા મહેસાણા જિલ્લામાં હતી.

સર્વેક્ષણમાં આવરી લીધેલ કુટુંબોની સંખ્યામાં સૌથી વધુ કુટુંબો વડોદરા જિલ્લાનાં (૩૪૩૧૮) હતાં અને સૌથી ઓછાં કુટુંબો ભાવનગર જિલ્લાનાં (૫૫) હતાં. સર્વેક્ષણ કરેલ કુટુંબના ટકામાં કુલ કુટુંબના ૩૬.૫૩ ટકા વડોદરા જિલ્લાના હતા અને સર્વેક્ષણ કરેલ કુટુંબમાંથી પ્રાયોજના વિસ્તારના જિલ્લાના કુટુંબો ૮૬.૨૮ ટકા થાય છે, એટલે પ્રાયોજના વિસ્તાર તરીકે જાહેર થયેલ જિલ્લામાં પણ છૂટાછવાયા આદિવાસી કુટુંબો ઘણા છે.

## (૨) જાતિવાર મોજણીમાં આવરી લીધેલ કુટુંબ સંખ્યા :

સર્વેક્ષણમાં અનુસૂચિત જનજાતિઓની જાતિવાર માહિતી પણ લીધી છે. આની વિગત કોઠા નં.૨.૨ માં આપી છે. કોઠા ૨.૨ પરથી જોઈ શકાશે કે સર્વેક્ષણમાં આવરી લીધેલ કુલ કુટુંબોમાંથી ૩૬.૫૯ ટકા તો ભીલ જાતિના છે અને ત્યારબાદ અનુક્રમે દુબળા/હળપતિ, રાઠવા, નાયકા અને ધાનકા છે આ પાંચ જાતિઓના કુટુંબોની સંખ્યા ૮૮ ટકા થાય છે જયારે બાકીની જાતિઓમાં કોળી (કચ્છના) અને બિનવર્ગીકૃત કુટુંબો સિવાય અન્ય જાતિઓની સંખ્યા ૧ ટકા કરતાં પણ ઓછી હતી. જિલ્લાવાર અને જાતિવાર સર્વેક્ષણ કરેલ કુટુંબોની સંખ્યા પરિશિષ્ટ-૮ માં આપવામાં આવી છે.

જિલ્લાવાર અને જાતિવાર કુટુંબ સંખ્યાની રીતે જોતાં ભીલોનાં વધુ કુટુંબો વડોદરા અને ભરૂચ જિલ્લામાં હતાં (બંને જિલ્લામાં ૩૪૩૭૨ માંથી ૨૫૦૬૯) દૂબળાઓનાં વધુ કુટુંબો સુરત, ભરૂચ અને વલસાડમાં હતાં. ત્રણે જિલ્લામાં ૨૨૦૬૫ માંથી ૨૦૧૨૬ કુટુંબો પંચમહાલ જિલ્લામાં હતાં અને ધાનકા જાતિનાં કુટુંબો વડોદરા જિલ્લામાં હતાં.

ભીલ જાતિના કુટુંબો જામનગર સિવાય સર્વેક્ષણમાં પસંદ થયેલ બાકીના બધા જ જિલ્લામાં હતાં. દૂબળા જાતિનાં કુટુંબો કચ્છ, અમદાવાદ, ખેડા, વલસાડ, સુરત, ભરૂચ અને વડોદરામાં હતાં. રાઠવા જાતિનાં કુટુંબો જૂનાગઢ, કચ્છ, અમદાવાદ, ખેડા, પંચમહાલ, વડોદરા, ભરૂચ, સુરતમાં હતાં જયારે ધાનકા જાતિનાં કુટુંબો અમદાવાદ,ખેડા, સાબરકાંઠા, પંચમહાલ, સુરત, ભરૂચ અને વડોદરામાં હતાં. અન્ય જાતિઓના કુટુંબોની સંખ્યા દરેક જિલ્લામાં વધતા ઓછા પ્રમાણમાં જોવા મળી હતી. માત્ર પોમલા જાતિનાં જ કુટુંબો કયાંય સર્વેક્ષણમાં આવ્યાં નથી. (કેમ કે તેઓ શહેરોમાં વસે છે) બાકીની બધી જાતિઓ સર્વેક્ષણમાં આવી ગઈ છે.

કોઠા નં.૨.૨

## અનુસૂચિત જનજાતિ વસતિના જાતિવાર સર્વેક્ષણ કરેલ કુટુંબની સંખ્યા

| ક્રમ | જાતિ | કુટુંબ સંખ્યા | કુલ કુટુંબના ટકા |
|---|---|---|---|
| ૧. | ભીલ/ભીલ ગરાસીયા ડુંગરી ભીલ | ૩૪૩૭૨ | ૩૬.૫૯ |
| ૨. | દુબળા/હળપતિ/તળાવીયા | ૨૨૦૬૫ | ૨૩.૪૯ |
| ૩. | ધોડિયા | ૫૩૩ | ૦.૫૭ |
| ૪. | ગામીત/ગાવીત/માવથી/પડથી | ૯૧૮ | ૦.૯૮ |
| ૫. | નાયકા/નાયકડા/કાયડીયા | ૯૮૫૬ | ૧૦.૪૯ |
| ૬. | રાઠવા | ૧૦૦૬૯ | ૧૦.૭૧ |
| ૭. | ચૌધરી/ચૌધરી | ૪૧૨ | ૦.૪૪ |
| ૮. | કોંકણા (કુંકણી, કુંકણા) | ૭૯ | ૦.૦૮ |
| ૯. | કૂનબી | ૩ | ૦.૦૧ |
| ૧૦. | ધાનકા (તડવી-તેતરીયા) | ૬૨૧૯ | ૬.૬૨ |
| ૧૧. | વારલી | ૨૬ | ૦.૦૩ |
| ૧૨. | પટેલીયા | ૫૩૩ | ૦.૫૭ |
| ૧૩. | કોળી (કચ્છના) | ૪૪૨૩ | ૪.૭૧ |
| ૧૪. | કોળી ઢોર/ કોલધા/ કોલચા/ટોકરે કોળી | ૫૩૨ | ૦.૫૭ |
| ૧૫. | કોટવાલીયા/વીટોલીયા/ વાંસ ફોડિયા | ૩૩ | ૦.૦૪ |
| ૧૬. | રબારી | ૪૧૪ | ૦.૪૪ |
| ૧૭. | વાઘરી | ૨૪૭ | ૦.૨૬ |
| ૧૮. | સીદી | ૩૯૪ | ૦.૪૨ |
| ૧૯. | કાથોડી/કાતકરી | ૭૬ | ૦.૦૮ |

| ક્રમ | જાતિ | કુટુંબ સંખ્યા | કુલ કુટુંબના ટકા |
|---|---|---|---|
| ૨૦. | પારઘી (કચ્છના) | ૨૧૮ | ૦.૨૩ |
| ૨૧. | પારઘી અડવીચી/ફણસી | ૮ | ૦.૦૧ |
| ૨૨. | બાવચા/બામચા | ૭ | ૦.૦૧ |
| ૨૩. | ચારણ | ૪૮ | ૦.૦૫ |
| ૨૪. | ભરવાડ | ૭૯ | ૦.૦૮ |
| ૨૫. | ગોંડ/રાજગોંડ | ૧ | ૦.૦૧ |
| ૨૬. | પોમલા | - | - |
| ૨૭. | બરડા | ૧૭ | ૦.૦૨ |
| ૨૮. | બિનવર્ગીકૃત | ૨૩૫૦ | ૨.૫૦ |

આગળ દર્શાવ્યા મુજબ સર્વેક્ષણમાં રાજ્યની આદિવાસી જાતિઓમાંથી મોટાભાગની જાતિઓ આવી જાય છે. સર્વેક્ષણમાં જે જે જાતિનાં કુટુંબો આવ્યાં છે, તે જાતિનો રાજ્યમાં મુખ્યત્વે વસવાટ કયાં કયાં છે ? તેઓની પેટા જાતિ, તેમનો વ્યવસાય અને તેમના સાંસ્કૃતિક તત્ત્વોની ઝાંખી અહીં આપી છે જેથી તેઓના સમગ્ર જીવન અંગે પણ થોડું પણ જાણી શકાય.

**(૩) સર્વેક્ષણમાં આવરી લીધેલ જાતિઓનો સામાન્ય પરિચય :**

**(૧) ચૌધરી :**

ચૌધરી વસતિ મુખ્યત્વે સુરત જિલ્લામાં છે તેઓ મુળ પાવાગઢથી આવ્યા હોય તેવું મનાય છે. તેઓ પોતાને રજપુત વંશના ગણાવે છે તથા રજપુત રાજાઓના સમયમાં પોતે પાલખી ઉંચકનારા તરીકે કામ કરતા હતા તેમ કહેવડાવે છે.

તેમનામાં ત્રણ મુખ્ય પેટાજાતિઓ છે. (૧) પાવગઢિયા, (૨) ટાકરીયા, (૩) વલવાઈ તેમાં પાવાગઢિયા સૌથી ઉંચા ગણાય છે. પાવાગઢિયાના હાથનું બીજા ખાય છે, પણ તેઓ બીજી પેટા જાતિઓના હાથનું ખાતા નથી. ચૌધરી પોતાને ભીલ, કોંકણા, નાયકા, ગામીત તથા એવી જ બીજી જાતિઓ જે ગાયનું માંસ ખાય છે તેનાથી ઉંચા ગણાવે છે અને તેથી તેમના હાથનું ખાતા નથી. તેઓ દૂબળાના હાથનું ખાય છે. તેઓ દેખાવે પ્રમાણમાં ઉજળા છે અને શરીરે મજબુત હોય છે. ચૌધરી સ્ત્રીઓ બીજી જાતિઓની સ્ત્રીઓ કરતાં વધારે દેખાવડી હોય છે. સ્ત્રીઓ પોતાના વાળ સરસ રીતે ઓળે છે તથા માથામાં ફૂલ ખોસવાની શોખીન છે.

પુરુષો માથે ફેંટો, શરીરે પહેરણ અને નીચે ધોતીયું પહેરે છે. સ્ત્રીઓ માથે રંગીન કકડો ઓઢે છે તથા શરીરે કાંચળી અને લુગડું પહેરે છે. સ્ત્રી-પુરુષ બંને ઘરેણાંનાં શોખીન હોય છે. સ્ત્રીઓ ગળામાં સફેદ કાચના મણકાનો હાર તથા ચાંદીની હાંસડી, પગે કલ્લાં તથા હાથે કડાં પહેરે છે. પુરુષો ચાંદીની અંગુઠી અને કાનમાં વાળી પહેરે છે. કેટલાક કાંડે કડુ પણ પહેરે છે. તેમની પોતાની ચૌધરી બોલી છે.

તેઓ મોટેભાગે ખેતી કરે છે જ્યારે જમીન વિનાના મુખ્યત્વે ખેતમજૂરી પર આધાર રાખે છે. તેમણે પણ ઘોડિયાની માફક શિક્ષણનો સારો લાભ લેવા માંડયો હોઈ શિક્ષકની નોકરી સ્વીકારતા થયા છે.

તેમના ખોરાકમાં સવાર-સાંજનું જુવારનું ઢાંચલું (ભડકું) છાશ સાથે લેવામાં આવે છે. આની સાથે જુવારનો રોટલાનો પણ ઉપયોગ થતો હોય છે. માંસાહાર કરે છે પણ મરેલા ઢોરનું માંસ કદી ખાતા નથી. તેજ રીતે ગાયના માંસને વર્જ્ય ગણે છે. દારૂ પીએ છે.

સામાન્ય રીતે લગ્ન પુખ્ત ઉંમરે થાય છે. વરના બાપે – કન્યાના બાપ પાસે માંગણી મૂકવી પડે છે તથા દહેજની રકમ કબુલ કરવી પડે છે. શનિ, રવિ અને મંગળ સિવાયના કોઈપણ દિવસે લગ્ન થઈ શકે છે. લગ્નવિધિ માટે બ્રાહ્મણને બોલાવવામાં આવતા નથી પણ વરની સધવા બહેન બધી વિધિ કરાવે છે. લગ્ન કરવા જતી વખતે વરના કુટુંબીઓ પોતાની સાથે ખોરાક તેમજ દારૂ લેતા જાય છે. કન્યાના કુટુંબીઓના માથે જાન જમાડવાની જવાબદારી હોતી નથી. લગ્નને દિવસે ખતરાની (પાળિયાની) તથા દેવલીમાની પુજા કરવામાં આવે છે ઘરજમાઈ, પુર્નલગ્ન, નાતરું, છૂટાછેડા વગેરેના રિવાજો છે.

મરેલાને બાળવામાં કે દાટવામાં આવે છે. મરનારને મરતા અગાઉ જમીન પર મુકી દેવામાં આવે છે તથા મોંમા દારૂનાં ટીપાં રેડવામાં આવે છે. શબને ઢોલ-ત્રાંસા સાથે લઈ જવામાં આવે છે. તથા અગ્નિ મૂકતાં પહેલાં શબના મોંમાં ભાતનો કોળિયો મૂકવામાં આવે છે. કાગડો આ કોળિયો ઉપાડી જાય તો સારા ભાગ્યની નિશાની ગણવામાં આવે છે. મરેલા માણસના આત્માને શાંતિ માટે તેની પાછળ ખતરો મૂકવામાં આવે છે. અખાત્રીજ, દિવાસો તથા દિવાળીના દિવસે એમ ત્રણ વખત તેઓ ખતરાને ભોગ ધરાવે છે.

તેઓ કોઈ હિંદુ દેવદેવીની પૂજા કરતા નથી. તેમના મુખ્ય દેવદેવી સૂરજદેવ, ધરતીમાતા, કાકાબળિયા, ભવાની માતા, પાળિયાદેવ અને શિમળિયાદેવ છે. આંબો, તાડ, ખજૂર વગેરે વૃક્ષોને તેઓ પૂજે છે.

દિવાળી અને હોળી એ તેમના મુખ્ય તહેવારો છે. આ તહેવારો તેઓ ગાઈ-નાચીને ઉજવે છે. ઢોલકના અવાજ સાંભળતાંજ તેમના પગ નાચવા મંડી પડે છે.

કારભારી અને પંચના સભ્યો મળી તેમનું જાતિપંચ બને છે જે તેમના સામાજિક ઝઘડાઓનો નિકાલ કરે છે.

(૨) **ધાનકા :**

તેમની વસતિ વડોદરા જિલ્લાના ડભોઈ, સંખેડા, નસવાડી, તિલકવાડા, જાંબુઘોડા તથા છોટા ઉદેપુર, ભરૂચ જિલ્લાના રાજપીપળા વિભાગમાં તથા સુરત જિલ્લાના નિઝર અને ઉચ્છલ તાલુકાઓમાં આવેલી છે. મૂળ પાવાગઢના રાજપૂત ચૌહાણ હતા. કુળના નામ તથા અન્ય રીતરિવાજો તપાસતાં તેઓ ભીલની જ એક પેટાજાતિ હોય તેમ જણાય છે. તેમનામાં ત્રણ પેટા જાતિઓ છે. (૧) તડવી (૨) વલવી (૩) તેતરિયા સ્ત્રીઓ પોશાક ઘાઘરો અને ચોળીનો તથા પુરુષોનો પોષાક ખમીસ, ટૂંકી લંગોટી તથા પાઘડી છે. તેમનો મુખ્ય વ્યવસાય ખેતી તથા ખેતમજૂરી છે. લાકડાં કાપવાનું તથા જંગલ પેદાશ એકઠી કરવાનું કામ પણ કરે છે. આર્થિક સ્થિતિ નબળી હોવાથી શિક્ષણનું પ્રમાણ ઘણું ઓછું છે. જુવારનો રોટલો તથા દાળ તેમનો રોજિંદો ખોરાક છે. માંસાહાર કરે છે. લગ્ન મા-બાપ નક્કી કરે છે. છોકરાવાળા છોકરીવાળા પાસે માંગું કરે છે. વિધવાવિવાહ, નાતરું, છૂટાછેડા વગેરે રિવાજો છે. તેઓ હિંદુના બધા જ દેવોને પૂજે છે. પટેલ અને પંચના બનેલા જાતિપંચ ધ્વારા તેઓ પોતાના સામાજિક ઝઘડાઓનો નિકાલ કરે છે.

(૩) **ભરવાડ (ગીર-જૂનાગઢ) :**

આ જાતિ સૌરાષ્ટ્રમાં મુખ્યત્વે 'કોંગો' અને ભાદરકાંઠાથી સરધારી ધાર સુધીમાં વિશેષ જોવા મળે છે. તેઓ સૌરાષ્ટ્રભરમાં ફેલાયેલા જોવા મળે છે. પરંતુ ગીર, બરડા અને અલેયના નેસ વિસ્તારોમાં વસતા ભરવાડોને જ આદિવાસી ગણવામાં આવ્યા છે. તે અંગેનો કોઈ ખાસ ઈતિહાસ જોવા મળતો નથી અથવા કયાંથી આવ્યા છે તે અંગેનો કોઈ ઈતિહાસ જોવા મળતો નથી અથવા કયાંથી આવ્યા છે તે અંગેનો કોઈ ખાસ ઈતિહાસ જોવા મળતો નથી. કેટલાક પોતાને જાદવકુળના વંશજો કહેવાડવામાં, ગર્વ અનુભવે છે. ભરવાડ કોમમાં મોટાભાઈ અને નાનાભાઈ એમ બે વર્ગ છે. રીતરિવાજો રહેણીકરણી બંનેની સરખી છે પરંતુ એકબીજા સાથે લગ્ન વ્યવહાર જોડી શકાતો નથી. તેમની ભાષા ગુજરાતી છે. પુરુષો કેડિયું, ચોરણી અને માથે આખી લાલ યા લાલ છેડાવાળી પાઘડી કાયમ પહેરે છે. એ એમનો મુખ્ય પોષાક છે સ્ત્રીઓ મુખ્યત્વે લાલ રંગની ચોળી-ચણીયા અને કરમજી રંગની ચુંદડી જેવી ઓઢણી પહેરે છે. તેઓની આર્થિક વ્યવસ્થામાં ઘેટાંનું ઉન વેચીને નાણાં ઉભાં કરે છે તેમજ દૂધ વેચીને પણ પૈસા પેદા કરે છે. પુરુષવર્ગ મુખ્યત્વે ગાય-ભેંસ ચારવાની પ્રવૃત્તિઓમાં રોકાયેલ રહે છે. ઉન હાથથી તેમજ મોટા રેંટિયાથી કાંતવાની આવડત આ લોકોમાં ખાસ જોવા મળે છે.

(૪) ચારણ (ગીર જૂનાગઢ) :

વર્ષોથી સૌરાષ્ટ્ર, કચ્છ તથા મારવાડની ભૂમિને પોતાના વીરરસભર્યા કાવ્યો તથા દોહાથી કોળવતા આવેલા આ ચારણોની ઈતિહાસ બીજી પ્રજાઓના ઈતિહાસ કરતાં કોઈક અનેરી ભાત પાડે છે. વેદકાળ, પુરાણો, રામાયણ તથા મહાભારત વગેરેમાં તેમના નામનો ઉલ્લેખ મળે છે, તેઓ મૂળે કયાંથી આવ્યા અને કયારે આવ્યા તેના આદિવંશજો અંગે કોઈ ખાસ જાણવા મળ્યું નથી. આજે ચારણોમાં અનેક શાખ જોવા મળે છે. તેમાં ૨૩ શાખ મુખ્ય મનાઈ છે. આ ત્રેવીસ શાખોની કોઈ કોઈ શાખની પેટાશાખ તદ્દન થોડી છે જયારે કોઈ કોઈની તો સિત્તેર એંસી જેટલી પણ છે. આમ ચારણોની પેટા શાખોનો આંકડો સવા છસ્સો જેટલો છે. તેઓના મારૂ ચારણ મારવાડમાંથી આવેલા અને મુખ્યત્વે સૌરાષ્ટ્રમાં ઝાલાવાડ, હાલાર પ્રદેશમાં વસે છે. બીજા ચારણ, સોરઠીયા ચારણો તરીકે ઓળખાય છે. બંનેનો પોષાક ખેડૂત જેવો છે. તેઓ ચોરણા તથા કોટ પહેરે છે. કમર ભેટે બાંધે છે. તથા માથે આંટીવાળી મોટી પાઘડી પહેરે છે. સ્ત્રીઓ પગની પાનીથી તે છેક માથા સુધી ઘુમટોવાળી શકાય એવો મોટો ચોરસો પહેરે છે. જયારે સોરઠીયા ચારણોમાં ઝીમી તથા કાઠીયાવાડી ઓઢણું ઓઢે છે. ચારણી શબ્દો કેટલેક અંશે ગુજરાતી શબ્દોથી જુદા હોઈ સમજી શકાતા નથી. તેઓનો મુખ્ય ધંધો પશુપાલનનો છે. તેઓ ભેંસો જ રાખે છે. બાળલગ્નનો રિવાંજ નથી પરંતુ સગપણ નાની વયમાં થાય છે. મરનારના દેહને અગ્નિદાહ દેવામાં આવે છે. આ લોકો અનેક દેવદેવીઓમાં વિશ્વાસ ધરાવે છે. તેઓ આર્થિક શોષણના વમળમાં તણાયેલા હોઈ આર્થિક રીતે પોતે સદ્ધર નથી. ગરીબીનું કારણ કેટલેક અંશ અજ્ઞાનતા તથા બિનઆવડત છે પણ મુખ્ય કારણ શોષણ છે. તેઓના મુખ્ય ખોરાક ઘંઉ, જુવાર, બાજરો તથા મગ, ચણા છે. ચારણો સામાજિક રીતે અને શૈક્ષણિક રીતે પછાત છે

(૫) ભીલ (કચ્છ જિલ્લાના) :

ભીલ મૂળ કચ્છ જીલ્લામાં વસે છે. તેમનો મુખ્ય વ્યવસાય ગધેડા ઉપર માલની હેરફેર કરવાનો છે. તેઓ ગધેડા દ્વારા રોજી મેળવે છે. મજૂરી માટે એક ગામથી બીજે ગામ જવું પડે છે. પુરુષો મુખ્યત્વે ખમીશ, અંદર બંડી અને ધોતિયું અથવા તો સુરવાલ, લેંઘો, પેન્ટ હોય તો પહેરે છે. સ્ત્રીઓ કમખો અથવા તો ચોળી, ઓઢણી અને ઘાઘરો પહેરે છે. મોટાભાગે લાલ અને લીલા રંગ વધુ પસંદ કરે છે. લગ્ન સામાન્ય રીતે પુખ્ત ઉંમરે કરવામાં આવે છે. તેમનામાં બહુ પત્નીત્વ કરવાની પ્રથા છે. બહુપત્નીત્વમાં બે સગી બહેનો પણ હોઈ શકે છે તેમની જાતિમાં દહેજની પ્રથા છે. પાળુજીદેવ તેમના મુખ્ય દેવ છે. તેઓ દેવદેવીઓને માને છે, ભૂતભુવાને પણ માને છે. ખાસ કરીને તેઓ પોતાની કુળદેવીને વધારે માને છે. દરેક ભીલ ગોત્રમાં અલગ અલગ કુળદેવી જોવા મળે છે. સામાજિક પ્રશ્નો કે ઝઘડાનો નિકાલ

જાતિપંચ દ્વારા કરવામાં આવે છે. ગરીબીને લીધે પોતાના છોકરાઓ પાસે મજૂરી કરાવવામાં આવે છે. આ જાતિ આર્થિક-સામાજિક અને શૈક્ષણિક રીતે ઘણી પછાત છે.

(૬) પારઘી (કચ્છ જિલ્લાના) :

તેમની સૌથી વધારે વસતિ કચ્છ જિલ્લામાં છે 'પારધ' એટલે શિકાર કરવો તે ઉપરથી પારઘી તરીકે ઓળખાયા. વ્યવસાય તેમના નામ પ્રમાણે મુખ્યત્વે શિકારનો છે. તેમાંના કેટલાક 'ફણસે પારઘી' નામે ઓળખાય છે. તેમની છ પેટા જાતિઓ છે. (૧) પારઘી, (૨) ફણસી પારઘે (૩) હરણ પારઘી (૪) મીર, (૫) કોરથાર, (૬) વાઘરી. આ જાતિઓ એકબીજા સાથે લગ્ન વ્યવહાર બાંધતી નથી. બોરડી, શમી, આંબો, જાંબુ, ઉમરો જેવા વૃક્ષોને અથવા તેમના પાન કે કાંટાને તેઓ પોતાના કૂળદેવી ગણી પૂજે છે. મોટા ભાગની ભાષા ગુજરાતી છે. તેમનો મુખ્ય વ્યવસાય શિકારનો છે. આમ છતાં ચોરી કરવાની તેમની ટેવ છૂટતી નથી. શિકાર પકડવા ઘોડાના વાળનો ફાંસો બનાવવામાં તેઓ પાવરધા છે. તેઓ બધા પશુપંખીઓનાં માંસ ખાય છે તથા દારૂ પીએ છે. ઘરજમાઈ, દેરવટું, પુર્નલગ્ન, વિધવા, વિવાહ, છૂટાછેડા વગેરેની છુટ છે. બહુપત્નીત્વ કરવાની છુટ છે. મોટાભાગના પારઘીઓ હિંદુ ધર્મ માને છે.

(૭) ધોડિયા :

આદિવાસી જાતિઓમાં વસતિની દષ્ટિએ ત્રીજો નંબર ધોડિયાનો આવે છે. જ્યારે શિક્ષણની દષ્ટિએ પ્રથમ નંબર આવે છે. એટલે કે ધોડિયાની કુલ વસતિ ૪૪૯૧૨ની છે અને અક્ષરજ્ઞાનનું પ્રમાણે ૪૯.૯૬ ટકાનું છે. ધોડિયા મુખ્યત્વે વલસાડ જિલ્લામાં વસેલા છે. તેઓ પોતાને ભીલ, ચૌધરી, દૂબળા, નાયકા જેવી જાતિઓ કરતાં ઊંચા ગણે છે. તેમનાં પેટા જાતિઓ નથી પણ કૂળ હોય છે. પુરુષોનો પહેરવેશ ધોતી કે પાયજામો, ખમીશ કે કફની તથા ફાળિયું કે ટોપી હોય છે. સ્ત્રીઓ ચાંદીના દાગીના તેમજ રંગીન મણકાની માળા પહેરે છે. તેમની પોતાની આગવી ધોડિયા બોલી છે. મુખ્યત્વે વ્યવસાય ખેતી છે. ખોરાક ઉજળીયાત જેવો લેતા હોય છે. તેઓ દારૂ પીએ છે, માંસાહાર કરે છે, પણ હમણાં હમણાં કેટલાક મોક્ષમાર્ગી ધર્મના કારણે દારૂ અને માંસનો ઉપયોગ કરતા નથી. તેઓ દેવ-દેવીઓમાં માને છે. પૂર્વજોની યાદગીરીમાં પાળિયા (ખતરા) મૂકવાનો રિવાજ છે. આઠથી દસ પ્રકારમાં વહેંચાયેલો શૂરાતનભર્યો તેમનો નૃત્ય પ્રકાર જાણીતો છે. તેઓમાં શિક્ષણ સારું હોવાના લીધે તેમનામાંથી શિક્ષકની નોકરીમાં વધુ લોકો જોડાયા છે. તેઓ ખેતીની નવી રીત અપનાવવામાં માને છે. આદિવાસી કલ્યાણ યોજનાઓનો લાભ તેમણે લીધી છે.

(૮) કોટવાળિયા :

વીટોલીયા એ કોટવાળિયાની જ એક પેટા જ્ઞાતિ છે. તેઓ મુખ્યત્વે સુરત જિલ્લામાં આવેલા છે. તેઓ વટોડિયા કે વાંસફોડિયા નામે પણ ઓળખાય છે. તેમનો વશંપરંપરાગત ધંધો વાંસમાંથી ટોપલા-ટોપલી, સુપડા વગેરે બનાવવાનું કામ કરતા હોય એટલે આ નામથી ઓળખાય છે. બધી જ આદિવાસી જાતિઓમાં આ એક જાતિ એવી છે કે જે આ ઉદ્યોગ પર સ્વતંત્ર રીતે નભી શકી છે. તેમની કુલ વસતિ ૧૭૭૫૮ ની છે અને અક્ષરજ્ઞાનનું પ્રમાણે ૧૭.૧૮% છે. તેઓ જે લોકો વચ્ચે વસે છે તેમની બોલીનો ઉપયોગ કરે છે. તેઓના સામાજિક રિવાજ બીજી આદિવાસી જાતિઓ જેવો જ છે. જાતિપંચ તેમના સામાજિક વ્યવહારનું નિયમન કરે છે. દેવ-દેવીઓમાં અને મેલી વિદ્યામાં તેઓ ખુબ જ માને છે. તેમના દેવોમાં મુખ્ય ગોવાળદેવ, હિમારીયોદેવ, આહિરદેવ, કાકા બળિયા અને દેવલી માડી છે. તેઓ બધા તહેવારો ઉજવે છે. નૃત્યના બહુ શોખીન છે. દોહેડીયા, બાવળિયા, પારણિયા એ તેમના જાણીતા નૃત્યના પ્રકારો છે. તેઓ આર્થિક રીતે ઘણા જ નબળા છે.

(૯) કોળી (કચ્છ) :

કોળીનો ઉદ્‌ભવ વિખ્યાત કોલેટિયન જાતિમાંથી થયો છે. કોળી મુળ કચ્છ જિલ્લાના છે. તેઓની જાતિમાં મેં, પટકરા અને દેશી કોળી આમ ત્રણ જુથ છે. શેખાણી, ટાવતાબની, ધોળકિયા, પટેલ, સાંતલપુર, દૂધાણા વગરે અટક ગામના નામ ઉપરથી રાખવામાં આવ છે. તેઓનો પહેરવેશ બીજી જાતિના કોળી જેવો જ હોય છે. તેઓ ઘરેણાંના શોખીન છે. આર્થિક વ્યવસાયમાં ખેતી, મજુરી અને મીઠાના અગરમાં મુખ્યત્વે કામ કરે છે. તેઓ ભૂવા, દેવી દેવીઓમાં માને છે. તેમના કૂળદેવીઓમાં તેઓ વધુ શ્રધ્ધા ધરાવે છે અને મેલી વિદ્યામાં પણ માને છે.

(૧૦) ઢોરકોળી :

તેમની વસતિ મુખ્યત્વે વલસાડ જિલ્લામાં છે. તેઓ 'કોલઘા' યા કોલચાના નામે ઓળખાય છે. ટોપલા બનાવવાનું કામ કરતા હોવાથી તેમને 'ટોકરીકોળી' કહેવામાં આવે છે. તેઓ દેખાવમાં તેઓ બીજી જંગલમાં રહેતી જાતિઓ જેવા જ હોય છે. પુરુષો માથે કડકો નાખે છે. અને કમરે એક લંગોટ પહેરે છે. સ્ત્રીઓ માટે એક કકડો ઓઢે છે અને કમરે લુગડું વિટાળે છે. સ્ત્રી-પુરુષો ઘરેણાંનો શોખીન છે. તેમનો મુખ્ય વ્યવસાય જંગલ મજૂરી તેમજ અન્ય મજૂરીનો છે. તેમાંથી કેટલાક ટોપલા બનાવવાનું પણ કામ કરે છે. તેમની આર્થિક સ્થિતિ ઘણી નબળી હોવાથી ઘણીવાર માત્ર કંદમૂળ પર જ નિર્વાહ ચલાવવો પડે છે. તેમની બોલી આગવી છે. તેમના સામાજિક રીતરિવાજો કોંકણા જેવા જ છે. વર પક્ષે માગું કરવું પડે છે અને દહેજ આપવું પડે છે. ઘરજમાઈ, પુર્નલગ્ન, નાતરું, છૂટાછેડા વગેરે રિવાજો પ્રચલિત છે.

બહુપત્નીત્વ છૂટ છે. તેમના મુખ્યદેવો ડુંગરદેવ, વાઘદેવ, હીરવાદેવ અને કાકા બળિયા છે. તેમનામાં કોઈ પંચ હોતું નથી સામાજિક ઝઘડા આખી જાતિ ભેગી મળી પતાવે છે. નૃત્યના ઘણા શોખીન છે. તેઓ ઘાસની ગાંસડીઓ બાંધવાનું કામ કરે છે. કેટલાક ઠેકાણે દેડકા પકડીને ગુજરાન ચલાવે છે. તેમની આર્થિક સ્થિતિ ઘણી જ નબળી છે. અન્ય આદિવાસી જાતિ તેમને અસ્પૃશ્ય માને છે. તેમનામાં શિક્ષણનું પ્રમાણ ઘણું જ નીચું છે. આ જાતિને પ્રિમિટીવ ગ્રુપમાં ગણવામાં આવી છે.

(૧૧) વાઘરી (કચ્છ) :

તેમના ભૂવાઓના કહેવા પ્રમાણે તેઓ વાઘ જેવા છે તેથી વાઘરી કહેવાય છે. સંસ્કૃત શબ્દ વાઘોરી અર્થાત જાત ઉપરથી વાઘોરિક એટલે રાજપૂતાના રણમાં આવેલ વાગડ પ્રદેશ પરથી તેમનું નામ પાડયું હોય તેવું કહેવાય છે. એવી માન્યતા છે કે તેઓ મૂળ રાજપૂતો હતા. સંજોગોના કારણે પતન થવાથી બીજી જાતિ સાથે સંબંધ બાંધ્યો. તેમાંથી જે પ્રજા ઉત્પન્ન થઈ તે વાઘરી તરીકે મનાય છે. તેમની કેટલીક અટકો જેવી કે વાઘેલા, પરમાર, સોલંકી, ચૌહાણ, રાઠોડ વગેરે જેવી જાણવામાં આવે છે. તેમની મુખ્ય ચાર પેટા જાતિઓ છે. (૧) ચુનારિયા - ચુનો પકવનારા (૨) દાતણિયા અથવા દાતણ વેચવાવાળા, (૩) વેડ અથવા તુંબડા વેચવાવાળા અને (૪) પાટાનેજી અથવા વાંસ તથા મરઘા વેચવાવાળા. આ સિવાય ઘણી પેટા જાતિઓ છે. જેવી કે તળપદા, પોટનાબા, મારવાડી, કોકાટીયા,સટાલીયા વગેરે. તેઓના દેખાવમાં નેગ્રોરી-મેગોલીયન જાતિનાં કેટલાંક તત્ત્વો માલૂમ પડે છે. જેવા કે સખત જડબા અને ઝીણી આંખો, જાડા હોઠ અને ચપટા નાક. દેખાવે બહુ ચપળ લાગે છે. તેમની સ્ત્રીઓ દેખાવડી હોય છે. પુરુષો બંડી અને ધોતી પહેરે છે. માથે એક કકડો બાંધે છે. સ્ત્રીઓ ઓઢણી, ચોળી તથા ઘાઘરો પહેરે છે. સ્ત્રીઓ ઘરેણાંની શોખીન છે. તેઓ અનેક ધંધા કરતા હોય છે. મુખ્યત્વે શિકાર કરવો, શાકભાજી ઉગાડવી, દાતણ વેચવા, ઢોર વેચવા, પાડા ઉછેરવા, ઘંટી ટાંકવી વગેરે છે. આ ઉપરાંત ચોરી કરવી તે તેમની જૂની આદત છે તેમના ખોરાકમાં ગાય અને શિયાળના માંસ સિવાય બધું જ ખાવાની છૂટ છે. ખાસ પસંદગી પાટલા ઘો,સાઢા ગામની ગરોળી હોય છે. લગ્ન નાની ઉંમરે કરવામાં આવે છે.

(૧૨) બાવચા :

તેમની મુખ્ય વસતી અમદાવાદ તથા વડોદરા જિલ્લાના શહેરી વિસ્તારમાં છે. રિવાજો ગામીત જેવા છે. તેમના પેટા જાતિઓ નથી. તેમજ કૂળ જેવું પણ નથી તેમનો મુખ્ય વ્યવસાય રસ્તાઓ કે મકાનોના બાંધકામની મજુરીનો તથા પટાવાળા જેવી નોકરીઓનો છે. તેઓ બકરા, ઘેટાં તથા મરઘાંનું માંસ ખાય છે તથા દારૂ પીએ છે. એક કરતાં વધુ પત્ની કરવાની છૂટ છે. ઘરજમાઈ, પુર્નલગ્ન, નાતરૂં છૂટાછેડા વગેરે રિવાજો પ્રચલિત છે. લગ્ન સામાન્ય રીતે રવિવારે ઉજવવામાં આવે છે. લગ્ન વિધિ

કરાવનારને 'કોટવાળ' કહે છે અને પુજારી તરીકેનું કામ કરે છે. નૃત્યના ખૂબ જ શોખીન છે. બાવચા અથવા બામચાની આર્થિક સ્થિતિ ખૂબ જ નબળી છે. તેમનામાં શિક્ષણનું પ્રમાણ ઘણું નીચું છે.

**(૧૩)પારઘી (અડવીન્ચર ફણસે) :**

તેમની વસતિ વધારે કચ્છ જીલ્લામાં છે. 'પારઘ' એટલે શિકાર કરવી તે પરથી પારઘી તરીકે ઓળખાયા છે. તેનું કારણ તે લોકો ફાંસો (ફણસો) નાંખી શિકાર કરતા હોય છે. કેટલાક અડવીન્ચર તરીકે ઓળખાય છે તેનું કારણ (અડવી જંગલ, ચીંથર-ફરનાર) તેઓ જંગલમાં કાયમ ભટકતા હોય છે. મુળ રાજપુત કોળી વગેરે જ્ઞાતિઓના લોકો પણ તેમનામાં ભળ્યા હશે તેથી તેમનામાં કેટલાક રીતિરિવાજોનું વૈવિધ્ય જોવા મળે છે. તેમની જુદી જુદી પેટાજાતિઓ છે. એકબીજા વચ્ચે લગ્ન સંબંધ બાંધતા નથી. બોરડી, શમી, આંબો, જાંબુ, ઉમરો જેવા વૃક્ષોને અથવા તેમના પાન કે કાંટાને તેવો પોતાના કુળદેવ ગણી પુજે છે. એક જ કુળદેવને પુજનારા અંદરોઅંદર લગ્ન વ્યવહાર બાંધતા નથી. તેઓ મોટાભાગે કચ્છી બોલી બોલે છે. તેમનો મુખ્ય વ્યવસાય શિકારનો છે. તેમનામાં કેટલાક મદારી જેવી કુશળતાથી સાપ પણ પકડી પાડે છે. શિકાર માટેના ઘોડાના વાળનો ફાંસો બનાવવામાં પાવરધા છે. તેઓ બધા પશુ-પંખીઓનું માંસ તથા દારૂ પીએ છે. કાયમ પોતાની ઘરવખરી સાથે લઈને ફરતા હોય છે. દિયરવટુ, પુર્નલગ્ન, વિધવાવિવાહ, છૂટાછેડા વગેરેની છૂટ છે. બહુપત્નીત્વની પ્રથા છે. મોટાભાગના પારઘીઓ હિંદુધર્મમાં માને છે. લગ્નમાં બ્રાહ્મણને બોલાવે છે. મુખ્ય તહેવારો હોળી અને દશેરા છે. ધાર્મિક વડો હોતો નથી પણ જાત આગેવાન હોય છે.

**(૧૪)રબારી :**

રબારીઓમાં બે વર્ગ છે. તેઓ પોતાના કુટુંબ કબીલા અને ઘરવખરી સાથે એક ગામથી બીજા અને રાજયની બહાર પણ વિચરે છે. તેઓમાં શાખ, શાખભાઈ, ગેઠી, પિત્રાઈજૂથ, કુટુંબ વગેરે સગાઈ જૂથો જોવા મળે છે. સૌરાષ્ટ્રના જૂનાગઢ જિલ્લાના બરડા, ગીર અને આલેચની રબારી જાતિને અનુસૂચિત જનજાતિ તરીકે ઓળખાય છે. તેમનો મુખ્ય વ્યવસાય પશુ ઉછેરનો અને તેની દેખભાળ અને દૂધ વેચવાનો છે. તેમની શૈક્ષણિક સ્થિતિ એકંદરે નબળી છે. રબારી મુખ્યત્વે ચોરણી, કેડિયું તથા ચારણોથી મોટી આંટીવાળી પાઘડી પહેરે છે. સ્ત્રીઓ ઝીમી, કામળિયા, ઓઢણી તેમજ કાપડું પહેરે છે. સ્ત્રીઓ ઘરેણાંની ઘણી જ શોખીન હોય છે. તેઓ મોનાઈ માતામાં ખૂબ જ માને છે. તેઓમાં બાળલગ્ન અને બાલવિવાહ પણ જોવા મળે છે. લગ્ન પછી આણું તો પુખ્ત ઉંમરના થાય ત્યારે જ કરવામાં આવે છે. જાતિના સભ્યો પર નાતના પંચની ઘણી મજબુત પકડ હોય છે.

(૧૫) ગામીત :

ગામીત મુખ્યત્વે સુરત જિલ્લામાં વસેલા છે. તેઓ ગામીત કે બાવચીના નામે ઓળખાય છે. તેમની પેટાજાતિઓમાં પડવી, વલવી, વસાવાનો સમાવેશ થાય છે. ગામીત મૂળ ભીલની જ એક જ પેટા જ્ઞાતિ હોય તેવું મનાય છે. જે ભીલો ગામ વસાવીને એક ઠેકાણે સ્થિર થયા તે ગામીત કે વસાવા કહેવાયા છે. પુરુષો ધોતી કે પાયજામો, બંડી અને ફાળિયું પહેરે છે. તેમના પોશાકમાં એક વિચિત્રતા છે. સ્ત્રીઓના માટે લાવેલા નવા લુગડામાંથી એક છેડો ફાડી લઈ પુરુષ તેનો લંગોટ તરીકે ઉપયોગ કરે છે. સ્ત્રીઓની કમર નીચેના ઘુંટણ સુધીનો ભાગ કછોટો મારી લુગડું વિટાળી ઢાંકે છે. જ્યારે માથે કકડો નાંખે છે. સ્ત્રી પરણ્યા પછી જ ચોળી પહેરે છે. સ્ત્રીઓ ગળામાં મણકાની માળા અને પગમાં કડાં પહેરે છે. તેમનો મુખ્ય વ્યવસાય ખેતી છે. ખેતી ઉપરાંત ખેતમજૂરી પર આધાર રાખવો પડે છે. તેમની આગવી બોલી ગામીત બોલીના નામે ઓળખાય છી. તેઓ ગૌમાંસ તથા દારૂ પીએ છે. લગ્ન માટે છોકરાના બાપે માંગું કરવું પડે છે અને દહેજ આપવું પડે છે. અષ્ટલા, માવલી, વાઘદેવ એ તેમના દેવ છે. તેમનામાં શિક્ષણનું પ્રમાણ સારુ છે. તેમની આર્થિક સ્થિતિ કંઈક અંશે સુધરી છે.

(૧૬) કાથોડી :

કાથોડી કાનકટીના નામે ઓળખાય છે. બંને નામો વ્યવસાય પરથી પડેલાં છે. તેમની બે પેટાજાતિઓ છે. જે ઢોરકાથોડી અને સોન કાથોડી નામે ઓળખાય છે. સોન કાથોડી ગાયનું માંસ ખાતા નથી જ્યારે ઢોરકાથોડી ગાયનું માંસ ખાય છે. બોલી, દેખાવ અને રિવાજ પરથી કાથોડી ભીલની જ એક પેટા જાતિ હોય એમ મનાય છે. તેમની મુખ્ય વસતિ સુરત જિલ્લામાં છે. તેઓ ભટકતી જાતિઓ જેવું જીવન ગુજારતા હોય છે. પુરુષો લાંબાવાળ અને દાઢી રાખતા હોય છે. તેઓ રંગે કાળાં અને કદમાં સુકલા હોય છે. તેમનો મુખ્ય આગેવાન નાયક કહેવાય છે. મુખ્ય વ્યવસાય કાથો પાડવાનો અને કોલસા પાડવાનો છે. તેમના પોશાકમાં પુરુષો માત્ર લંગોટી પહેરે છે. તથા માથે એક કકડો વીંટે છે. સ્ત્રીઓ કેડેથી નીચેના ભાગ કછોટો મારી ઢાંકે છે. સ્ત્રીઓ ઘરેણાંની શોખીન છે. નાનપણથી જ છૂંદણાં છૂંદાવે છે. બધા જ પશુઓના માંસ ખાય છે. ઉપરાંત ઉંદર, ખિસકોલી, કબુતર, શાહુડીનો શિકાર કરે છે. તેમના મુખ્ય દેવો હિંદીયા, શિવરધા, વાયુદેવ વગેરે છે. લગ્નવિધિ કરાવનાર 'ગોતરણો' કહેવાય છે. હિંદુ ધર્મની ઓછી અસર જણાય છે. તેમની આર્થિક સ્થિતિ ઘણી કફોડી છે. તેઓ વર્ષનો મોટા ભાગ કંદમૂળ ખાય છે. તેમનામાં શિક્ષણનું પ્રમાણ ઓછું છે.

(૧૭) રાઠવા-ભીલ :

રાઠવાઓની વસતિ મુખ્યત્વે પંચમહાલ અને વડોદરા જિલ્લામાં છે. સશક્ત શરીર, ઉજળો વાન અને ઉંચી મજબુત કાઠીથી તેઓ તરત જ પરખાઈ આવે છે. તેઓના ખોરાક મકાઈની રાબડી કે રોટલા અને અડદ હોય છે. પ્રસંગોપાત તેઓ માંસાહાર અને દારૂ-તાડી લે છે. તેઓના પોશાક રંગબેરંગી હોય છે. પુરુષો લંગોટી આગળ ફૂલે તે રીતે પહેરે છે. તેઓમાં ધર્મ વિધિ તરીકે ભીંતો પર મોટા ભીંતચિત્રો (પિઠોરી) મૂકવાનો રિવાજ હોય છે. તેઓનો મુખ્ય વ્યવસાય ખેતી છે. જમીન સારી રીતે કેળવી જાણે છે. પરંતુ સારી જમીનના અભાવે રાઠવાઓ મોટાભાગે ખેતી ઉપરાંત પરચુરણ મજુરી કરીને જીવન વીતાવે છે. તેમની આર્થિક સ્થિતિ બહુ સારી નથી.

(૧૮) પટેલિયા :

તેઓની વસતિ મુખ્યત્વે પંચમહાલ જિલ્લામાં આવેલી છે. તેઓ પોતાને રાજપુત વંશના ગણવામાં ગૌરવ માને છે. હિંદુ દેવદેવીઓને વધુ પૂજે છે. પટેલિયા રંગે કાળા અને ક્વચિત ઘઉંવર્ણા કે ગોરા પણ માલુમ પડે છે. શરીરે મજબુત બાંધાના નીચા કદના, સુદઢ અને કસાયેલા હોય છે. સ્વભાવે પ્રામાણિક, નિમકહલાલ અને સંતોષી હોય છે. પટેલિયા કાળી બંડી પહેરે છે. માથે મોટું સફેદ રંગની પાઘડી જેવું ફાળિયું બાંધે છે. ઘરેણાંના તેઓ ખૂબ જ શોખીન છે. મુખ્ય ધંધો ખેતીનો છે. મેલી વિદ્યા અને ભૂતપ્રેતમાં માને છે. માનતામાં દેવને માટીના ઘોડા ચડાવવાનો રિવાજ છે. નૃત્ય એ તેમના જીવનનું મહત્ત્વનું અંગ છે. અનેક પ્રસંગોએ તહેવારોની ઉજવણી મુખ્યત્વે નૃત્ય દ્વારા કરવામાં આવતી હોય છે.

(૧૯) ગોંડ-રાજગોંડ :

મુખ્યત્વે સુરત, ભરૂચ, વડોદરા, પંચમહાલ અને બનાસકાંઠામાં તેઓ વસે છે. પહેલાં આ આદિવાસીઓ ઝાડની છાલ અને પાંદડાં પહેરતા હતા. તેઓનો મુખ્ય પહેરવેશ ધોતી-ખમીસ, ફાળિયું છે. અત્યારે લેંઘો, ઝભ્ભો, ટોપી, કોટ વગેરે પણ પહેરતા થઈ ગયા છે. સ્ત્રીઓ કમરની નીચે કપડું વીંટાળે છે. સ્ત્રીઓ છુંદણા છૂંદવાની ઘણી શોખીન છે. તેઓમાં પિતૃસ્થાનીય કુટુંબ વ્યવસ્થા છે. લગ્નની બાબતમાં છોકરા-છોકરીને જીવનસાથીની પસંદગીની સંપૂર્ણ છૂટ જોવા મળે છે. એટલું જ નહીં પણ તે જાતિમાં ઘોટુલ નામે ઓળખાતાં યુવાગૃહો તેમને પોતાના જીવનસાથી પસંદ કરવામાં અને જાતીય સંબંધો તથા તે અંગેનું જ્ઞાન મેળવવામાં ઘણા ઉપયોગી નીવડે છે. નવી પેઢીને સામાજિક શિક્ષણ આપવાનું કાર્ય આ યુવાગૃહો દ્વારા થાય છે. ગોંડ, ઠાકુરદેવ, ધરતી માતા, નારણદેવ, વાઘદેવ, નર્મદામાઈ વગેરે દેવોને માને છે. ભૂત-ડાકણ વિશેની માન્યતાનું જોર ઘણું છે. દરેક ગામમાં નાયક મુખ્ય હોય છે.

આ નાયકનું ગામનું સંચાલન કરે છે અને ઝઘડાઓનો નિકાલ ગામની વૃધ્ધ અનુભવી વ્યક્તિઓ સાથે મળીને કરે છે.

(૨૦) દુબળા :

દુબળા હળપતિ કાળીપરજ વગેરે નામે ઓળખાય છે મોટે ભાગે મેદાનમાં વસે છે. અને ઘણું ખરું ઉજળિયાત ખેડૂતોના હાળી તરીકે કામ કરે છે. મોટાભાગના દુબળાઓ ખેતમજૂરી કરે છે. બીજા કેટલાક ઘરકામ અને બીજી નિમ્ન પ્રકારની નોકરી કરી જીવન વ્યતિત કરે છે. તેઓ દેખાવે કાળા, નીચી કાઠીના અને નબળા બાંધાના હોય છે. તેઓ મોટાભાગે આઝાદી સુધી અર્ધગુલામીની દશા ભોગવતા હતા. તે વેઠની પ્રથાને સરકારે ગેરકાયદે જાહેર કર્યા પછી તેઓ મુક્ત છે. તેમની વીસ જેટલી પેટા જાતિઓ છે. તેઓ તેમાંથી ઉંચી કે નીચી જાતિની વ્યક્તિને વિધિપૂર્વક પોતાની જાતિમાં મેળવે છે તેમના રિવાજો, ધર્મ અને ભાષા હિંદુઓ જેવા છે. સામાજિક ઝઘડા પંચોથી ઉકેલે છે. તેમનાં પ્રાણી-પક્ષીઓ જેવા ચાળાવાળાં નૃત્યો પ્રચલિત છે. તેમની આર્થિક સ્થિતિ નબળી છે. મોટા ભાગના લોકો દરિદ્રતા નીચે જીવી રહ્યા છે. તેમનામાં શિક્ષણનું પ્રમાણ ઓછું છે.

(૨૧) વારલી :

વારલીની વસતિ મુખ્યત્વે વલસાડ જિલ્લામાં આવેલી છે. વારલ એટલે જમીનનો ટુકડો તેથી વારલી એટલે જમીનના નાના ટૂકડા ખેડનાર, એ રીતે આ લોકો વારલી કહેવાયા એમ મનાય છે. દક્ષિણના વારલાટ પ્રદેશમાંથી મૂળ આવતા હોઈ એ કારણે પણ વારલી કહેવાયા એ સંભવ છે. તેમનામાં ચાર પેટા જાતિઓ છે. (૧) યુધ્ધ (૨) મુર્દે (૩) દાવર, (૪) નિહિર. તેમનામાં ૨૪ જેટલાં કુળ છે. તેઓ એક જ ગોત્રમાં લગ્ન સંબંધ બાંધતા નથી. વારલી શરીરે અશક્ત, વર્ણ તડકાને કારણે તથા ઓછા વસ્ત્રને પરિણામે શ્યામ, દાઢી માથાના વાળ અવ્યવસ્થિત, કદીક માથે ગુચ્છદાર ચોટલી અને સામાન્ય કદ તથા ઉંચાઈ ધરાવે છે. તેમનામાં નિગ્રો જાતિત્ત્વ હોવાનું મનાય છે. પુરુષો માથે ફેંટો, શરીરે જાકીટ કે બંડીને મળતું અડધી બાંયનું કોલર વિનાનું કપડું તથા કમરે લાલ રંગના ફૂમતાવાળી દોરી બાંધે છે. સ્ત્રીઓ સાડીઓ પહેરે છે. સ્ત્રી-પુરુષ બંને ઘરેણાંનાં શોખીન છે. તેમની ભાષા કોંકણી જેવી છે. મુખ્ય વ્યવસાય ખેતી છે. જંગલમાં મજુરીએ જવું, કોલસા પાડવા, જંગલમાંથી ગુંદર, મધ, મહુડાં ભેગાં કરી લાવવાં વગેરે સહાયક ધંધા છે. તેમના ખોરાકમાં મુખ્યત્વે નાગલીનો ઉપયોગ થાય છે. તેઓ માંસાહાર કરે છે અને દારૂ પીએ છે. વારલીમાં બહુપત્નીત્વ પ્રથા છે. તેમજ બીજા રિવાજો બીજી જાતિઓ જેવા જ છે. દેવદેવીઓમાં માનતા હોય છે. નારણદેવ, હીરયાદેવ, ભરમદેવ, ચેડાદેવ એમના મુખ્ય દેવો છે. તેઓ હિંદુ દેવોને પૂજતા નથી. હોળી, દિવાળી, દિવાસો, દશેરા મુખ્ય તહેવારો છે. તેઓ નૃત્યના ઘણા

શોખીન છે. દરેક તહેવારે નાચ-ગાન કરતા હોય છે. આર્થિક સ્થિતિ ઘણી જ ખરાબ છે. તેઓ કંગાળ અવસ્થામાં જીવી રહયા છે. તેમનામાં શિક્ષણનું પ્રમાણ નીચું છે.

(૨૨) કોંકણા-કુનબી :

કોંકણાની વસતિ મુખ્યત્વે વલસાડ જિલ્લામાં છે તેઓ મૂળ કોંકટપટ્ટીમાંથી આવ્યા હોઈ કોંકણા કહેવાય છે. કેટલાક કોંકણા પોતાને કુનબી પણ કહેવડાવે છે. રિવાજો બંનેના સરખા છે. કુનબી નાસિક કે થાણા જિલ્લામાંથી પોતે આવ્યા એમ માને છે. મહારાષ્ટ્રમાં ખેતી કરનારા મરાઠાઓ કુનબી તરીકે ઓળખાય છે. ગુજરાતમાં તેમને કણબી કહીએ છીએ. કોંકણા બળદના અભાવે હાથ વડે હળ ખેંચે છે. તેઓ રંગે કાળા, પાંચ-સાડા પાંચ ફુટ ઉંચા અને પહોળા નાકવાળા હોય છે. સ્ત્રીઓ અને પુરુષો કરતાં ઉઘડતા રંગની હોય છે. બહાર જાય ત્યારે શરીરે બંડી પહેરે છે. માથે ફેંટો વીંટે છે. સ્ત્રીઓ ઘુંટણ સુધી કાંછડો મારી પહેરેલું કપડું ઓઢે છે. સ્ત્રીઓ-પુરુષો ઘરેણાંનાં શોખીન હોય છે. તેમનો મુખ્ય વ્યવસાય ખેતીનો છે. ખેતીમાં આવક ન મળવાથી પૂરક ધંધા તરીકે જંગલની મજુરી ઉપર આધાર રાખવો પડે છે. ખોરાકમાં માછલાં, ભાજી કે કંદ ખાઈને પણ પેટ ગુજારો કરે છે. મરઘાં ઉછેર એક પૂરક વ્યવસાય છે. મરઘાનો ઉપયોગ ખોરાકમાં કરે છે. છોકરાના બાપે છોકરીના બાપ પાસે માગું કરવું પડે છે તથા દહેજ આપવું પડે છે. સામાજિક વ્યવહારોના નિયમન માટે ગામપંચ અને ચોરાપંચની વ્યવસ્થા છે. દેવદેવીઓમાં તેઓ માને છે. ધાર્મિક વ્યવહાર ભગત દ્વારા કરે છે. હનવન અને વાઘદેવ એમના ખાસ દેવો છે. નૃત્યના તેઓ ઘણા શોખીન છે. કુનબી તરીકે ઓળખાતા આદિવાસીઓ ડાંગ જિલ્લામાં વધુ છે. તેમની આર્થિક સ્થિતિ વલસાડ જિલ્લાના કોંકણા કરતાં ઠીક છે. તેમની ખેતી પણ સારી છે.

(૨૩) સીદી :

સીદી સંપૂર્ણ નીગ્રો પ્રજાતીય તત્ત્વો ધરાવતી જાતિ છે. તેઓ મજબુત બાંધાના, ઉંચા અને કાળા હોય છે. તેમના વાળ ઉન જેવા વાંકડિયા હોય છે. તેમનું જડબું આગળ પડતું અને હોઠ કાળા હોય છે તેઓ પ્રથમ નજરે બીજાઓથી જુદા તરી આવે છે.

ગુજરાતમાં તેમની મુખ્યત્વે વસતિ જૂનાગઢ જિલ્લાના તાલાલા તાલુકામાં છે. આ સિવાય એમની વસતિ જામનગર, રાજકોટ, ભાવનગર અને અમરેલી જિલ્લામાં પણ છે. તેઓ ચારસો વર્ષ પહેલાં આફ્રિકાથી આવ્યા હોવાનું મનાય છે. તેઓ મુસ્લિમધર્મી છે અને બધા રીતીરિવાજો મુસ્લિમ ધર્મ પ્રમાણે પાળે છે છતાંય દરેક વિસ્તારમાં હિંદુઓની અસર હેઠળ આવેલા જોવા મળે છે.

સીદીઓ ઘણી જ કપરી આર્થિક પરિસ્થિતિમાં જીવન વીતાવે છે. બધા જ સીદીઓ ગરીબીની રેખાની નીચે જીવે છે. મુખ્ય વ્યવસાય ખેતમજુરી, જંગલ મજુરી તેમજ સ્ત્રીઓ ઘરકામ અને જંગલમાંથી

લાકડાં લાવીને વેચવાનું કામ કરે છે. સીદીનું આગવું અને વિશિષ્ટ નૃત્ય 'ધમાલ નૃત્ય' છે જે આફ્રિકાની મુળ આદિવાસી જાતિઓની યાદ આપી જાય છે.

(૨૪) ભીલ :

ભીલ શબ્દ મુળ દ્રવિડ ભાષાનો 'બીલ્લુ' શબ્દમાંથી ઉતરી આવ્યો છે. જેનો અર્થ બાણ અથવા તીર થાય છે. આને કારણે તેઓ ભીલ નામે ઓળખાય છે. ભીલો સુરત, ડાંગ, ભરૂચ, વડોદરા,પંચમહાલ, બનાસકાંઠા અને સાબરકાંઠા જિલ્લાઓમાં વસે છે. ગુજરાતના આદિવાસીઓમાં પેટા જ્ઞાતિઓ છે. જેમાં મુખ્યત્વે ભીલ, ગરાસીયા, ભીલાણા, ઢોલી, ભીલ, રાવળ ભીલ, વસાવા, પાવરા, તડવી તરીકે ગણાવી શકાય. ભીલો સામાન્ય રીતે રંગે કવચિત ગોરા માલુમ પડે છે.શરીરે મજબુત બાંધીના, નીચા કદના, સુદઢ અને કસાયેલા હોય છે. સ્વભાવે પ્રામાણિક,નિમકહલાલ અને સંતોષી હોય છે. ઉ.ગુજરાતના ભીલો પહેરવેશમાં ધોતીયું, પહેરણ, તથા ફાળિયું કે ટોપી પહેરે છે. સ્ત્રીઓ પહોળા ઘેરનો ચણિયો, કબજો તથા ઓઢણી પહેરે છે.

ગુજરાતના ભીલો ત્રણ હાથ લાંબા અને હાથેક પહોળા લંગોટ પહેરે છે. માથે ફાળિયું અને શરીરે પછેડી ઓઢે છે. સ્ત્રીઓ કછોટો મારી શકાય તેવો ઘેરા લાલ રંગનો ઘાઘરો પહેરે છે. પટેલિયા શરીરે કાળી બંડી પહેરે છે. મુખ્ય ધંધો ખેતીનો છે. તેમજ રસ્તા બાંધકામની મજુરી કરે છે. મુખ્ય ખોરાક મકાઈ, અડદ છે. લગ્ન બે રીતે થાય છે. એકમાં માબાપ પોતે પસંદ કરી પરણાવે છે. બીજામાં છોકરા છોકરી જાતે પસંદગી કરી લેતા હોય છે. ભીલોમાં માંગુ વર પક્ષ તરફથી કરવામાં આવે છે. વરપક્ષે કન્યાપક્ષને દહેજ ચુકવવું પડે છે. મેલી વિદ્યા અને ભૂતપ્રેતમાં તેઓ સારી રીતે માને છે. ઉઘાડી તલવારના નૃત્યો તેમની નૃત્યકળાનો ઉત્કૃષ્ટ નમૂનો રજૂ કરે છે. મોટા ભાગના ભીલ લોકો મજુરીની શોધમાં ગુજરાતના વિકસિત વિસ્તારમાં જુદી જુદી જગ્યાએ સ્થળાંતર કરે છે. તેમની આર્થિક સ્થિતિ ઘણી નબળી છે. તેમનામાં શિક્ષણનું પ્રમાણ પણ ઘણું જ ઓછું છે.

(૨૫) નાયક-નાયકડા :

'નાયકડા' કાંઈક અનાદર સૂચક નામથી ઓળખાતા નાયકો ભીલની જ પેટા જ્ઞાતિ છે. પૂર્વે તેઓ લશ્કરોમાં નાયકો તરીકે કામ કરતા હતા. પાવાગઢના પતન પછી તેઓ જુદા જુદા જિલ્લાઓમાં વીખરાઈ ગયા એમ તેઓ પોતાના વિશે કહે છે. છેલ્લાં સો વર્ષના ઈતિહાસમાં તેઓએ રાજયનો સશસ્ત્ર સામનો કર્યાના પણ દાખલા મળે છે હાલ તેઓનો વ્યવસાય ખેતમજુરી અને અન્ય મજૂરી છે. ચોકિયાત તરીકે તેઓ વફાદારીથી કામ કરે છે. તેઓ ચપળ, હિંમતવાન અને સશકત બાંધાના હોય છે. તેઓના ખોરાક મકાઈનો છે. તેઓ ગધેડા, કાગડા અને સર્પ સિવાય લગભગ બધા પ્રાણીઓનું માંસ ખાય છે. મુડદાલ

માંસ પણ ખાવાના ઉપયોગમાં લે છે. ઉપરાંત વનનાં કંદમુળ, વનસ્પતિ વગેરે પણ ખાય છે. તેઓમાં લગ્ન વખતે કન્યાની જાન વરને ત્યાં જાય છે. વિધિ બહુ લાંબી હોય છે અને તે સ્ત્રીઓ કરાવે છે.

તેઓ સંગીત અને નૃત્યના ભારે શોખીન હોય છે. તેઓની આર્થિક સ્થિતિ ઘણી જ નબળી છે. શિક્ષણનું પ્રમાણ ઘણું જ નીચું છે. ખેતીની જમીન ઓછી છે. માત્ર મજુરી જ તેમનો આધાર છે.

(૪) વસતિ:

રાજયમાં અનુસૂચિત જનજાતિ વસતિ સમગ્ર જગ્યાએ પથરાયેલી છે. કોઈ જગ્યાએ તેનો વ્યાપ વધુ હશે તો કોઈ જગ્યાએ ઓછો. રાજયના દાંતા તાલુકાના ડુંગરોની હારમાળાથી શરૂ થઈ પોશીના, ખેડબ્રહ્મા, વિજયનગર, દક્ષિણ તરફ નીચે પંચમહાલની ઉત્તર અને પૂર્વ સીમાનો ભાગ, દક્ષિણે આવેલ નાના છત વિભાગમાંથી પસાર થઈ સુરત, વલસાડ અને ડાંગ તરફના ડુંગરાળ અને જંગલ પ્રદેશમાં આદિવાસીઓની મુખ્ય વસતિ છે. આ ઉપરાંત રાજયના અન્ય જિલ્લાઓમાં તેઓની વસતિ ઓછી છે.

અનુસૂચિત જનજાતિની વસતિની રીતે ગુજરાતનો નંબર દેશમાં પાંચમો છે. ગુજરાતમાં ૧૯૮૧ની વસતિ ગણતરી પ્રમાણે તેમની વસતિ ૪૮,૪૮, ૫૮૬ છે. જે છેલ્લા દાયકામાં ૩૭,૩૪, ૪૨૨ ની હતી. આમ એક દશકામાં ૧૧,૧૪,૧૬૪નો વધારો થયો છે. ૧૯૮૧ના સેન્સસ રિપોર્ટ મુજબ ગુજરાતની સામાન્ય વસતિમાં દાયકા દરમ્યાન ૨૭.૬૭ ટકાનો વૃધ્ધિ દર છે, જયારે અનુસૂચિત જનજાતિમાં આ વૃધ્ધિ દર ૨૯.૮૩ ટકાનો છે. આમ એકંદર બંન્ને વચ્ચેનો ગાળો બહુ મોટો નથી તેમ કહી શકાય. વળી આ વસતિ વધારાનો દર ઘટતો હોય તેવું પણ દેખાય છે. આનો વધારે ખ્યાલ છેલ્લા ત્રણ દાયકાના ચિત્ર પરથી વધુ આવશે.

કોઠા નં.૨.૩

**ગુજરાત રાજયમાં અને અનુ.જનજાતિમાં છેલ્લા ત્રણ દાયકામાં થઈ રહેલાં વસતિમાં ફેરફારના આંકડા**

| ક્રમ | વિગત | ૧૯૬૧ | ૧૯૭૧ | દાયકાનો વધારો | ૧૯૮૧ | દાયકાનો વધારો |
|---|---|---|---|---|---|---|
| ૧. | ગુજરાત | ૨,૦૬,૩૩,૫૦૦ | ૨,૬૬,૯૭,૪૭૫ | ૨૯.૩૯ | ૩,૪૦,૮૫,૭૯૯ | ૨૭.૬૭ |
| ૨. | અનુચિત | ૨૭,૫૪,૪૪૬ | ૩૭,૩૪,૪૨૨ | ૩૫.૫૮ | ૪૮,૪૮,૫૮૬ | ૨૯.૮૩ |

ઉપરોકત કોઠાથી ગુજરાત રાજયમાં સામાન્ય અને અનુસૂચિત જનજાતિમાં જે વસતિ વૃદ્ધિનો દર છે તે જોઈ શકાય છ. આ વધારામાં ૧૯૬૧ થી ૧૯૭૧માં જે વસતિ વધારાનો દર છે તેના કરતાં ૧૯૭૧ થી ૧૯૮૧માં સામાન્ય અને અનુસૂચિત જનજાતિમાં વૃધ્ધિ દર ઘટતો જોવા મળે છે.

રાજયમાં ૧૯૬૧ થી ૧૯૭૧ના દાયકામાં ૨૯.૩૯ નો વૃધ્ધિદર હતો જયારે ૧૯૭૧ થી ૧૯૮૧ માં દર ૨૭.૬૭ છે. એટલે વૃધ્ધિદરમાં ૧.૭૨નો ઘટાડો થયો છે. એ જ રીતે અનુસૂચિત જનજાતિના વૃધ્ધિદરમાં આજ સમયગાળામાં ૫.૭૫નો ઘટાડો થયો છે. મતલબ કે ગયા દાયકા કરતાં વસતિ વૃધ્ધિનો દર ઘટયો છે. એટલે કે આદિવાસી વસતિની સંખ્યા આપણને વધતી જણાય છે; પરંતુ વૃધ્ધિદરમાં એકંદર ઘટાડો થતો જોવા મળે છે. આમ અહીં સરકારી યોજના જેવી કે કુટુંબ કલ્યાણ કાર્યક્રમની અસર થતી હોય તેવું જરૂરથી કહી શકાય.

સર્વેક્ષણ થયેલ ૯૮૮ ગામોમાં કુલ ૯૩૯૩૨ કુટુંબોને આવરી લેવામાં આવ્યા હતા. આ કુટુંબોની કુલ વસતિ ૪૭૨૫૬૧ ની હતી જેમાં પુરુષોની સંખ્યા ૨,૪૪,૭૦૮ (૫૧.૭૮ ટકા) અને સ્ત્રીઓની સંખ્યા ૨,૨૭,૮૫૩ (૪૮.૨૨ ટકા) હતી. આમ સ્ત્રીઓ કરતાં પુરુષોની સંખ્યા વધુ હતી. ૧૦૦૦ પુરુષોએ ૯૩૧ સ્ત્રીઓ થાય છે. સર્વેક્ષણ કરેલ કુટુંબોનું કુટુંબકદ ૫.૦૩નું હતું જે કદ સામાન્ય કહી શકાય. જિલ્લાવાર સર્વેક્ષણ કરેલ કુટુંબોની સંખ્યા અને કુટુંબકદ કોઠા નં.૨.૪ માં આપવામાં આવ્યું છે.

કોઠા નં.૨.૪

જિલ્લાવાર કુલ સભ્ય સંખ્યા, કુલ કુટુંબ સંખ્યા અને કુટુંબકદ

| ક્રમ | જિલ્લો | કુલ સભ્ય સંખ્યા | | | કુલ કુટુંબ સંખ્યા | કુટુંબનું કદ |
|---|---|---|---|---|---|---|
| | | પુરુષ | સ્ત્રી | કુલ | | |
| ૧. | જામનગર | ૧૧૬૮ | ૧૦૨૪ | ૨૧૯૨ | ૩૩૦ | ૬.૬૪ |
| ૨. | ભાવનગર | ૧૫૪ | ૧૨૯ | ૨૮૩ | ૫૫ | ૫.૧૫ |
| ૩. | જુનાગઢ | ૨૫૯૧ | ૨૪૫૪ | ૫૦૪૫ | ૯૧૬ | ૫.૫૧ |
| ૪. | કચ્છ | ૧૯૩૦૬ | ૧૭૬૯૦ | ૩૬૯૯૬ | ૬૯૪૮ | ૫.૩૨ |
| ૫. | અમદાવાદ | ૧૦૪૧ | ૯૫૨ | ૧૯૯૩ | ૪૬૦ | ૪.૩૩ |
| ૬. | મહેસાણા | ૩૩૮ | ૩૦૨ | ૬૪૦ | ૭૩ | ૮.૭૭ |
| ૭. | ખેડા | ૯૮૯૫ | ૮૫૧૯ | ૧૮૪૧૪ | ૪૦૯૪ | ૪.૫૦ |
| ૮. | સાબરકાંઠા | ૫૫૪૯ | ૫૩૧૪ | ૧૦૮૬૩ | ૧૮૮૯ | ૫.૭૫ |
| ૯. | બનાસકાંઠા | ૪૯૪૧ | ૪૫૫૦ | ૯૪૯૧ | ૧૭૭૮ | ૫.૩૪ |
| ૧૦. | પંચમહાલ | ૨૩૫૨૦ | ૨૨૨૩૭ | ૪૭૭૫૭ | ૮૩૧૩ | ૫.૭૪ |

કોઠા નં.૨.૪ (ચાલુ)

જિલ્લાવાર કુલ સભ્ય સંખ્યા, કુલ કુટુંબ સંખ્યા અને કુટુંબકદ

| ક્રમ | જિલ્લો | કુલ સભ્ય સંખ્યા | | | કુલ કુટુંબ સંખ્યા | કુટુંબનું કદ |
|---|---|---|---|---|---|---|
| | | પુરુષ | સ્ત્રી | કુલ | | |
| ૧૧. | વલસાડ | ૧૪૮૯૬ | ૧૪૫૮૬ | ૨૯૪૮૨ | ૬૫૬૯ | ૪.૪૯ |
| ૧૨. | સુરત | ૨૯૦૮૦ | ૨૮૧૨૪ | ૫૭૨૦૪ | ૧૨૨૪૯ | ૪.૬૭ |
| ૧૩. | ભરૂચ | ૩૯૦૯૫ | ૩૬૪૮૯ | ૭૫૫૮૪ | ૧૫૯૪૦ | ૪.૭૪ |
| ૧૪. | વડોદરા | ૯૩૧૪૩ | ૮૫૪૮૩ | ૧૭૮૬૧૭ | ૩૪૩૧૮ | ૫.૨૦ |
| | કુલ | ૨૪૪૭૦૮ | ૨૨૭૮૫૩ | ૪૭૨૫૬૧ | ૯૩૯૩૨ | ૫.૦૩ |

કોઠા નં.૨.૪ પરથી જોઈ શકાય છે કે સર્વેક્ષણ કરેલ જિલ્લાઓમાં કુટુંબનું સૌથી મોટું કદ મહેસાણા (૮.૦૭) હતું અને સૌથી ઓછું કુટુંબ કદ અમદાવાદ (૪.૩૩) હતું. સરેરાશ કુટુંબકદ ૫.૦૩ હતું. સરેરાશ કરતાં કુટુંબકદ મોટું હોય તેવા જિલ્લા મહેસાણા, જામનગર, જૂનાગઢ, ભાવનગર, કચ્છ, સાબરકાંઠા, બનાસકાંઠા, પંચમહાલ અને વડોદરા હતા જ્યારે બાકીના જિલ્લા અમદાવાદ, ખેડા, વલસાડ, સુરત અને ભરૂચમાં કુટુંબકદ ૫ સભ્ય કરતાં ઓછું હતું.

સર્વેક્ષણ કુટુંબમાં સભ્યોની વયજૂથ પ્રમાણેની વિગતો પણ મેળવવામાં આવી છે. આનાથી વસતિ વધી રહી છે કે ઘટી રહી છે તે પણ જોવાય, સાથે વૃધ્ધો કેટલા છે તે પણ જોઈ શકાય. સર્વેક્ષણ કરેલ કુટુંબોનું વયજૂથ પ્રમાણે વર્ગીકરણ કોઠા નં.૨.૫ માં આપવામાં આવ્યું છે.

કોઠા નં.૨.૫

કુટુંબના સભ્યોનું વયજૂથ પ્રમાણે વર્ગીકરણ

| ક્રમ | વયજૂથ | પુરુષ | ટકા | સ્ત્રી | ટકા | કુલ | ટકા |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | ૬ વર્ષથી નીચે | ૪૩૩૦૪ | ૧૭.૭૦ | ૪૨૮૧૦ | ૧૮.૭૯ | ૮૬૧૧૪ | ૧૮.૨૨ |
| ૨. | ૭ થી ૧૪ વર્ષ | ૫૧૮૫૧ | ૨૧.૧૯ | ૪૪૮૮૧ | ૧૯.૭૦ | ૯૬૭૩૨ | ૨૦.૪૭ |
| ૩. | ૧૫ વર્ષથી ૨૫ વર્ષ | ૫૪૮૧૦ | ૨૨.૪૦ | ૪૩૧૪૧ | ૧૮.૯૬ | ૯૭૯૫૧ | ૨૦.૭૩ |
| ૪. | ૨૬ વર્ષથી ૫૦ વર્ષ | ૭૫૮૧૫ | ૩૦.૯૮ | ૭૪૭૬૬ | ૩૨.૮૧ | ૧૫૦૫૮૧ | ૩૧.૮૬ |
| ૫. | ૫૦ વર્ષથી ઉપર | ૧૮૯૨૮ | ૭.૭૩ | ૨૨૨૫૫ | ૯.૭૭ | ૪૧૧૮૩ | ૮.૭૨ |
| | કુલ | ૨૪૪૭૦૮ | ૫૧.૭૮ | ૨૨૭૮૫૩ | ૪૮.૨૨ | ૪૭૨૫૬૧ | ૧૦૦.૦૦ |

કોઠા નં.૨.૫ પરથી જોઈ શકાય છે કુલ વસતિમાંથી ૧૮.૨૨ ટકા ૬ વર્ષથી નીચેની વયના છે. ૭ થી ૧૪ વર્ષની વયના ૨૦.૪૭ ટકા છે. ૧૫ થી ૨૫ વર્ષની વયના ૨૦.૭૩ ટકા, ૨૬ થી ૫૦ વર્ષની વયના ૩૧.૮૬ ટકા અને ૫૦ વર્ષથી ઉપરના ૮.૭૨ ટકા છે. લિંગવાર જોતાં ૭ થી ૧૪ વર્ષ અને ૧૫ થી ૨૫ વર્ષમાં પુરુષોની સંખ્યા વધુ છે, જ્યારે ૬ વર્ષથી નીચે, ૨૬ થી ૫૦ વર્ષ અને ૫૦ વર્ષથી ઉપરમાં પુરુષો કરતાં સ્ત્રીઓની સંખ્યા વધુ છે.

વયજૂથ પ્રમાણે કુલ સરેરાશ વસતિ કરતાં વધુ સરેરાશ દર્શાવતા જિલ્લાઓની વિગત કોઠા નં.૨.૬માં આપી છે. વયજૂથ પ્રમાણે જિલ્લાવાર સભ્ય સંખ્યાની માહિતી પરિશિષ્ટ-૯ માં આપવામાં આવી છે.

**કોઠા નં.૨.૬**

**વયજૂથ પ્રમાણે કુલ સરેરાશ વસતિ કરતાં વધુ સરેરાશ ધરાવતા જિલ્લાઓ**

| વય જૂથ | કુલ સરેરાશ | સરેરાશ કરતાં વધુ વસતી ધરાવતા જિલ્લા |
|---|---|---|
| ૬ વર્ષથી નીચે | ૧૮.૨૨ | ભાવનગર, જૂનાગઢ, અમદાવાદ, મહેસાણા, ખેડા, સાબરકાંઠા, બનાસકાંઠા પંચમહાલ |
| ૭ થી ૧૪ વર્ષ | ૨૦.૪૭ | જામનગર, ભાવનગર, જૂનાગઢ, કચ્છ, સાબરકાંઠા, બનાસકાંઠા, પંચમહાલ, વલસાડ |
| ૧૫ થી ૨૫ વર્ષ | ૨૦.૭૩ | જામનગર, ભાવનગર, મહેસાણા, ખેડા સાબરકાંઠા, વલસાડ, સુરત |
| ૨૬ થી ૫૦ વર્ષ | ૩૧.૮૬ | અમદાવાદ, ખેડા, વલસાડ, સુરત, ભરૂચ વડોદરા. |
| ૫૦ વર્ષથી ઉપર | ૮.૭૨ | જામનગર, ભરૂચ, વડોદરા |

વયજૂથ પ્રમાણેના આંકડાઓ જોતાં જણાય છે કે અનુસૂચિત જનજાતિની વસતિમાં વધારો થાય છે. જાણીતા વસતિશાસ્ત્રી સન્ડ બર્ગે આપેલ સૂત્ર પ્રમાણે ૦-૧૪ ની ઉંમરના જૂથમાં કુલ વસતિના ૪૦ ટકા જેટલી વસતિ હોય તો તે જૂથ કે સમાજની વસતિ વધી રહી છે તેમ કહેવાય. સર્વેક્ષણમાં આવરી લીધેલ કુટુંબમાં

૦-૧૪ માં કુલ વસતિના ૩૮.૬૯ ટકા છે. એ રીતે અનુસૂચિત જનજાતિમાં વસતિ વધી રહી છે તેમ કહી શકાય. ૦-૧૪ વયજૂથમાં સરાસરી કરતાં વધુ વસતિ ભાવનગર, જૂનાગઢ, કચ્છ, સાબરકાંઠા, અમદાવાદ, મહેસાણા, ખેડા, પંચમહાલ, વલસાડ અને સુરત જિલ્લાઓમાં છે.

અનુસૂચિત જનજાતિના કુટુંબોમાં વસતિ અંગેનું જે કાંઈ ચિત્ર સર્વેક્ષણ દ્વારા જાણવા મળ્યું તેના આધારે ત્રણ-ચાર બાબતો ધ્યાનાકર્ષક બને છે.

(૧) વસતિશાસ્ત્રી સેન્ડ બર્ગે આપેલ સૂત્રને ધ્યાનમાં લેતા આ કુટુંબોમાં ૦-૧૪ માં ૩૮.૬૯ ટકા વસતિ છે એટલે કે ૪૦ ટકાથી નજીક છે. એનો અર્થ એ છે કે આ સમાજમાં વસતિ વધી રહી છે.

(૨) ૦ થી ૧૪ માં શિક્ષણ લેનારની સંખ્યા જાણી શકાય છે કે, જેનાથી સ્કુલમાં જનાર કેટલાં ? કેટલી સ્કુલોની જરૂર પડશે ? ભવિષ્યમાં કેટલાને કામ આપવું પડશે વગેરે બાબતે આ વયજૂથથી જાણી શકાય છે.

(૩) ૦ થી ૧૪ અને ૫૦ વર્ષથી ઉપરમાં કુલ વસતિના ૪૭.૭૧ છે. એટલે કે આ જૂથના સભ્યોની જવાબદારી બાકીના ૫૨.૫૯ ટકા સભ્યોએ વહન કરવી પડે છે. આમ એકંદરે સર્વેક્ષણ કરેલ આદિવાસી કુટુંબોમાં એક વ્યક્તિએ અન્ય એક વ્યક્તિની જવાબદારી ઉપાડવાની બને છે.

(૪) ૫૦ વર્ષથી ઉપરમાં કુલ વસતિના માત્ર ૮.૭૨ ટકા છે. એનો અર્થ એ છે કે આ સમાજમાં આયુષ્ય મર્યાદા ઓછી છે. વળી આ ૮.૭૨ ટકાની સરેરાશ કરતાં વધુ હોય છે તેવા માત્ર ભાવનગર, ભરૂચ અને વડોદરા જિલ્લા છે. બાકીના જિલ્લાઓમાં આના કરતાં પણ ઓછી ટકાવારી જોવા મળે છે.

(૫) અને છેલ્લું છતાં અગત્યનું એ કે વસતિ વયજૂથના આધારે જ ભાવિ આયોજન કેવું બનાવવું તેનો ખ્યાલ આવે છે.

સાક્ષરતા :

શિક્ષણ એ પ્રત્યેક બાળકની જરૂરીયાતોમાંની એક જરૂરીયાત છે. આ એક હકીકત હોવા છતાં વાસ્તવિક ચિત્ર ઘણું જ જુદું છે. ભારતમાં અને ગુજરાતમાં કેટલાક લોકો નિશાળ જોયા વગર પોતાનું જીવન પૂરું કરે છે. અને તેમાં પણ આદિવાસી સમાજ તો શૈક્ષણિક રીતે ઘણો જ પાછળ છે અને આથી જે પછાત વર્ગના કમિશ્નરના ૧૮મા અહેવાલમાં જણાવ્યું છે કે, અનુસૂચિત જનજાતિના ઉત્થાન અને વિકાસ માટે તથા આખરે રાષ્ટ્રીય જીવનના મુખ્ય પ્રવાહમાં એકરૂપ થાય તે માટે તેમનામાં શિક્ષણનો ઝડપી ફેલાવો થાય એ સૌ પ્રથમ જરૂરીયાત છે. ખાસ કરીને ભારતના આદિવાસી સમાજ માટે એ હકીકત સ્પષ્ટ છે કે જયાં સુધી કોઈપણ આદિવાસી જાતિને અમુક કક્ષા સુધીનું શિક્ષણ નહિ આપવામાં આવે ત્યાં સુધી આર્થિક વિકાસ શક્ય નથી. આમ શિક્ષણ એ તેમના દીર્ઘકાલીન ઉત્કર્ષની ગુરુ ચાવી છે એનો અર્થ એ કે શિક્ષણ એ સામાજિક આર્થિક પરિવર્તનનું સાધન

છે. શિક્ષણનો વિસ્તાર ઝડપી બને તે માટે આપણા બંધારણના રાજ્યનીતિના નિર્દેશાત્મક સિધ્ધાંતોમાં ૪૫ મી કલમ ધ્વારા જોગવાઈ કરવામાં આવી છે કે રાજ્ય ૧૪ વર્ષ સુધીના બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણ આપવા પ્રયાસ કરશે. આ કલમને ખ્યાલમાં રાખી ગુજરાતમાં પ્રાથમિક શિક્ષણ ફરજિયાત દાખલ કર્યું છે.

જયારે બંધારણની કલમ ૧૫ (૪) થી રાજયોના પછાત વર્ગો માટે શૈક્ષણિક સંસ્થાઓમાં અનામત બેઠકો રાખવાની જોગવાઈ કરવાની સત્તા આપવામાં આવી છે. રાજયનીતિના આ પ્રયાસો ઉપરાંત પૂ. મહાત્મા ગાંધીજીથી શરૂ કરી, સર્વોદય કાર્યકરો અને સ્વૈચ્છિક સંસ્થાઓએ પણ પછાત વર્ગોના શિક્ષણ વિકાસ માટે રસ લીધો છે.

આ સૌના શુભ પ્રયાસોનુ ફળ ગુજરાતમાં સારું દેખાય છે તેમ કહી શકાય. ૧૯૭૧ ની વસતિ ગણતરી પ્રમાણે રાજયમાં ૩૫.૭૯ ટકા સાક્ષરતા હતી જે વધીને ૧૯૮૧ માં ૪૩.૭૫ ટકા થઈ હતી. આમ દાયકા દરમિયાન સાક્ષરતામાં ૭.૯૬ ટકાનો વધારો નોંધાયો હતો. અનુસૂચિત જનજાતિમાં આ જ સમયમાં એટલે કે ૧૯૭૨માં સાક્ષરતા ૧૪.૧૨ ટકા હતી જે વધીને ૧૯૮૨માં ૨૧.૧૪ ટકા થઈ. આમ દાયકા દરમિયાન ૭.૦૨ ટકાનો વધારો નોંધાયો હતો. આમ ગુજરાત રાજયમાં દસકા દરમિયાન સાક્ષરતામાં જે વધારો થયો તેનાથી લગભગ થોડો જ ઓછો (૦.૯૪ ટકા) કહી શકાય તેટલો સાક્ષરતાનો વધારો અનુસૂચિત જનજાતિમાં પણ દેખાય છે. આમ પ્રતિદિન અનુસૂચિત જનજાતિમાં શિક્ષણમાં વધારો થતો જાય છે. આની વધુ માહિતી નીચેના ચિત્ર પરથી દેખાશે જેમાં છેલ્લા ત્રણ દાયકાનું ગુજરાત રાજ્ય અને અનુસૂચિત જનજાતિનું સાક્ષરતાનું ચિત્ર ગ્રામ્ય અને શહેરી વિસ્તાર પ્રમાણે છે.

કોઠા નં.૨.૭

**છેલ્લા ત્રણ દાયકાનું ગુજરાત રાજય અને અનુસૂચિત જનજાતિનું ગ્રામ્ય અને શહેરી વિસ્તારો પ્રમાણે શૈક્ષણિક પરિસ્થિતિ**

| ક્રમ | વિગત | | ૧૯૬૧ | ૧૯૭૧ વધારો | ૧૯૮૧ વધારો |
|---|---|---|---|---|---|
| ૧. | ગુજરાત | ગ્રામ્ય | ૨૪.૦૯ | ૨૮..૩૩ (૪.૨૪) | ૩૬૩૧ (૮.૯૮) |
| | | શહેરી | ૪૮.૭૭ | ૫૪.૯૦ (૬.૧૩) | ૬૦.૨૫ (૫.૩૫) |
| ૨. | અનુસૂચિત જનજાતિ | ગ્રામ્ય | ૩.૯૫ | ૧૩.૪૬ (૯.૫૧) | ૨૦.૩૪ (૬.૮૮) |
| | | શહેરી | ૫.૨૮ | ૨૪.૨૪ (૧૮.૯૬) | ૩૧.૨૭ (૭.૦૩) |

**પ્રાપ્તિસ્થાન :** સેન્સસ ઓફ ઈન્ડિયા : ૧૯૬૧, ૧૯૭૧ અને ૧૯૮૧.

કોઠા ૨.૭ માં ૧૯૬૧, ૧૯૭૧ થી ૧૯૮૧ ના ત્રણ દાયકામાં ગુજરાત રાજયમાં ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં તેમજ ગુજરાત રાજયમાં વસતી અનુસૂચિત જનજાતિની વસતિમાં ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં સાક્ષરતામાં જે વધારો થયો છે તેની વિગત છે.

કોઠા પરથી દેખાશે કે ગુજરાત રાજયમાં ગ્રામ્ય વિસ્તારમાં ૧૯૬૧, ૧૯૭૧ અને ૧૯૮૧ માં સતત વધારો થતો દેખાય છે. જયારે શહેરી વિસ્તારમાં ૧૯૬૧ થી ૧૯૭૧ માં જેટલા ટકા વધારો થયો છે તેટલા ટકા ૧૯૭૧ થી ૧૯૮૧ ના દાયકામાં જોવા નથી મળતો. હા, સાક્ષરતાની ટકાવારી વધી છે. પણ જેને ગ્રોથ રેઈટ કહેવાય, તેમાં વધારો નથી થયો. જયારે અનુસૂચિત જનજાતિના ગ્રામ્ય વિસ્તારમાં સાક્ષરતાની ટકાવારીમાં વધારો દેખાય છે. પરંતુ ગ્રોથ રેઈટની રીતે જે વધારો ૧૯૬૧ થી ૧૯૭૧ ના દાયકામાં (૯.૫૧) થયો છે તેટલો વધારો ૧૯૭૧ ની ૧૯૮૧ના દાયકામાં (૬.૮૮ ટકા) જણાતો નથી. એજ રીતે શહેરી વિસ્તારમાં પણ ૧૯૬૧ થી ૧૯૭૧ના ગાળામાં ૧૮.૯૬ ટકા સાક્ષરતામાં દાયકા દરમિયાન વધારો હતો તે સામે ૧૯૭૧ થી ૧૯૮૧ ના સમયમાં દાયકામાં સાક્ષરતામાં વધારો ૭.૦૩ ટકા જોવા મળ્યો. એકંદરે સાક્ષરતાની ટકાવારી

વધી છે. જેમ કે શહેરી વિસ્તારમાં ૧૯૬૧, ૧૯૭૧ અનુક્રમે ૫.૨૮ ટકા, ૨૪.૨૪ ટકા અને ૩૧.૨૭ ટકા છે. આમ છતાં એમ જરૂર કહી શકાય કે અનુસૂચિત જનજાતિમાં શિક્ષણ લેનારની ટકાવારીમાં પ્રતિદિન વધારો થતો જાય છે.

આની વધુ વિગત કોઠા ૨.૮ માં આપી છે આ કોઠામાં શહેરી અને ગ્રામ્ય વિસ્તારના આદિવાસી વિદ્યાર્થીઓનું શૈક્ષણિક સ્તર પ્રમાણે (કુમાર કન્યા) વિભાગીકરણ છે. જેનાથી આદિવાસી બાળકો કોઈ કક્ષામાં કેટલા છે કે તે પણ જાણી શકાય. સાથોસાથ આદિવાસી બાળકો કયા પ્રકારનું શિક્ષણ લે છે તેની પણ માહિતી મળે છે.

કોઠા નં.૨.૮

શહેરી અને ગ્રામ્ય વિસ્તારના આદિવાસી વિદ્યાર્થીઓનું શૈક્ષણિક સ્તર પ્રમાણે વર્ગીકરણ (કુમાર-કન્યા પ્રમાણે)

| ક્રમ | વિગત | શહેરી | | ગ્રામ્ય | | કુલ |
|---|---|---|---|---|---|---|
| | | કુમાર | કન્યા | કુમાર | કન્યા | |
| ૧. | કુલ કુમાર/કન્યા | ૧,૮૭,૪૦૦ | ૧,૬૭,૫૭૪ | ૨૨,૬૬,૧૬૬, | ૨૨,૨૭,૪૪૬ | ૪૮,૪૮,૫૮૬ |
| અ | નિરક્ષર | ૧,૧૦,૨૫૯ (૫૮.૮૪) | ૧,૩૩,૭૩૦ (૭૯.૪) | ૧૫,૯૭,૦૭૧ (૮૯.૦) | ૧૯,૮૨,૪૨૧ (૮૯.૦) | ૩૮,૨૩,૪૮૧ (૭૮.૮૬) |
| બ. | ભણેલા | ૭૭,૧૪૧ (૪૧.૧૬) | ૩૩,૮૪૪ (૨૦.૨૦) | ૬,૬૯,૦૯૫ (૨૯.૫૩) | ૨,૪૫,૦૨૫ (૧૧.૬૦) | ૧૦,૨૫,૧૦૫ (૨૧.૧૪) |
| ૧. | અનૌપચારિક | ૩૫૫ (૦.૪૬) | ૧૫૯ (૦.૪) | ૪૦૬૭ (૦.૬૧) | ૧૬૫૭ (૦.૬૮) | ૬૨૩૮ (૦.૬૧) |
| ૨. | ઔપચારિક | ૩૪,૮૦૪ (૪૫.૧૨) | ૧૭,૧૬૦ (૫૦.૭૦) | ૩,૯૬,૯૦૯ (૫૯.૩૨) | ૧,૬૦,૦૫૬ (૬૫.૩૨) | ૬,૦૮,૯૨૯ (૫૯.૪૦) |
| ૩. | પ્રાથમિક | ૨૧,૮૨૬ (૨૮.૨૯) | ૯,૨૧૬ (૨૭.૨૩) | ૧,૬૨,૯૮૩ (૨૪.૩૬) | ૫૦,૮૪૬ (૨૦.૭૫) | ૨,૪૪,૮૭૧ (૨૩.૮૮) |

કોઠા નં.૨.૮(ચાલુ)

શહેરી અને ગ્રામ્ય વિસ્તારના આદિવાસી વિદ્યાર્થીઓનું શૈક્ષણિક સ્તર પ્રમાણે વિગત (કુમાર-કન્યા પ્રમાણે)

| ક્રમ | વિગત | શહેરી | | ગ્રામ્ય | | કુલ |
|---|---|---|---|---|---|---|
| | | કુમાર | કન્યા | કુમાર | કન્યા | |
| ૪. | માધ્યમિક | ૭,૮૪૮ (૧૦.૧૭) | ૩,૦૫૧ (૯.૦૧) | ૪૯,૫૨૩ (૬.૮૦) | ૧૬,૦૮૦ (૫.૭૧) | ૭૬,૫૦૨ (૭.૦૨) |
| ૫. | મેટ્રીકયુલેટા સેકન્ડરી | ૯,૦૮૪ (૧૧.૭૮) | ૩,૩૧૯ (૯.૮૧) | ૪૫,૫૨૮ (૬.૮૦) | ૧૩,૯૮૭ (૫.૭૧) | ૭૧,૯૧૮ (૭.૦૨) |
| ૬. | હાયર સેકન્ડરી પ્રિ. યુનિવર્સિટી | ૧,૫૫૭ (૨.૦૨) | ૪૬૯ (૦.૦૧) | ૫,૫૪૬ (૦.૦૨) | ૧,૨૮૮ (૦.૦૨) | ૮,૮૬૦ (૦.૦૨) |
| ૭. | નોન ટેકનીકલ ડીપ્લોમા | ૮ (૦.૦૧) | ૫ (૦.૦૧) | ૧૪૯ (૦.૦૨) | ૪૭ (૦.૦૨) | ૨૦૯ (૦.૦૨) |
| ૮. | ટેકનીકલ ડીપ્લોમા | ૧૮૭ (૦.૨૪) | ૪૭ (૦.૧૪) | ૪૪૫ (૦.૦૭) | ૬૫ (૦.૦૩) | ૭૪૪ (૦.૦૭) |
| ૯. | ગ્રેજયુએટ ડીગ્રી | ૧,૧૩૪ (૧.૪) | ૨૭૧ (૦.૮૦) | ૩,૯૪૫ (૦.૫૯) | ૯૯૯ (૦.૪૦) | ૬,૩૪૯ (૦.૬૨) |

કોઠા નં.૨.૮(ચાલુ)

શહેરી અને ગ્રામ્ય વિસ્તારના આદિવાસી વિદ્યાર્થીઓનું શૈક્ષણિક સ્તર પ્રમાણે વર્ગીકરણ (કુમાર-કન્યા પ્રમાણે)

| ક્રમ | વિગત | શહેરી | | ગ્રામ્ય | | કુલ |
|---|---|---|---|---|---|---|
| | | કુમાર | કન્યા | કુમાર | કન્યા | |
| ૧૦. | પોસ્ટ ગ્રેજયુએટ | ૮૮ (૦.૧૧) | ૩૫ (૦.૧૦) | - | - | ૧૨૩ (૦.૦૧) |
| ૧૧. | એન્જીનીયરીંગ અને ટેકનોલોજી | ૩૬ (૦.૦૫) | ૧ (૦.૦૧) | - | - | ૩૭ (૦.૦૧) |
| ૧૨. | મેડીસીન | ૩૫ (૦.૦૫) | ૨૩ (૦.૦૪) | - | - | ૪૮ (૦.૦૧) |
| ૧૩. | મેડીકલ્ચર ડેરી | ૨૬ (૦.૦૧) | - - | - - | - - | ૨૬ (૦.૦૧) |
| ૧૪. | શિક્ષણ | ૧૪૫ (૦.૧૯) | ૯૮ (૦.૨૯) | - | - | ૨૪૩ (૦.૦૨) |
| ૧૫. | અન્ય | ૮ (૦.૦૧) | - | - | - | ૮ (૦.૦૧) |

પ્રાપ્તિ સ્થાન : સેન્સસ ઓફ ઈન્ડિયા- ૧૯૮૧, ગુજરાત સ્પેશ્યલ ટેબો ફોર એસ.ટી. ચાર્ટ IX(ii)

કોઠા ૨.૮ ઉપરથી રાજ્યમાં વસતિ કુલ ૪૮, ૪૮, ૫૮૬ ની આદિવાસી વસતિની શૈક્ષણિક સ્થિતિ જાણી શકાય છે. કુલ વસતિમાંથી ૭૮.૮૬ ટકા વસતિ અભણ છે. માત્ર ૨૧.૧૪ ટકા વસતિ સાક્ષર છે. મતલબ કે તેઓને અક્ષર અંગેનું જ્ઞાન છે. આમાં પણ શહેર અને ગ્રામ્યની રીતે જોતાં અભણ પુરુષોની ટકાવારી શહેરી વિસ્તારમાં ૫૮.૮૪ અને ગ્રામ્ય વિસ્તારમાં ૭૦.૪૭ ટકા છે. જ્યારે અભણ સ્ત્રીઓની ટકાવારી શહેરી વિસ્તારમાં ૭૯.૮૦ ટકા હતી અને ગ્રામ્ય વિસ્તારમાં ૮૯.૦૦ ટકા હતી એટલે કે ગ્રામ્ય વિસ્તારમાં વસતિ સો આદિવાસી સ્ત્રીઓમાં માત્ર ૧૧ ને જ અક્ષરજ્ઞાન છે. આદિવાસીઓમાં શૈક્ષણિક પછાતપણું કેટલું છે તે આ આંકડા બતાવે છે.

જે વસતિ સાક્ષર છે તેમાં પણ કુલ સાક્ષરમાંથી અનૌપચારિક શિક્ષણ લેનાર અને ઔપચારિક શિક્ષણ લેનારની સંખ્યા ૬૦ ટકા થાય છે અને પ્રાથમિક શિક્ષણ લેનારની સંખ્યા ૨૩.૮૮ ટકા છે એટલે સાક્ષર છે તેમાંથી માત્ર ૧૬ ટકા જ માધ્યમિક અને ઉચ્ચ શિક્ષણ લઈ રહ્યા છે આમાં પણ ગ્રામ્ય વિસ્તારની વસ્તીનાં પુરુષ કે સ્ત્રીમાંથી કોઈપણ ગ્રેજ્યુએટ ડિગ્રીથી આગળ ભણતા નથી દેખાયા.

રાજ્યમાં અનુસૂચિત જનજાતિમાં સાક્ષરતાની માત્રાનું ચિત્ર જોયા પછી ચાલુ સાલે સર્વેક્ષણમાં આવરી લીધેલ છૂટીછવાઈ અનુસૂચિત જનજાતિના કુટુંબમાં સાક્ષરતાની માત્રા કેટલી છે તે કોઠા ૨.૯ માં આપવામાં આવ્યું છે.

**કોઠો - ૨.૯**

**સર્વેક્ષણમાં આવરી લીધેલ કુટુંબોમાં સાક્ષરતાની માત્રા**

| વિગત | પુરુષ | સ્ત્રી | કુલ |
|---|---|---|---|
| અભણ | ૧,૫૩,૮૩૨<br>(૬૨.૮૬) | ૧,૮૫,૦૧૭<br>(૮૧.૨૦) | ૩,૩૮,૮૪૯<br>(૭૧.૭૦) |
| શિક્ષિત | ૫૦,૪૭૩<br>(૨૦.૬૩) | ૧૮,૫૧૨<br>(૮.૧૨) | ૬૮,૯૮૫<br>(૧૪.૬[illegible]) |
| ચાલુ અભ્યાસ | ૪૦,૪૦૩<br>(૧૬.૫૧) | ૨૪,૩૨૪<br>(૧૦.૬૮) | ૬૪,૭૨૭<br>(૧૩.૭૦) |
| **કુલ** | **૨,૪૪,૭૦૮<br>(૧૦૦.૦૦)** | **૨,૨૭,૮૫૩<br>(૧૦૦.૦૦)** | **૪,૭૨,૫૬૧<br>(૧૦૦.૦૦)** |

કોઠા ૨.૯ માં આપેલી માહિતી પરથી જોઈ શકાશે કે સર્વેક્ષણ કરેલ ૧૪ જિલ્લાના અનુસૂચિત જનજાતિના લોકોની કુલ ૪,૭૨,૫૬૧ ની વસતિમાંથી ૩,૩૮,૮૪૯ (૭૧.૭૦) ટકા વ્યક્તિઓ અભણ હતી. ૬૮૯૮૫ (૧૪.૬૦ ટકા) વ્યક્તિઓ સાક્ષર હતી. એટલે કે જેમણે પોતાનો અભ્યાસ પુરો કરી દીધો હતો અને ૬૪૭૨૭ (૧૩.૭૦) ટકા વ્યક્તિઓ શિક્ષણ લઈ રહયા હતા. લિંગવાર જોતાં (૧) પુરૂષોમાં ૬૨.૮૬ ટકા અભણ હતા અને સ્ત્રીઓમાંથી ૮૧.૨૦ ટકા અભણ હતા. (૨) પુરુષોમાં ૨૦.૬૩ ટકા શિક્ષિત હતા, જ્યારે સ્ત્રીઓમાં આ ટકાવારી ૮.૧૨ ની હતી જ્યારે (૩) પુરુષોમાં ૧૬.૫૧ ટકાનું અને સ્ત્રીઓમાં ૧૦.૬૮ ટકાનું શિક્ષણ ચાલુ હતું.

સર્વેક્ષણ કરેલ કુલ કુટુંબોમાં શિક્ષણની સ્થિતિ જાણ્યા પછી જિલ્લાવાર શિક્ષણની માત્રા કોઠા ૨.૧૦માં બતાવી છે.

**કોઠો-૨.૧૦**

**જિલ્લાવાર શિક્ષણનું પ્રમાણ**

| ક્રમ | જિલ્લો | અભણ | શિક્ષિત | કુલ |
|---|---|---|---|---|
| ૧ | જામનગર | ૧૯૭૬<br>(૯૬.૯૧) | ૬૩<br>(૩.૦૯) | ૨૦૩૯<br>(૧૦૦.૦૦) |
| ૨ | ભાવનગર | ૨૧૨<br>(૯૨.૧૭) | ૧૮<br>(૭.૮૩) | ૨૩૦<br>(૧૦૦.૦૦) |
| ૩ | જૂનાગઢ | ૪૦૨૬<br>(૯૬.૦૨) | ૧૬૭<br>(૩.૯૮) | ૪૧૯૩<br>(૧૦૦.૦૦) |
| ૪ | કચ્છ | ૩૧૧૨૯<br>(૯૧.૯૩) | ૨૭૩૩<br>(૮.૦૭) | ૩૩૮૬૨<br>(૧૦૦.૦૦) |
| ૫ | અમદાવાદ | ૧૬.૦૯<br>(૮૯.૧૪) | ૧૯૬<br>(૧૦.૮૬) | ૧૮૦૫<br>(૧૦૦.૦૦) |
| ૬ | મહેસાણા | ૫૭૦<br>(૯૭.૬૦) | ૧૪<br>(૨.૪૦) | ૫૮૪<br>(૧૦૦.૦૦) |
| ૭ | ખેડા ૧૩૨૧૯ | ૩૧૫૧<br>(૮૦.૭૫) | ૧૬૩૭૦<br>(૧૯.૨૫) | (૧૦૦.૦૦) |

| ક્રમ | જિલ્લો | અભણ | શિક્ષિત | કુલ |
|---|---|---|---|---|
| ૮ | સાબરકાંઠા | ૬૪૧૫ | ૨૦૨૧ | ૮૪૩૬ |
| | | (૭૬.૦૪) | (૨૩.૯૬) | (૧૦૦.૦૦) |
| ૯ | બનાસકાંઠા ૭૯૬૨ | ૮૦૯ | ૮૭૭૧ | |
| | | (૯૦.૭૮) | (૯.૨૨) | (૧૦૦.૦૦) |
| ૧૦ | પંચમહાલ | ૩૭૫૫૨ | ૩૫૮૯ | ૪૧૧૪૧ |
| | | (૯૧.૨૮) | (૮.૭૨) | (૧૦૦.૦૦) |
| ૧૧ | વલસાડ | ૧૭૫૦૯ | ૭૪૮૯ | ૨૪૯૯૮ |
| | | (૭૦.૦૪) | (૨૯.૯૬) | (૧૦૦.૦૦) |
| ૧૨ | સુરત | ૪૨૬૯૭ | ૭૬૧૫ | ૫૦૩૧૨ |
| | | (૮૪.૮૬) | (૧૫.૧૪) | (૧૦૦.૦૦) |
| ૧૩ | ભરૂચ | ૫૫૦૨૨ | ૯૪૯૦ | ૬૪૫૧૨ |
| | | (૮૫.૨૯) | (૧૪.૭૧) | (૧૦૦.૦૦) |
| ૧૪ | વડોદરા | ૧૧૮૯૫૧ | ૩૧૬૩૦ | ૧૫૦૫૧૮ |
| | | (૭૮.૯૯) | (૨૧.૦૧) | (૧૦૦.૦૦) |
| | કુલ | ૩૩૮૮૪૯ | ૬૮૯૮૫ | ૪૦૭૮૩૪ |
| | | (૮૩.૦૯) | (૧૬.૯૧) | (૧૦૦.૦૦) |

ઉપરોકત કોઠામાં બતાવેલ જિલ્લાવાર સર્વેક્ષણ કરેલ કુટુંબોમાં શિક્ષણની પરિસ્થિતિ તપાસતાં કેટલીક બાબતો તરી આવે છે.

(૧) કુલ સરેરાશ શિક્ષિતોની સંખ્યા ૧૬.૯૧ છે. આ સરેરાશ કરતા વધુ શિક્ષિતોની સંખ્યા ખેડા, સાબરકાંઠા, વલસાડ અને વડોદરા જિલ્લામાં હતી.

(૨) સૌથી વધુ શિક્ષિતો (૨૯.૯૬ ટકા) વલસાડ જિલ્લામાં હતા.

(૩) આનો અર્થ એ છે કે ૩૦ ટકાથી વધુ સાક્ષરો કયાંય જોવા મળતા નથી.

(૪) સૌથી ઓછા શિક્ષિતોની સંખ્યા મહેસાણા જિલ્લામાં માત્ર ૨.૪૦ ટકા જોવા મળે છે.

(૫) સરેરાશ ૮૩.૦૯ ટકા અભણ હતા. આ સરેરાશ કરતા વધુ અભણોની સંખ્યા જામનગર, ભાવનગર, જૂનાગઢ, કચ્છ, અમદાવાદ, મહેસાણા, બનાસકાંઠા, પંચમહાલ, સુરત અને ભરૂચ જિલ્લામાં હતી.

(૬) સૌથી વધુ અભણોની સંખ્યા મહેસાણા જિલ્લામાં ૯૭.૬૦ ટકા હતી અને સૌથી ઓછા અભણો વલસાડ જિલ્લામાં ૭૦.૦૪ ટકા હતા.

જિલ્લાવાર અને લિંગવાર શિક્ષણનું પ્રમાણ પરિશિષ્ટ ૧૦માં આપવામાં આવ્યું છે.

સર્વેક્ષણ કરેલ કુટુંબોમાં શિક્ષણ પુરુ કરેલ વ્યક્તિઓનું શિક્ષણ સ્તર પ્રમાણેનું વર્ગીકરણ કોઠા ૨.૧૧માં આપવામાં આવ્યું છે.

કોઠા ૨.૧૧ પરથી જણાઈ આવે છે કે કુલ શિક્ષિત વ્યક્તિઓમાંથી ૮૬.૪૬ ટકાએ પ્રાથમિક કક્ષા સુધીનું શિક્ષણ મેળવેલ, ૯.૧૩ ટકાએ માધ્યમિક કક્ષા, ૩.૪૭ ટકાએ ઉચ્ચ માધ્યમિક કક્ષા, ૦.૪૨ ટકાએ પી.ટી.સી. શિક્ષણ, ૦.૩૬ ટકા સ્નાતક, ૦.૦૫ ટકા અનુસ્નાતક અને ૦.૧૧ ટકાએ ટેકનિકલ શિક્ષણ મેળવ્યું હતું. લિંગવાર શિક્ષણના સ્તરનું વર્ગીકરણ કરતા પ્રાથમિક કક્ષા સુધીના શિક્ષણમાં પુરુષો ૮૪.૯૭ ટકા અને સ્ત્રીઓ ૯૦.૫૧ ટકા, માધ્યમિક કક્ષા સુધીમાં પુરુષોમાં ૯.૯૬ ટકા અને સ્ત્રીઓ ૬.૮૫ ટકા, ઉચ્ચ માધ્યમિક સુધીના પુરુષોમાં ૪.૦૨ ટકા અને સ્ત્રીઓ ૧.૯૮ ટકા, પી.ટી.સી. શિક્ષણમાં પુરુષ અને સ્ત્રી બન્નેમાં ૦.૧૮ ટકા, અનુસ્નાતકમાં પુરુષોમાં ૦.૦૫ ટકા અને સ્ત્રીઓમાં ૦.૦૪ ટકા અને સ્ત્રીઓ ૦.૦૨ ટકા હતી.

## કોઠો - ૨.૧૧

### સર્વેક્ષણ કરેલ કુટુંબમાં શિક્ષણ પૂરુ કરેલનું વર્ગીકરણ

| ક્રમ | શિક્ષણનું સ્તર | પુરુષ | સ્ત્રી | કુલ |
|---|---|---|---|---|
| ૧ | પ્રાથમિક (૧ થી ૭) | ૪૨૮૮૮<br>(૮૪.૯૭) | ૧૬૭૫૫<br>(૯૦.૫૧) | ૫૯૬૪૩<br>(૮૬.૪૬) |
| ૨ | માધ્યમિક (૮ થી ૧૦) | ૫૦૨૮<br>(૯.૯૬) | ૧૨૬૮<br>(૬.૮૫) | ૬૨૯૬<br>(૯.૧૩) |
| ૩ | એસ.એસ.સી. (૧૧ થી ૧૨) | ૨૦૩૧<br>(૪.૦૨) | ૩૬૭<br>(૧.૯૮) | ૨૩૯૮<br>(૩.૪૭) |
| ૪ | પી.ટી.સી. | ૨૧૩<br>(૦.૪૨) | ૭૮<br>(૦.૪૨) | ૨૯૧<br>(૦.૪૨) |
| ૫ | સ્નાતક | ૨૧૮<br>(૦.૪૪) | ૩૩<br>(૦.૧૮) | ૨૫૧<br>(૦.૩૬) |

| ક્રમ | શિક્ષણનું સ્તર | પુરુષ | સ્ત્રી | કુલ |
|---|---|---|---|---|
| ૬ | અનુસ્નાતક | ૨૫<br>(૦.૦૫) | ૭<br>(૦.૦૪) | ૩૨<br>(૦.૦૫) |
| ૭ | ટેકનીકલ શિક્ષણ મેળવેલ | ૭૦<br>(૦.૧૪) | ૪<br>(૦.૦૨) | ૭૪<br>(૦.૧૧) |
| | કુલ | ૫૦૪૭૩<br>(૧૦૦.૦૦) | ૧૮૫૧૨<br>(૧૦૦.૦૦) | ૬૮૯૮૫<br>(૧૦૦.૦૦) |

આમ એકંદર શિક્ષણ લેનારમાં ૯ ટકા તો એસ.એસ.સી. સુધી જ છે અને તેમાં પણ ૮૬.૪૬ ટકા એ તો માત્ર પ્રાથમિક કક્ષા સુધીનું જ શિક્ષણ મેળવ્યું છે. આમ ઉચ્ચ શિક્ષણ લેનારની સંખ્યા ઓછી છે કે નજીવી જ છે.

ઉપરોકત શિક્ષણ લઈ લેનારની માહિતી જોયા બાદ જુદી જુદી કક્ષાએ લિંગવાર કેટલા બાળકો અભ્યાસ કરે છે તેની માહિતી પણ સર્વેક્ષણમાં લીધી છે. જે માહિતી નીચે જણાવેલ કોઠા ૨.૧૨ પ્રમાણે હતી.

**કોઠો -૨.૧૨**

**જુદી જુદી કક્ષાએ લિંગવાર (કુમાર-કન્યા) અભ્યાસ કરતા બાળકોની સંખ્યા**

| ક્રમ | કક્ષા | પુરુષ | સ્ત્રી | કુલ |
|---|---|---|---|---|
| ૧ | બાલવાડીમાં | ૬૩૩૪<br>(૧૫.૭૪) | ૬૪૮૬<br>(૨૬.૬૭) | ૧૨૮૫૦<br>(૧૯.૮૫) |
| ૨ | પ્રાથમિક (ધો.૧ થી ૭) | ૨૯૧૬૨<br>(૭૨.૧૮) | ૧૬૩૧૭<br>(૬૭.૦૮) | ૪૫૪૭૯<br>(૭૦.૨૫) |
| ૩ | માધ્યમિક (ધો.૮ થી ૧૦) | ૪૦૨૩<br>(૯.૯૬) | ૧૨૮૪<br>(૫.૨૮) | ૫૩૦૭<br>(૮.૨૦) |
| ૪ | ઉચ્ચતર માધ્યમિક<br>(ધો.૧૧ થી ૧૨) | ૫૫૮<br>(૧.૩૮) | ૧૭૧<br>(૦.૭૦) | ૭૨૯<br>(૧.૧૩) |
| ૫ | કોલેજમાં ભણતા | ૨૦૦<br>(૦.૫૦) | ૫૬<br>(૦.૨૩) | ૨૫૬<br>(૦.૪૦) |

| ક્રમ | કક્ષા | પુરુષ | સ્ત્રી | કુલ |
|---|---|---|---|---|
| ૬ | અનુસ્નાતકમાં ભણતાં | ૩૭<br>(૦.૦૯) | ૭<br>(૦.૦૩) | ૪૪<br>(૦.૦૭) |
| ૭ | ટેકનીકલ શિક્ષણ લેતાં | ૫૯<br>(૦.૧૫) | ૩<br>(૦.૦૧) | ૬૨<br>(૦.૧૦) |
| | કુલ | ૪૦૪૦૩<br>(૧૦૦.૦૦) | ૨૪૩૨૪<br>(૧૦૦.૦૦) | ૬૪૭.૨૭<br>(૧૦૦.૦૦) |

(કૌંસમાં આપેલ આંકડા ટકાવારી દર્શાવે છે.)

કોઠા ૨.૧૨ પરથી જણાય છે કે કુલ ભણતાં બાળકોમાંથી ૧૯.૮૫ ટકા બાલવાડીમાં, ૭૦.૨૫ ટકા, પ્રાથમિક કક્ષાએ ૮.૨૦ ટકા માધ્યમિક કક્ષાએ. ૧.૧૩ ટકા ઉચ્ચતર માધ્યમિકમાં, ૦.૪૦ ટકા કૉલેજ (કૉલેજ એટલે પ્રાથમિક, દ્વિતીય અને તૃતિય વર્ષના સ્નાતક અભ્યાસક્રમમાં) ૦.૦૭ ટકા, અનુસ્નાતક્માં , અને ૦.૧૦ ટકા ટેકનિકલ શિક્ષણ લેતા બાળકો હતા. કુલ સંખ્યામાંથી ૯૦ ટકા તો પ્રાથમિક કક્ષા સુધીમાં જ છે.

લિંગવાર પરિસ્થિતિ જોતાં પુરુષોમાં ૧૫.૭૪ ટકા બાલવાડીમાં, ૭૨.૧૮ પ્રાથમિક કક્ષામાં, ૯.૯૬ ટકા માધ્યમિકમાં, ૦.૫૦ ટકા કૉલેજમાં, ૦.૦૯ ટકા અનુસ્નાતક કક્ષામાં અને ૦.૧૫ ટકા ટેકનિકલ શિક્ષણમાં હતા. જ્યારે સ્ત્રીઓમાં ૨૬.૬૭ ટકા બાલવાડીમાં, ૬૭.૦૮ ટકા પ્રાથમિકમાં, ૫.૨૮ ટકા માધ્યમિક, ૦.૭૦ ટકા ઉચ્ચતર માધ્યમિકમાં, ૦.૨૩ ટકા કૉલેજમાં, ૦.૦૩ ટકા અનુસ્નાતકમાં ભણતા હતા અને ૦.૦૧ ટકા બહેનો ટેકનિકલ શિક્ષણ લેવામાં આવી હતી. એકદંરે કુમારો કરતા કન્યાઓની શિક્ષણ લેવાની ટકાવારી દરેક (બાલવાડી સિવાય) કક્ષાએ ઓછી છે. તેમાં પણ માધ્યમિક વિભાગથી આગલામાં બાલિકાઓની સંખ્યા કોઈપણ કક્ષામાં એક ટકાથી પણ ઓછી જોવા મળે છે. જિલ્લાવાર અને લિંગવાર અભ્યાસ કરતા બાળકોની સંખ્યા પરિશિષ્ટ-૧૧ માં આપવામાં આવી છે.

**શાળાઓ ન જતાં બાળકો :**

અભ્યાસમાં જે બાળકોની ઉંમર (૭ થી ૧૪ વર્ષ) શિક્ષણ લેવા માટેની છે તેવાં બાળકો જો સ્કુલે જતા ન હોય તેવા બાળકોની સંખ્યા કેટલી છે, સાથે સાથે આ બાળકોને આડે એવી કઈ પરિસ્થિતિ છે કે જેને લઈને તેઓ સ્કુલમાં જતા નથી તેની પણ માહિતી લીધી છે. જિલ્લાવાર ૭ થી ૧૪ વર્ષના શાળાએ ન જતાં બાળકોની સંખ્યા અંગેની માહિતી નીચે બતાવેલ કોઠા ૨.૧૩ મુજબ જોવા મળી હતી.

કોઠો - ૨.૧૩

જિલ્લાવાર ૭ થી ૧૪ વર્ષની ઉંમરના ન ભણતાં બાળકોની સંખ્યા

| ક્રમ | જિલ્લો | ૭ થી ૧૪ વર્ષના બાળકોની સંખ્યા | ૭ થી ૧૪ વર્ષના બાળકોમાં ન ભણતા બાળકો | કુલ બાળકોમાં ન ભણતા બાળકો ના ટકા |
|---|---|---|---|---|
| ૧. | જામનગર | ૪૯૭ | ૧૮૨ | ૩૬.૬૨ |
| ૨. | ભાવનગર | ૭૮ | ૫૫ | ૭૦.૫૧ |
| ૩. | જૂનાગઢ | ૧૧૩૮ | ૨૨૩ | ૧૯.૬૦ |
| ૪. | કચ્છ | ૮૭૧૭ | ૨૮૬૮ | ૩૨.૯૦ |
| ૫. | અમદાવાદ | ૩૯૧ | ૯૨ | ૨૩.૫૩ |
| ૬. | મહેસાણા | ૧૨૩ | - | - |
| ૭. | ખેડા | ૩૭૩૮ | ૧૦૭૯ | ૨૮.૮૭ |
| ૮. | સાબરકાંઠા | ૨૬૩૮ | ૨૬૯ | ૧૦.૧૯ |
| ૯. | બનાસકાંઠા | ૨૨૧૨ | ૮૫૪ | ૩૮.૬૧ |
| ૧૦. | પંચમહાલ | ૯૮૩૦ | ૪૨૮૨ | ૪૩.૫૬ |
| ૧૧. | વલસાડ | ૬૦૫૯ | ૧૬૮૨ | ૨૭.૭૬ |
| ૧૨. | સુરત | ૧૨૧૫૨ | ૨૮૯૩ | ૨૩.૮૧ |
| ૧૩. | ભરૂચ | ૧૪૯૩૫ | ૩૭૭૪ | ૨૫.૨૭ |
| ૧૪. | વડોદરા | ૩૪૨૨૪ | ૬૯૫૭ | ૨૦.૩૩ |
| | કુલ | ૯૬૭૩૨ | ૨૫૨૧૦ | ૨૬.૦૬ |

કોઠા ૨.૧૩ માં જણાવેલ આંકડાઓ પરથી જોઈ શકાય છે કે કુલ સર્વેક્ષણમાં થયેલ કુટુંબમાં ૭ થી ૧૪ વર્ષના બાળકોની સંખ્યા ૯૬૭૩૨ હતી. તેમાંથી તપાસ સમયે ૨૫૨૧૦ (૨૬.૦૬ ટકા) બાળકો શાળાએ જતાં ન હતાં. જિલ્લાવાર માહિતી તપાસતાં શાળાએ ન જતાં બાળકોની સૌથી વધુ સંખ્યા ભાવનગર જિલ્લામાં (૭૦.૫૧ ટકા) હતી અને સૌથી ઓછી સંખ્યા સાબરકાંઠા જિલ્લામાં ૧૦.૧૯ ટકા હતી.

કુલ ન ભણતાં બાળકોની સંખ્યા સરેરાશ ૨૬.૦૬ ટકા હતા. આ સરેરાશ કરતાં ન ભણતાં બાળકોની વધુ સંખ્યા જામનગર, ભાવનગર, કચ્છ, ખેડા, સાબરકાંઠા, પંચમહાલ અને વલસાડ જિલ્લામાં હતી.

શાળાએ ન જતાં બાળકોની વિગતોની સાથે બાળકો કયા સંજોગોને લીધે શાળાએ નથી જતા તે અંગે પૃચ્છા કરતાં વિવિધ પ્રકારના ઉત્તરો મળ્યા હતા. આ જવાબોમાં કેટલીક વ્યક્તિગત તો કેટલીક સામાજિક સ્થિતિ કારણભૂત હતી. મોટા ભાગની સ્થિતિ આર્થિક ઉપાર્જનના સંદર્ભમાં જોવા મળી હતી. તપાસ દરમ્યાન એવું જાણવા મળ્યું કે કુલ ન ભણતાં બાળકોમાંથી ૪૨.૦૦ ટકા આર્થિક મુશ્કેલીને લઈને, ૬.૪૦ ટકા બાળકોના માબાપ ની ઈચ્છા તેમના બાળકોને શિક્ષણં આપવાની નથી, ૫.૧૧ ટકા એવાં બાળકો હતાં કે જેમને પોતાને ભણવામાં રસ નથી, ૫.૪૭ ટકા બાળકો શાળાએ ન જવા પાછળ ગામમાં શાળાનો અભાવ છે તેવી માહિતી મળી. નાનાં બાળકોની સંભાળ રાખવા માટે ૧૩.૫૮ ટકા બાળકો શાળાએ જતા નથી. ૭.૬૪ ટકા બાળકો પોતાના કે અન્યનાં ઢોર ચરાવવા માટે રોકાયાં છે અને તેથી શાળાએ જતા ન હતા. ખેતીના કામમાં મદદ કરવા અને ધંધામાં મદદ કરવા માટે એટલે કે આર્થિક ઉપાર્જનમાં મદદ કરવા સારુ અનુક્રમે ૬.૨૮ અને ૫.૨૯ બાળકો રોકાયા હતા, અને તે કારણે શાળાએ જતા ન હતા. ૯.૦૩ ટકા બાળકો અન્ય કોઈ કારણસર શાળાએ જતા ન હતા. આમા અમુક બાળકોના શાળાએ ન જવા માટેનાં કારણો એક થી વધુ પણ જોવા મળ્યાં હતાં. જિલ્લાવાર ન ભણતાં બાળકોની સંખ્યા અને કારણોની માહિતી પરિશિષ્ટ ૧૨માં આપવામાં આવી છે.

## પ્રકરણ-૩

## આર્થિક જીવન

મનુષ્યની મુખ્યત્વે ત્રણ જરૂરીયાતો છે. ખોરાક, પોષાક અને રહેઠાણ. આને પુરી કરવા માનવ પોતાની આસપાસના કુદરતી વાતાવરણનો આશ્રય લે છે. આથી સાથે સાથે જ બીજી પણ કેટલીક જરૂરીયાતો હોય છે. તેથી ક્રમે ક્રમે જુદા જુદા સ્તરની આર્થિક વ્યવસ્થા વિકસે છે. ખરેખર તો અર્થતંત્ર એ એક એવું વ્યાપક પરિબળ છે કે જે માણસને એના જન્મથી માંડીને મરણ સુધી દરેક તબક્કે સ્પર્શ્યા વિના રહેતું નથી. સાથે કોઈપણ દેશ કે પ્રદેશનું અર્થશાસ્ત્ર તે દેશની ભૌગોલિક પરિસ્થિતિ એટલે કે આબોહવા, જમીન, પર્વતો, નદીઓ, સમુદ્રો વગેરેની સગવડો ઉપર આધાર રાખે છે અને દરેક સમાજની અર્થવ્યવસ્થા ઉંપરોકત બાબતોને અનુરૂપ જ હોય છે.

ભારત એ ખેતી પ્રધાન દેશ છે. અને વસતિનો મોટોભાગ પછી તે શહેરી હોય કે ગ્રામીણ, આદિવાસી સમાજ હોય કે બિન આદિવાસી પણ તે ખેતી વ્યવસાય સાથે સીધી કે આડકતરી રીતે રીતે સંકળાયેલ હોય છે. ગુજરાતનો આદિવાસી સમાજ પણ આમાંથી બાકાત નથી. અહીંના આદિવાસીઓનો પરંપરાગત મુખ્ય ધંધો ખેતી અને મજૂરી છે. હાલમાં જીવન નિર્વાહની રીતે દરેક આદિવાસી કુટુંબોના વ્યવસાયમાં ખેંતી ઉપરાંત પશુપાલન, મરઘાં ઉછેર, માછલી પકડવી, વન્ય પેદાશ એકઠી કરવી. વાંસમાંથી જુદી જુદી વસ્તુઓ બનાવવી વગેરે છે. પરંતુ વસતિનો મોટાભાગ તો ખેતી કે ખેતમજૂરી સાથે છે જેની વધુ માહિતી નીચેના કોઠા પરથી જોઈ શકાશે. જેમાં ગુજરાત રાજ્ય અને આદિવાસી વસતિનું છેલ્લા ત્રણ દાયકાનું વ્યાવસાયિક વર્ગીકરણ બતાવ્યું છે.

કોઠા નં. ૩.૧

ગુજરાતની કુલ વસતિમાંથી અને આદિવાસી વસતિમાંથી જુદા જુદા વ્યવસાયમાં કામ કરતી સંખ્યા (ટકામાં)

છેલ્લા ત્રણ દાયકાની માહિતી

| ક્રમ | વિગત | ગુજરાતની કામ કરતી કુલ વસતિ | | | ગુજરાતની કામ કરતી આદિવાસી વસતિ | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ૧૯૬૧ | ૧૯૭૧ | ૧૯૯૧ | ૧૯૬૧ | ૧૯૭૧ | ૧૯૮૧ |
| | કુલ વસતિમાં કામ કરતી વસતિના ટકા | ૪૧.૦૭ | ૩૧.૪૫ | ૩૨.૨૨ | ૫૩.૭૨ | ૪૦.૩૪ | ૪૦.૫૫ |
| ૧. | ખેતી | ૫૩.૩૨ | ૪૩.૧૨ | ૩૭.૪૬ | ૫૯.૧૮ | ૪૮.૩૪ | ૪૫.૯૪ |
| ૨. | ખેતમજૂરી | ૧૪.૭૭ | ૨૨.૪૮ | ૨૨.૪૬ | ૩૧.૦૯ | ૪૨.૩૩ | ૪૦.૧૧ |
| ૩. | ઢોરઉછેર, ખાણ બગીચા | ૧.૨૪ | ૨.૩૯ | - | ૧.૧૭ | ૧.૧૯ | - |
| ૪. | ગૃહ ઉદ્યોગ | ૬.૫૬ | ૨.૮૨ | ૨.૪૩ | ૧.૨૩ | ૦.૬૮ | ૦.૮૨ |
| ૫. | બીજા ઉદ્યોગો | ૬.૩૩ | ૯.૨૫ | - | ૧.૫૬ | ૨.૩૩ | - |
| ૬. | બાંધકામ | ૧.૦૬ | ૧.૪૩ | - | ૦.૪૨ | ૦.૭૯ | - |
| ૭. | વેપાર વાણિજ્ય | ૪.૮૫ | ૬.૯૪ | - | ૦.૩૮ | ૦.૮૫ | - |
| ૮. | વાહન વ્યવહાર | ૧.૮૮ | ૨.૮૬ | - | ૦.૫૮ | ૦.૯૦ | - |
| ૯. | અન્ય સેવાઓ | ૯.૯૯ | ૮.૭૧ | ૩૭.૪૫ | ૪.૩૯ | ૨.૫૯ | ૧૩.૧૩ |
| | કુલ ટકા | ૧૦૦.૦૦ | ૧૦૦.૦૦ | ૧૦૦.૦૦ | ૧૦૦.૦૦ | ૧૦૦.૦૦ | ૧૦૦.૦૦ |

ઉપરોકત કોઠો ૩.૧ તપાસતાં નીચેની મુખ્ય બાબતો તરી આવે છે

(૧) છેલ્લા ત્રણે દાયકાની વિગતો જોતાં ગુજરાતની કામ કરતી કુલ વસતિના પ્રમાણમાં કામ કરતી આદિવાસી વસતિનું પ્રમાણ વધારે છે.

(૨) ગુજરાતની કુલ વસતિમાં અને આદિવાસી વસતિમાં ખેતી કરનારની સંખ્યા દરેક દશકે ઘટતી જોવા મળે છે.

(૩) ખેતી અને ખેતમજૂરી કરનારની સંખ્યા ગુજરાતની વસતિ કરતાં આદિવાસી વસતિમાં વધુ છે.

(૪) ગૃહઉદ્યોગ અને બીજા ઉદ્યોગમાં કામ કરનારની સંખ્યા ઓછી થતી જાય છે જયારે

(૫) વેપાર અને વાણિજયમાં કામ કરનારનું પ્રમાણ વધતું જાય છે.

ઉપરોકત પૃથ્થકરણથી જણાય છે કે આદિવાસી વસતિનો મોટો ભાગ (૮૬ ટકા) ખેતી અને ખેતમજુરી ઉપર આધાર રાખે છે. સાથે આંકડાથી પણ એ દેખાય છે કે તેમની પાસેની જમીન એક યા બીજા પ્રકારે ઓછી થતી જાય છે અને તેઓમાં નવા વ્યવસાયો તરફ ઝોક વધતો જાય છે.

**વ્યાવસાયિક વર્ગીકરણ:**

આગળ અર્થવ્યવસ્થાના જુદા જુદા સ્તરો બતાવ્યા છે પરંતુ લોકો એક સમયે એક જ અર્થવ્યવસ્થાને અનુસરતા હોય તેવું બનતું નથી. ખરેખર તો એક જ સમયે જુદા જુદા સ્તરનું મિશ્રણ જોવા મળે છે. આના અનેક ઉદાહરણો ગુજરાતના આદિવાસીઓમાં મળી આવે છે.દા.ત. ગુજરાતની બધી આદિવાસી જાતિઓનો મુખ્ય ધંધો ખેતી છે. સાથોસાથ તેઓ પશુપાલન પણ કરે છે તો કેટલાક વળી માછલાં પકડવા પણ જાય છે.

આદિવાસી અર્થવ્યવસ્થાને અલ્પવિકસિત અર્થવ્યવસ્થા ગણવામાં આવે છે. ભારતની જેમ ગુજરાતના આદિવાસીઓમાં પણ આ વ્યવસ્થા મિશ્ર અર્થતંત્રની જેમ શહેરમાં કે ગામડાઓ જેવું શ્રમ વિભાજન અને શ્રમ વિશેષીકરણ છે તેવું અહીં નથી. તેમાં પણ વેરવિખેર આદિવાસીઓમાં આવકના સ્રોત ખૂબ ઓછા છે. તેઓમાંથી મોટાભાગની આવક ખાવા પૂરતી પણ માંડ છે. સાથે કોઈક સ્થળે એ પણ જોવા મળે છે કે જેમ લઘુવિસ્તારમાં વસતા કુટુંબો સ્વતંત્ર ધંધો કે ગૃહઉદ્યોગ કરે છે તેમ છૂટાછુવાયા આદિવાસીઓમાં પણ સ્વતંત્ર ધંધો કરે છે. જેમ કે સેગવી (તા.વલસાડ) માં વસતાં કુટુંબો ગાડું બનાવે છે સાથે લાકડાનું અને લોખંડનું કામ કરે છે.

તેમના સામાજિક રિવાજો અને આર્થિક વ્યવહારો તાણાવાણની જેમ વણાયેલા છે તેથી તેમના આર્થિક વ્યવહારો સારાં-ખોટા એવા કોઈપણ સાપેક્ષ મૂલ્યાંકનો કર્યા વગર સ્વતંત્ર રીતે રજૂ કરવાનો અહીં પ્રયત્ન કરે છે.

સર્વેક્ષણ નીચે આવરી લીધેલા ૯૮૮ ગામોમાં અનુસૂચિત જનજાતિનાં કુલ ૯૩૯૩૨ કુટુંબ વિવિધ પ્રકારોના વ્યવસાયોમાં રોકાયેલાં હતાં. મુખ્ય વ્યવસાય પ્રમાણે સર્વેક્ષણ કરેલ કુટુંબોનું વર્ગીકરણ કોઠા નં.૩.૨ આપવામાં આવ્યું છે.

**કોઠા નં.૩.૨**

**સર્વેક્ષણ થયેલ કુટુંબોનું વ્યસાયિક વર્ગીકરણ**

| ક્રમ | મુખ્ય વ્યવસાય | કુટુંબની સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | ખેતી | ૨૩૦૩૯ | ૨૪.૫૩ |
| ૨. | ખેતમજૂરી | ૪૩૦૯૧ | ૪૫.૮૭ |
| ૩. | મજૂરી | ૨૨૭૩૦ | ૨૪.૨૦ |
| ૪. | જંગલ મજૂરી | ૨૨૯ | ૦.૨૪ |
| ૫. | મત્સ્યોદ્યોગ | ૬૮૧ | ૦.૭૨ |
| ૬. | વેપાર-ધંધો | ૨૬૪ | ૦.૨૮ |
| ૭. | નોકરી | ૨૧૪૪ | ૨.૨૯ |
| ૮. | પશુપાલન | ૧૭૫૪ | ૧.૮૭ |
| | કુલ | ૯૩૯૩૨ | ૧૦૦.૦૦ |

ઉપરોકત આંકડાઓ પરથી જણાય છે કે સર્વેક્ષણ કરેલ કુટુંબોનો મુખ્ય વ્યવસાય મજુરી (પછી તે ખેતમજુરી, જંગલ મજૂરી કે અન્ય પ્રકારની મજુરી) છે. કુલ સર્વેક્ષણના કુટુંબોમાંથી ૭૦ ટકા કુટુંબો મજૂરી પર નિર્ભર હતા. બીજા ક્રમે ખેતી છે અને ખેતી કામમાં ૨૪.૫૩ ટકા (૨૩૦૩૯) કુટુંબો હતા. ત્યારબાદ અનુક્રમે નોકરી, પશુપાલન, મત્સ્યોદ્યોગ અને વેપાર ધંધામાં રોકાયેલાં કુટુંબો જોવા મળે છે.

જિલ્લાવાર સર્વેક્ષણ થયેલ કુટુંબોનું મુખ્ય ધંધાવાર વર્ગીકરણ પરિશિષ્ટ-૧૩માં આપવામાં આવ્યું છે.

સર્વેક્ષણ દરમિયાન અનુસૂચિત જનજાતિનાં કુટુંબના મુખ્ય ધંધા અંગેની જે માહિતી મળી હતી તેની વિગતો અને વિગતવાર ચર્ચા હવે જોઈએ.

(૧) ખેતી :

સર્વેક્ષણમાં આવરી લીધેલાં કુટુંબોમાંથી કેટલાંક કુટુંબો ખેતી માટેની જમીન ધરાવતાં હતાં. સર્વેક્ષણમાં આવરી લીધેલા જિલ્લાઓમાંથી કેટલાં કુટુંબો પાસે ખેતી માટેની જમીન છે તે કોઠા નંબર ૩.૩ માં આપવામાં આવ્યું છે.

કોઠા નં.૩.૩

જિલ્લાવાર જમીન ધરાવતા કુટુંબોની સંખ્યા

| ક્રમ | જિલ્લો સંખ્યા | કુલ કુટુંબ સંખ્યા | જમીન ધારણ કુટુંબ | કુલ કુટુંબના ટકા |
|---|---|---|---|---|
| ૧. | જામનગર | ૩૩૦ | ૧૬૭ | ૫૦.૬૧ |
| ૨. | ભાવનગર | ૫૫ | - | - |
| ૩. | જૂનાગઢ | ૯૧૬ | ૧૨૨ | ૧૩.૩૨ |
| ૪. | કચ્છ | ૬૯૪૮ | ૨૩૦૫ | ૩૩.૧૭ |
| ૫. | અમદાવાદ | ૪૬૦ | - | - |
| ૬. | મહેસાણા | ૭૩ | - | - |
| ૭. | ખેડા | ૪૦૯૪ | ૬૪ | ૧.૫૬ |
| ૮. | સાબરકાંઠા | ૧૮૮૯ | ૧૩૫૮ | ૭૧.૮૯ |
| ૯. | બનાસકાંઠા | ૧૭૭૮ | ૮૨૮ | ૪૬.૫૭ |
| ૧૦. | પંચમહાલ | ૮૩૧૩ | ૩૦૬૬ | ૩૬.૮૮ |
| ૧૧. | વલસાડ | ૬૫૬૯ | ૮૯ | ૧.૩૫ |
| ૧૨. | સુરત | ૧૨૨૪૯ | ૪૦૧ | ૩.૨૭ |
| ૧૩. | ભરૂચ | ૧૫૯૪૦ | ૧૮૭૨ | ૧૧.૭૪ |
| ૧૪. | વડોદરા | ૩૪૩૧૮ | ૧૧૨૭૩ | ૩૨.૮૫ |
| | કુલ | ૯૩૯૩૨ | ૨૧૫૪૫ | ૨૨.૯૪ |

ઉપરોક્ત કોઠા નં.૩.૩ જોવાથી ખ્યાલ આવે છે કે માત્ર ૨૩ ટકા કુટુંબો પાસે જ ખેતી માટેની જમીન હતી. તેમાં પણ ભાવનગર, અમદાવાદ અને મહેસાણા જિલ્લામાં એક પણ કુટુંબ પાસે ખેતીની જમીન નથી જયારે ખેડા, વલસાડ અને સુરત જિલ્લામાં પાંચ ટકા કરતાં પણ ઓછાં કુટુંબો પાસે ખેતીની જમીન હતી.

સૌથી વધુ ખેતી માટેની જમીન સાબરકાંઠા જિલ્લામાં (૭૧.૮૯ ટકા) હતી ત્યાર પછી અનુક્રમે જામનગર (૫૦.૬૧ ટકા), બનાસકાંઠા (૪૬.૫૭ ટકા), પંચમહાલ (૩૬.૮૮ ટકા), કચ્છે (૩૩.૧૭ ટકા) અને વડોદરા જિલ્લામાં (૩૨.૮૫ ટકા) હતી.

ખાસ કરીને ગુજરાતમાં વસતિ આદિવાસીઓ મુખ્યત્વે સ્થાયી ખેતી કરે છે. ખેતીમાં બળદ, હળ, ખાતર તેમજ અન્ય સાધનોનો ઉપયોગ પણ કરે છે.

પરંતુ આદિવાસી કુટુંબો પાસે જે જમીન છે તે હલકી જાતની છે. વળી બધી જ જમીન સપાટ ન હોવાથી પાણી અને ખાતરનો બરોબર ઉપયોગ થઈ શકતો નથી. મોટાભાગનાં કુટુંબો પાસે ખેતી માટેનાં પૂરતાં સાધનો પણ નથી. આર્થિક સ્થિતિ સારી ન હોવાથી જરૂરી ખાતર અને જંતુનાશક દવાઓનો ઉપયોગ કરી શકતા નથી. સિંચાઈનાં સાધનો નહિવત છે.

આથી વર્ષમાં લગભગ એક મોસમી પાક જ લઈ શકાય છે. ગુજરાતમાં ઘણી મોટી સિંચાઈ યોજનાઓ બની છે પરંતુ તેનો લાભ આદિવાસી પ્રજાને બહુ જ થોડો મળે છે. આ બધી સ્થિતિને લઈને ખેતીમાંથી તેમના કુટુંબનું ગુજરાન ચાલે તેવું નથી બનતું. ખેતી માત્ર કહેવા પૂરતી જ છે. વળી આદિવાસી કુટુંબો પાસે જે જમીન છે તેનું કદ પણ ઓછું છે. જિલ્લાવાર જમીન ધરાવતા કુટુંબો પાસે કેટલી જમીન છે તેની વિગત પરિશિષ્ટ-૧૪ માં આપવામાં આવી છે.

(અ) જમીન તકરાર અંગે :

અનુસૂચિત જનજાતિનાં કુટુંબો જમીન ધરાવતા હોય છે. તેમાંથી કેટલીક જમીન ઝઘડામાં છે, જેને લઈને જમીનનું જતન સારી રીતે થતું ન હોય તેવું પણ દેખાય છે, સર્વેક્ષણમાં જમીનના ઝઘડા અંગે માહિતી મેળવતાં, ૧૦૨૭ કુટુંબોને જમીન અંગે તકરાર છે તેવું જાણવા મળ્યું. આ ૧૦૨૭ માંથી એકલા કચ્છમાં જ ૬૨૫ કુટુંબોને જમીન અંગેની તકરાર છે. (કચ્છમાં ખેતી અંગેની જમીન માલીકીના ઘણા પ્રશ્નો છે, તે વાતને અમારા અગાઉના અભ્યાસો દ્વારા પણ પુષ્ટિ મળે છે.) ત્યારબાદ વડોદરામાં ૩૮૦, ખેડામાં ૮, સુરત-૬ અને ભરૂચ, પંચમહાલમાં ૪-૪ કુટુંબોને જમીન અંગેની તકરાર હતી. તકરારના કારણોમાં મુખ્યત્વે માલીકી હક્ક (૫૮૭) ગણોત હક્ક (૧૬૯) અને વારસાગત વહેંચણી (૬૪) જોવા મળ્યાં હતાં.

(૨) **ખેત મજુરી :**

અનુસૂચિત જનજાતિમાં ખેતીની જમીન ધરાવતા કુટુંબોનું પ્રમાણ ઓછું છે. તેથી આ જાતિના લોકો ખેતમજૂરોમાં વધુ છે. ખેતમજૂરી તેઓ સ્થાનિક કે બહારગામ પણ કરે છે. સર્વેક્ષણમાં આવરી લીધેલ કુટુંબોમાંથી ૪૬.૦૦ ટકા કુટુંબો ખેતમજૂરીના કામમાં હતા. આમ ગુજરાતમાં ખેતમજૂરી કરી જીવનનિર્વાહ કરનાર આદીવાસીઓની સંખ્યામાં વધારો થતો જાય છે. (જુઓ ટેબલ નં.૩.૧)

ખેતમજૂરીમાં તેમનું પણ શોષણ થતું હોય તેવું દેખાય છે. સરકારશ્રી તરફથી લઘુત્તમ વેતન ધારો દાખલ થયો છે. પંરતુ તે રીતે ગુજરાતમાં કોઈપણ સ્થળે આદિવાસીઓને મજૂરીના દર મૈળતા નહિ હોય. વળી, આદિવાસીઓને પણ લઘુત્તમ વેતન દર કેટલો છે તેનો ખ્યાલ નથી. સાથે કેટલાક કુટુંબના સભ્યો તો હાળી તરીકે પણ રહે છે. આ હાળી માટે સૌરાષ્ટ્ર વિસ્તારમાં 'સાથી રાખ્યો' શબ્દો પણ બોલાય છે. સર્વેક્ષણમાં કેટલા સભ્યો હાળી તરીકે છે તેની જિલ્લાવાર વિગત કોઠા નં.૩.૪ માં આપવામાં આવી છે.

**કોઠા નં.૩.૪**

**જિલ્લાવાર હાળી સભ્યો અને કઈ શરતે કામ કરે છે તેની વિગત**

| ક્રમ | જિલ્લો | હાળી તરીકે સભ્યો (સંખ્યા) | કઈ શરતે | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | બાર માસી | પાંચ વર્ષ માટે | દસ વર્ષ માટે | કાયમી | કુટુંબ સાથે |
| ૧. | જામનગર | ૧૯ | ૧૯ | - | - | - | - |
| ૨. | ભાવનગર | - | - | - | - | - | |
| ૩. | જૂનાગઢ | ૧૮ | ૧૮ | - | - | - | - |
| ૪. | કચ્છ | ૩૭ | ૩૧ | ૨ | - | ૪ | - |
| ૫. | અમદાવાદ | ૧૭ | ૧૭ | - | - | - | - |
| ૬. | મહેસાણા | ૨૯ | ૨૯ | - | - | - | - |
| ૭. | ખેડા | ૧૨૬ | ૧૨૦ | - | - | ૬ | - |
| ૮. | સાબરકાંઠા | ૮ | ૮ | - | - | - | |

| ક્રમ | જિલ્લો | હાળી તરીકે સભ્યો (સંખ્યા) | કઈ શરતે | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | બાર માસી | પાંચ વર્ષ માટે | દસ વર્ષ માટે | કાયમી | કુટુંબ સાથે |
| ૯. | બનાસકાંઠા | ૨૨૯ | ૨૧૫ | ૮ | ૧ | ૫ | - |
| ૧૦. | પંચમહાલ | ૪૪૪ | ૩૧૬ | ૨૮ | ૩૮ | ૧૪ | - |
| ૧૧. | વલસાડ | ૩ | - | ૩ | - | - | - |
| ૧૨. | ભરૂચ | ૪૧૫૯ | ૩૬૫૮ | ૨૮૯ | ૯૮ | ૭૬ | ૩૮ |
| ૧૩. | સુરત | ૬૬૦ | ૫૮૭ | ૧૩ | ૩૭ | ૯ | ૧૪ |
| ૧૪. | વડોદરા | ૫૨૦૯ | ૪૭૪૮ | ૨૫૧ | ૧૫૧ | ૨૯ | ૩૦ |
| | કુલ | ૧૦૯૫૮ | ૯૭૬૬ | ૫૯૪ | ૩૨૫ | ૧૪૩ | ૧૩૮ |

ઉપરોક્ત કોઠા નં.૩.૪ પરથી જોઈ શકાશે કે સ્વતંત્રતાના આટલાં વર્ષો પછી પણ સર્વેક્ષણમાં આવરી લીધેલ કુટુંબમાંથી ૧૦૯૫૮ સભ્યો તરીકે હાળી તરીકે કામ કરે છે. સર્વેક્ષણમાં આવેલ કુલ ૪.૭૨ લાખ સભ્યમાંથી આ સંખ્યા ઓછી લાગે છતાં ચિંતાજનક અને ધ્યાનાકર્ષક છે.

હાળી તરીકે મોટાભાગના સભ્યો બારમાસી ધોરણે રહે છે એટલે કે બારમાસ સુધી એક માલિકને ત્યાં પછી તેને યોગ્ય લાગે તો છૂટો થઈ શકે છે. ત્યાર પછી અનુક્રમે પાંચ વર્ષ માટે, દશ વર્ષ માટે, કાયમી અને પોતાના કુટુંબ સહિત રહેનારની સભ્યોની સંખ્યા આવે છે.

હાળીઓને કામના બદલામાં ખાવાનું, કપડાં, બીડી-તમાકુ મળે છે. કેટલાક હાળીઓએ (૬૦) જણાવ્યું છે કે અમોને દારૂ પણ મળે છે. વેતન મોટાભાગનાને વાર્ષિક મળે છે તો કેટલાકને માસિક મળે છે. ચર્ચા કરતાં એવું પણ જાણવા મળ્યું કે આમ છતાં જરૂર પડે થોડી ઘણી રકમ માલિક તરફથી ઉપાડ તરીકે અવશ્ય મળી રહે છે.

(૩) મજૂરી :

સર્વેક્ષણ દરમિયાન કુલ કુટુંબોમાંથી મજૂરી પર નિર્ભર કુટુંબોની સંખ્યા ૨૨૭૩૦ (૨૪ ટકા) જોવા મળી. મજૂરીમાં સામાન્ય રીતે,

(૧) રોડ-ગટર ખોદવા (૨) લારી ખેંચીને મદદ કરવી (૩) બાંધકામમાં (૪) વેપારીને ત્યાં વગેરે

કામોમાં જાય છે. અહીં પણ એવું જોવા મળ્યું કે મજૂરી પેટે મળતા દરો ઘણા નીચા હતા. દા.ત. રૂા.૮ થી ૧૦, આ ઉપરાંત મજૂરી કાયમી સ્વરૂપે પણ નથી મળતી.

(૪) **જંગલ મજૂરી :**

કેટલાક કુટુંબો જંગલ મજૂરી પર પોતાનું કુટુંબનું જીવન નિર્વાહ કરે છે. આવા કુટુંબોની સંખ્યા ૨૨૯ હતી. જેઓ જંગલમાંથી જુદી જુદી વસ્તુ એકઠી કરે છે. જેમાં ગુંદર, ડોળી, મધ, ટીમરુ પાન વગેરે છે.

(૫) **મત્સ્યોદ્યોગ :**

ગુજરાતના આદિવાસીઓ જે મત્સ્યોદ્યોગની પ્રવૃત્તિ કરે છે તેમાં મોટા ભાગે ગામની આસપાસની નદી કે તળાવ હોય ત્યાં જ આ પ્રવૃત્તિ કરે છે. માછલી પકડીને તેનો વપરાશ ઘર પૂરતો હોય છે. કેટલેક સ્થળે (ઉકાઈ-કડાણા) તેમની સહકારી મંડળીઓ પણ છે અને તેમાંથી સારી એવી આવક મેળવી ગુજરાન ચલાવે છે. સર્વેક્ષણમાં ૬૮૧ કુટુંબો એવા મળ્યા કે જેઓ મત્સ્યોદ્યોગ ધ્વારા પોતાના કુટુંબનું ગુજરાન ચલાવતા હતા. મત્સ્યોદ્યોગ કરનારની વધુ સંખ્યા ભરૂચમાં હતી જયારે જામનગર, ભાવનગર, જૂનાગઢ, અમદાવાદ, ખેડા, મહેસાણા અને બનાસકાંઠા જિલ્લામાં કોઈપણ આદિવાસી સભ્ય આ વ્યવસાયથી પોતાના કુટુંબનું જીવન નિર્વાહ ચલાવતો ન હતો.

(૬) **વેપાર ધંધો :**

ગુજરાતના આદિવાસીઓમાં કોઈ મોટા ઉદ્યોગ કે વેપાર-ધંધામાં પડેલા જોવા મળતા નથી છતાં ધીમે ધીમે નવા વ્યવસાયો તરફ જતા જાય છે. વેપાર ધંધામાં તેઓ કોન્ટ્રાકટર, કરિયાણાની દુકાન, કાપડની ફેરી, સાયકલ સ્ટોર, સસ્તા અનાજની દુકાન વગેરે ક્ષેત્રમાં છે. વેપાર કરતાં ૨૬૪ કુટુંબો જોવા મળ્યાં હતાં. વેપાર કરતાં વધુ કુટુંબો વડોદરા (૧૦૭) જિલ્લામાં હતાં. ત્યાર પછી અનુક્રમે ભરૂચ, સુરત, કચ્છ અને ખેડા જિલ્લામાં હતા.

(૭) **નોકરી :**

શિક્ષણના વધારા અને પરિવર્તનની હવાને લઈને તેમજ બંધારણ મુજબ અનામત જગ્યા રાખવી ફરજિયાત છે વગેરેને લઈને સર્વેક્ષણમાં ૨૧૪૪ કુટુંબો નોકરી ધ્વારા પોતાના કુટુંબનું જીવન નિર્વાહ ચલાવતા હતા. પરંતુ એવું જોવા મળ્યું કે જે જાતિઓમાં શિક્ષણ સારું છે તેવા ચૌધરી અને ધોડિયામાં શિક્ષકો તરીકે અને બીજા સરકારી ખાતામાં હતા. જયારે બહુ નહિ ભણેલા તેવા ડ્રાઈવર, પટાવાળા, વોચમેન હતા તો કેટલાક પોલીસ ખાતામાં પણ હતા. પરંતુ એટલું જરૂર કહી શકાય કે આજે ચોથા વર્ગથી શરૂ કરી કલાસ વનમાં પણ આદિવાસી સભ્ય નોકરી કરતા જોવા મળશે. સાથે એ પણ જણાવવું

પડે કે અન્ય સમાજની સરખામણીમાં તેમને નોકરીમાં જોઈએ તેટલું સ્થાન મળ્યું નથી. વળી આદિવાસી જાતિઓમાં પણ અમુક જાતિઓ સારા હોદા પર છે તે પણ ધ્યાનમાં લેવું જોઈએ.

(૮) **પશુપાલન :**

આદિવાસીઓ માટે પશુપાલન વ્યવસાય એ પૂરક આવક મેળવવા માટે પ્રતિદિન વધતો જાય છે. સર્વેક્ષણમાં પશુપાલન વ્યવસાય ઉપર નભનાર ૧૭૫૪ કુટુંબો હતાં. અહીં એ બાબત પણ નોંધું છું કે આદિવાસીઓ એની પેઢી દર પેઢી ચાલી આવતી રીત પ્રમાણે પશુઓ પાળે છે અને તેથી થોડા સમયમાં ઢોર દુધ નામનું જ આપે છે. પોતાની આર્થિક સ્થિતિ સારી ન હોવાથી સારી ઓલાદવાળા ગાય-ભેંસ પણ અમુક સમયમાં થોડું દુધ આપનારા થઈ જાય છે. વળી ઢોરોમાં થતા રોગ વિશે પણ અજ્ઞાન છે.

જોકે આદિવાસીઓ માટે ઢોર એ સામાજિક પ્રતિષ્ઠાનું લક્ષણ ગણાય છે. તેથી ઘણી વખત લગ્ન સમયે દાપામાં પણ ઢોર આપે છે. કયારેક આર્થિક મુશ્કેલીઓ ઢોર વેચી નાણાં મેળવે છે. અત્યારે સરકારશ્રી યોજના દ્વારા ઢોર ખરીદી પર ૫૦ ટકા જેવી સબસીડી મળવાથી પશુ વ્યવસાય તરફનો ઝોક વધતો દેખાય છે.

● **શ્રમ વિભાજન :**

**પુરુષ :**

ખેતી, મજૂરી, નોકરી, મત્સ્યોદ્યોગ, જંગલ મજૂરી તથા અન્ય આર્થિક પ્રવૃત્તિઓ કરવી, ઘરમાં જરૂરી મોટી વસ્તુઓ લાવવા મૂકવાનું તેના માથે હોય છે. વહેવાર સાચવવા, સારાં-માઠા પ્રસંગોમાં અન્યોને ત્યાં જવું, કુટુંબનું સંચાલન કરવું, કોઈ પાસે નાણાં લાવવાં કે આપવા વગેરે તે સંભાળે છે.

**સ્ત્રી :**

સ્ત્રીઓ ઘરના અનેક કામમાં સવારથી રાત્રી સુધી વ્યસ્ત રહે છે. સ્ત્રીઓ વહેલી ઉઠી ઢોર હોય તો દૂધ દોહવાનું કામ, ઘરની સફાઈ અને વાસીદું કરવું, વાસણ માંજવા, પાણી ભરવું, સવારની રસોઈ બનાવવી, કપડાં ધોવા, અનાજ સાફ કરવું, બળતણ વીણવું, આર્થિક ઉપાર્જનની પ્રવૃત્તિમાં મદદ કરવી આ ઉપરાંત બાળકોનું લાલન-પાલન અને ઉછેરવાનું કામ સ્ત્રીઓ પર હોય છે.

બાળકો :

ભાઈ-બહેનને સાચવવાં, થોડાં મોટા થાય એટલે નિશાળે જાય, ઘર માટેની નાની વસ્તુઓ દુકાનેથી લાવવી, ઢોર ચરાવવા જવું વગેરે કામમાં બાળકો રહે છે.

● કામ કરતી વસતિ :

સર્વેક્ષણ કરેલ કુટુંબની ૪,૭૨,૫૬૧ વ્યક્તિઓમાંથી ૨,૧૨,૯૫૪ વ્યક્તિઓ એટલે કે કુલ વસતિના ૪૫.૦૬ ટકા લોકો એક યા બીજા પ્રકારની આર્થિક પ્રવૃત્તિમાં રોકાયેલા હતા. લિંગવાર જોતાં કુલ પુરુષના ૫૧.૫૪ ટકા આર્થિક પ્રવૃત્તિમાં હતા, જ્યારે કુલ સ્ત્રીઓના ૩૮.૬૦ ટકા આર્થિક પ્રવૃત્તિમાં રોકાયેલા હતા. આમ પુરુષો કરતાં સ્ત્રીઓમાં કામ કરનારનું પ્રમાણ ઓછું હતું. જો કે અનુસૂચિત જનજાતિની સ્ત્રીઓમાં કામ કરનારનું પ્રમાણ વધુ છે. આદિવાસી કુટુંબોમાં ૧૦-૧૨ વર્ષના છોકરા-છોકરીઓ પણ મજૂરી માટે જતા હતા.

જિલ્લાવાર જોતાં ખ્યાલ આવે છે કે પુરુષોમાં સૌથી વધુ કામ કરનારનું પ્રમાણ વલસાડ (૫૬.૩૧ ટકા)માં હતું જયારે સ્ત્રીઓમાં વધુ કામ કરનારનું પ્રમાણ ભાવનગર જિલ્લામાં (૫૧.૯૪ ટકા) હતું. જિલ્લાવાર કામ કરતી વસતિનું પ્રમાણ પરિશિષ્ટ-૧૫ માં આપવામાં આવ્યું છે.

આવક :

સર્વેક્ષણમાં આવરી લીધેલા ૯૮૮ ગામોના ૯૩૯૩૨ કુટુંબો પાસેથી જુદા જુદા ધંધામાંથી થતી આવકની માહિતી એકઠી કરવામાં આવી હતી. સર્વેક્ષણ કરેલ કુટુંબોનું આવક જૂથ પ્રમાણે વર્ગીકરણ કોઠા નં.૩.૫ માં આપવામાં આવ્યું છે.

કોઠા નં.૩.૫

વાર્ષિક આવક જૂથ પ્રમાણે કુટુંબોનું વર્ગીકરણ

| ક્રમ | આવક જૂથ (વાર્ષિક) | કુટુંબોની સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | રૂા.૨૪૦૦ સુધી | ૬૬૫૮૬ | ૭૦.૮૯ |
| ૨. | રૂા.૨૪૦૧ થી ૩૬૦૦ | ૧૨૯૫૭ | ૧૩.૭૯ |
| ૩. | રૂા.૩૬૦૧ થી૪૮૦૦ | ૬૦૦૨ | ૬.૩૯ |
| ૪. | રૂા.૪૮૦૧ થી ૭૨૦૦ | ૪૯૯૨ | ૫.૩૨ |
| ૫. | રૂા.૭૨૦૧ થી ૧૦,૦૦૦ | ૨૦૬૮ | ૨.૨૦ |
| ૬. | રૂા.૧૦,૦૦૧ થી વધુ | ૧૩૨૭ | ૧.૪૧ |
| | કુલ | ૯૩૯૩૨ | ૧૦૦.૦૦ |

કોઠા નં.૩.૫ પરથી જણાય છે કુલ સર્વેક્ષણ કરેલ કુટુંબોમાંથી ૭૦.૮૯ ટકા કુટુંબોની વાર્ષિક આવક રૂ.૨૪૦૦ સુધીની હતી. ૧૩.૭૯ ટકા કુટુંબોની વાર્ષિક આવક ૨૪૦૧ થી ૩૬૦૦ ની, ૩૬૦૧ થી ૪૮૦૦ સુધીની વાર્ષિક આવક ધરાવતા ૬.૩૯ ટકા કુટુંબો, ૪૮૦૧ થી ૭૨૦૦ સુધીની વાર્ષિક આવક ૫.૩૨ ટકા કુટુંબો, ૭૨૦૧ થી ૧૦,૦૦૦ સુધીની વાર્ષિક આવકમાં ૨.૨૦ ટકા કુટુંબો અને વાર્ષિક આવક રૂ.૧૦,૦૦૦ થી વધુમાં માત્ર ૧.૪૧ ટકા કુટુંબો હતા. આમ એકંદરે આટલી આવક હોય તે જોતાં અનુસૂચિત જનજાતિના કુટુંબોની આર્થિક સ્થિતિ સારી હોય તેમ કહી શકાય નહિ. સર્વેક્ષણમાં આવરી લીધેલ કુટુંબોની કુટુંબદીઠ સરેરાશ વાર્ષિક આવક રૂ.૩૦૩૩ ની હતી.

સાતમી પંચવર્ષીય યોજનામાં જણાવ્યા મુજબ ગ્રામ્ય વિસ્તાર માટે રૂ.૬૪૦૦ અને શહેરી વિસ્તાર માટે રૂ.૭૩૦૦ ની આવકની નીચેની આવક ગરીબી રેખા તરીકે જાહેર કરી હતી. અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિઓ માટે ઉપરોક્ત આવકના ૭૫ ટકા આવક એટલે ગ્રામ્ય વિસ્તાર માટે રૂ.૪૮૦૦ અને શહેરી વિસ્તાર માટે રૂ.૫૫૦૦ ની આવક ગરીબી રેખા માટે નક્કી કરી હતી. એ જોતાં સર્વેક્ષણમાં આવરી લીધેલ કુટુંબોમાંથી ૯૧.૦૭ ટકા કુટુંબોની આવક રૂ.૪૮૦૦ કે તેથી ઓછી છે. એનો અર્થ એ કે ૯૧.૦૭ ટકા કુટુંબો ગરીબી રેખા નીચે પોતાનું જીવન વીતાવે છે.

● **જાતિવાર અને આવક જૂથવાર કુટુંબોનું વર્ગીકરણ :**

સર્વેક્ષણમાં આવરી લીધેલ કુટુંબોની જાતિવાર કેટકેટલી આવક છે તે માહિતી પણ લીધી હતી. જાતિવાર અને જૂથવાર સર્વેક્ષણ કરેલ કુટુંબોની આવક કોઠા નં.૩.૬ માં આપવામાં આવી છે. કોઠામાં દર્શાવેલ આંકડાઓ પરથી જણાય છે કે સર્વેક્ષણ કરેલ કુટુંબોમાંથી રાઠવા, પટેલીયા, કોલઘા, રબારી, પારઘી (કચ્છના) પારઘી અડવીચી, ભરવાડ (અનુસૂચિત જનજાતિ) ગોંડ અને બીનવર્ગીકૃત એવી જાતિઓની આર્થિક સ્થિતિ ઘણી જ કપરી હતી. આ જાતિના ૬૦ ટકા કે તેથી વધુ કુટુંબોની વાર્ષિક આવક રૂ.૨૪૦૦ સુધીની હતી. રૂ.૧૦,૦૦૦ કે તેથી વધુ આવક ધરાવનારા કુટુંબોમાં ભીલ (૧૯૪૧) દૂબળા (૭૮૩), ધોડીયા(૩૨), ગામીત (૬૨), નાયકા (૩૩૫), રાઠવા (૩૩૩), ચૌધરી (૧૨), કોંકણા (૨),ધાનકા (૧૫૧), પટેલીઆ (૨), કોળી કચ્છના (૬૯), કોટવાળીયા (૩), રબારી (૧૪), વાઘરી (૪), સીદી (૩૬), કાથોડી (૩), પારઘી કચ્છના (૪), ચારણ(૧૫), ભરવાડ (૧૧), અને બીનવર્ગીકૃતના (૫૦) કુટુંબો હતા. જ્યારે કુનબી, વારલી, કોલઘા, પારઘી, અડવીચી, બાવચા, ગોંડ અને બરડા કુટુંબોમાંથી કોઈપણ કુટુંબની આવક રૂ.૧૦૦૦૧ કે તેથી વધુમાં નથી.

કોઠા નં. ૩.૬

જાતિવાર અને આવક જૂથવાર સર્વેક્ષણ થયેલ કુટુંબોનું વર્ગીકરણ

| ક્રમ | જાતિ | આવકજૂથ | | | | | | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|
| | | રૂા. ૨૪૦૦ સુધી | રૂા. ૨૪૦૧ થી ૩૬૦૦ | રૂા. ૩૬૦૧ થી ૪૮૦૦ | રૂા. ૪૮૦૧ થી ૭૨૦૦ | રૂા.૭૨૦૧ થી ૧૦૦૦૦ | રૂા. ૧૦૦૦૧ કે તેથી વધુ | |
| ૧. | ભીલ / ભીલ ગરાસીયા/ડુંગરીભીલ | ૧૨૩૩૧<br>(૩૫.૮૮) | ૭૪૦૨<br>(૨૧.૫૨) | ૫૩૪૭<br>(૧૫.૫૬) | ૫૦૩૯<br>(૧૪.૬૬) | ૨૩૧૨<br>(૬.૭૩) | ૧૯૪૨<br>(૫.૬૫) | ૩૪૩૭૨<br>(૧૦૦.૦૦) |
| ૨. | દૂધળા / હળપતિ તળાવિયા | ૯૯૧૮<br>(૪૪.૯૫) | ૫૦૮૦<br>(૨૩.૦૨) | ૨૬૫૫<br>(૧૨.૦૩) | ૨૬૯૦<br>(૧૨.૧૯) | ૯૩૯<br>(૪.૨૬) | ૭૮૩<br>(૩.૫૫) | ૨૨૦૬૫<br>(૧૦૦.૦૦) |
| ૩. | ધોડિયા | ૨૯૨<br>(૫૪.૭૮) | ૫૪<br>(૧૦.૧૪) | ૪૦<br>(૭.૫૧) | ૮૨<br>(૧૫.૩૮) | ૩૩<br>(૬.૧૯) | ૩૨<br>(૬.૦૦) | ૫૩૩<br>(૧૦૦.૦૦) |
| ૪. | ગામિત/ગાવીત | ૩૨૪<br>(૩૫.૨૯) | ૧૭૧<br>(૧૮.૬૩) | ૧૫૯<br>(૧૭.૩૨) | ૧૫૪<br>(૧૬.૭૮) | ૪૮<br>(૫.૨૩) | ૬૨<br>(૬.૭૫) | ૯૧૮<br>(૧૦૦.૦૦) |
| ૫. | નાયકા/નાયકડા કાપડિયા | ૫૭૯૮<br>(૫૮.૮૩) | ૧૪૪૩<br>(૧૪.૬૪) | ૭૯૮<br>(૮.૧૦) | ૯૭૭<br>(૯.૯૧) | ૫૦૫<br>(૫.૧૨) | ૩૩૫<br>(૩.૪૦) | ૯૮૫૬<br>(૧૦૦.૦૦) |
| ૬. | રાઠવા | ૭૨૪૩<br>(૭૧.૯૩) | ૧૦૪૯<br>(૧૦.૪૨) | ૬૭૬<br>(૬.૭૧) | ૬૫૪<br>(૬.૫૦) | ૧૧૪<br>(૧.૧૩) | ૩૩૩<br>(૩.૩૧) | ૧૦૦૬૯<br>(૧૦૦.૦૦) |

કોઠા નં. ૩.૬ (ચાલુ)

જાતિવાર અને આવક જૂથવાર સર્વેક્ષણ થયેલ કુટુંબોનું વર્ગીકરણ

| ક્રમ | જાતિ | આવકજૂથ | | | | | | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|
| | | રૂા. ૨૪૦૦ સુધી | રૂા. ૨૪૦૧ થી ૩૬૦૦ | રૂા. ૩૬૦૧ થી ૪૮૦૦ | રૂા. ૪૮૦૧ થી ૭૨૦૦ | રૂા.૭૨૦૧ થી ૧૦૦૦૦ | રૂા. ૧૦૦૦૧ કે તેથી વધુ | |
| ૭. | ચૌધરી/ ચૌધરા | ૨૩૨<br>(૫૬.૩૧) | ૭૧<br>(૧૭.૨૩) | ૧૮<br>(૪.૩૭) | ૪૦<br>(૯.૭૧) | ૩૯<br>(૯.૪૭) | ૧૨<br>(૨.૯૧) | ૪૧૨<br>(૧૦૦.૦૦) |
| ૮. | કોંકણા / કુંકણી-કુંકણા | ૪૭<br>(૫૯.૪૯) | ૧૦<br>(૧૨.૬૬) | ૪<br>(૫.૦૬) | ૧૪<br>(૧૭.૭૩) | ૨<br>(૨.૫૩) | ૨<br>(૨.૫૩) | ૭૯<br>(૧૦૦.૦૦) |
| ૯. | કુનબી | ૧<br>(૩૩.૩૩) | ૧<br>(૩૩.૩૩) | ૧<br>(૩૩.૩૩) | - | - | - | ૩ |
| ૧૦. | ધાનકા (તડવી-તેતરીયા) | ૨૩૭૪<br>(૩૮.૧૭) | ૧૭૫૧<br>(૨૮.૧૬) | ૯૮૬<br>(૧૫.૮૫) | ૬૬૦<br>(૧૦.૬૧) | ૨૯૭<br>(૪.૭૮) | ૧૫૧<br>(૨.૪૩) | ૬૨૧૯<br>(૧૦૦.૦૦) |
| ૧૧. | વારલી | ૨૬<br>(૧૦૦.૦૦) | - | - | - | - | - | ૨૬<br>(૧૦૦.૦૦) |
| ૧૨. | પટેલીયા | ૪૧૭<br>(૭૮.૨૪) | ૩૫<br>(૬.૫૭) | ૩૬<br>(૬.૭૫) | ૩૬<br>(૬.૭૫) | ૭<br>(૧.૩૧) | ૨<br>(૦.૩૮) | ૫૩૩<br>(૧૦૦.૦૦) |

કોઠા નં. ૩.૬ (ચાલુ)

જાતિવાર અને આવક જૂથવાર સર્વેક્ષણ થયેલ કુટુંબોનું વર્ગીકરણ

| ક્રમ | જાતિ | આવકજૂથ | | | | | | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|
| | | રૂા. ૨૪૦૦ સુધી | રૂા. ૨૪૦૧ થી ૩૬૦૦ | રૂા. ૩૬૦૧ થી ૪૮૦૦ | રૂા. ૪૮૦૧ થી ૭૨૦૦ | રૂા.૭૨૦૧ થી ૧૦૦૦૦ | રૂા. ૧૦૦૦૧ કે તેથી વધુ | |
| ૧૩. | કોળીઢોર/કોલઘા કોલચા/ટોકરે કોળી | ૪૧૮ (૭૮.૫૭) | ૭૪ (૧૩.૯૧) | ૩૩ (૬.૨૦) | ૬ (૧.૧૩) | ૧ (૦.૧૯) | - - | ૫૩૨ (૧૦૦.૦૦) |
| ૧૪. | કોળી (કચ્છના) | ૧૭૧૬ (૩૮.૮૦) | ૧૫૨૫ (૩૪.૪૮) | ૬૪૧ (૧૪.૪૯) | ૩૭૨ (૮.૪૧) | ૧૦૦ (૨.૨૬) | ૬૯ (૧.૫૬) | ૪૪૨૩ (૧૦૦.૦૦) |
| ૧૫. | કોટવાલીયા/વીટોલીયા વાંસફોડીયા | ૧૩ (૩૯.૩૯) | ૫ (૧૫.૧૫) | ૩ (૯.૦૯) | ૭ (૨૧.૨૨) | ૨ (૬.૦૬) | ૩ (૯.૦૯) | ૩૩ (૧૦૦.૦૦) |
| ૧૬. | રબારી | ૨૬૫ (૬૪.૦૧) | ૭૧ (૧૭.૧૫) | ૩૭ (૮.૯૪) | ૧૯ (૪.૫૯) | ૮ (૧.૯૩) | ૧૪ (૩.૩૮) | ૪૧૪ (૧૦૦.૦૦) |
| ૧૭. | વાઘરી | ૧૩૯ (૫૬.૨૮) | ૩૭ (૧૪.૯૮) | ૩૪ (૧૩.૭૭) | ૨૫ (૧૦.૧૨) | ૮ (૩.૨૪) | ૪ (૧.૬૧) | ૨૪૭ (૧૦૦.૦૦) |
| ૧૮. | સીદ્દી | ૩૯ (૯.૯૦) | ૩૨ (૮.૧૨) | ૨૭ (૬.૮૫) | ૧૨૭ (૩૨.૨૩) | ૧૩૩ (૩૩.૭૬) | ૩૬ (૯.૧૪) | ૩૯૪ (૧૦૦.૦૦) |

### કોઠા નં. ૩.૬ (ચાલુ)

### જાતિવાર અને આવક જૂથવાર સર્વેક્ષણ થયેલ કુટુંબોનું વર્ગીકરણ

| ક્રમ | જાતિ | આવકજૂથ | | | | | | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|
| | | રૂ. ૨૪૦૦ સુધી | રૂ. ૨૪૦૧ થી ૩૬૦૦ | રૂ. ૩૬૦૧ થી ૪૮૦૦ | રૂ. ૪૮૦૧ થી ૭૨૦૦ | રૂ.૭૨૦૧ થી ૧૦૦૦૦ | રૂ. ૧૦૦૦૧ કે તેથી વધુ | |
| ૧૯. | કાથોડી / કાતકરી | ૩૨ (૪૨.૧૧) | ૧૨ (૧૫.૭૯) | ૧૪ (૧૮.૪૨) | ૧૧ (૧૪.૪૭) | ૪ (૫.૨૬) | ૩ (૩.૯૫) | ૭૬ (૧૦૦.૦૦) |
| ૨૦. | પારધી (કચ્છના) | ૧૯૧ (૮૭.૬૨) | ૧૫ (૬.૮૮) | ૬ (૨.૭૫) | ૧ (૦.૪૬) | ૧ (૦.૪૬) | ૪ (૧.૮૩) | ૨૧૮ (૧૦૦.૦૦) |
| ૨૧. | પારધી, અડવીચી ફણસી | ૮ (૧૦૦.૦૦) | - | - | - | - | - | ૮ (૧૦૦.૦૦) |
| ૨૨. | બાવચા / બામચા | ૨ (૨૮.૫૭) | ૨ (૨૮.૫૭) | ૧ (૧૪.૨૯) | ૨ (૨૮.૫૭) | - | - | ૭ (૧૦૦.૦૦) |
| ૨૩ | ચારણ (અ.જ.જાતિ) | ૬ (૧૨.૫૦) | ૮ (૧૬.૬૭) | ૧૨ (૨૫.૧૦) | ૪ (૮.૩૩) | ૩ (૬.૨૫) | ૧૫ (૩૧.૨૫) | ૪૮ (૧૦૦.૦૦) |
| ૨૪. | ભરવાડ (અ.જ.જાતિ) | ૬૩ (૭૪.૭૫) | - | - | ૨ (૨.૫૩) | ૩ (૩.૮૦) | ૧૧ (૧૩.૯૨) | ૭૯ (૧૦૦.૦૦) |

કોઠા નં. ૩.૬ (ચાલુ)

જાતિવાર અને આવક જૂથવાર સર્વેક્ષણ થયેલ કુટુંબોનું વર્ગીકરણ

| ક્રમ | જાતિ | આવકજૂથ | | | | | | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|
| | | રૂા. ૨૪૦૦ સુધી | રૂા. ૨૪૦૧ થી ૩૬૦૦ | રૂા. ૩૬૦૧ થી ૪૮૦૦ | રૂા. ૪૮૦૧ થી ૭૨૦૦ | રૂા.૭૨૦૧ થી ૧૦૦૦૦ | રૂા. ૧૦૦૦૧ કે તેથી વધુ | |
| ૨૫. | ગોંડ/ રાજગોંડ | ૧ (૧૦૦.૦૦) | - | - | - | - | - | ૧ (૧૦૦.૦૦) |
| ૨૬. | બરડા | ૨ (૧૧.૭૬) | ૧૫ (૮૮.૨૪) | - | - | - | - | ૧૭ (૧૦૦.૦૦) |
| ૨૭. | બીન વર્ગીકૃત | ૧૪૬૦ (૬૨.૧૩) | ૩૩૩ (૧૪.૧૭) | ૨૦૯ (૮.૮૯) | ૧૬૬ (૭.૦૬) | ૧૩૨ (૫.૬૨) | ૫૦ (૨.૧૩) | ૨૩૫૦ (૧૦૦.૦૦) |
| | કુલ | ૪૩૩૫૮ (૪૬.૧૬) | ૧૯૧૯૬ (૨૦.૪૪) | ૧૧૭૩૭ (૧૨.૫૦) | ૧૧૦૮૮ (૧૧.૮૦) | ૪૬૯૧ (૪.૯૯) | ૩૮૬૨ (૪.૧૧) | ૯૩૯૩૨ (૧૦૦.૦૦) |

**વાર્ષિક વપરાશી ખર્ચ :**

સર્વેક્ષણમાં આવરી લીધેલ કુટુંબો પાસેથી આવકની જેમ વાર્ષિક વપરાશી ખર્ચની માહિતી મેળવવામાં આવી હતી. સર્વેક્ષણ કરેલ કુટુંબોનું વાર્ષિક ખર્ચના જૂથ પ્રમાણે વર્ગીકરણ કોઠા નં.૩.૭ માં આપવામાં આવ્યું છે. આ ખર્ચ ખાધા ખોરાકી, સામાજિક-ધાર્મિક પ્રસંગો અને આરોગ્ય પાછળના હતા. શિક્ષણ પાછળ ખર્ચ બહુ જ ઓછો થતો હોય તેવું દેખાયું છે.

**કોઠા નં.૩.૭**

**વાર્ષિક ખર્ચ જૂથ પ્રમાણે કુટુંબોનું વર્ગીકરણ**

| ક્રમ | વાર્ષિક ખર્ચ જૂથ | કુટુંબ સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | રૂા.૨૪૦૦ સુધી | ૪૩૩૫૮ | ૪૬.૧૬ |
| ૨. | રૂા.૨૪૦૧ થી ૩૬૦૦ | ૧૯૧૯૬ | ૨૦.૪૪ |
| ૩. | રૂા.૩૬૦૧ થી ૪૮૦૦ | ૧૧૭૩૭ | ૧૨.૫૦ |
| ૪. | રૂા.૪૮૦૧ થી ૭૨૦૦ | ૧૧૦૮૮ | ૧૧.૮૦ |
| ૫. | રૂા.૭૨૦૧ થી ૧૦,૦૦૦ | ૪૬૯૧ | ૪.૯૯ |
| ૬. | રૂા.૧૦,૦૦૦ થી વધુ | ૩૮૬૨ | ૪.૧૧ |
| | કુલ | ૯૩૯૩૨ | ૧૦૦.૦૦ |

કોઠા નં.૩.૭ પરથી જણાય છે કે સર્વેક્ષણમાં આવરી લીધેલા કુલ ૯૩૯૩૨ કુટુંબોમાંથી ૪૬.૧૬ ટકા કુટુંબોની વાર્ષિક વપરાશી ખર્ચ રૂા.૨૪૦૦ સુધીનો હતો. ૨૦.૪૪ ટકા કુટુંબોનો વાર્ષિક ખર્ચ રૂા.૨૪૦૧ થી રૂા.૩૬૦૦ સુધીનો હતો. ૧૨.૫૦ ટકા કુટુંબોનો ખર્ચ રૂા.૩૬૦૧ થી રૂા.૪૮૦૦ સુધીનો હતો. ૪૮૦૧ થી ૭૨૦૦ સુધીનો ખર્ચ કરતા ૧૧.૮૦ ટકા કુટુંબો હતા. ૪.૯૯ ટકા કુટુંબોનો ખર્ચ રૂા.૭૨૦૧ થી ૧૦,૦૦૦ સુધીનો હતો. માત્ર ૪.૧૧ ટકા કુટુંબોનો વાર્ષિક વપરાશી ખર્ચ રૂા.૧૦,૦૦૧ થી વધુ હતો.

સર્વેક્ષણમાં આવરી લીધેલ કુટુંબોનો સરાસરી વાર્ષિક વપરાશી ખર્ચ રૂા.૩૭૯૫ હતો.

**● જાતિવાર અને ખર્ચ જૂથવાર કુટુંબોનું વર્ગીકરણ :**

આવકની જેમ ખર્ચની વિગતો પણ જાતિવાર લીધી છે કે જે કોઠા નં.૩.૮ માં આપવામાં આવી છે.

કોઠા નં. ૩.૮

જાતિ પ્રમાણે ખર્ચ જૂથવાર સર્વેક્ષણ કરેલ કુટુંબોનું વર્ગીકરણ

| ક્રમ | જાતિ | ખર્ચ જૂથ | | | | | | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|
| | | રૂા. ૨૪૦૦ સુધી | રૂા. ૨૪૦૧ થી ૩૬૦૦ | રૂા. ૩૬૦૧ થી ૪૮૦૦ | રૂા. ૪૮૦૧ થી ૭૨૦૦ | રૂા.૭૨૦૧ થી ૧૦૦૦૦ | રૂા. ૧૦૦૦૧ કે તેથી વધુ | |
| ૧. | ભીલ / ભીલ ગરાસીયા/ડુંગરીભીલ | ૨૩૧૬૯ (૬૭.૪૧) | ૫૫૨૩ (૧૬.૦૭) | ૨૩૪૫ (૬.૮૨) | ૨૦૬૯ (૬.૦૨) | ૮૧૯ (૨.૩૮) | ૪૪૭ (૧.૩૦) | ૩૪૩૭૨ (૧૦૦.૦૦) |
| ૨. | દૂધળા / હળપતિ તળાવિયા | ૧૪૭૮૧ (૬૬.૯૯) | ૨૬૭૮ (૧૨.૧૪) | ૧૭૯૬ (૮.૧૪) | ૧૪૬૦ (૬.૬૨) | ૮૪૬ (૩.૮૩) | ૫૦૪ (૨.૨૮) | ૨૨૦૬૫ (૧૦૦.૦૦) |
| ૩. | ધોડિયા | ૪૧૫ (૭૭.૮૬) | ૪૩ (૮.૦૮) | ૨૧ (૩.૯૪) | ૧૯ (૩.૫૬) | ૧૮ (૩.૩૭) | ૧૭ (૩.૬૯) | ૫૩૩ (૧૦૦.૦૦) |
| ૪. | ગામિત/ગાવીત | ૪૪૪ (૪૮.૩૭) | ૧૪૬ (૧૫.૯૦) | ૧૨૮ (૧૩.૯૪) | ૧૧૨ (૧૨.૨૦) | ૩૮ (૪.૧૪) | ૫૦ (૫.૪૫) | ૯૧૮ (૧૦૦.૦૦) |
| ૫. | નાયકા/નાયકડા કાપડિયા | ૮૧૦૪ (૮૨.૨૩) | ૭૩૫ (૭.૪૬) | ૫૦૪ (૫.૧૧) | ૩૨૭ (૩.૩૨) | ૯૬ (૦.૯૭) | ૯૦ (૦.૯૧) | ૯૮૫૬ (૧૦૦.૦૦) |
| ૬. | રાઠવા | ૮૭૪૩ (૮૬.૮૩) | ૬૬૦ (૬.૫૫) | ૨૪૯ (૨.૪૭) | ૨૯૬ (૨.૪૭) | ૬૫ (૦.૬૫) | ૫૬ (૦.૫૬) | ૧૦૦૬૯ (૧૦૦.૦૦) |

કોઠા નં. ૩.૮ (ચાલુ)

જાતિ પ્રમાણે ખર્ચ જૂથવાર સર્વેક્ષણ કરેલ કુટુંબોનું વર્ગીકરણ

| ક્રમ | જાતિ | ખર્ચ જૂથ | | | | | | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|
| | | રૂા. ૨૪૦૦ સુધી | રૂા. ૨૪૦૧ થી ૩૬૦૦ | રૂા. ૩૬૦૧ થી ૪૮૦૦ | રૂા. ૪૮૦૧ થી ૭૨૦૦ | રૂા.૭૨૦૧ થી ૧૦૦૦૦ | રૂા. ૧૦૦૦૧ કે તેથી વધુ | |
| ૭. | ચૌધરી/ ચૌધરા | ૩૫૮ (૮૬.૮૯) | ૨૨ (૫.૩૪) | ૧૩ (૩.૧૬) | ૧૨ (૨.૯૧) | ૨ (૦.૪૯) | ૫ (૧.૨૧) | ૪૧૨ (૧૦૦.૦૦) |
| ૮. | કોંકણા / કુંકણી-કુંકણા | ૪૯ (૬૨.૦૩) | ૫ (૬.૩૩) | ૧૯ (૨૪.૦૫) | ૬ (૭.૫૯) | - | - | ૭૯ (૧૦૦.૦૦) |
| ૯. | કુનબી | ૩ (૧૦૦.૦૦) | - | - | - | - | - | ૩ (૧૦૦.૦૦) |
| ૧૦. | ધાનકા (તડવી-તેતરીયા) | ૪૪૮૨ (૭૨.૦૭) | ૧૦૬૪ (૧૭.૧૧) | ૩૮૭ (૬.૨૨) | ૧૯૫ (૩.૧૪) | ૪૪ (૦.૭૧) | ૪૭ (૦.૭૬) | ૩ (૧૦૦.૦૦) |
| ૧૧. | વારલી | ૨૬ (૧૦૦.૦૦) | - | - | - | - | - | ૨૬ (૧૦૦.૦૦) |
| ૧૨. | પટેલીયા | ૩૪૫ (૬૪.૭૩) | ૧૩૨ (૨૪.૭૭) | ૩૧ (૫.૮૨) | ૨૧ (૩.૯૪) | ૩ (૦.૫૬) | ૧ (૦.૧૮) | ૫૩૩ (૧૦૦.૦૦) |

કોઠા નં. ૩.૮ (ચાલુ)

જાતિ પ્રમાણે ખર્ચ જૂથવાર સર્વેક્ષણ કરેલ કુટુંબોનું વર્ગીકરણ

| ક્રમ | જાતિ | ખર્ચ જૂથ | | | | | | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|
| | | રૂ. ૨૪૦૦ સુધી | રૂ. ૨૪૦૧ થી ૩૬૦૦ | રૂ. ૩૬૦૧ થી ૪૮૦૦ | રૂ. ૪૮૦૧ થી ૭૨૦૦ | રૂ.૭૨૦૧ થી ૧૦૦૦૦ | રૂ. ૧૦૦૦૧ કે તેથી વધુ | |
| ૧૩. | કોળીઢોર/કોલઘા કોલચા/ટોકરે કોળી | ૪૮૪ (૯૦.૯૮) | ૨૫ (૪.૭૦) | ૧૧ (૨.૦૭) | ૪ (૦.૭૫) | ૮ (૧.૫૦) | - | ૮૩૨ (૧૦૦.૦૦) |
| ૧૪. | કોળી (કચ્છના) | ૨૩૮૩ (૫૩.૮૮) | ૧૩૯૩ (૩૧.૪૯) | ૨૭૬ (૬.૨૪) | ૨૪૬ (૫.૫૬) | ૫૦ (૧.૧૩) | ૭૫ (૧.૭૦) | ૪૪૨૩ (૧૦૦.૦૦) |
| ૧૫. | કોટવાલીયા/વીટોલીયા વાંસફોડીયા | ૩૧ (૯૩.૯૪) | ૧ (૩.૦૩) | ૧ (૩.૦૩) | - | - | - | ૩૩ (૧૦૦.૦૦) |
| ૧૬. | રબારી | ૨૭૫ (૬૬.૪૩) | ૭૧ (૧૭.૧૫) | ૨૪ (૫.૮૦) | ૨૨ (૫.૩૧) | ૨૨ (૫.૩૧) | - | ૪૧૪ (૧૦૦.૦૦) |
| ૧૭. | વાઘરી | ૧૩૯ (૫૬.૨૯) | ૩૨ (૧૨.૯૬) | ૩૮ (૧૫.૩૮) | ૩૧ (૧૨.૫૫) | ૨૨ (૫.૩૧) | - | ૪૧૪ (૧૦૦.૦૦) |
| ૧૮. | સીદ્દી | ૩૯૨ (૯૯.૫૦) | ૧ (૦.૨૫) | ૧ (૦.૨૫) | - | - | - | ૩૯૪ (૧૦૦.૦૦) |

કોઠા નં. ૩.૮ (ચાલુ)

જાતિ પ્રમાણે ખર્ચ જૂથવાર સર્વેક્ષણ કરેલ કુટુંબોનું વર્ગીકરણ

| ક્રમ | જાતિ | ખર્ચ જૂથ | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | રૂા. ૨૪૦૦ સુધી | રૂા. ૨૪૦૧ થી ૩૬૦૦ | રૂા. ૩૬૦૧ થી ૪૮૦૦ | રૂા. ૪૮૦૧ થી ૭૨૦૦ | રૂા.૭૨૦૧ થી ૧૦૦૦૦ | રૂા. ૧૦૦૦૧ કે તેથી વધુ | કુલ |
| ૧૯. | કાથોડી / કાતકરી | ૭૬ (૧૦૦.૦૦) | - | - | - | - | - | ૭૬ ૧૦૦.૦૦) |
| ૨૦. | પારઘી (કચ્છના) | ૧૮૦ (૮૨.૫૬) | ૨૨ (૧૦.૦૯) | ૧૧ (૫.૦૫) | ૩ (૧.૩૮) | ૨ (૦.૯૨) | - | ૨૧૮ (૧૦૦.૦૦) |
| ૨૧. | પારઘી, અડવીચી ફણસી | ૪ (૫૦.૧૦) | ૪ (૫૦.૧૦) | - | - | - | - | ૮ (૧૦૦.૦૦) |
| ૨૨. | બાવચા / બામચા | ૫ (૭૧.૪૩) | ૨ | - | - | - | - | ૭ (૧૦૦.૦૦) |
| ૨૩ | ચારણ (અ.જ.જાતિ) | ૨૨ (૪૫.૮૩) | ૭ (૧૪.૫૮) | ૮ (૧૬.૬૭) | ૩ (૬.૨૫) | ૨ (૪.૧૭) | ૬ (૧૨.૫૦) | ૪૮ (૧૦૦.૦૦) |
| ૨૪. | ભરવાડ (અ.જ.જાતિ) | ૭૭ (૯૭.૪૭) | ૨ (૨.૫૩) | - | - | - | - | ૭૯ (૧૦૦.૦૦) |

કોઠા નં. ૩.૮ (ચાલુ)

જાતિ પ્રમાણે ખર્ચ જૂથવાર સર્વેક્ષણ કરેલ કુટુંબોનું વર્ગીકરણ

| ક્રમ | જાતિ | ખર્ચ જૂથ | | | | | | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|
| | | રૂા. ૨૪૦૦ સુધી | રૂા. ૨૪૦૧ થી ૩૬૦૦ | રૂા. ૩૬૦૧ થી ૪૮૦૦ | રૂા. ૪૮૦૧ થી ૭૨૦૦ | રૂા.૭૨૦૧ થી ૧૦૦૦૦ | રૂા. ૧૦૦૦૧ કે તેથી વધુ | |
| ૨૫. | ગોંડ/ રાજગોંડ | ૧ (૧૦૦.૦૦) | - | - | - | - | - | ૧ (૧૦૦.૦૦) |
| ૨૬. | બરડા | ૨ (૧૧.૭૬) | ૧૫ (૮૮.૨૪) | - | - | - | - | ૧૭ (૧૦૦.૦૦) |
| ૨૭. | બીન વર્ગીકૃત | ૧૫૯૬ (૬૭.૯૨) | ૩૭૪ (૧૫.૯૧) | ૧૩૯ (૫.૯૧) | ૧૬૬ (૭.૦૬) | ૪૯ (૨.૦૯) | ૨૬ (૧.૧૧) | ૨૩૫૦ (૧૦૦.૦૦) |
| | કુલ | ૬૬૫૮૬ (૭૦.૮૯) | ૧૨૯૫૭ (૧૩.૭૯) | ૬૦૦૨ (૬.૩૯) | ૪૯૯૨ (૫.૩૨) | ૨૦૬૮ (૨.૨૦) | ૧૩૨૭ (૧.૪૧) | ૯૩૯૩૨ (૧૦૦.૦૦) |

કોઠા નં.૩.૮ જોતાં ખ્યાલ આવશે કે રૂા.૨૪૦૦ સુધીના ખર્ચમાં પોતાના કુટુંબનું ગુજરાન ચલાવનારની સંખ્યા વધુ એટલે કે ૭૦.૮૯ ટકા છે. તેમને માસિક રૂા.૨૦૦ નો ખર્ચ પોતાના કુટુંબ પાછળ થાય છે. સર્વેક્ષણમાં સરાસરી કદ પાંચ ઉપર છે. પાંચની સંખ્યા લઈએ તો પણ એક વ્યક્તિ રૂા.૪૦/- પોતાનું ખાવા પીવાનું અને અન્ય જરુરિયાતો પુરી કરે છે. અત્યારના મોંઘવારીના સમયમાં રૂા.૪૦/- શું થઈ શકે તેનાથી બૃહદ સમાજ તો વાકેફ છે. કયારેક આ આંકડાઓ અતિશયોક્તિ ભરેલા લાગે પરંતુ જો આદિવાસી કુટુંબોની મુલાકાત લેવામાં આવે અને તેનું ચિત્ર જોવામાં આવે તો ખ્યાલ આવે કે આ લોકો કઈ રીતે રહે છે ?

● દેવું :

સર્વેક્ષણમાં આવરી લીધેલ જિલ્લાઓમાં દેવા વિષયક માહિતી મેળવવામાં આવી હતી. સામાન્ય રીતે વ્યક્તિ કુટુંબ ઉપર દેવું કેટલું છે તેની માહિતી મેળવવી ઘણી જ મુશ્કેલ છે. દેવા અંગેની માહિતી તેઓ આપવાનો ઈન્કાર કરતા ન હોવા છતાં માહિતી આપતા ખચકાતા હતા અને ક્ષોભ અનુભવતા હતા. તો કોઈ કુટુંબો પોતાની ઉપર દેવું વધુ છે તેમ પણ જણાવતા હતા.

સર્વેક્ષણમાં આવરી લીધેલ ૯૩૯૩૨ કુટુંબોમાંથી ૨૨૪૫૬ (૨૩.૯૧ ટકા)કુટુંબો દેવાદાર હતા. જિલ્લાવાર સર્વેક્ષણ કરેલ કુટુંબોમાંથી કેટલા કુટુંબોને દેવું છે તેની વિગત કોઠા નં.૩.૯ માં આપવામાં આવી છે.

કોઠા નં.૩.૯

જિલ્લાવાર દેવાદાર કુટુંબની સંખ્યા

| ક્રમ | જિલ્લો સંખ્યા | કુલ કુટુંબ ની સંખ્યા | દેવાદાર કુટુંબ કુટુંબના ટકા | કુલ કુટુંબોમાંથી દેવાદાર |
|---|---|---|---|---|
| ૧. | જામનગર | ૩૩૦ | ૧૭૦ | ૫૧.૫૨ |
| ૨. | ભાવનગર | ૫૫ | ૫ | ૯.૦૯ |
| ૩. | જૂનાગઢ | ૯૧૬ | ૧૬૩ | ૧૭.૭૯ |
| ૪. | કચ્છ | ૬૯૪૮ | ૧૭૮૧ | ૨૫.૬૩ |
| ૫. | અમદાવાદ | ૪૬૦ | ૨૧૧ | ૪૫.૮૭ |
| ૬. | મહેસાણા | ૭૩ | ૨૬ | ૩૫.૬૨ |
| ૭. | ખેડા | ૪૦૯૪ | ૧૦૫૬ | ૨૫.૭૯ |
| ૮. | સાબરકાંઠા | ૧૮૮૯ | ૬૫૩ | ૩૪.૫૭ |
| ૯. | બનાસકાંઠા | ૧૭૭૮ | ૪૭૭ | ૨૬.૮૩ |

| ક્રમ | જિલ્લો સંખ્યા | કુલ કુટુંબ ની સંખ્યા | દેવાદાર કુટુંબ કુટુંબના ટકા | કુલ કુટુંબોમાંથી દેવાદાર |
|---|---|---|---|---|
| ૧૦. | પંચમહાલ | ૮૩૧૩ | ૨૬૫૧ | ૩૧.૮૯ |
| ૧૧. | વલસાડ | ૬૫૬૯ | ૧૪૮૨ | ૨૨.૫૬ |
| ૧૨. | સુરત | ૧૨૨૪૯ | ૨૩૨૮ | ૧૯.૦૦ |
| ૧૩. | ભરૂચ | ૧૫૯૪૦ | ૪૦૦૯ | ૨૫.૧૫ |
| ૧૪. | વડોદરા | ૩૪૩૧૮ | ૭૪૪૪ | ૨૧.૬૯ |
| | કુલ | ૯૩૯૩૨ | ૨૨૪૫૬ | ૨૩.૯૧ |

કોઠા નં.૩.૯ પરથી જણાય છે કે સર્વેક્ષણમાં આવરી લીધેલ કુટુંબોમાંથી સરેરાશ ૨૩.૯૧ ટકા કુટુંબો દેવાદાર હતા. સૌથી વધુ દેવાદાર કુટુંબો જામનગર જિલ્લામાં (૫૧.૫૨ ટકા) હતા અને સૌથી ઓછા દેવાદાર કુટુંબો ભાવનગર જિલ્લામાં (૯.૦૯ ટકા) હતા. સરેરાશ દેવાદાર કુટુંબોની સંખ્યા કરતાં વધું દેવું હોય તેવા જિલ્લા જામનગર, કચ્છ, અમદાવાદ, મહેસાણા, ખેડા, સાબરકાંઠા, બનાસકાંઠા, પંચમહાલ અને ભરૂચ હતા. સાથે તપાસ અને ચર્ચા દ્વારા એવું પણ જાણવા મળ્યું કે જે કુટુંબોને દેવું નથી તેમની સ્થિતિ સારી હોય તેવું નથી પરંતુ કેટલીક જાતિના કુટુંબો એવા છે કે પોતાની પાસે કશી જ મિલકત ન હોવાથી તેમને કોઈ પૈસા આપતા નથી. તપાસ દરમિયાન એવું જાણવા મળ્યું કે મોટાભાગનાનું દેવું શાહુકાર, વેપારી, બેંક અને સગાંસંબંધીનું હતું. સામાન્ય રીતે ઘરખર્ચ અને કુટુંબના સામાજિક પ્રસંગો ઉકેલવા માટે દેવું કરતા હતા. આમ મોટાભાગનાનું દેવું બિન ઉત્પાદકીય હતું.

● જાતિવાર દેવું :

સર્વેક્ષણમાં જિલ્લાવાર કેટલા કુટુંબો દેવાદાર છે તેની વિગતો સાથે કઈ જાતિના કુટુંબોને કેટલું દેવું છે તે વિગતો પણ લીધી હતી. જાતિવાર કેટલા કુટુંબોને કેટલું દેવું છે તેની વિગત કોઠા નં. ૩.૧૦ માં આપવામાં આવી છે.

કોઠા નં. ૩.૧૦

જાતિ પ્રમાણે સર્વેક્ષણ થયેલ કુટુંબોનું દેવાજૂથ પ્રમાણે વર્ગીકરણ (રૂપિયામાં)

| ક્રમ | જાતિ | કુલ કુટુંબ સંખ્યા | દેવાદાર કુટુંબ સંખ્યા | રૂા.૧૦૦૦ સુધી | રૂા. ૧૦૦૧થી ૬૨૦૦ | રૂા.૨૦૦૧ થી ૭૩૦૦ | રૂા.૩૦૦૧ થી ૮૪૦૦ | રૂા.૪૦૦૧ થી ૯૫૦૦ | રૂા.૫૦૦૧ કે તેથી વધુ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | ભીલ / ભીલ ગરાસીયા/ડુંગરીભીલ | ૩૪૩૭૨ | ૮૭૦૨ (૨૫.૩૨) | ૩૨૯૧ (૩૭.૮૨) | ૨૧૮૯ (૨૫.૧૬) | ૧૫૮૬ (૧૮.૨૩) | ૬૦૬ (૬.૯૬) | ૪૫૨ (૫.૧૯) | ૫૭૮ (૬.૬૪) |
| ૨. | દૂધળા / હળપતિ તળાવિયા | ૨૨૦૬૫ | ૪૮૯૮ (૨૨.૨૦) | ૨૩૭૯ (૪૮.૫૭) | ૧૨૨૧ (૨૪.૯૩) | ૬૦૬ (૧૨.૩૭) | ૨૮૦ (૫.૭૨) | ૨૨૮ (૪.૬૫) | ૧૮૪ (૩.૭૬) |
| ૩. | ધોડિયા | ૫૩૩ | ૧૧૩ (૨૧.૨૦) | ૫૩ (૫૦.૪૪) | ૩૦ (૭.૦૮) | ૮ (૭.૦૮) | ૧૧ (૯.૭૩) | ૪ (૩.૫૪) | ૩ (૨.૬૬) |
| ૪. | ગામિત/ગાવીત | ૯૧૮ | ૧૦૨ (૧૧.૧૧) | ૪૪ (૪૩.૧૪) | ૧૮ (૭.૬૫) | ૧૦ (૯.૮૦) | ૧ (૦.૯૮) | ૨ (૧.૯૬) | ૨૭ (૨૬.૪૭) |
| ૫. | નાયકા/નાયકડા કાપડિયા | ૯૮૫૬ | ૨૫૩૭ (૨૫.૭૪) | ૧૩૪૪ (૫૨.૯૮) | ૭૦૭ (૨૭.૮૬) | ૩૧૩ (૧૨.૩૪) | ૫૭ (૨.૨૫) | ૭૫ (૨.૯૬) | ૪૧ (૧.૬૧) |
| ૬. | રાઠવા | ૧૦૦૬૯ | ૨૨૯૫ (૨૨.૭૯) | ૫૮૫ (૨૫.૪૯) | ૫૪૭ (૨૩.૮૩) | ૪૧૨ (૧૭.૦૫) | ૨૫૪ (૧૧.૦૭) | ૧૮૯ (૮.૨૪) | ૩૦૮ (૧૩.૪૨) |

કોઠા નં. ૩.૧૦ (ચાલુ)

જાતિ પ્રમાણે સર્વેક્ષણ થયેલ કુટુંબોનું દેવાજૂથ પ્રમાણે વર્ગીકરણ (રૂપિયામાં)

| ક્રમ | જાતિ | કુલ કુટુંબ સંખ્યા | દેવાદાર કુટુંબ સંખ્યા | રૂા.૧૦૦૦ સુધી | રૂા. ૧૦૦૧થી ૬૨૦૦ | રૂા.૨૦૦૧ થી ૭૩૦૦ | રૂા.૩૦૦૧ થી ૮૪૦૦ | રૂા.૪૦૦૧ થી ૯૫૦૦ | રૂા.૫૦૦૧ કે તેથી વધુ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૭. | ચૌધરી/ ચૌધરા | ૪૧૨ | ૨૧ (૫.૧૦) | ૮ (૩૮.૦૫) | ૪ (૧૯.૦૫) | ૯ (૪૨.૮૫) | - | - | - |
| ૮. | કોંકણા (કૂકણી-કૂકણા) | ૭૯ | - | - | - | - | - | - | - |
| ૯. | કૂનબી | ૩ | - | - | - | - | - | - | - |
| ૧૦. | ધાનકા (તડવી-તેતરીયા) | ૬૨૧૯ | ૧૪૨૮ (૨૨.૯૬) | ૬૮૯ (૪૮.૨૫) | ૩૮૩ (૨૬.૮૨) | ૨૪૦ (૧૬.૮૧) | ૮૫ (૫.૯૫) | ૧૮ (૧.૨૬) | ૧૩ (૦.૯૧) |
| ૧૧. | વારલી | ૨૬ | ૩ (૧૧.૫૪) | ૧ (૩૩.૩૩) | ૨ (૬૬.૬૭) | - | - | - | - |
| ૧૨. | પટેલીયા | ૫૩૩ | ૪૫ (૮.૪૪) | ૧૪ (૩૧.૧૨) | ૨૦ (૪૪.૪૪) | ૩ (૬.૬૭) | ૬ (૧૩.૩૩) | - | ૨ (૪.૪૪) |
| ૧૩. | કોળી (કચ્છના) | ૪૪૨૩ | ૧૧૮૯ (૨૬.૮૮) | ૫૩૨ (૪૪.૭૪) | ૨૨૯ (૧૯.૨૬) | ૧૨૦ (૧૦.૦૯) | ૧૦૩ (૮.૬૬) | ૧૧૯ (૧૦.૦૧) | ૮૬ (૭.૨૪) |

કોઠા નં. ૩.૧૦ (ચાલુ)

જાતિ પ્રમાણે સર્વેક્ષણ થયેલ કુટુંબોનું દેવાજૂથ પ્રમાણે વર્ગીકરણ (રૂપિયામાં)

| ક્રમ | જાતિ | કુલ કુટુંબ સંખ્યા | દેવાદાર કુટુંબ સંખ્યા | રૂ.૧૦૦૦ સુધી | રૂ. ૧૦૦૧થી ૬૨૦૦ | રૂ.૨૦૦૧ થી ૭૩૦૦ | રૂ.૩૦૦૧ થી ૮૪૦૦ | રૂ.૪૦૦૧ થી ૯૫૦૦ | રૂ.૫૦૦૧ કે તેથી વધુ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૪. | કોળીઢોર/કોલઘા/ કોલચા/ટોકરે કોળી | ૫૩૨ | ૧૪૬ (૨૭.૪૪) | ૧૨ (૮.૨૨) | ૫૩ (૩૬.૩૦) | ૫૦ (૩૪.૨૫) | ૧૮ (૧૨.૩૩) | ૧૩ (૮.૯૦) | - |
| ૧૫. | કોટવાળીયા/ વીટોલીયા-વાંસફોડીયા | ૩૩ | ૫ (૧૫.૧૫) | ૩ (૬૦.૦૦) | ૨ (૪૦.૦૦) | - | - | - | - |
| ૧૬. | રબારી | ૪૧૪ | ૨૨૫ (૫૪.૩૫) | ૯૫ (૪૨.૨૩) | ૬૫ (૨૮.૮૯) | ૪૬ (૨૦.૪૪) | ૧૦ (૪.૪૪) | ૭ (૩.૧૧) | ૨ (૦.૮૯) |
| ૧૭. | વાઘરી | ૨૪૭ | ૪૬ (૧૮.૬૨) | ૫ (૧૦.૮૭) | ૧૩ (૨૮.૨૬) | ૮ (૧૭.૩૯) | ૩ (૬.૫૩) | ૬ (૧૩.૦૪) | ૧૧ (૨૩.૯૧) |
| ૧૮ | સીદી | ૩૯૪ | ૯૫ (૨૪.૧૧) | ૭૭ (૮૧.૦૫) | ૭ (૭.૩૭) | ૧૦ (૧૦.૫૩) | - | ૨ (૧.૦૫) | - |
| ૧૯. | કાથોડી / કાતકરી | ૭૬ | - | - | - | - | - | - | - |

કોઠા નં. ૩.૧૦ (ચાલુ)

જાતિ પ્રમાણે સર્વેક્ષણ થયેલ કુટુંબોનું દેવાજૂથ પ્રમાણે વર્ગીકરણ (રૂપિયામાં)

| ક્રમ | જાતિ | કુલ કુટુંબ સંખ્યા | દેવાદાર કુટુંબ સંખ્યા | રૂા.૧૦૦૦ સુધી | રૂા. ૧૦૦૧થી ૬૨૦૦ | રૂા.૨૦૦૧ થી ૭૩૦૦ | રૂા.૩૦૦૧ થી ૮૪૦૦ | રૂા.૪૦૦૧ થી ૯૫૦૦ | રૂા.૫૦૦૧ કે તેથી વધુ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૨૦. | પારધી (કચ્છના) | ૨૧૮ | ૨૮ (૧૨.૮૪) | ૨૧ (૭૫.૦૦) | ૬ (૨૧.૪૩) | - | - | - | ૨ (૩.૫૭) |
| ૨૧. | પારધી/અડવીંચી ફણસી | ૮ | ૨ (૨૫.૦૦) | ૧ (૫૦.૦૦) | ૧ (૫૦.૦૦) | - | - | - | - |
| ૨૨. | બાવચા/ બામચા | ૭ | ૬ (૮૫.૭૧) | ૩ (૫૦.૦૦) | ૩ (૫૦.૦૦) | - | - | - | - |
| ૨૩. | ચારણ (અ.જ.જાતિ) | ૪૮ | ૩૦ (૬૨.૫૦) | ૩ (૧૦.૦૦) | ૩ (૧૦.૦૦) | ૬ (૨૦.૦૦) | ૧૨ (૪૦.૦૦) | ૧ (૩.૩૩) | ૫ (૧૬.૬૭) |
| ૨૪. | ભરવાડ (અ.જ.જાતિ) | ૭૯ | ૪૨ (૫૩.૧૬) | ૧૪ (૩૩.૩૩) | ૧૧ (૨૬.૧૯) | ૯ (૨૧.૪૩) | ૨ (૪.૭૬) | ૫ (૧૧.૯૧) | ૧ (૨.૩૮) |
| ૨૫. | ગોંડ/ રાજગોંડ | ૧ | - | - | - | - | - | - | - |

કોઠા નં. ૩.૧૦ (ચાલુ)

જાતિ પ્રમાણે સર્વેક્ષણ થયેલ કુટુંબોનું દેવાજૂથ પ્રમાણે વર્ગીકરણ (રૂપિયામાં)

| ક્રમ | જાતિ | કુલ કુટુંબ સંખ્યા | દેવાદાર કુટુંબ સંખ્યા | રૂા.૧૦૦૦ સુધી | રૂા. ૧૦૦૧થી ૬૨૦૦ | રૂા.૨૦૦૧ થી ૭૩૦૦ | રૂા.૩૦૦૧ થી ૮૪૦૦ | રૂા.૪૦૦૧ થી ૯૫૦૦ | રૂા.૫૦૦૧ કે તેથી વધુ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૨૬ | બરડા | ૧૭ | ૧ (૫.૮૮) | ૧ (૧૦૦.૦૦) | - | - | - | - | - |
| ૨૭. | બીન વર્ગીકૃત | ૨૩૫૦ | ૪૯૭ (૨૧.૧૫) | ૨૧૨ (૪૨.૬૬) | ૧૧૮ (૨૩.૭૪) | ૫૩ (૧૦.૬૬) | ૨૭ (૫.૪૪) | ૨૬ (૫.૨૩) | ૬૧ (૧૨.૨૭) |
| | કુલ | ૯૩૯૩૨ | ૨૨૪૫૬ (૨૩.૯૧) | ૯૬૯૧ (૪૧.૮૨) | ૫૬૩૨ (૨૫.૦૮) | ૩૪૮૯ (૧૫.૫૪) | ૧૪૭૫ (૬.૫૭) | ૧૧૪૬ (૫.૧૦) | ૧૩૨૩ (૫.૮૯) |

ઉપરોકત કોઠા નં.૩.૧૦ જોતાં ખ્યાલ આવશે કે સર્વેક્ષણમાં આવેલ સત્યાવીસ આદિવાસી જાતિઓમાંથી કોંકણા, કૂનબી, કાથોડી અને ગોંડમાંથી કોઈપણ કુટુંબને દેવું ન હતું. (આગળ જણાવ્યું તેમ આ જાતિઓને કદાચ કોઈ પૈસા ધીરનાર નહિ હોય) સર્વેક્ષણમાં આવરી લીધેલ જાતિવાર કુટુંબોમાંથી ૫૦ ટકા કરતાં વધુ દેવાદારો કુટુંબો હોય તેવી જાતિમાં રબારી (૫૪.૩૫ ટકા), બાવચા (૮૫.૭૧ ટકા), ચારણ (૬૨.૫૦ ટકા) અને ભરવાડ (૫૩.૧૬ ટકા) હતી.

દેવાજૂથ પ્રમાણે દેવાદાર કુટુંબોની સ્થિતિ તપાસીએ તો કુલ દેવાદાર ૨૨૪૫૬ કુટુંબોમાંથી ૯૩૯૧ (૪૧.૮૨ ટકા) કુટુંબોને રૂપિયા ૧૦૦૦ સુધીનું દેવું હતું. ૫૬૩૨ (૨૫.૦૮ ટકા) કુટુંબોને રૂા.૧૦૦૧ થી રૂા.૨૦૦૦ સુધીનું દેવું હતું. ૩૪૮૯ (૧૫.૫૪ ટકા) કુટુંબોને રૂા.૨૦૦૧ થી ૩૦૦૦ નું દેવું હતું. ૧૪૭૫ (૬.૫૭ ટકા), કુટુંબોને રૂા.૩૦૦૧ થી ૪૦૦૦ સુધીનું દેવું હતું. ૧૧૪૬ (૫.૧૦ ટકા) કુટુંબોને ૪૦૦૧ થી રૂા.૫૦૦૦ સુધીનું દેવું હતું અને ૧૩૨૩ (૫.૮૯ ટકા) કુટુંબોને રૂા.૫૦૦૧ થી વધુ દેવું હતું.

સર્વેક્ષણમાં આવરી લીધેલ જાતિવાર કુટુંબદીઠ વાર્ષિક આવક, ખર્ચ અને દેવાદાર કુટુંબદીઠ વગેરેની વિગત કોઠા નં.૩.૧૧ માં આપવામાં આવી છે.

કોઠા નં.૩.૧૧

જાતિવાર કુટુંબદીઠ વાર્ષિક આવક, ખર્ચ અને દેવું (રૂપિયામાં)

| ક્રમ | જાતિ | કુલ કુટુંબ સંખ્યા | કુટુંબદીઠ વાર્ષિક આવક | કુટુંબદીઠ વાર્ષિક ખર્ચ | દેવાદાર કુટુંબ સંખ્યા | દેવાદાર કુટુંબદીઠ દેવું |
|---|---|---|---|---|---|---|
| ૧. | ભીલ/ ભીલ ગરાસીયા / ડુંગરી ભીલ | ૩૪૩૭૨ | ૩૦૮૨ | ૪૧૮૩ | ૮૭૦૨ | ૨૦૨૧ |
| ૨. | દૂબળા / હળપતિ, તળાવિયા | ૨૨૦૬૫ | ૩૨૬૮ | ૩૭૨૭ | ૪૮૯૮ | ૧૭૬૬ |
| ૩. | ધોડિયા | ૫૩૩ | ૩૦૯૯ | ૩૯૯૦ | ૧૧૩ | ૧૭૧૨ |
| ૪. | ગામિત/ગાવીત/માવચી/ પડવી | ૯૧૮ | ૩૮૫૬ | ૪૨૬૫ | ૧૦૨ | ૨૩૮૭ |
| ૫. | નાયકા/ નાયકડા/કાપડિયા | ૯૮૫૬ | ૨૭૮૬ | ૩૫૬૬ | ૨૫૩૭ | ૧૫૪૯ |
| ૬. | રાઠવા | ૧૦૦૬૯ | ૨૬૭૨ | ૩૧૩૯ | ૨૨૯૫ | ૨૪૯૦ |
| ૭. | ચૌધરી/ ચૌધરા | ૪૧૨ | ૨૭૧૬ | ૩૭૪૦ | ૨૧ | ૧૭૩૮ |
| ૮. | કોંકણા (કૂંકણી-કૂંકણા) | ૭૯ | ૩૧૪૪ | ૩૫૫૪ | - | - |

કોઠા નં.૩.૧૧ (ચાલુ)

જાતિવાર કુટુંબદીઠ વાર્ષિક આવક, ખર્ચ અને દેવું (રૂપિયામાં)

| ક્રમ | જાતિ | કુલ કુટુંબ સંખ્યા | કુટુંબદીઠ વાર્ષિક આવક | કુટુંબદીઠ વાર્ષિક ખર્ચ | દેવાદાર કુટુંબ સંખ્યા | દેવાદાર કુટુંબદીઠ દેવું |
|---|---|---|---|---|---|---|
| ૯. | કુનબી | ૩ | ૨૪૦૦ | ૩૨૦૦ | - | - |
| ૧૦. | ધાનકા (તડવી, તેતરીયાળ) | ૬૨૧૯ | ૨૮૨૯ | ૩૭૧૭ | ૧૪૨૮ | ૧૧૩૩ |
| ૧૧. | વારલી | ૨૬ | ૨૪૦૦ | ૨૪૦૦ | ૩ | ૧૩૩૩ |
| ૧૨. | પટેલીયા | ૫૩૩ | ૨૮૪૪ | ૨૯૧૪ | ૪૫ | ૧૮૩૩ |
| ૧૩. | કોળી (કચ્છના) | ૪૪૨૩ | ૩૧૦૦ | ૩૪૨૯ | ૧૧૮૯ | ૨૧૦૪ |
| ૧૪. | કોળીઢોર / કોલઘા / કોલચા/ ટોકરે કોળી | ૫૩૨ | ૨૫૮૬ | ૨૬૪૭ | ૧૪૬ | ૨૩૧૫ |
| ૧૫. | કોટવાળીયા / વીટોલીયા વાંસફોડિયા | ૩૩ | ૨૪૭૩ | ૪૪૮૫ | ૫ | ૧૨૦૦ |
| ૧૬. | રબારી | ૪૧૪ | ૩૧૨૮ | ૩૨૦૬ | ૨૨૫ | ૧૭૦૭ |
| ૧૭. | વાઘરી | ૨૪૭ | ૩૩૯૯ | ૩૪૨૬ | ૪૬ | ૨૯૭૮ |
| ૧૮. | સીદી | ૩૯૪ | ૨૪૦૭ | ૬૫૨૦ | ૯૫ | ૧૨૩૨ |
| ૧૯. | કાથોડી / કાતકરી | ૭૬ | ૨૪૦૦ | ૩૯૭૪ | - | - |

કોઠા નં.૩.૧૧ (ચાલુ)

જાતિવાર કુટુંબદીઠ વાર્ષિક આવક, ખર્ચ અને દેવું (રૂપિયામાં)

| ક્રમ | જાતિ | કુલ કુટુંબ સંખ્યા | કુટુંબદીઠ વાર્ષિક આવક | કુટુંબદીઠ વાર્ષિક ખર્ચ | દેવાદાર કુટુંબ સંખ્યા | દેવાદાર કુટુંબદીઠ દેવું |
|---|---|---|---|---|---|---|
| ૨૦. | પારધી (કચ્છના) | ૨૧૮ | ૨૬૫૮ | ૨૬૭૫ | ૨૮ | ૧૨૫૦ |
| ૨૧. | પારધી અડવીચી/ફણસી | ૮ | ૧૭૦૦ | ૨૪૦૦ | ૨ | ૧૨૫૦ |
| ૨૨. | બાવચા / બામચા | ૭ | ૨૫૭૧ | ૩૮૫૭ | ૬ | ૧૨૫૦ |
| ૨૩. | ચારણ (અ.જ.જાતિ) | ૪૮ | ૪૨૨૧ | ૬૦૧૨ | ૩૦ | ૩૧૩૩ |
| ૨૪. | ભરવાડ (અ.જ.જાતિ) | ૭૯ | ૨૪૧૫ | ૩૭૮૫ | ૪૨ | ૨૦૮૩ |
| ૨૫. | ગોંડ / રાજગોંડ | ૧ | ૨૪૦૦ | ૨૪૦૦ | - | - |
| ૨૬. | બરડા | ૧૭ | ૨૯૨૯ | ૨૯૨૯ | ૧ | ૧૦૦૦ |
| ૨૭. | બિન વર્ગીકૃત | ૨૩૫૦ | ૩૦૭૦ | ૩૪૦૯ | ૪૯૭ | ૨૦૮૯ |
| | કુલ | ૯૩૯૩૨ | ૩૦૩૩ | ૩૭૯૫ | ૨૨૪૫૬ | ૧૯૩૭ |

કોઠા નં.૩.૧૧ જોવાથી ખ્યાલ આવશે કે સૌથી વધુ કુટુંબદીઠ વાર્ષિક આવક ચારણા જાતિની (અ.જ.જાતિ) રૂા.૪૨૨૧ હતી જયારે સૌથી ઓછી આવક કુનબી, કાથોડી અને ગોંડ જાતિની રૂા.૨૪૦૦ ની હતી. એજ રીતે ખર્ચની વિગત જોતાં સૌથી વધુ કુટુંબદીઠ વાર્ષિક ખર્ચ સીદી જાતિને રૂા.૬૫૨૦ હતો જયારે સૌથી ઓછા ખર્ચમાં વારલી, પારધી, અડવીચી અને ગોંડ હતા જેનો ખર્ચ વાર્ષિક રૂા.૨૪૦૦ સુધીનો હતો. દેવાદાર કુટુંબદીઠ દેવામાં સૌથી વધુ હોય તેવી જાતિમાં ચારણ જાતિના કુટુંબોને રૂા.૩૧૩૩ દેવું હતું. સૌથી ઓછું દેવું બરડા જાતિને હતું. તે જાતિમાં સરેરાશ કુટુંબદીઠ દેવું રૂા.૧૦૦૦ હતું. એ તો આગળ જણાવ્યું જ છે કે કોંકણા, કુનબી, કાથોડી અને ગોંડ જાતિના કુટુંબોમાંથી કોઈપણ કુટુંબને દેવું ન હતું.

# પ્રકરણ - ૪

## રહેઠાણ અને આરોગ્ય

● **સ્થળાંતર :**

સર્વેક્ષણમાં ગુજરાતના છૂટાછવાયા આદિવાસીઓને એટલે કે પ્રાયોજના વિસ્તારની બહાર વસતા વેર-વિખેર આદિવાસીઓનો સમાવેશ થતો હોવાથી સ્થળાંતર અંગે ખાસ ધ્યાન ખેંચાય છે. ગુજરાત બહારથી અને ગુજરાતના વિવિધ ગામોમાંથી થતું સ્થળાંતર જાણવા પ્રયત્નો કર્યા છે. આ અંગેના કારણો પણ જાણવા મળ્યાં છે. આ માહિતીનું પૃથ્થકરણ કરતાં જણાય છે કે તપાસમાં આવરી લીધેલાં કુલ ૯૩૯૩૨ કુટુંબોમાંથી ૧૧૬૫૭ (૧૨.૪૧ ટકા) કુટુંબો સ્થળાંતર કરીને આવેલ માલુમ પડયાં હતાં. સ્થળાંતર કરીને આવેલ કુટુંબોમાંથી ૪૧૯ (૩.૫૯ ટકા) કુટુંબો વિવિધ જિલ્લાઓમાં આવ્યાં હતાં. જિલ્લાવાર પૃથ્થકરણ કરતાં માલુમ પડયું હતું કે અનુક્રમે જામનગરમાં (૬૦) કુટુંબો ભાવનગર જિલ્લામાં (૧), જૂનાગઢ જિલ્લામાં (૭૭), કચ્છ જિલ્લામાં (૨૯૮), અમદાવાદમાં (૩૫૫), મહેસાણામાં (૧૩), ખેડા જિલ્લામાં (૩૫૩૧) કુટુંબો, સાબરકાંઠા (૪૫૯), બનાસકાંઠામાં (૨૭૯), પંચમહાલમાં (૧૫૯૬), વલસાડ (૨૫૦), સુરતમાં (૫૫૫), ભરૂચ (૧૧૦૫) અને વડોદરા જિલ્લામાં (૩૦૭૮) કુટુંબો સ્થળાંતર કરીને આવ્યા હતા. આ જે સ્થળાંતર થયેલા કુટુંબો છે. તેમાંથી કેટલાંક જિલ્લામાં કુટુંબો ગુજરાત બહારથી આવીને વસ્યા હોય તેવું પણ જોવા મળ્યું જેમ કે કચ્છ જિલ્લામાં ૩૮ કુટુંબો એ જ રીતે ખેડામાં ૨૧, સાબરકાંઠામાં ૧૦, બનાસકાંઠામાં ૬૭, પંચમહાલમાં ૧૭, સુરતમાં ૧૨૨, ભરૂચમાં ૫૦ અને વડોદરામાં ૪૦ કુટુંબો ગુજરાત બહારનાં હતાં.

જિલ્લાવાર સ્થળાંતરિત થયેલા કુટુંબોને જોતાં સૌથી વધુ કુટુંબ ખેડા (૩૫૩૧) જિલ્લામાં આવ્યાં હતાં અને સૌથી ઓછાં કુટુંબો (૧) ભાવનગર જિલ્લામાં હતાં. જિલ્લાવાર સ્થળાંતરિત થયેલ કુટુંબોની વિગત પરિશિષ્ટ-૧૬ માં આપવામાં આવી છે. સ્થળાંતર અંગે પરિસ્થિતિનું ચિત્ર જોયું. આ અંગેના વિવિધ કારણો પણ જાણવા મળ્યા હતા જેમાં -

૧. **ઓછી જમીન :**

ઓછી જમીન હોવાથી કુટુંબના બધા સભ્યોનું ભરણ-પોષણ શક્ય ન હોઈ મજૂરી માટે કે અન્ય ધંધા કરીને પણ પોતાના જીવન નિર્વાહ કરીશું એ અપેક્ષાએ સ્થળાંતર થયેલાં (૧૩.૨૧ ટકા) કુટુંબો હતાં.

૨. **ઓછી આવક :**

પોતાના વતનમાં સંયુકત કુટુંબમાં રહેતા હતા અને તેમની આવક બધાના ભરણપોષણ માટે ઓછી હોવાથી આવાં ૬૨૨૩ (૫૩.૩૮ ટકા) કુટુંબો પોતાના વતનમાંથી સ્થળાંતર કરીને આવ્યાં હતાં.

૩. **પ્રગતિની આશા ઓછી :**

પોતાના વતનમાં પ્રગતિની આશા ન લાગવાથી અને તક પણ ઓછી હોવાથી જ્યાં સંદેશા વ્યવહાર ઓછો હોય, રોજબરોજની વિવિધ ઘટનાઓથી વંચિત રહેતા હોય કે અહીં રહેવાથી પ્રગતિ રૂંધાય છે અને જો અન્ય જિલ્લામાં જાય તો બહોળો અનુભવ થાય, રોજબરોજનું નવું જાણવા મળે તેમાંથી પ્રગતિની તક પ્રાપ્ત થાય આવી અપેક્ષા રાખીને ૧૮૦૮ (૧૫.૫૧ ટકા) કુટુંબો સ્થળાંતર કરીને આવ્યાં હતાં.

૪. **શિક્ષણની સુવિધા ઓછી :**

પોતાના વનમાં શિક્ષણની સુવિધા ના હોઈ, ઘણીવાર શિક્ષણ માટે દૂર દૂર જવું પડતું હોય તે સંજોગોમાં બાળકો સારું શિક્ષણ મેળવી શકે તેવી આશાએ ૪૧૩ (૩.૫૪ ટકા) કુટુંબોએ સ્થળાંતર કર્યું હતું.

૫. **કુટુંબમાં કુસંપ :**

ઘણા કુટુંબોમાં સામાન્ય કારણોસર પણ હંમેશાં નાના-મોટા ઝઘડા થતા રહેતા હોય છે. સાસુ અને વહુ,નણંદ-ભાભી, દિયર-ભાભી, કે દેરાણી-જેઠાણીને ઝઘડા રહે છે. આથી કંટાળીને કુટુંબ છોડી સ્થળાંતર કરેલા ૧૭૮ (૧.૫૩ ટકા) કુટુંબો માલુમ પડયાં હતાં.

૬. **સગાં-સબંધી :**

સગાં-સબંધીઓ શહેરમાં કે જિલ્લામાં અન્ય સ્થળે મોટાં ગામમાં રહેતા હોય, મજૂરી કે અન્ય ધંધામાં સ્થિર થયા હોય, ઓળખાણ પરિચયના કારણે સારી વગ હોય આથી પોતાના સંબંધીને સાથે લાવ્યા હોય, (દા.ત. અમદાવાદ જિલ્લામાં બારેજા ગામમાં પહેલાં થોડાં કુટુંબો મજૂરી માટે આવ્યાં હતાં અને પછી તેમની સાથે તેમના સબંધીઓને લાવ્યાં હતાં. એ જ રીતે ખેડામાં પણ પ્રત્યક્ષ નિરીક્ષણ વખતે આ જાણવા મળ્યું હતું. આ રીતે સગાં-સંબંધીઓ દ્વારા આવેલા ૪૬૧ (૩.૯૫ ટકા) કુટુંબો હતાં.

૭. **પ્રગતિ થવાની આશા :**

પોતાના વતનમાંથી અન્ય સ્થળોએ સ્થળાંતર કરવાથી પોતાના જીવનમાં પ્રગતિ થવાની આશા રાખીને પણ સ્થળાંતર કરેલા કુટુંબો જાણવા મળ્યાં હતાં. આ અપેક્ષાએ ૨૯૭ (૨.૫૫ ટકા) કુટુંબોએ પોતાના વતનમાંથી સ્થળાંતર કર્યું હતું.

૮. **અભ્યાસ માટે :**

સર્વેક્ષણમાં આવરી લીધેલ કુટુંબોમાંથી ઘણી જગ્યાએ શિક્ષણની સુવિધા ઓછી હોય તેવું હતું આથી ભણવા માટે પણ સ્થળાંતર થયેલું જાણવા મળ્યું હતું તેવાં કુટુંબો ૫૧ (૦.૪૩ ટકા) હતાં.

૯. **ડુબાણના કારણે :**

સિંચાઈ માટે બનાવેલ ડેમના કારણે ઘણા આદિવાસી કુટુંબોને સ્થળાંતર કરવાની જરૂર પડી હોય અને પોતાનાં ગામ કે જમીન ડૂબમાં જતી હોય તેના કારણે તેમને સ્થળાંતર કરવાની ફરજ પડી હતી. આવાં ૮૦૧ (૬.૮૭ ટકા) કુટુંબો હતા.

૧૦. **અન્ય કારણોસર :**

ઉપરોક્ત કારણો સિવાય કેટલાકને અન્ય કોઈ પરિસ્થિતિને કારણે પણ સ્થળાંતર કરવું પડયું હતુ. આવાં ૩૩ કુટુંબો હતાં.

આગળ ગુજરાતમાંથી અને ગુજરાત બહારથી સ્થળાંતર કરીને આવેલ કુટુંબો વિશે વિગતે જોયું તેવી રીતે કુટુંબોમાંથી હાલમાં કેટલા સભ્યો અને તાલુકા જિલ્લામાં કે જિલ્લા બહાર સ્થળાંતર કરીને ગયા છે અને જો ગયા હોય તો તેની પાછળનાં કારણો તથા તેમના બાળકોના અભ્યાસ અંગેની શી વ્યવસ્થા કરે છે વગેરે માહિતી લેવાનો પ્રયત્ન કર્યો હતો. આ સંબંધમાં જાણવા મળ્યું કે સર્વેક્ષણમાં આવરી લીધેલા કુલ કુટુંબના ૪,૭૨,૫૬૧ સભ્યોમાંથી ૯૧૯ (૦.૧૯ ટકા) સભ્યોએ હાલમાં (સર્વેક્ષણ ચાલુ હતું તે દરમિયાન) સ્થળાંતર કર્યું હતું તેમાંથી ૪૮૫ (૫૨.૭૭ ટકા) સભ્યોએ પોતે જયાં વસે છે તે જિલ્લામાં સ્થળાંતર કર્યું હતું અને ૧૩૬ (૧૪.૮૦ ટકા) સભ્યોએ જિલ્લા બહાર સ્થળાંતર કર્યું હતું.

આ સ્થળાંતર પાછળ રહેલા કારણોમાં જાણવા મળ્યું કે સ્થાનિક મજૂરી કે કામ ન મળવાથી ૫૨૯ (૫૭.૫૬ ટકા) સભ્યો, સ્થાનિક મજૂરીના દર ઓછા હોવાથી ૩૪૫ (૩૭.૫૪ ટકા) સભ્યોએ તાલુકામાં જિલ્લામાં અને જિલ્લા બહાર સ્થળાંતર કર્યું હતું. આ સભ્યો સ્થળાંતર કરે ત્યારે તેમના બાળકોના અભ્યાસ અંગે શી વ્યવસ્થા કરો છો તેની પૃચ્છા કરી તો જાણવા મળ્યું કે કુલ સ્થળાંતર કરેલ સભ્યોમાંથી ૪૬૦ (૫૦.૦૫ ટકા) સભ્યો પોતાના બાળકોને જયાં કામ પર જાય છે ત્યાં ભણાવે, ૧૪૪ (૧૫.૬૭ ટકા) સભ્યો પોતાના બાળકોને એટલો સમય ભણાવતા નથી. ૮૮ (૯.૫૭ ટકા) સભ્યો પોતાના બાળકોને નિશાળેથી ઉઠાડી લે છે, એટલે કે અભ્યાસ છોડાવી દે છે. ૨૧૮ (૨૩.૭૨ ટકા) સભ્યો સ્થળાંતર દરમિયાન પોતાના બાળકોને ઘેર રાખી ભણાવે છે. ૬ (૦.૬૫ ટકા) બાળકોને સંબંધીને ત્યાં ભણવા સારુ મૂકી આવે છે. અને ૩ (૦.૩૩ ટકા) સભ્યો પોતાના બાળકોના અભ્યાસ માટે અન્ય વ્યવસ્થા કરે છે.

કુટુંબના સભ્યોના સ્થળાંતર અંગેની સ્થિતિ જોઈએ તો સૌથી વધુ સભ્યો વડોદરામાં ૪૪૪ હતા ત્યાર પછી અનુક્રમે કચ્છ, પંચમહાલ, ભરૂચમાં હતા. સૌથી ઓછા સભ્યોએ સાબરકાંઠામાંથી સ્થળાંતર કર્યું હતું જયારે જામનગર, ભાવનગર, જૂનાગઢ, અમદાવાદ અને મહેસાણામાંથી હાલમાં કોઈ સભ્ય સ્થળાંતરિત થયેલ નથી.

● **રહેઠાણ :**

માનવીની મૂળભૂત અને પ્રાથિમક જરૂરિયાત એ રહેઠાણ છે. આમ છતાં કેટલાંક સભ્યોએ જરૂરીયાતથી વંચિત રહે છે એ નગ્ન હકીકત છે. સર્વેક્ષણમાં આવરી લીધેલા ૯૮૮ ગામોમાં વસતા અનુસૂચિત જનજાતિના લોકો પાસેથી રહેઠાણ અંગેની માહિતી એકઠી કરવામાં આવી હતી. અનુસૂચિત જનજાતિના મકાનો લગભગ મોટાભાગનાં સ્થળોએ છૂટાછવાયા અને ગામની બહાર જોવા મળ્યાં હતાં, તળાવના કિનારે ગંદકી હોય ગામની આજુબાજુ ઉકરડા પણ હોય. આ બધાની વચ્ચે આ આદિવાસીઓનાં વસવાટ છે.

અનુસૂચિત જનજાતિના લોકોના મહોલ્લા ઓછા જોવા મળે છે. ખાસ કરીને હળપતિના મકાનો ફળિયા કે મહોલ્લામાં જોવા મળે. બાકીના આદિવાસીઓના રહેઠાણ છૂટાછવાયા હોય છે. ઘણી જગ્યાએ એકથી બે-બે કિલોમીટર અંતર હોય એટલે પ્રવેશદ્વાર જેવું હોતું નથી અને ઘણાખરા ખેતરોમાંજ વસતા જોવા મળે છે. ૯૩૯૩૨ કુટુંબોનું સર્વેક્ષણ કરવામાં આવ્યું તેમાંથી મોટાભાગના કુટુંબોની ઘરની સ્થિતિ ખરાબ હતી. ઘણાં ઘર તો એવાં જોવા મળ્યાં તેને ઘર કહેવું કે કેમ તે સવાલ થતો હતો. તેઓના ઘરો કાચા, માટી, વાંસ પર લીંપણ અને છાજ તરીકે દેશી નળિયા કે ઘાસનો ઉપયોગ વધુ હતો. કેટલાક ઘરો ભાંગી-તૂટી હાલતમાં હતા. કેટલાકને ઘર જ નહતું. તેઓ ઉપર આકાશ અને નીચે ધરતીના સહારે રહેતા હતા. જનસંખ્યાની રીતે જોઈએ તો એક ઘરમાં ૮ થી ૧૦ સ્ત્રીઓ-પુરુષો સાથે રહેતા હોય તેવા કુટુંબો પણ હતા. ટૂંકમાં રહેઠાણ એ અનુસૂચિત જનજાતિને માટે પ્રાણ પ્રશ્ન બની ગયો છે. અમારા અગાઉના અધ્યયનોમાં પણ આ વાત દેખાય છે અને જુદા જુદા જિલ્લાની મુલાકાત વખતે અમારા નિરીક્ષણ દ્વારા પણ આ હકીકત અમને પ્રથમ નજરે તરી આવી હતી. નિરીક્ષણ દ્વારા એ સ્પષ્ટ જણાયું કે મકાન એ અનુસૂચિત જનજાતિના લોકો માટે સુખ સગવડની વાત તો નથી રહી પરંતુ કુટુંબનો દરેક સભ્ય સારી રીતે રહી શકે તેવી મકાનની પાયાની સગવડતા કયાંય જોવા મળી નહી.

સર્વેક્ષણમાં આવરી લીધેલા ૯૮૮ ગામોમાંથી સર્વેક્ષણ દ્વારા મકાનો સંબંધી માહિતી એકઠી કરવામાં આવી તેમાં કુલ ૯૩૯૩૨ કુટુંબોમાંથી ૮૯૫૨૭ (૯૫.૩૧ ટકા) કુટુંબો પોતાની માલીકીના મકાનમાં રહેતા હતા. જયારે ૪૪૦૫ (૪.૬૯ ટકા) કુટુંબો ભાડાના મકાનમાં રહેતા હતા. આમ એકંદરે માલીકીના મકાનની સંખ્યા વિશેષ છે. સંખ્યાકીય રીતે આ માહિતી ઘણી જ સારી લાગે, પરંતુ મકાન પોતાની માલીકીનું હોય પરંતુ જમીન અન્ય કોઈની પણ હોય તેવા દાખલા ઘણા છે આ તો થઈ મકાનની વાત, પરંતુ તેમાં જે જરૂરી સુવિધાઓ

જોઈએ તેનો તો તદ્દન અભાવ જોવા મળ્યો. જેના આંકડા જોવાથી હૃદય પણ દ્રવી ઉઠે છે. અનુસૂચિતં જનજાતિનાં કુટુંબના આવા રહેઠાણમાંથી માત્ર ૯૬૪ (૧.૦૩ ટકા) કુટુંબોને જાજરૂની સગવડતા છે. ૭૭૮૨ (૮.૨૮ ટકા) કુટુંબોને વીજળીની સગવડતા છે. ૪૭૩૫ (૮.૨૮ ટકા) કુટુંબોને નાવણિયાની સગવડતા છે. ૪૩૨૧ (૪.૬૦ ટકા) કુટુંબોને ઘેર પાણી માટેના નળ હતા. ૯૭૦૭ (૧૦.૩૩ ટકા) કુટુંબોને પાણીના નિકાલની વ્યવસ્થા હતી અને માત્ર ૧૮૨૨ (૧.૯૪ ટકા) મકાનોમાં નિર્ધૂમ ચૂલાની વ્યવસ્થા હતી એટલે કે ૯૨૧૧૦ (૯૮.૬ ટકા) કુટુંબોના ઘરોમાંથી ધૂમાડો બહાર નીકળે તેવી કોઈપણ પ્રકારની સગવડતા ન હતી. એકંદરે માનવી માટે જે જરૂરી કહી શકાય તેવી સગવડતાનું પ્રમાણ અનુસૂચિત જનજાતિના ઘરોમાં ઘણું અલ્પ જોવા મળ્યું હતું.

જિલ્લાવાર રહેઠાણની માલીકી અને તેમાં ઉપલબ્ધ સગવડોની વિસ્તૃત માહિતી પરિશિષ્ટ-૧૭માં આપવામાં આવી છે.

ઉપર જણાવેલ આંકડાકીય માહિતી પરથી અનુસૂચિત જનજાતિના લોકોના રહેઠાણ બાબતે સ્પષ્ટ રીતે ખ્યાલ આવશે કે તેમના રહેઠાણના પ્રશ્ને હાલના તબક્કે અગ્રીમતા આપી ઉકેલવા પ્રયાસ કરવો પડશે. સાથે સાથે જે કુટુંબો પાસે મકાનનો છે પરંતુ તેમાં જે કંઈ પ્રાથમિક સુવિધા જોઈએ તેનો અભાવ હોય તેને ખ્યાલમાં રાખી ત્વરિત પગલાં ભરવા જોઈએ. અનુસૂચિત જનજાતિના લોકોની પ્રત્યક્ષ મુલાકાત સમયે તેઓ કહેતા કે અમારા મકાનનો પ્રશ્નો ઉકેલો તો શિયાળાની ઠંડી અને ચોમાસામાં પડતા વરસાદથી અમે બચી શકીએ અને શાંતિથી રહી શકીએ. જે ઉચ્ચારો તેની દયનીય પરિસ્થિતિનું સ્પષ્ટ દર્શન કરાવે છે.

● **ઘરથાળનો પ્લોટ :**

અનુસૂચિત જનજાતિના કુટુંબો, હરિજન અને ઘરવિહોણા લોકો માટે ઘર બનાવવા માટે જે મફત પ્લોટ સરકારશ્રીની યોજના દ્વારા આપવામાં આવે છે તેનો અભ્યાસ પણ આ સર્વેક્ષણમાં કરવામાં આવ્યો છે. જિલ્લાવાર ઘરથાળનો પ્લોટ મળ્યો હોય તેની વિગત કોઠા નં.૪.૧માં આપી છે.

કોઠા નં.૪.૧

જિલ્લાવાર સર્વેક્ષણ થયેલા કુટુંબો અને ઘર બાંધવા માટે મળેલ પ્લોટની વિગતો દર્શાવતો કોઠો

| ક્રમ | જિલ્લાનું નામ | સર્વેક્ષણ થયેલ કુલ કુટુંબો | ઘર બાંધવા માટે પ્લોટ મળેલ છે તેવા કુટુંબો | ટકા |
|---|---|---|---|---|
| ૧. | જામનગર | ૩૩૦ | ૧૬ | (૪.૮૪) |
| ૨. | ભાવનગર | ૫૫ | ૫૫ | (૧૦૦.૦૦) |
| ૩. | જૂનાગઢ | ૯૧૬ | ૨૦૭ | (૨૨.૫૯) |
| ૪. | કચ્છ | ૬૯૪૮ | ૧૩૫૨ | (૧૯.૪૫) |
| ૫. | અમદાવાદ | ૪૬૦ | ૪૦ | (૮.૬૯) |
| ૬. | મહેસાણા | ૭૩ | - | |
| ૭. | ખેડા | ૪૦૯૪ | ૮૮૯ | (૨૧.૭૧) |
| ૮. | સાબરકાંઠા | ૧૮૮૯ | ૪૧ | (૨.૧૭) |
| ૯. | બનાસકાંઠા | ૧૭૭૮ | ૨૩૧ | (૧૨.૯૯) |
| ૧૦. | પંચમહાલ | ૮૩૧૩ | ૧૮૦૪ | (૨૧.૭૦) |
| ૧૧. | સુરત | ૧૨૨૪૯ | ૩૦૩૬ | (૨૪.૭૮) |
| ૧૨. | વલસાડ | ૬૫૬૯ | ૩૪૫૮ | (૫૨.૬૪) |
| ૧૩. | ભરૂચ | ૧૫૯૪૦ | ૪૭૬૧ | (૨૯.૮૬) |
| ૧૪. | વડોદરા | ૩૪૩૧૮ | ૭૭૪૮ | (૨૨.૫૭) |
| | કુલ | ૯૩૯૩૨૨ | ૨૩૬૩૮ | (૨૫.૧૬) |

સર્વેક્ષણમાં આવરી લીધેલા ૯૩૯૩૨ કુટુંબોની તપાસ કરતાં જાણવા મળ્યું કે માત્ર ૨૩૬૩૮ કુટુંબોને એટલે કેકુલ ૨૫.૧૬ ટકાને ઘરથાળનો પ્લોટ મળ્યો હતો. આતો આંકડાકીય માહિતીની વાત પરંતુ જે પ્લોટનું વિતરણ અનુસૂચિત જનજાતિના લોકોને કરવામાં આવે છે તેની અંદર ઊંડા ઉતરીએ તો વાસ્તવિક ચિત્ર કંઈક જુદું જ પ્રતિબિંબ પાડે છે. એટલે કે તેમને જે ઘરથાળનો પ્લોટ આપવામાં આવે છે તે ગામથી દૂર હોય, તે પ્લોટ નીચાણવાળી જગ્યાએ હોય, તેમાં ખાડા-ટેકરા હોય અમુક સ્થળે આ પ્લોટ આપવામાં આવ્યો છે ત્યાં વધુ ઝાડીઓ હોય તેવું પણ દેખાય છે જયારે કેટલાક ગામોમાં દા.ત. વિરપુર (ધોળકા તાલુકો) અને ઉત્તરસંડા (નડિયાદ તાલુકો) માં પ્લોટ ઉપર ગૃહનિર્માણ યોજના નીચે મકાનો પણ બનાવ્યા છે પરંતુ ગામના લોકો

પાસેથી જાણવા મળ્યું કે આ મકાનો ખરેખર આદિવાસી અને હરિજનો માટે મળ્યા હતા પરંતુ માથાભારે લોકોએ પોતાની વગ ઉભી કરીને પોતાના નામે કરાવી લીધા છે. કેટલાકે આદિવાસીઓને આ મકાન ભાડે આપ્યા છે. એટલે કે હકીકતમાં **જરૂ**રીયાતવાળાને તેનો કબજો મળતો નથી. જેમને પ્લોટ મળ્યા છે તેમની ફરીયાદ છે કે ચોમાસામાં ગામનું પાણી આ પ્લોટની જગ્યામાં આવતું હોય તેવું બને છે. તો આ યોજના દ્વારા તેમને ઘરથાળ માટેનો પ્લોટ અને મકાન બનાવવામાં આવે છે તેની સ્થિતિ ! આવું તો અન્ય બાબતોમાં પણ થતું હશે. ટૂંકમાં જે ઘરથાળનો પ્લોટો ફાળવવામાં આવ્યા છે, તેની સંખ્યા અતિ જૂજ છે. સાથોસાથ તે વ્યવહારુ કે સંતોષકારક તો નહિ જ.

● **આરોગ્ય :**

આપણા દેશ અને રાજ્યમાં લોકોના સ્વાસ્થ્ય માટે અને આરોગ્ય માટે દિનપ્રતિદિન વધુ ધ્યાન અપાતું જાય છે. આ માટેની જરૂરી સગવડ અને સુવિધા જિલ્લા અને તાલુકા સ્થળે વધુ પ્રમાણમાં કેન્દ્રિત થતી જાય છે. પરંતુ ગ્રામ્ય વિસ્તારોમાં આવા કેન્દ્રોનો અભાવ વર્તાય છે. આપણી જુદી જુદી યોજનાઓમાં લોકોના સ્વાસ્થ્ય માટે અને આરોગ્યની જાળવણી અર્થે ઘણી રકમ ખર્ચવામાં આવે છે. પરંતુ ગામડાના લોકો કે પછાત લોકો સુધી કોઈને કોઈ કારણોસર આ યોજનાનો લાભ કે આરોગ્યની સેવા જરૂરી પ્રમાણમાં પહોંચતી નથી તેવું સ્પષ્ટ રીતે જણાઈ આવે છે. આથી ગામડાના લોકોમાં દિનપ્રતિદિન રોગોનું પ્રમાણ સવિશેષ વધતું જાય છે. આ સર્વેક્ષણમાં અનુસૂચિત જનજાતિના લોકો કેવા પ્રકારની માંદગી અને રોગના ભોગ બન્યા છે તેની માહીતી એકત્ર કરી હતી. તપાસ દરમિયાન કુલ ૪૭૨૫૬૧ વ્યક્તિમાંથી ૩૪૯૧ (૦.૭૪ ટકા) વ્યક્તિઓ કોઈને કોઈ મહાવ્યાધિથી પીડાતી હતી. આ મહાવ્યાધિથી પીડાતા રોગોમાંથી ૮૨૪ (૨૩.૬૦ ટકા) વ્યક્તિઓ ક્ષયના રોગથી, ૧૯૦ (૫.૪૪ ટકા) વ્યક્તિઓ કેન્સર, ૮૫૪ (૨૪.૪૬ટકા),દમ ૮૭ (૨.૪૯ ટકા),પાંડુ રોગ, ૩૭૮ (૧૦.૮૨ ટકા) લકવા, ૨૩૭ (૬.૭૮ ટકા) રક્તપિત, ૩૦૧ (૮.૬૨ ટકા) ચામડીના દર્દો અને ૬૨૦ (૧૭.૭૫ ટકા) અન્ય મહારોગોથી પિડાતા હતા.

જિલ્લાવાર સર્વેક્ષણ કરેલા કુટુંબોમાં માંદગીથી પીડાતા સભ્યોની માહિતી પરિશિષ્ટ-૧૮ માં આપવામાં આવી છે. આ માહિતી પરથી જોઈ શકાશે કે ક્ષયના રોગથી પીડાતી વ્યક્તિઓની સંખ્યા વડોદરા (૩૦૭), ભરૂચ (૧૨૩), કચ્છ (૧૧૮),પંચમહાલ (૭૫) અને સાબરકાંઠા (૩૨) જિલ્લામાં વધુ જણાઈ હતી. કેન્સરના રોગથી પીડાતા સભ્યોની સંખ્યા વડોદરા (૩૨૫), ભરૂચ (૨૩૩),પંચમહાલ (૫૨), ખેડા (૪૩) જિલ્લામાં વધુ હતી. રક્તપિત્તથી પીડાતી વ્યક્તિઓની સંખ્યા ભરૂચ (૬૭), વડોદરા (૬૭), સુરત (૩૭), વલસાડ (૨૨) જિલ્લામાં વધારે હતી. ચામડીના દર્દોથી પીડાતી વ્યક્તિઓ વડોદરા (૧૦૭), ભરૂચ (૪૩), અને સુરત (૨૨) જિલ્લામાં વધુ હતી. લકવાની વધુ સંખ્યા વડોદરા (૧૨૦), ભરૂચ (૮૫), સુરત (૩૯) અને કચ્છ (૩૮) જિલ્લામાં

હતી. લકવાથી પીડાતી સૌથી ઓછી સંખ્યા જામનગર, ભાવનગર અને જૂનાગઢ જિલ્લામાં હતી. એકંદરે જોતાં વ્યક્તિઓમાં વધુ રોગોનું પ્રમાણ વડોદરા (૧૨૧૯) હતું જયારે સૌથી ઓછું પ્રમાણ મહેસાણા (૬), ભાવનગર (૭) અને અમદાવાદ (૧૫) જિલ્લામાં હતું.

સમાજકલ્યાણ ખાતા દ્વારા આવા મહારોગોથી પીડાતી વ્યક્તિઓને આર્થિક મદદ કરવામાં આવે છે. તપાસ દરમિયાન જાણવા મળ્યું કે આવી યોજનાનો લાભ જેને મળ્યો છે તેની સંખ્યા બહુ ઓછી છે. એટલે કે લાંબી માંદગીથી પીડાતી કુલ ૩૪૯૧ વ્યક્તિઓને માંથી માત્ર ૨૩૫ (૦.૦૫ ટકા) વ્યક્તિઓને કુલ રૂપિયા ૩૯૫૪૩ નો લાભ મળ્યો હતો જે લાભ મળેલ વ્યક્તિઓને સરેરાશ રૂ.૧૬૮/- થાય છે. આવી વ્યક્તિઓમાં જે લાભ મળ્યો છે તેમાં કચ્છ (૩૧), ખેડા (૩૨), પંચમહાલ (૨૬), સુરત (૧૪), ભરૂચ (૩૮), વડોદરા (૮૭) જિલ્લાની સંખ્યા વિશેષ હતી અને સૌથી ઓછો લાભ ભાવનગર (૧) અને મહેસાણા, સાબરકાંઠા અને વલસાડ જિલ્લામાં એક પણ વ્યક્તિને આ આર્થિક મદદ મળી ન હતી.

સગર્ભા સ્ત્રીઓ અને છ વર્ષથી નીચેના બાળકોને માટે પોષક આહાર યુકત યોજના ચાલે છે. આનો લાભ અનુસૂચિત જનજાતિના સભ્યોને કેટલો મળે છે તે જાણવાનો પ્રયાસ આ સર્વેક્ષણમાં કરવામાં આવ્યો છે. એકત્ર કરેલ માહિતીથી જણાવ્યું જણાયું કે આનો લાભ કુલ ૧૫૧૯૮ સ્ત્રી અને બાળકોને મળ્યો હતો. આ યોજનાનો લાભ વડોદરા (૭૦૩૨), ભરુચ (૪૩૦૩), પંચમહાલ (૧૦૦૦૧) જિલ્લામાં વિશેષ જોવા મળ્યો હતો જયારે જામનગર, અમદાવાદ અને મહેસાણામાં આ યોજનાના લાભથી અનુસૂચિત જનજાતિના લોકો તદ્દન વંચિત રહયા છે. એકંદરે જોઈએ તો જે કુલ ૧૫૧૯૮ વ્યક્તિઓને આ લાભ મળ્યો છે તે સંખ્યા ઘણી ઓછી છે. ઘણો મોટો વિસ્તાર તો આ લાભથી બાકાત રહી જવા પામ્યો છે. તે ઉપરોકત માહિતી પરથી જોઈ શકાય છે.

● ખોડખાંપણ :

સર્વેક્ષણમાં આવરી લીધેલા ગામોમાં જે વ્યક્તિઓ કોઈપણ પ્રકારની ખોડખાંપણ ધરાવતી હોય તેની માહિતી એકઠી કરી છે. અપંગ વ્યક્તિઓ સામાન્ય રીતે બહેરા મુંગા, અંધ-વિકલાંગ, બાળ લકવા વગેરેનો સમાવેશ થાય છે. સર્વેક્ષણમાં આવરી લીધેલા કુટુંબોમાં કુલ ૨૦૭૧ (૦.૪૪ ટકા) વ્યક્તિઓ જુદી જુદી ખોડખાંપણ ધરાવતી હતી. જિલ્લાવાર ખોડખાંપણ અંગેની વિગત કોઠા નં.૪.૨ માં આપવામાં આવી છે. ખોડખાંપણ ધરાવતી વ્યક્તિઓની સંખ્યા વડોદરા (૬૭૮), ભરૂચ (૪૫૨), કચ્છ (૨૪૫), સુરત (૧૬૦) અને પંચમહાલ (૧૨૩) માં વધુ હતી જયારે મહેસાણા (૪), ભાવનગર (૫) અને અમદાવાદ (૯) માં આનું પ્રમાણ ઓછું હતું. ગામદીઠ ખોડખાંપણવાળાનું પ્રમાણ લગભગ ૨.૧૦ થાય છે. કુલ ૨૦૭૧ ખોડખાંપણવાળા વ્યક્તિમાંથી ૯૬૧ (૪૦.૪૬ ટકા) ૧ થી ૧૪ વર્ષની ઉંમરના બાળકો હતા. આ ૯૬૧ બાળકોમાંથી ૨૪૧

(૨૫.૦૮ ટકા) બાળકોને જે તે પ્રકારની ક્ષતિવાળી શાળામાં શિક્ષણ અને તાલીમ અર્થે મોકલવામાં આવ્યા છે અને કોઈની દયા પર ન રહેતા સ્વાવલંબી અને આત્મ નિર્ભર બની રહી છે.

**કોઠા નં.૪.૨**

**જિલ્લાવાર સર્વેક્ષણ થયેલ કુટુંબોના સભ્યોમાં ખોડખાંપણ**

| ક્રમ | જિલ્લાનું નામ | ખોડખાંપણ વાળા સભ્યો ની સંખ્યા | ખોડ-ખાંપણના પ્રકાર | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | વિકલાંગ | આંધળા | બહેરા | મૂંગા | બાળ લકવા |
| ૧. | જામનગર | ૨૮ | ૩ | ૮ | ૮ | ૩ | ૬ |
| ૨. | ભાવનગર | ૫ | ૩ | ૧ | - | ૧ | - |
| ૩. | જૂનાગઢ | ૨૯ | ૧૫ | ૭ | ૧ | ૩ | ૩ |
| ૪. | કચ્છ | ૨૪૫ | ૧૨૦ | ૬૦ | ૧૩ | ૧૩ | ૩૯ |
| ૫. | અમદાવાદ | ૯ | ૫ | ૨ | ૧ | - | ૧ |
| ૬. | મહેસાણા | ૪ | ૨ | ૧ | - | - | ૧ |
| ૭. | ખેડા | ૧૧૧ | ૪૮ | ૨૯ | ૧૦ | ૭ | ૧૭ |
| ૮. | સાબરકાંઠા | ૫૩ | ૩૮ | ૧ | ૬ | ૫ | ૩ |
| ૯. | બનાસકાંઠા | ૪૩ | ૨૪ | ૫ | ૧ | ૨ | ૧૧ |
| ૧૦. | વલસાડ | ૧૩૧ | ૪૬ | ૨૬ | ૧૮ | ૧૫ | ૨૬ |
| ૧૧. | પંચમહાલ | ૧૨૩ | ૫૮ | ૩૧ | ૧૩ | ૧૫ | ૬ |
| ૧૨. | સુરત | ૧૬૦ | ૫૯ | ૪૮ | ૧૧ | ૧૦ | ૩૨ |
| ૧૩. | ભરૂચ | ૪૫૨ | ૧૭૪ | ૧૩૫ | ૨૬ | ૨૮ | ૦૯ |
| ૧૪. | વડોદરા | ૬૭૮ | ૩૧૦ | ૧૬૯ | ૬૧ | ૪૦ | ૯૮ |
| | કુલ | ૨૦૭૧ | ૯૦૫ | ૫૨૩ | ૧૬૯ | ૧૪૨ | ૩૩૨ |
| | ટકા | ૦.૪૩ | ૪૨.૬૪ | ૨૫.૨૫ | ૪.૪૬ | ૬.૮૬ | ૧૬.૦૩ |

ઉપર પ્રમાણેની આરોગ્યની સુવિધાઓ તેનાથી જે લોકોને લાભ મળ્યો છે તેની વિગત જોતાં સ્પષ્ટ થશે કે અનુસૂચિત જનજાતિના લોકો માટે આ દિશામાં ઘણું કરવાનું બાકી છે. કામની સાથોસાથ એક મહત્વનું અને અગ્રતાક્રમે પ્રથમ કામ એ કરવાનું રહે છે કે જેને કારણે આ લોકોનું સ્વાસ્થ્ય કથળે છે તેનાથી પણ તેમને

બચાવવા જોઈએ. ટૂંકમાં તેઓનું આરોગ્ય સારુ રહે તે માટે પાયાથી કામ આરંભવું પડશે કે જેથી ભવિષ્યની પેઢી મહારોગથી બચી શકે.

● **કુટુંબ નિયોજન :**

સર્વેક્ષણમાં કુટુંબ નિયોજન અંગેની વિગતો લેવાનો પ્રયત્ન કર્યો હતો. આ લેવા માટેનો હેતુ એ હતો કે આદિવાસીઓની આર્થિક સ્થિતિ અતિ ખરાબ છે. આજે સર્વેક્ષણમાં જણાયું કે લગભગ ૯૧ ટકા કુટુંબો ગરીબી રેખા નીચે જીવે છે. સાથોસાથ દિવસે દિવસે મોંઘવારી અને માનવીની જરૂરીયાતો વધતી જાય છે. ત્યારે આ અનુસૂચિત જનજાતિના કુટુંબો કઈ રીતે જીવે છે ? વળી પૌષ્ટિક આહાર ન મળવાથી શારીરીક કે માનસિક રોગોના પણ ભોગ બને છે. અને તેઓમાં અનેકવિધ પ્રકારના રોગો થાય છે ત્યારે આ સમય છે કે વસતિ નિયંત્રણની સરકારની યોજના સાથે ચાલવા માટે કે પોતાના વિકાસ માટે આ લોકો કેટલા તૈયાર છે.

સર્વેક્ષણમાં આવેલી માહિતી તપાસતાં જાણવા મળ્યું કે કુલ સર્વેક્ષણમાં ૪૭૨૫૬૧ સભ્યોમાંથી નસબંધી ઓપરેશન માનનારા સભ્યો ૫૭૪૦૩ (૧૨.૦૬ ટકા) હતા. આમાં બે બાળકો પછી ઓપરેશનમાં માનનારા ૧૮૬૧૯ સભ્યો હતા. ત્રણ બાળકો પછી ૧૭૨૯૪ સભ્યો, ત્રણ થી વધુ બાળકોના જન્મ પછી ઓપરેશનમાં માનનારા ૭૬૮ સભ્યો હતા. છોકરાના જન્મ બાદ ઓપરેશનમાં માનનારા ૧૦૨૧૫ સભ્યો હતા. અને છોકરીના જન્મ બાદ ઓપરેશન કરાવવાની ઈચ્છા રાખતા ૧૫૦૭ સભ્યો હતા. ઓપરેશનમાં માનનારા વધુ સભ્યોની સંખ્યા વડોદરામાં ૨૩૮૪૧, ભરૂચમાં ૯૫૮૯ અને સુરતમાં ૭૩૨૬ હતી.

ઓપરેશન કરાવનાર ૪૨૮૫૭ સભ્યો અંગે પૃચ્છા કરી હતી તો જાણવા મળ્યું કે ૧૦૮૨૧ (૨૩.૯૯ ટકા) પુરુષ સભ્ય ઓપરેશન કરાવનાર હતા અને ૩૨૫૭૬ (૭૬.૦૧ ટકા) સ્ત્રી સભ્ય ઓપરેશન કરાવનાર હતી. જિલ્લાવાર સર્વેક્ષણ કરેલ કુટુંબોમાં ઓપરેશનમાં માનનારા અને ઓપરેશન કરાવેલ સ્ત્રી પુરુષોની વિગત કોઠા નં.૪.૩ માં આપવામાં આવી છે.

પતિ-પત્નીએ ઓપરેશન ક્યારે કરાવ્યું તે અંગે પૂછતાં જાણવા મળ્યું કે ૧૧૫૧૬ સભ્યોએ બે બાળકો પછી ૧૬૮૨૬ સભ્યોએ ત્રણ બાળકો પછી, ૧૦૩૭૩ સભ્યોએ ચાર બાળકો પછી અને ૫૮૧૭ સભ્યોએ પાંચ બાળકો પછી ઓપરેશન કરાવ્યું હતું. આ માહિતી જોતાં હવે ખ્યાલ આવે છે કે અનુસૂચિત જનજાતિમાં હજુ આ વિચારને બહુ અપનાવવામાં આવ્યો નથી. કુટુંબ નિયોજન અંગેની જે સમજ હોવી જોઈએ તે પણ ઘણામાં નથી. વધુ બાળકો હોવા તે ભગવાનની મરજી છે એવી એક અંધશ્રદ્ધા પણ કામ કરે છે. આથી સરકારશ્રીએ આ યોજના અંગે વધુમાં વધુ જાગૃતિ આદિવાસીઓમાં લાવી શકાય તે પ્રકારના પ્રયત્નો કરવા જોઈએ.

કોઠા નં. ૪.૩

જિલ્લાવાર નસબંધી ઓપરેશનમાં માનનાર સભ્યો અને ઓપરેશન કરાવનાર સ્ત્રી - પુરુષોની માહિતી

| ક્રમ | જિલ્લાનું નામ | નસબંધી ઓપરેશનમાં માનનાર સભ્યો | કઈ પરિસ્થિતિમાં ઓપરેશન કરાવે | | | | | ઓપરેશન કરાવનાર કોણ | | ઓપરેશન કેટલાં બાળકો પછી | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | બે બાળકો પછી | ત્રણ બાળકો પછી | ત્રણથી વધુ પછી | છોકરા જન્મબાદ | છોકરી જન્મબાદ | પતિ | પત્ની | બે બાળકો પછી | ત્રણ બાળકો પછી | ચાર બાળકો પછી | પાંચ બાળકો પછી |
| ૧. | જામનગર | ૯૬ | ૧૫ | ૪૮ | ૩૧ | ૨ | - | ૧૩ | ૨૩ | ૫ | ૧૫ | ૬ | ૧૦ |
| ૨. | ભાવનગર | ૨૩ | ૨ | ૧૩ | ૮ | - | - | ૬ | ૨૮ | ૧૩ | ૧૦ | ૧૧ | - |
| ૩. | જૂનાગઢ | ૧૯૨ | - | ૭૫ | ૫૨ | ૬૩ | ૨ | ૨૦ | ૮૯ | ૧૨ | ૪૨ | ૪૫ | ૧૦ |
| ૪. | કચ્છ | ૩૭૨૧ | ૮૫૪ | ૯૪૪ | ૧૧૯૦ | ૬૦૬ | ૧૨૭ | ૩૫૪ | ૧૫૩૫ | ૩૯૧ | ૪૯૨ | ૪૪૨ | ૫૬૪ |
| ૫. | અમદાવાદ | ૨૩૦ | ૨૬ | ૧૪૪ | ૨૯ | ૩૧ | - | ૯ | ૧૭૨ | ૩૮ | ૫૭ | ૫૬ | ૩૦ |
| ૬. | મહેસાણા | ૮ | ૪ | ૪ | - | - | - | ૧ | ૧૯ | ૭ | ૧૨ | ૧ | - |
| ૭. | ખેડા | ૨૫૮૨ | ૧૧૦૪ | ૭૬૧ | ૨૮૮ | ૪૨૪ | ૫ | ૪૦૮ | ૧૨૯૬ | ૩૮૧ | ૬૦૧ | ૪૭૫ | ૨૪૭ |
| ૮. | સાબરકાંઠા | ૧૦૦૭ | ૧૨૭ | ૨૯૫ | ૩૩૭ | ૨૩૬ | ૫ | ૪૦૮ | ૧૨૯૬ | ૩૮૧ | ૬૦૧ | ૪૭૫ | ૨૪૭ |
| ૯. | બનાસકાંઠા | ૭૬૮ | ૧૧૬ | ૧૦૯ | ૩૦૪ | ૨૦૮ | ૩૧ | ૬૭ | ૧૦૦ | ૮ | ૩૫ | ૨૭ | ૯૭ |
| ૧૦. | પંચમહાલ | ૪૪૧૪ | ૧૪૪૫ | ૧૨૨૪ | ૯૮૧ | ૭૨૬ | ૩૮ | ૭૭૯ | ૧૮૧૮ | ૫૪૨ | ૭૬૦ | ૭૨૧ | ૫૭૪ |

કોઠા નં. ૪.૩ (ચાલુ)

જિલ્લાવાર નસબંધી ઓપરેશનમાં માનનાર સભ્યો અને ઓપરેશન કરાવનાર સ્ત્રી - પુરુષોની માહિતી

| ક્રમ | જિલ્લાનું નામ | નસબંધી ઓપરેશન માનનાર સભ્યો | કઈ પરિસ્થિતિમાં ઓપરેશન કરાવે | | | | | ઓપરેશન કરાવનાર કોણ | | ઓપરેશન કેટલાં બાળકો પછી | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | બે બાળકો પછી | ત્રણ બાળકો પછી | ત્રણથી વધુ પછી | છોકરા જન્મબાદ | છોકરી જન્મબાદ | પતિ | પત્ની | બે બાળકો પછી | ત્રણ બાળકો પછી | ચાર બાળકો પછી | પાંચ બાળકો પછી |
| ૧૧. | વલસાડ | ૩૬૦૬ | ૧૨૭૫ | ૧૪૯૭ | ૫૬૮ | ૨૦૫ | ૬૧ | ૧૦૭૫ | ૨૨૫૫ | ૧૦૩૪ | ૧૨૧૨ | ૬૯૮ | ૩૮૬ |
| ૧૨. | સુરત | ૭૩૨૬ | ૨૩૭૭ | ૨૯૩૮ | ૧૧૪૯ | ૮૦૦ | ૬૨ | ૧૮૫૩ | ૪૨૩૪ | ૧૪૩૬ | ૨૬૬૬ | ૧૩૯૦ | ૫૯૫ |
| ૧૩. | ભરૂચ | ૯૫૮૯ | ૨૯૪૫ | ૩૪૭૪ | ૨૭૦૯ | ૯૪૪ | ૧૧૭ | ૧૬૭૭ | ૬૫૯૯ | ૨૦૪૯ | ૩૨૩૭ | ૨૦૧૯ | ૯૭૧ |
| ૧૪. | વડોદરા | ૨૩૮૪૧ | ૮૩૨૯ | ૫૭૬૮ | ૨૭૨૨ | ૫૯૭૦ | ૧૦૫૨ | ૩૮૩૬ | ૧૫૫૭૧ | ૫૫૧૩ | ૭૪૮૧ | ૪૩૦૫ | ૨૧૦૮ |
| | કુલ | ૫૭૪૦૩ | ૧૮૬૧૯ | ૧૭૨૯૪ | ૭૬૮ | ૧૦૨૧૫ | ૧૫૦૭ | ૧૦૨૮૧ | ૩૨૫૭૬ | ૧૧૫૧૬ | ૧૬૮૨૬ | ૧૦૩૭૩ | ૫૮૧૭ |

## પ્રકરણ-૫

## શિક્ષિત બેકારો અને સહકારી યોજના

સર્વેક્ષણમાં શૈક્ષણિક બાબતોને ઊંડાણપૂર્વક જોવાનો પ્રયત્ન કર્યો હતો. ૧૯૮૧ના વસતિગણતરીના આંકડા જોતાં ખ્યાલ આવશે કે આદિવાસીઓમાં હવે દિન-પ્રતિદિન શિક્ષણનું પ્રમાણ વધતું જાય છે જે સારી બાબત છે. અનુસૂચિત જનજાતિ સાક્ષરતાનું પ્રમાણ ૨૧.૧૪ ટકા હતું. આની વિસ્તૃત ચર્ચા પ્રકરણ-૨ માં કરવામાં આવી છે. શિક્ષિતો એટલે કે જેમનું શિક્ષણ પુરુ થઈ ગયું છે તેવાઓની સંખ્યા ૧૪.૬૦ ટકા હતી જ્યારે ચાલુ શિક્ષણ ૧૩.૭૦ ટકા જોવા મળ્યું હતું.

સરકારશ્રીએ હરિજન અને આદિવાસીઓ માટે નોકરીમાં અનામત રાખવા માટે બંધારણમાં ખાસ જોગવાઈ કરી છે. આમ છતાં સર્વેક્ષિત કુટુંબોમાં શિક્ષિત બેકારોની સંખ્યા ઘણી જોવા મળે છે. આપણે સૌ શિક્ષણ આપવાનો પ્રયત્નો કરીએ છીએ ત્યારે તેની સાથે તેના ભવિષ્યનો પણ વિચાર જો કરવામાં આવે તો શિક્ષણ પાછળ કેટલો ખર્ચ ફળે તેમ કહી શકાય. સર્વેક્ષણમાં શિક્ષિત બેકારોની સ્થિતિ અંગે જાણવાનો પ્રયત્ન કર્યો હતો. તેની સ્થિતિ કંઈક આવી હતી. સર્વેક્ષણમાં આવરી લીધેલા ૪૭૨૫૬૧ વ્યક્તિઓમાંથી કુલ શિક્ષિત બેકારો ૨૪૮૪ હતા. આ બેકારોના શિક્ષણ અંગે જોઈએ તો એસ.એસ.સી. થયેલા ૨૦૨૯, પી.ટી.સી. ૨૦૦, સ્નાતક ૧૦૯, અનુસ્નાતક ૯૯, ટેકનિકલ શિક્ષણ મેળવેલ ૭૮૫ હતા.

શિક્ષિત બેકારોમાંથી કેટલા સભ્યોએ રોજગાર વિનિમય કચેરીમાં નામ નોંધાવ્યું છે તેની માહિતી લેતાં કુલ ૨૪૮૪ બેકારોમાંથી ૭૮૫ શિક્ષિત બેકારોએ પોતાના જિલ્લાની રોજગાર કચેરીમાં નામ નોંધાવ્યાં હતાં. રોજગાર કચેરીમાં નામ નોંધાવ્યા બાદ તેઓ મુલાકાત (ઈન્ટરવ્યુ) માટે કેટલી વખત બોલાવવામાં આવ્યા છે તેની પૃચ્છા કરતાં ખ્યાલ આવ્યો કે ૪૪૦ બેકારોને એક પણ રોજગાર કચેરીમાંથી ઈન્ટરવ્યુ આવ્યો ન હતો. એક વખત ઈન્ટરવ્યુ ૧૪૦ બેકારોને આવ્યો હતો. બે વખત ૮૮ સભ્યોને, ત્રણ વખત ૪૬ અને ત્રણથી વધુ ૬૭ બેકારોને ઈન્ટરવ્યુ આવ્યો હતો.

આ પરથી સ્પષ્ટ થાય છે કે આટલી મોટી સંખ્યાએ રોજગાર વિનિમય કચેરીમાં નામ નોંધાવેલ હોવા છતાં તેમને નોકરી મેળવવામાં ઘણી મુશ્કેલી પડે છે. શિક્ષિત બેકારો અને તેમણે રોજગાર વિનિમય કચેરીમાં નામ નોંધાવેલ નામ અને તેમને ઈન્ટરવ્યુમાં કેટલીવાર બોલાવવામાં આવ્યા છે તેની જિલ્લાવાર વિસ્તૃત વિગત પરિશિષ્ટ-૧૯ માં આપવામાં આવી છે.

● **સહકારી મંડળીઓ :**

સર્વેક્ષણમાં અનુસૂચિત જનજાતિના સભ્યોના સહકારી મંડળીઓના સંબંધમાં માહિતી એકઠી કરવાનો

પ્રયત્ન કર્યો હતો તેમાં અમે વિવિધ પ્રકારની મંડળીઓ તપાસી હતી જેમ કે ખેતી ધીરાણ, દૂધ મંડળી, ઔદ્યોગિક મંડળીઓ, જંગલ કામદાર, મત્સ્ય વગેરે, જેમાં સહકારી મંડળીઓમાં કુલ નોંધાયેલા સભાસદો (૭૦૯૬) હતા તેમાંથી (૨૯૪૯) સભાસદો ખેતી ધીરાણ-લેમ્પસમાં, ૩૪૭૫ દૂધ મંડળીમાં, ઔદ્યોગિક મંડળીમાં ૨૯૭, મજુર મંડળીમાં ૮૯, ગૃહનિર્માણમાં ૪૩, જંગલ કામદારમાં ૧૪, મત્સ્ય ઉદ્યોગ મંડળીમાં ૨૧ અને અન્ય મંડળીઓમાં ૧૪૭ સભાસદો નોંધાયેલા હતા. આટલી મોટી સંખ્યાના સભાસદોમાંથી માત્ર ૧૨૭૪ સભાસદોને નિયમિત અને પુરતું ધીરાણ મળે છે. એનો અર્થ એ થયો કે બાકીના ૫૮૨૨ સભાસદોને કોઈને કોઈ કારણોસર નિયમિત અને પૂરતું ધીરાણ મળતું નથી.જે ધીરાણ મળે છે તેમાં સમયગાળો કે પ્રમાણમાં વધઘટ હશે. જિલ્લાવાર સહકારી મંડળીઓમાં નોંધાયેલ સભાસદોની વિગત પરિશિષ્ટ-૨૦ માં છે.

સહકારી સહાય મેળવેલ સભાસદોની સંખ્યા જોઈએ તો ૫૩૧૭ છે. તેમાંથી ખેતીકિટસ ૮૫૬, સ્વરોજગારી માટે ૧૮૧, નવા ધંધા માટેની સહાય ૨૧૦, મરઘાં ઉછેર યુનીટ માટે ૮૫, મત્સ્ય ઉદ્યોગનાં સાધનો ૧૮૨, પશુપાલન માટે ૧૯૭૬, શૈક્ષણિક સહાય ૫૦, વૈદકિય સહાય ૩૫, કાનૂની સહાય ૩૪, અને રહેઠાણ માટે ૧૫૯૮ સભાસદોને સરકારી સહાય મળી હતી. સરકારી સહાય મળેલ સભાસદોની જિલ્લાવાર માહિતી પરિશિષ્ટ-૨૧માં છે.

આ જે ૫૩૧૭ સભાસદોને જુદી જુદી મંડળીઓ મારફતે જે સરકારી સહાય મળી છે તે કંઈ એજન્સી દ્વારા મળી છે તે સંબંધમાં પૃચ્છા કરતાં આઈ.આર.ડી. દ્વારા ૧૩૭, કોર્પોરેશન દ્વારા ૩૧૮, સમાજકલ્યાણ ખાતા મારફતે ૧૨૫૮, પ્રાયોજના કચેરી મારફતે ૪૦૩, જિલ્લા મંડળી દ્વારા ૧૧૫૦, જિલ્લા કુટિર ઉદ્યોગ મારફતે ૨૮૪ અને સ્વૈચ્છિક સંસ્થઓ દ્વારા ૩૧૮ સભાસદોને સહાય મળી હતી. આ સહાય મળવાથી કુલ ૪૩૦૩ કુટુંબોને પોતાની આવકમાં વધારો થયેલો છે તેવું જાણવા મળ્યું હતુ.

આ સહાય મળી હતી તેનો સમયગાળો જોઈએ તો ખ્યાલ આવશે કે તેઓને કેટલા સમય પહેલાં સહાય મળી છે. ૧ થી ૨ વર્ષમાં ૧૫૩૦ સભાસદોને, ૩ થી ૪ વર્ષમાં ૧૨૨૧ અને ૪ વર્ષથી ઉપરના સમયગાળામાં ૧૮૭૧ સભાસદોને સહાય મળી હતી. સહાય મળી છે તેમાં વસ્તુ સ્વરૂપે સહાય મેળવનાર સભાસદો ૪૬૬ હતા જ્યારે રોકડરૂપે સહાય મેળવનાર ૧૬૪૫ સભાસદો હતા. રોકડમાં મળેલી સહાય કુલ ૪૨,૩૯,૭૩૪ રૂપિયા હતી. આની વિસ્તૃત વિગત પરિશિષ્ટ-૨૨માં છે.

આ રીતે સહકારી યોજનામાંથી કેટલાંક કુટુંબોની આવક વધી છે અને તેમના કૌટુંબિક અને વ્યક્તિગત વિકાસમાં આ યોજના ઘણી જ સહાયભૂત બની છે. સાથે હજુ પણ યોજનામાંથી વિશેષ અને છેવાડાના ગામોને લાભ મળે તેવા પ્રયત્નો કરવા વિચારવું જોઈએ અને સાથે સાથે સહકારી યોજનાનો વધુને વધુ વિકાસ કરવો જોઈએ.

## પ્રકરણ-૬

# સર્વેક્ષિત કુટુંબોની સામાજિક-શિક્ષણ અને આરોગ્ય વિષયક જરૂરિયાતો

આપણે આગળ જોયું તેમ અનુસૂચિત જનજાતિના લોકોની આર્થિક-સામાજિક સ્થિતિ ઘણી જ ખરાબ છે. તેઓ અનેક પ્રકારના ધંધા-રોજગારમાં પડયા હોવા છતાં જીવનનિર્વાહ ચલાવવો ઘણો જ મુશ્કેલ બની ગયો છે. દિન-પ્રતિદિન તેઓના વ્યવસાયમાં ફેરફાર થતો જાય છે. આજે પરંપરાગત ધંધો કરતા હોય તેની સંખ્યા જાણવા નથી મળતી પરંતુ આ સર્વેક્ષણ દરમિયાન અને અમારા નિરીક્ષણ વખતે જાણવા મળ્યુ હતું કે તેઓના વશંપરંપરાગત ધંધા ભાંગી પડયા છે. આની પાછળ જો કોઈ મહત્વનું કારણ હોય તો તે નાણાની સગવડનો અભાવ છે. ઘણા આગેવાનો પાસેથી જાણવા મળ્યું કે આવા ધંધા માટે જો માલસામાનની સગવડ અને નાણાકીય સવલતો મળે તો કુટુંબનું ભરણપોષણ સારી રીતે થઈ શકે તેમ છે એટલું જ નહીં પણ જે કુટુંબોએ પોતાના વંશપરંપરાગત ધંધો છોડી દીધો છે. તેઓ ફરી પાછા પોતાનો મૂળ ધંધો કરવા લાગે છે.

### (૧) વંશપરંપરાગત ધંધા માટેની જરૂરિયાત :

સર્વેક્ષણમાં તેઓના વંશપરંપરાગત ધંધાના પ્રોત્સાહન અને વિકાસ માટે કયા પ્રકારની જરૂરિયાતો છે તે જાણવાનો પ્રયત્ન કરવામાં આવ્યો હતો. તપાસમાં આવરી લીધેલા કુટુંબોમાંથી ૩૦૮૨૪ કુટુંબોએ વંશપરંપરાગત ધંધાના વિકાસ માટે વિવિધ પ્રકારની જરૂરિયાતો દર્શાવી હતી. આ જરૂરિયાતોમાં નાણાકીય સહાય, કાચોમાલ, સાધનો, તાલીમ માર્ગદર્શન અને વેચાણનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ જરૂરિયાતોમાં અમુક કુટુંબોએ એકથી વધુ જરૂરિયાતો દર્શાવી હોય તેવું પણ હોય તેવું પણ બન્યું છે.

તપાસમાં આવરી લીધેલા ૯૩૯૩૨ કુટુંબોમાંથી ૩૦૮૨૪ કુટુંબો વિવિધ પ્રકારની જરૂરીયાત દર્શાવી છે. ૨૫૧૩૨ (૨૬.૭૫ ટકા) કુટુંબોએ નાણાની, ૮૦૬ (૦.૮૭ ટકા) કુટુંબોએ કાચામાલ અંગેની, ૩૫૮૭ (૩.૮૨ ટકા) કુટુંબોએ સાધનો અંગેની, ૩૭૦ (૦.૩૯ ટકા) કુટુંબોએ તાલીમની, ૭૨૯ (૦.૭૮ ટકા) કુટુંબોએ માર્ગદર્શની, ૧૯૦ (૦.૨૦ ટકા) એ વેચાણની અને ૧૧૩૦ (૧.૨૦ ટકા) કુટુંબોએ અન્ય પ્રકારની જરૂરીયાતો દર્શાવી હતી. અન્યમાં કોઈ ખાસ સ્પષ્ટતા કરી નહોતી પણ પૃચ્છા કરતાં જાણવા મળ્યું કે જે મળે તે, એટલે કે આગળ જે જરૂરિયાતો દર્શાવી છે તેની સાથે આ સમર્થન કરે છે. પણ પોતાની આવશ્યકતા કયા વિશેષ પ્રકારની છે તેની સ્પષ્ટતા કરતા નથી.

તપાસ વખતે ૩૦૮૨૪ કુટુંબોએ જે જરૂરીયાતો દર્શાવી છે તેને જિલ્લાવાર પૃથ્થકરણ કરતાં જણાય છે કે આવી જરૂરીયાતો દર્શાવતા ઈસમોની સંખ્યા વડોદરા (૧૪૪૮૨), પંચમહાલ (૩૯૨૬), ભરૂચ (૩૧૮૪), કચ્છ (૨૯૮૭) જિલ્લામાં વધુ હતી. સૌથી ઓછી સંખ્યા ભાવનગર (૧૨) અને

મહેસાણા (૧૮) જિલ્લામાં હતી. જિલ્લાવાર વંશપરંપરાગત ધંધાની જંરૂરીયાત દર્શાવતી માહિતી પરિશિષ્ટ-૨૩માં આપવામાં આવી છે.

(૨) **ખેતીના વિકાસ અંગેની જરૂરીયાતો :**

સર્વેક્ષણમાં આવરી લીધેલા ૯૩૯૩૨ કુટુંબમાંથી ૨૩૦૮૯(૨૪.૫૬ ટકા) કુટુંબો ખેતીની જમીન ધરાવે છે. જે જમીન વધતા ઓછા પ્રમાણમાં છે. તપાસ દરમિયાન એવું જાણવા મળ્યું કે જે લોકો પાસે ખેતીની જમીન છે તેઓ પણ સારી રીતે ખેતી કરી શકતા નથી, તેની પાછળનું કારણ એવું જાણવા મળ્યું કે ખેતી કરવા માટેના જે જરૂરી સાધનો જોઈએ તેની સંખ્યા ઓછી કે નહીંવત્ હતી. આથી તપાસમાં ખેતી કરવા માટેનાં સાધનોની જરૂરીયાતો અંગે માહિતી એકત્ર કરવામાં આવી હતી. આ જરૂરીયાતોમાં એવું જોવા મળ્યું છે કે મોટાભાગનાં કુટુંબોએ એક કરતાં વધુ પ્રકારની જરૂરીયાતો દર્શાવી હતી.

તપાસમાં જે કુટુંબો પાસે જમીન નથી તેવાં કુટુંબોને નવી જમીન અંગેની અને જે કુટુંબો પાસે ખેતીની જમીન છે તેને કેવા પ્રકારનાં સાધનો આપવામાં આવે તો સઘન ખેતી કરી ઉત્પાદનમાં વૃધ્ધિ કરી શકે. તે અંગેની માહિતી એકઠી કરતાં જણાવ્યું હતું કુલ કુટુંબોમાંથી ૩૧૭૨૬ (૩૩.૭૭ ટકા) કુટુંબોએ જણાવ્યું હતું કે ખેતી માટેની નવી જમીન આપો. જે ૨૩૦૩૯ કુટુંબો ખેતીની જમીન ધરાવે છે તેમાં ૯૨૩૧ (૪૦.૦૬ ટકા) કુટુંબોએ જમીન સમતલ કરવા, ૭૩૪૭ (૩૧.૮૮ ટકા) કુટુંબોએ પાળા બાંધવા, ૩૮૧૧ (૧૬.૫૪ ટકા)કુટુંબોએ નાળા બાંધવા, ૬૪૪૮ (૨૭.૯૯ ટકા) કુટુંબોએ વાડા બનાવવા, ૬૭૮૭ (૨૯.૪૬ ટકા) કુટુંબોએ કયારી બનાવવા, ૨૦૩૭૮ (૮૮.૪૫ ટકા) કુટુંબો ખાતર જરૂરીયાત, ૧૮૩૩૭ (૭૯.૫૯ ટકા) કુટુંબોએ જમીનના હપ્તા ભરવાના નાણાંની જરૂરિયાત, ૯૦૪૪ (૩૯.૨૫ ટકા) કુટુંબોએ પાક નિદર્શન માટેની અને ૮૧૦૭ (૩૫.૧૮ ટકા) કુટુંબોએ પાક સંરક્ષણ નિદર્શનની જરૂરીયાત દર્શાવી હતી. જિલ્લાવાર ખેતી વિષયક જરૂરીયાતોની માહિતિ પરિશિષ્ટ-૨૪ માં આપવામાં આવી છે.

(૩) **ખેતી માટેનાં સાધનોની જરૂરીયાત :**

ખેતી વિષયક જરૂરીયાતો ઉપરાંત ખેતીનાં સાધનો અંગેની જરૂરીયાત અંગે તપાસ દરમિયાન માહિતી એકત્ર કરવામાં આવી હતી. આ માહિતી પર એ જોવા મળ્યું કે જે કુટુંબો ખેતી ધરાવે છે તેમાંથી ૧૯૮૩૧ કુટુંબોએ લાકડાનું હળ, ૧૮૯૬૦ કુટુંબોએ રાંપ, ૧૯૭૪૨ કુટુંબોએ રાંપડી, ૧૮૭૫ કુટુંબોએ સમાર, ૧૭૯૭૫ કુટુંબોએ વાવણિયો, ૧૭૦૦૪ કુટુંબોએ લોખંડનું હળ, ૧૫૬૨૪ કુટુંબોએ પંખો, ૧૪૬૯૫ કુટુંબોએ મોધ, ૨૧૨૪૬ કુટુંબોએ બળદગાડું અને ૧૬૮૮૭ કુટુંબોએ દવા છાંટવા

માટેના સ્પેયર તથા પંપની જરૂરીયાત દર્શાવી હતી. જિલ્લાવાર ખેતીના સાધનોની જરૂરીયાત અંગેની માહિતી પરિશિષ્ટ-૨૫ માં આપવામાં આવી છે.

**(૪) ખેતી સંબંધમાં પિયતનાં સાધનોની જરૂરીયાત :**

તપાસ દરમિયાન સર્વેક્ષણમાં ખેતી માટે પિયતનાં સાધનોની જરૂરીયાત અંગેની માહિતી એકત્ર કરતાં એવું જણાયું કે ખેતી કરતા કુટુંબોએ જુદી જુદી જરૂરીયાતો દર્શાવી હતી. જેમાં ૧૦૭૮૦ કુટુંબોએ નવા કુવા અંગે, ૩૭૧૩ કુટુંબોએ કૂવા ઊંડો કરાવવા, ૩૦૮૯ કુટુંબોએ કૂવાનું સમારકામ કરાવવા અંગે, ૧૯૮૮ કુટુંબોએ ઓઈલ એન્જીન માટે, ૫૬૭૪ કુટુંબોએ પાઈપ લાઈન નંખાવવા અને ૫૧૭૪ કુટુંબોએ પિયતના કૂવા પર વિજળીના જોડાણની જરૂરીયાત દર્શાવી હતી. જિલ્લાવાર ખેતીનાં પિયતનાં સાધનોની જરૂરીયાત દર્શાવતી માહિતી પરિશિષ્ટ-૨૬માં આપવામાં આવી છે.

**(૫) શાકભાજી વાવેતર અને ફળાઉ ઝાડની જરૂરીયાત સંબંધી માહિતી :**

શાકભાજી અને ફળાઉ ઝાડ ઉગાડવા સંબંધી માહિતી એકત્ર કરતાં જણાયું કે ખેતીની જમીન ધરાવતાં ૨૩૦૩૯ કુટુંબોમાંથી ૧૦૬૫૨ કુટુંબો શાકભાજીનું વાવેતર કરવા ઈચ્છે છે. ૨૬૧ કુટુંબો વાંસ ઉગાડવા, ૪૬૨૪ ઘાસચારો ઉગાડવા અને ૧૧૭૯ કુટુંબો વનીકરણ કરવાની ઈચ્છા રાખતા હતા. ફળાઉ ઝાડ કયા પ્રકારનાં ઉગાડવાની ઈચ્છા ધરાવે છે તે અંગે પૂછતાં જણાયું કે ૫૫૭૭ કુટુંબો આંબાનાં ઝાડ, ૧૩૧૧ કુટુંબો ચીકુ, ૧૦૫૭ કુટુંબો પપૈયાના ઝાડ, ૧૯૮૫ કુટુંબો લીંબુડી, ૭૧૪ કુટુંબો કેળ, ૧૨૧ કુટુંબો આંબળાં અને ૬૦૬ કુટુંબોએ દ્રાક્ષનું વાવેતર કરવાની ઈચ્છા અને જરૂરીયાત દર્શાવી હતી. જિલ્લાવાર શાકભાજી અને ફળાઉ ઝાડના વાવેતર અંગેની માહિતી પરિશિષ્ટ-૨૭માં આપવામાં આવી છે. જેને જોતાં ખ્યાલ આવશે કે મોટાભાગનાં ખેતી ધરાવતાં કુટુંબોએ ફળાઉ ઝાડ અને શાકભાજી ઉગાડવાની ઉત્સુકતા દર્શાવી છે. આમાં એક કુટુંબે એક કરતાં વધારે ફળાઉ ઝાડ ઉગાડવાની માંગણી કરી છે.

**(૬) પશુપાલનની જરૂરીયાત :**

અનુસૂચિત જનજાતિના લોકોનું આર્થિક જીવન જોતાં સ્પષ્ટ ખ્યાલ આવશે કે તેઓની આર્થિક સ્થિતિ ઘણી નબળી છે. મોટાભાગનાં કુટુંબોને આજે એક કરતાં વધુ વ્યવસાયોનો આશરો લેવો પડે છે. તેમનો મુખ્ય ધંધો આજે મજૂરી થઈ ગયો છે. ઘણાં કુટુંબો જીવન નિર્વાહ ચલાવવા માટે પશુપાલનનો ધંધો પણ કરે છે. પરંતુ પોતાની આર્થિક સ્થિતિ નબળી હોવાથી પશુપાલનની માવજત સારી રીતે કરી શકતા નથી. તેમનો પરંપરાગત ધંધો દિવસે દિવસે મંદ પડતો જાય છે. આવા સમયે પૂરક રોજી મેળવવા માટે તેમને પશુપાલન અને તેની સાથે સંલગ્ન ઘાસ તથા જરૂરી દવા વગેરે સામગ્રી આપવામાં આવે તો આવકમાં વૃધ્ધિ થશે.

તપાસ દરમિયાન આવરી લીધેલાં ૯૩૯૩૨ કુટુંબોને પૂરક આવકનાં સાધન તરીકે અથવા તેમની આવકમાંથી વૃદ્ધિ માટે કોઈ પશુની જરૂર હોય તો તે અંગેની માહિતી એકઠી કરતાં જણાયું કે ૨૯૫૬૫ (૩૧.૪૭ ટકા) કુટુંબોએ ભેંસ, ૯૪૧૦ (૧૦.૦૧ ટકા) કુટુંબોએ ગાય, ૧૫૧૫ (૧.૬૧ ટકા) કુટુંબોએ ઘેટાં, ૧૪૮૩૯ (૧૫.૮૦ ટકા) કુટુંબોએ બકરી, ૬૭૫ (૦.૭૨ ટકા) કુટુંબોએ ઊંટ, ૮૧૮૨ (૮.૭૧ ટકા) કુટુંબોએ બળદ, ૩૯૬૨ (૪.૨૨ ટકા) કુટુંબોએ મરઘાં અને બતક અને ૨૦૦ (૦.૨૨ ટકા) કુટુંબોએ અન્ય પ્રકારની જરૂરીયાત દર્શાવી હતી. જિલ્લાવાર પશુપાલનની માહિતી પરિશિષ્ટ-૨૮માં આપવામાં આવી છે.

અનુસૂચિત જનજાતિના લોકોને પશુપાલનનો વ્યવસાય તેમની આવક વૃદ્ધિ માટે આપવામાં આવે ત્યારે એક ધ્યાનકર્ષક બાબત એ બને છે કે ખરેખર તેઓ આમાંથી આવક મેળવી શકે છે ખરા ? કારણ કે જે આદિવાસી પાસે બિલકુલ જમીન નથી તેને પશુપાલનના ધંધામાં પશુ આપવામાં આવે તો તેના ભરણપોષણ માટે ઘાસચારો કયાંથી લાવશે તે પણ મહત્વની સમસ્યા છે. આજુબાજુથી જેટલું ઘાસ લાવશે તે પશુને માટે પૂરતો ખોરાક નહીં હોય, છેવટે આ ધંધો પડી ભાંગશે તેવી શકયતા છે તેના કરતાં પશુ સાથે થોડી ગોચરની કે પડતર જમીન આપવામાં આવે તો આમાં વધુ સફળતા મળશે અને તેઓ ચિંતા વગર પોતાના ધંધાને માટે મહેનત કરશે. આવું મરઘાં માટે, દા.ત. ગણદેવી તાલુકામાં બન્યું છે. મરઘાંના યુનિટને પૂરતો ખોરાક નહીં પહોંચાડતાં તે યુનિટ હાલમાં બંધ પડયું છે. મરઘાં કયાં ગયાં તે ખબર નહીં, પણ તેના શેડમાં લોકો રહે છે. ભાંગ્યો તૂટયો સામાન રાખવા માટે ઉપયોગ કરે છે.

**(૭) આવક વૃદ્ધિ માટે નવા ધંધા રોજગારની ઈચ્છા :**

તપાસ દરમિયાન સર્વેક્ષણ થયેલ કુટુંબની આવકની વૃદ્ધિ માટે નવા ધંધા રોજગાર અંગે માહિતી એકત્રિત કરી હતી જેમાં જુદા જુદા નવા ધંધા અંગેની ઈચ્છા ધરાવનારની સંખ્યા ઘણી સારી હતી. અનુક્રમે જોઈએ તો ઊંટલારી ભાડે ફેરવી પોતાની આવક વૃદ્ધિ કરવા માટે ૪૫૧૩ કુટુંબોએ હાથલારી માટે, ૫૭૭૪ કુટુંબોએ દળવાની ઘંટી માટે, ૧૯૫૪ કુટુંબોએ સીવણકામ કરવા માટે, સાઈકલ સ્ટોર્સ માટે ૨૪૬૪, ઘડીયાળ રીપેરિંગ માટે ૭૭૦, રેડીયો રીપેરિંગ માટે ૧૦૪૨, ઓટોમોબાઈલ્સ માટે ૧૦૩૫, હીરા ઘસવા માટે ૮૨૪, લુહારીકામ માટે ૨૨૪, ઈંટ ઉદ્યોગ માટે ૪૦૬, માટીપ્રવૃત્તિ માટે ૧૨૪, દિવાસળી બનાવવા માટે ૨૯૩, અગરબત્તી બનાવવા માટે ૨૪૩, મોટર ડ્રાઈવીંગ માટે ૭૯૦, અંબર ચરખા માટે ૮૬૯, જાજરૂ બનાવવા માટે ૩૭૯, મત્સ્યઉદ્યોગ માટે ૬૯૯ અને ખાદી પ્રવૃત્તિ માટે ૭૨ કુટુંબોએ ઈચ્છા દર્શાવી હતી.

આ નવા ધંધા રોજગાર અંગેની જિલ્લાવાર માહિતી પરિશિષ્ટ-૨૯માં આપવામાં આવી છે.

### (૮) નવા ધંધા રોજગાર માટેની તાલીમ :

નવા ધંધા રોજગાર ઉપરાંત ઘણી વ્યક્તિઓએ આધુનિક પ્રકારના વ્યવસાય અને નવા ધંધા શીખવા માટેની જરૂરી તાલીમની ઈચ્છા દર્શાવી હતી. નવા ધંધો કરવાની ઈચ્છા ધરાવતા ૧૮૮૮ એ કડિયાકામ, ૧૬૦૭ સુથારીકામ, ૭૪૪ વાંસકામ, ૧૦૦૦ મત્સ્યઉદ્યોગ, ૩૭૨ ખાદી ગ્રામોદ્યોગ, સીવણકામ ૭૮૪, ઈલેક્ટ્રીશીયન ૯૫, વાયરમેન ૨૫૯, ટર્નર ૧૫૫, ફીટર ૧૫૫, વેલ્ડર ૧૧૨, ઓટો રીપેરિંગ માટે ૭૮૯, સ્કીન પ્રિન્ટીંગ માટે ૧૪ અને પ્રિન્ટીંગ પ્રેસ માટે ૩૭ સભ્યો આ પ્રકારના વ્યવસાયની તાલીમ લઈ નવો રોજગાર કરવાની ઈચ્છા ધરાવતા હતા. આ સિવાય પણ ઘણા ઈસમો તદ્દન આધુનિક વ્યવસાયની તાલીમ લેવાની ઈચ્છા રાખે છે અને તાલીમ લઈને નવા ધંધો રોજગાર કરવાની ઈચ્છા રાખતા હતા તેમાં કંપોઝીટર ૧૨૧, હીરા ઉદ્યોગ ૪૩૮, રેડિયો રીપેરીંગ ૧૧૨, ઘડીયાળ રીપેરીંગ અને એરકંડીશન રીપેરીંગ ૧૧, કાર્પેટ બનાવવી ૧૪૩, અંબર ચરખા ૪૮૩, ઉન વણાટ ૧૪૫, ભરતગૂંથણ ૨૪૩, મોલ્ડીંગ માટે ૮ કુટુંબો નવા ધંધા રોજગાર માટેની તાલીમ લેવાની ઈચ્છા ધરાવે છે.

આ નવા ધંધા રોજગાર તાલીમ કેટલી વ્યક્તિઓને જોઈએ છે તેની જિલ્લાવાર માહિતી પરિશિષ્ટ-૩૦ માં આપવામાં આવી છે.

### (૯) રહેઠાણ અંગેની જરૂરીયાત :

અગાઉ આપણે પ્રકરણ-૪ માં જોયું તેમ અનુસૂચિત જનજાતિના લોકો માટે રહેઠાણનો પ્રશ્ન ખૂબ જ વિકટ છે. તપાસ દરમિયાન રહેઠાણ અંગેની જરૂરીયાત પૂછતાં જાણવા મળ્યું કે કુલ કુટુંબોમાંથી ૨૩૬૩૮ (૨૫.૧૬ ટકા) કુટુંબોને ઘરથાળના પ્લોટ મળ્યા છે. તેમાંથી ૧૩૨૯૨ (૫૬.૨૩ ટકા) કુટુંબોએ ઘરથાળના પ્લોટ ઉપર બાંધકામની જરૂરીયાત દર્શાવી હતી કુલ કુટુંબમાંથી ૫૫૪૯૭ (૫૯.૦૮) કુટુંબોએ નવા પ્લોટની માંગણી કરી હતી અને નવા મકાનની જરૂરીયાત દર્શાવી હતી; જ્યારે ૩૬૬૫૦ (૩૯.૦૧ ટકા) કુટુંબોએ પોતાના ભાંગેલ તૂટેલ હાલતના મકાનને સમારકામ કરાવવાની જરૂરીયાત દર્શાવી હતી.

### (૧૦) રહેઠાણ અંદરની સુવિધા અંગે જરૂરીયાત :

આ ઉપરાંત આગળ જોયું તેમ અનુસૂચિત જનજાતિના લોકોના રહેઠાણના મકાનમાં સામાન્ય સુવિધાઓ જેમ કે હવા-ઉજાસ માટેના બારી-બારણાં, પીવાનું પાણી, પાણીના નિકાલની વ્યવસ્થા વગેરેનો અભાવ છે. આ બાબતોને ધ્યાનમાં રાખી રહેઠાણ અંદરની સુવિધા માટે પૂછતાં જાણવા મળ્યું

કે તપાસમાં આવરી લીધેલા ૯૩૯૩૨ કુટુંબમાંથી ૫૬૬૨૨ (૬૦.૨૭ ટકા) કુટુંબોએ અજવાળિયા, ૫૭૮૪૩ (૬૧.૫૮ ટકા) કુટુંબોએ નળનું જોડાણ, ૧૨૮૭૯ (૧૩.૭૧ ટકા) કુટુંબોએ નિર્ધૂમ ચૂલા, ૫૮૭૩૨ (૬૨.૫૩ ટકા) કુટુંબોએ નાવણિયું, ૬૦૩૩૩ (૬૪.૫૩ ટકા) વીજળી, ૪૮૮૨૫ (૫૧.૯૭ ટકા) બારી-બારણાં, ૫૫૨૮૨ (૫૮.૮૫ ટકા) પાણીયારું, ૨૭૩૨૧ (૨૯.૦૮ ટકા) ગોબરગેસ અને ૮૦૬૬ (૮.૫૫ ટકા) કુટુંબોએ અન્ય પ્રકારની જરૂરીયાત દર્શાવી હતી. જિલ્લાવાર ઘરથાળના પ્લોટ અને રહેઠાણ અંગેની જરૂરીયાત અને રહેઠાણમાં જરૂરી સગવડની જરૂરીયાત સંબંધિત માહિતી પરિશિષ્ટ-૩૧-૧ અને ૩૧-૨ માં આપી છે.

**(૧૧) ખોડખાંપણની સારવાર અંગેની જરૂરીયાત :**

તપાસમાં આવરી લીધેલ કુટુંબોની ૪૭૨૫૬૧ વ્યક્તિમાંથી ૨૦૭૧ (૦.૪૪ ટકા) વ્યક્તિઓ જુદી જુદી ખોડખાંપણ ધરાવતી હતી. આમાંની કેટલીક વ્યક્તિઓ પોતે સ્વનિર્ભર રીતે રહી શકે તે માટે જુદી જુદી જરૂરીયાત દર્શાવી હતી. આવી કુલ જરૂરીયાતોની સંખ્યા ૧૯૨ છે. આમાં ૧૬ (૦.૭૭ ટકા) સભ્યોએ પોતાની અપંગતાની પરિસ્થિતિમાં ઉપયોગી બને તે માટેના સાધનોની માંગણી કરી હતી. ૧૦૨ (૪.૯૨ ટકા) એ ધંધા રોજગાર કરવા માટે નાણાકીય સહાયની ઈચ્છા રાખી હતી. ૬૨ (૨.૯૯ ટકા) વ્યક્તિઓએ સારવારની સુવિધા માગી છે. જયારે ૧૨ (૦.૫૮ ટકા) વ્યક્તિઓએ વ્યાવસાયિક તાલીમની જરૂરીયાત દર્શાવી હતી. આ ઉપરાંત તપાસ કરતાં જાણવા મળ્યું કે ૧૭૭૦૦ વ્યક્તિઓએ આરોગ્ય અંગે સારવાર તેમજ ૧૫૯૩૬ વ્યક્તિઓએ દવા ખરીદવા માટે આર્થિક (નાણાકીય) સહાયતાની જરૂરીયાત દર્શાવી હતી.

જિલ્લાવાર માહિતીનું પૃથક્કરણ કરતાં જણાશે કે સૌથી વધુ જરૂરીયાત વડોદરા, ભરૂચમાં હતી. સૌથી ઓછી જરૂરીયાત વલસાડ, પંચમહાલ અને બનાસકાંઠામાં હતી. જયારે જામનગર, અમદાવાદ અને મહેસાણા જિલ્લામાં કોઈપણ વ્યક્તિએ આવી જરૂરીયાત દર્શાવી નહતી. આરોગ્ય માટેની વધુ સારવારની જરૂરીયાત વડોદરા, પંચમહાલ, ખેડા અને કચ્છમાં જણાઈ હતી. દવા માટે આર્થિક સહાયની વધુ જરૂરીયાત વડોદરા, પંચમહાલ, ખેડા અને કચ્છ જિલ્લામાં હતી. જિલ્લાવાર ખોડ-ખાંપણવાળાની વિવિધ જરૂરીયાતની માહિતી પરિશિષ્ટ-૩૨માં છે.

## પ્રકરણ-૭

## જુદા જુદા ગામોમાં આદિવાસીઓની સ્થિતિ વિષેનો ચિતાર

આગળના પ્રકરણમાં સર્વેક્ષણના આધારે જે આંકડાઓ મળ્યા તેની ચર્ચા કરી હતી તે આધારે તેઓની વસતિ, કુટુંબ, શિક્ષણ, આર્થિક સ્થિતિ અને આરોગ્ય વગેરે જાણવા મળ્યું હતું પરંતુ આ સાથે જ આ કુટુંબો જયાં વસવાટ કરે છે તેની સ્થિતિ કેવી છે, તેમના પ્રશ્નો કેવા છે વગેરે જાણવું એટલું જ અગત્યનું હોવાથી, અમે સર્વેક્ષણ સમય દરમિયાન જુદા જુદા જિલ્લાઓનાં પસંદ થયેલ ગામોની મુલાકાત લીધી હતી. આ મુલાકાત લીધેલ ગામોમાંથી કેટલાંક ગામોની વિગતો અહીં મૂકવા પ્રયાસ કર્યો છે, જેનાથી તેઓની આર્થિક સંરચના અને પ્રશ્નો અંગે વધુ જાણી શકાય છે.

● **છરવાડા (તા.જિ.વલસાડ) :**

છરવાડા ગામ વલસાડથી ૧૭ કિ.મી. દૂર આવેલું છે. આ ગામમાં હળપતિઓ અને કોળી પટેલની વસતિ વધારે છે જયારે હરિજનમાં ચમાર-૧, વણકર-૧૦ કુટુંબ અને મુસલમાનનાં ૧૦ કુટુંબો જોવા મળ્યાં હતાં. કોળી પટેલના ૮ ફળિયામાં ૧૬૦૦ કુટુંબો વસે છે. અનાવિલ જાતિનું એક કુટુંબ છે. તે પણ બંધ છે. અહીંયાં પહેલા અનાવિલો હતા પણ તેઓ ધંધાર્થે વતન છોડી વલસાડ, મુંબઈ વગેરે સ્થળે સ્થાયી થયા છે અને પોતાની મિલકત પણ વેચી દીધી છે તેવું જાણવા મળ્યું હતું.

આ ગામમાં આદિવાસીઓમાં હળપતિ જાતિનાં કુટુંબો છે. તેઓનાં લગભગ ૭૦ થી ૮૦ કુટુંબો છે. તેમનો વસવાટ જોતાં ખ્યાલ આવે છે કે તેઓ ખેતીવાડીની મજૂરી સાથે જોડાયેલા હોઈ, ગામમાં ફળિયા બંધ રહે છે. ગામ સાથેનો સંબંધ પહેલેથી છે અને આજે પણ છે. આ ગામમાં હળપતિઓનાં જુદાં જુદાં ત્રણ ફળિયાં આવેલા છે જેવા કે ઈલવા ફળિયું, ભાઠેલ ફળિયું અને ઈંદિરા આવાસ વગેરે આવાસો છે. પાણી માટે જાહેર ટાંકી છે. આ ટાંકી ગામની વચ્ચે છે અને ત્યાંથી દરેકે પીવા માટે પાણી ભરી જવું પડે છે. સ્ટ્રીટ લાઈટ છે. હળપતિના મકાનમાં લાઈટ નથી. નવા આવાસોમાં લાઈટ ફીટીંગ ચાલતું હતું.

આ ગામમાં પ્રાથમિક ધોરણ ૧ થી ૭ સુધીના શિક્ષણની વ્યવસ્થા છે. હાઈસ્કૂલ કક્ષાના શિક્ષણ માટેના વલસાડ અથવા ડુંગરી ગામમાં જવું પડે છે. આદિવાસી બાળકોમાં મોટેભાગે પ્રાથમિક શિક્ષણ પુરું થઈ ગયેલું જોવા મળ્યું હતું. એક જ છોકરો હાઈસ્કુલમાં ધોરણ-૯ માં છે. એટલે કે શિક્ષણનું પ્રમાણ ઘણું જ નબળું જોવા મળ્યું હતું.

આ ગામના આદિવાસીઓનાં આર્થિક પાસાં અંગે જોઈએ તો તેઓના રહેઠાણ પહેરવેશ અને ઘરના રાચરચીલા પરથી જોઈ શકાય કે આ લોકો ગરીબ છે. મજૂરી પર જીવન નિર્વાહ કરવા સિવાય બીજો કોઈ

વિકલ્પ નથી છતાં મજૂરી પૂરતા પ્રમાણમાં મળતી નથી. આગળ જોયું તેમ આ ગામમાં કોળી પટેલની વસતિનું પ્રમાણ વિશેષ છે. આ લોકો જાતમહેનત કરવામાં માને છે અને જમીન પણ તેમની પાસે છે. આથી નાછૂટકે જ મજૂરને કામે બોલાવે છે. આ આદિવાસીઓ કોળી પટેલના મીઠાના અગરમાં મજૂરીએ જાય છે. આ સિવાય અન્ય મજૂરી ઘણી જ ઓછી મળે છે અને ગામમાં કામ ન મળે ત્યારે છેવટે વલસાડ પણ મજૂરી કરવા જાય છે. કેરીની સિઝનમાં કેરી ઉતારવા પણ જાય છે. સીઝન પૂરતી જ મજૂરી છે. તેમાં પણ રોજીની હરીફાઈ થાય છે. આજના પ્રમાણમાં મજૂરીના દર પણ મળે છે તે કરતાં ઘણીવાર ઓછી મજૂરીએ પણ જવું પડતું હોય છે. તેઓ પાસેથી જાણ્યું કે સરકારી લાભો પણ મળતા નથી. ફોર્મ ભર્યા પછી તેનું શું થાય, તે અંગે કંઈ ખબર પડતી નથી તેવું આ આદિવાસીઓનું કહેવું છે.

જ્યારે એક હળપતિ આદિવાસી શ્રી કિકુભાઈ કોહયાભાઈ રાઠોડે સરકારી લાભ લઈને એક લાકડાની કેબીન બનાવી છે. કેબીનનું મોટાભાગનું કામ તેણે જાતે જ કર્યું છે. અત્યારે તેમાં મમરા, બિસ્કીટ, તેલ અને પરચુરણ વસ્તુનો ધંધો કરે છે. તેને રોટલા આજીવિકા મળી રહે છે. આમાં તેને સંતોષ છે.

સામાજિક રીતરિવાજ જોઈએ તો આ ગામના આદિવાસીઓ આજુબાજુના વિસ્તારનાં ગામોમાં જયાં હળપતિઓ છે ત્યાં સામાજિક સંબંધો કરે છે અને લગ્ન કરે છે. હજુ પણ નાની ઉંમરે લગ્નો (બાળલગ્ન) થાય છે. સામાન્ય રીતે તેઓ હિંદુ ધર્મ પાળતા જોવા મળ્યા હતા અને તે પ્રમાણે તહેવારોની ઉજવણી પણ કરે છે. મચ્છી ખાવા માટે વધુ રસ હોય તેવું તેમની સાથે ચર્ચા કરતાં લાગ્યું. દારૂનું વ્યસન, તમાકુની પડીકી ચુના સાથે મિશ્રણ કરીને ખાવાની ટેવ હોય તેવું લાગ્યું. આ રીતે આ આદિવાસીઓ વ્યસની પણ છે.

આદિવાસીઓ ગામમાં રહેતા હોવા છતાં પણ ગામથી જુદા હોય તેવું દેખાય છે. આ સમાજ ગરીબીથી સબડતો હોય છે અને કોળી પટેલને ત્યાં અમીરી ભરપુર હોય એટલે માનસિક રીતે હંમેશાં લઘુતાગ્રંથિથી પીડાતા લાગ્યા હતા.

● સેગવી (તા.જિ.વલસાડ) :

વલસાડથી પાંચ કિ.મી. પશ્ચિમ દિશામાં આવેલું આ સેગવી ગામ છે. આ ગામમાં કોળી પટેલનાં ૩૦૦ કુટુંબ, પ્રજાપતિનાં ૭૫ કુટુંબ, સુથારનાં ૨૦ કુટુંબ, મુસલમાનનાં ૨૦ કુટુંબ, વણકર (અનુસૂચિત જાતિ)નાં ૮ કુટુંબ, હળપતિનાં ૪૦ કુટુંબ, ધોડિયા પટેલનાં ૨ કુટુંબ છે.

આ ગામમાં આદિવાસીઓમાં બે જાતિ છે. (૧) હળપતિ અને (૨) ધોડીયા પટેલ છે. તેમની રહેઠાણની સ્થિતિ જોઈએ તો આ આદિવાસીઓના જુદા જુદા ત્રણ ફળિયામાં વસવાટ કરતાં જોવા મળ્યાં જેવાં કે સુથાર ફળિયા, ભોડર ફળિયા, નિશાળની બાજુમાં હળપતિવાસ અને કોળી પટેલની વાડીઓ હતી. રહેઠાણ જોતાં

- **રહેઠાણના કેટલાક પ્રશ્નો :**

(૧) પાણીની સગવડ નથી.

(૨) લાઈટની સગવડ નથી.

(૩) ચોમાસામાં ફળિયામાં પાણી ભરાઈ રહે છે.

(૪) ફળિયામાં રસ્તો પણ નથી.

(૫) ચોમાસામાં પાણી ભરાવાના કારણે મચ્છરોનો ત્રાસ છે.

(૬) પંચાયતે સંડાસ બનાવ્યા છે પણ તેની સફાઈ અંગે કોઈ વ્યવસ્થા નથી.

(૭) કૂવો જો કરવો હોય તો (પીવાના પાણી માટે) તો જાતે મજૂરી કરવી પડે છે વગેરે.

- **કામરેજ (સુરત) :**

આ ગામ સુરત જિલ્લા તાલુકા મથક છે. આ ગામમાં તમામ જાતિની વસતિ રહે છે. તેમાં આદિવાસી હળપતિની વસતિ પણ છે.

આ હળપતિઓનો પાંચ મહોલ્લામાં વસવાટ છે. પ્રાથમિક સુવિધા લગભગ તમામ પ્રકારની હતી. રહેઠાણ અંગે તેમને મળ્યા ત્યારે સંતોષ દેખાતો હતો. પણ આ આદિવાસીઓ પાસે બિલકુલ જમીન નથી અને અહીંયાં એટલે કે આ વિસ્તારમાં શેરડીના પાકના કારણે મજૂરી પણ મળતી નથી. મજૂરી કરીતે ખાનારની સંખ્યા વિશેષ છે એટલે મજૂરીના પ્રશ્ન વિકટ છે. હાલમાં છોકરાઓ હીરાની ઘંટીઓમાં હીરા ઘસવા જાય છે. ગામમાં બે ઘંટીઓ છે અને બીજા સુરતમાં પણ જાય છે.

ઉપર દર્શાવ્યું તેમ હીરા ઘસવાની ઘંટી થવાથી છોકરાંને જલ્દી કામ મળી રહે છે એટલે શિક્ષણ તરફ ધ્યાન રહયું નથી. આ ગામમાં એટલી મોટી આદિવાસીઓની વસતિમાં ફક્ત ૧૦ છોકરા ભણવા જાય છે. દરેકની નજર હીરા ઘસવા માટે છે. કારણ કે મજૂરી ગામમાં મળતી નથી તો હીરા ઘસવામાં સારી મજૂરી મળે છે; તેથી આ સિવાય કોઈ વિકલ્પ રહ્યો નથી.

- **ઝાડેશ્વર (તા.જિ.ભરૂચ) :**

આ ગામમાં પટેલ (કડવા) કોળી, આહિર, હરિજન, દરજી, મોચી અને આદિવાસી ભીલની વસતિ જોવા મળી હતી.

આ આદિવાસીઓ કોઠી ફળિયા, રામનગર, પિપળવાડા અને તળાવ ફળિયામાં રહે છે. આ આદિવાસીઓ નાના ધંધો કરે છે. જેવા કે દુકાન, નાનું કેબિન વગેરે. બાકીના મજૂરી કરે છે. દૈનિક આશરે રૂા.૧૫ મળે છે.

આ આદિવાસીઓ માટે પ્રૌઢ શિક્ષણના વર્ગો પણ ચાલે છે. મચ્છીમારીનો ધંધો અહીં આદિવાસીઓ ઓછો કરે છે.

શિક્ષણમાં ગામમાં બાલવાડીઓ, આંગણવાડીઓ અને ઉપર દર્શાવ્યું તેમ પ્રૌઢ શિક્ષણ વગેરે ચાલે છે. પ્રાથમિક શાળા પણ છે. શિક્ષણનું પ્રમાણ સારું છે. બધા જ બાળકો શાળાએ જાય છે. ખેતી લાયક જમીન આદિવાસીઓ પાસે ઘણી જ ઓછી છે. આથી તેમના જીવનનિર્વાહ માટે મજૂરી કરવાની રહે છે. તેમના માટે મજૂરી સિવાય બીજો કોઈ વિકલ્પ નથી.

- **ગામ-સમા (તા.જી.વડોદરા) :**

વડોદરા તાલુકાનું સમા ગામ વડોદરાથી ૭ કિ.મી. દૂર વડોદરા-સાવલી માર્ગ ઉપર આવેલું છે. ગામમાં વસતિ વધવાથી ગામ બે ભાગમાં વહેંચાઈ ગયું છે. જેમાં મૂળગામ અને બીજા ભાગમાં ગામની જમીનમાં ઉભી થઈ રહેલી હાઉસીંગ સોસાયટીઓને ગણાવી શકાય.

ગામમાં વસતિ જોઈએ તો પટેલ, ક્ષત્રિય, હરિજન, આદિવાસી તેમજ અન્ય જાતિના લોકો રહે છે. ગામમાં આદિવાસીઓનાં લગભગ ૯૦ કુટુંબો છે. આ કુટુંબો મૂળ ડભોઈ, પાવી-જેતપુર તાલુકાના ગામોમાંથી ત્રણ ચાર પેઢીઓ પહેલાં સ્થળાંતરિત થઈને મજૂરીની શોધમાં આવ્યા હતા. હાલમાં આ ગામમાં નવી નગરી તળાવ કિનારે અને અન્ય પડતર જગ્યાએ નાના નાના ઝૂંપડા-છાપરાં બનાવી વસવાટ કરે છે. મોટાભાગે તેમના રહેઠાણો સરકારી દબાણવાળી જગ્યાએ હોવાથી અને બિન પરવાનગીવબાં હોવાથી ઉપલબ્ધ નાગરિક સુવિધાઓનો લાભ પૂરતા પ્રમાણમાં મળતો નથી જેમ કે ફળિયામાં એકાદ લાઈટનો થાંભલો વગેરે છે પરંતુ વ્યક્તિગત સુવિધા મળતી નથી.

કેટલાક આદિવાસી ભાઈઓ લાકડાં કાપવાની મિલમાં કામ કરે છે. ગામમાં નવી હાઉસીંગ સોસાયટીઓનું બાંધકામ ચાલુ હોવાથી હમણાં તો છેલ્લાં કેટલાક વર્ષોથી બારેમાસ આ બાંધકામની છૂટક મજૂરી મળે છે અને ભવિષ્ય માટે પણ આ ઉજળી તક છે. આ આદિવાસી કુટુંબોમાં મુખ્યત્વે પુરુષો-છૂટક મજૂરી, નોકરી, બાંધકામમાં કારીગર તરીકે કામ કરે છે. જ્યારે સ્ત્રીઓ આસપાસની સોસાયટીઓમાં ઘરકામ કરવા જાય છે. જયાં તેમને મહેનતાણું ઓછું મળે છે પરંતુ રાંધેલો ખોરાક, જૂનાં કપડાં વગેરે મળે છે. એકંદરે આ ગામમાં આદિવાસીઓને વધારે નહીં પણ બે ટંક ખાવા પૂરતી મજૂરી તો મળી રહે છે.

આ આદિવાસીઓમાં મોટી ઉંમરના યુવાનોમાં નિરક્ષરતાનું પ્રમાણ ખૂબ જ છે. પરંતુ તેઓ પોતાના બાળકોને શાળામાં મોકલવાની શરૂઆત કરી છે. એટલે ભવિષ્યમાં શિક્ષણનું પ્રમાણ આ ગામના આદિવાસીઓમાં વધશે. આ ગામમાં પ્રાથમિક ધોરણ ૧ થી ૭ સુધીની શિક્ષણની સુવિધા છે.

પોતાના મૂળ વતનને છોડયા પછી ઘણો સમય થઈ ગયો હોવા છતાં સંબંધો તેઓ જાળવી રાખે છે. બને ત્યાં સુધી આજુબાજુના વિસ્તારમાં વધુ સામાજિક સંબંધો બાંધવા પ્રયત્નો કરે છે. તેમના બાળકોનાં લગ્નો પણ આજબાજુમાં કરે છે, ત્યારે ગામમાંથી આવા સારાં-માઠાં પ્રસંગોએ બોલાવે છે.

● ગામ - પોર (તા.જિ.વડોદરા)

પોર ગામ વડોદરા નજીર રાષ્ટ્રીય ધોરીમાર્ગ નં.૮ પર આવેલું છે. આ ગામમાં પટેલ, વાણિયા, બ્રાહ્મણની વસતિ છે. આદિવાસીઓમાં રાઠોડ (હળપતિ) અને વસાવા ભીલની વસતિ છે.

આ ગામમાં આદિવાસીઓ છૂટક મજૂરીનું કામ કરે છે. ખેત મજૂરી પણ કરે છે. ખાસ કરીને રોડ પર ચાલતા કામમાં પણ જાય છે. થોડાક આદિવાસી છોકરાઓ હાઈવે પરની હોટલોમાં ચા-પાણી નાસ્તો આપવાનું કામ કરે છે તેમાંથી એકાદ બે આદિવાસીઓ તો સારું ફરસાણ બનાવતાં શીખી ગયા છે અને તે હાલમાં પણ આ ફરસાણ બનાવવાનું કામ કરે છે.

આદિવાસીઓના રહેઠાણ અંગે કેટલાક પ્રશ્નો તેઓએ રજૂ કર્યા હતા જેવા કે-

(૧) પાણીની સુવિધા નથી.

(૨) લાઈટની વ્યવસ્થા આદિવાસીઓને ત્યાં નથી.

(૩) શાળામાં શિક્ષણ બરાબર અપાતું નથી.

(૪) નવી નગરીમાં ચોમાસમાં કિચડ ખૂબ જ થાય છે અને પાણી ભરાઈ રહે છે.

● ઉતરસંડા (તા.નડિયાદ, જિ.ખેડા) :

નડિયાદ તાલુકામાં મોટામાં મોટું ગામ છે. ગામમાં તમામ પ્રકારની સુવિધાઓ છે અને ગામ રોડ પરનું છે જયાંથી નડિયાદ, આણંદ, વડોદરા તરફ જવાની બસો મળે છે. ગામમાં પીવાના પાણી માટે ઘેર ઘેર નળ છે. લાઈટની સગવડ જાહેર રીતે અને મોટાભાગનાને ઘેર પણ ગટર લાઈન છે. ગામમાં પંચાયત, દુકાન, સહકારી મંડળીઓ, બેંક વગેરે છે. દવાખાનું પણ છે. આમ પ્રાથમિક સુવિધાઓ બધા જ પ્રકારની કહી શકાય તેવી છે.

ગામમાં લેઉઆ પટેલની વસતિ વિશેષ છે. આ સિવાય અન્ય જ્ઞાતિનાં જાતિનાં કુટુંબો પણ ખરાં. અહીં જે આદિવાસીઓ રહે છે તે વસાવા ભીલ છે. તેઓ આજથી ૩૦ થી ૪૦ પહેલાં ભરૂચ જિલ્લામાંથી અહીં આવીને વસ્યા હતા. લાંબા સમયથી રહેતા હોવાથી સરકારી યોજના દ્વારા નબળા વર્ગો માટે જે મકાનો બનાવે છે તેવાં મકાનો અહીં પણ તેઓએ બનાવ્યા છે. પરંતુ કોઈ કારણોસર એમના માટે બનાવેલ મકાનોની એક

ઓરડીના રૂા. ૫૦ માસિક ભાડું આપીને રહે છે. આ મકાનોના કોણ માલિક છે તે પોતે રહેનારને ખબર નથી. ભાડું કોઈક બીજા જ ત્રાહિત વ્યક્તિ લેવા આવે છે. તેની રસીદ નથી મળતી. એટલે આ રીતે આદિવાસીઓને પોતાનાં કહી શકાય તેવા કાચાં-છાપરાં પણ નથી તે તેમની મોટી મજબૂરી છે.

આદિવાસી કુટુંબોના બાળકો શાળાએ જાય છે પરંતુ એવું જોવાયું કે મોટાભાગના કુટુંબો પ્રાથમિક શિક્ષણ પછી આગળ પોતાના બાળકોને ભણાવતા નથી.

આર્થિક રીતે તેઓ મજૂરી કામ ઉપરાંત પટાવાળા તરીકે અથવા કોઈની દુકાનમાં કામ કરવું, સ્ત્રીઓ ઘરકામ કરે છે, વગેરે પ્રવૃત્તિઓમાં છે. એક આદિવાસી ભાઈ દુકાન પણ ચલાવે છે. થોડાં કુટુંબો પાસે પશુધન પણ છે જેથી થોડી ઘણી પૂરક આવક પણ મેળવી શકે છે. એ બાબત સારી જોવા મળી કે લાંબા સમયના વસવાટને લઈને ગ્રામ પંચાયતમાં તેઓને સભ્યપદ મળ્યું છે. પર તેમનો અવાજ ઉઠતો નથી અને જેમાં કહે તેમાં સહી કરી દેવી પડે છે.

(૧) રહેઠાણનો પ્રશ્ન

(૨) મજૂરી કાયમી મળતી નથી.

(૩) ગામમાં બધા પ્રકારની સુવિધા છે પરંતુ આદિવાસી વસવાટ માટેની સુવિધા નથી.

● **ગામ ડભાણ (તા. નડિયાદ, જિ.ખેડા) :**

આ ગામની વસતિ ૧૯૮૧ મુજબ ૬૦૪૮ છે. સૌથી વધુ વસતિ લેઉવા પટેલની છે. બાકીની વસતિ ઓછી છે. હરિજન, મુસલમાન, હજામ, ઠાકોર, સુથાર વગેરે કુટુંબો થોડાં છે.

આ ગામમાં આદિવાસીઓનાં ૧૫ થી ૨૦ કુટુંબો સીઝનમાં મજૂરો તરીકે રહે છે, અને ખાસ કરીને ખેતરમાં જ રહે છે. તેઓ મૂળ પંચમહાલ જિલ્લાના દાહોદમાંથી આવેલા છે. તેઓ અહીં ખેતમજૂરી અને છૂટક મજૂરી કરે છે અને આદિવાસીઓ ચોથા ભાગે જમીન પણ ખેડે છે. તેમાં તેમને ફકત મજૂરી કરવાની હોય છે. બાકીનો ખર્ચ સાધન, ખાતર, બીયારણ વગેરે જમીન માલીકને ભોગવવાનું હોય છે.

આ આદિવાસીની કેટલીક સમસ્યાઓ પણ છે.

(૧) રહેવા માટે મકાનની સગવડતા નથી.

(૨) પાણીની સુવિધા નથી. આ ગામમાં ઘણા સમયથી રહેતા હોવા છતાં નબળા વર્ગોને બનાવી આપે છે તેવા મકાનો કે પ્લોટો મળ્યા નથી.

(૩) ખેડવા માટે જમીન નથી.

(૪) મજુરી માટે નડિયાદ જાય છે.

(૫) સ્વરોજગારી માટે કોઈપણ તાલીમ કે યોજનામાં જોડાવા તૈયાર છે.

- **અંબાવ (તા.ઠાસરા, જિ. ખેડા) :**

આ ગામમાં મોટેભાગે ઠાકોરની વસતિ વિશેષ છે. પટેલો હતા પણ હાલમાં લગભગ બધા અમેરિકામાં છે તેમના મકાનો બંધ હાલતમાં છે.

આ ગામમાં વસાવા જાતિના ૨૫ કુટુંબો છે. મૂળ સુરત અને ભરૂચથી આવેલા છે. લગભગ ૨૫ વર્ષથી રહે છે. સરકારી પ્લોટમાં રહે છે. તેમના વિસ્તારમાં સ્ટ્રીટ લાઈટ છે. પાણીની સુવિધા છે, બાલવાડી છે આંગણવાડી પણ છે. પશુધન (દૂધાળા) છે. ૧૦ આદિવાસીઓ પાસે ભેંસો છે. છૂટક ખેતીવાડીની મજૂરી કરે છે. તેમની પાસે ખેડવાની જમીનનું પ્રમાણ ઘણું જ ઓછું છે. આથી મજૂરી પર આધાર રાખવો પડે છે. ઘણીવાર કામ ના પણ મળે. જો આદિવાસીઓને જમીન આપવામાં આવે તો આર્થિક રીતે મદદરૂપ થાય. શૈક્ષણિક પાસુ નબળું જોવા મળ્યું. બાળકો ખાસ ભણતા નથી.

(૧) રોજિંદી મજૂરી મળતી નથી.

(૨) જમીન (ખેડવાલાયક) નથી.

- **ગામ-કરણપુર (તા.બાલાસિનોર, જિ.ખેડા) :**

બાલાશિનોર તાલુકાથી ૨૫ કિ.મી. દૂર આ ગામ આવેલું છે. આ ગામમાં ઠાકોર અને વણકરની વસતિનું પ્રમાણ વિશેષ છે અને અનુસૂચિત જનજાતિમાં નાયકાઓ છે.

આ ગામથી દૂર એક કિ.મી. વેરાહા નામનો વિસ્તાર છે તેમાં આ આદિવાસી લોકો રહે છે. ૬ જોડકા મકાન એટલે ૧૨ મકાન સરાકારી યોજના હેઠળ બનાવેલા છે. કુલ ૫૦ થી ૬૦ મકાનો આ લોકોના છે. તેવો ૪૫ વર્ષથી અહીંયા રહે છે. ગામમાં માત્ર તેમની વસતિ અથવા તો રહેઠાણ ગણાય છે, બાકી તો આ લોકો ગામથી દૂર રહે છે. ગામ સાથે સંબંધ હોતો નથી એવું લાગ્યું કારણ કે ગામ વચ્ચે ખાલી પગદંડીનો રસ્તો છે. ઊંચા ડુંગર પર વસવાટ છે. આથી ગામની કોઈપણ સુવિધાનો લાભ પણ મળતો નથી.

આ આદિવાસીઓ ડુંગર પર પથ્થર ફોડવા જાય છે. બાલાશિનોરમાં કડિયાકામ અને સુથારીકામની મજૂરી કામ કરવા જાય છે અને છૂટક મજૂરીનું કામ કરે છે. કાયમી મજૂરી મળતી નથી.

**સમસ્યાઓ :**

(૧) પાણીની ઘણી જ મુશ્કેલી છે.

(૨) કાચા કે પાકા રસ્તા નથી.

(૩) પ્રાથમિક આરોગ્યની સારવાર માટે કોઈ સુવિધા નથી.

(૪) બસ વ્યવહાર બિલકુલ નથી. બીમારીના સમયે ઝોળીમાં લઈ જવા પડે છે.

(૫) યોજના હેઠળ બનાવેલા મકાનો તેમની મશ્કરી સમાન લાગે છે, મકાનો ઉતરતી કક્ષાનાં બનાવેલાં છે.

- **જેઠોલી (તા.બાલાસિનોર, જિ.ખેડા) :**

આ ગામમાં મુખ્યત્વે લેઉઆ પટેલની વસતિ છે. આ સિવાય ઠાકોર, પ્રજાપતિ, ભંગી, વણકર, સુથાર, લુહાર, મુસલમાન અને નાયકા જાતિના આદિવાસી લોકો રહે છે.

આ ગામમાં આ આદિવાસસીઓ ઘણા સમયથી રહે છે. તેમ છતાં જોઈએ તેવી પ્રાથમિક સુવિધા તેમને મળી નથી જેમ કે પીવાનું પાણી ભરવા માટે કોઈ વ્યવસ્થા નથી. ગમે ત્યાંથી ભરી લાવે છે. લાઈટ નથી. અત્યાર સુધી છાપરામાં રહેતા, આ વર્ષે તાલુકા પંચાયતની યોજના હેઠળ ૨૪ મકાન બનાવેલ છે. અહીં આ આદિવાસીઓ પાસે જમીન નથી એટલે છૂટક મજૂરી પર જીવે છે. આ ગામમાં મજૂરીના દર ઘણા જ નીચા છે. ફકત રૂા. ૫/- દૈનિક મજૂરી અને બાર મહિનાથી અખાત્રીજ થી હોળી સુધી બંધાયેલા મજૂર તરીકે રહે તો વાર્ષિક માત્ર રૂા. બારસો આપે છે, કામ સખત લે છે. રાતદિવસ ઘણીવાર કામ કરવું પડે છે. નહેરનું રાત્રે પાણી ખેતરમાં પાવા જવું પડે વગેરે. આમ આ લોકોનું ખૂબ જ શોષણ થાય છે. લઘુતમ ધારા હેઠળ આવતા લેબર અધિકારીઓ બારોબાર જમીન માલિકોને મળે છે અને જતા રહે છે.આ બાબતમાં સરકારશ્રીએ ત્વરિત પગલાં ભરવાં જોઈએ. કમસે કમ આજની મોંઘવારી અને સરકારશ્રીના નિયમ મુજબ તો મજૂરી આપવી જોઈએ મળતી નથી. આદિવાસીઓનું શોષણ થાય છે છતાં તેમને આ મજૂરી કરવી પડે છે. કારણ કે તેમની પાસે જમીન નથી. આ સિવાય બીજી કોઈ આવક નથી, મજબૂર છે, તેમની લાચારી અને મજબૂરીનો લાભ જમીન માલિકો ઉઠાવે છે.

શિક્ષણ ઘણું જ નબળું છે. એક બે બાળકો સિવાય કોઈ શાળાએ જતું નથી. કદાચ શાળામાં નામ હશે, પરંતુ તેમને ભણવામાં રસ નથી.

- પાણીની સુવિધા નથી.
- ખેતી લાયક જમીન નથી.
- મજૂરીના દરમાં વધારો કરવો જોઈએ.

- **ગામ-બારેજા (તા.દસ્ક્રોઈ, જિ. અમદાવાદ) :**

આ ગામ અમદાવાદની નજીક આવેલું છે. અહીંથી ૨૫ કિ.મી. દૂર આવેલું છે. ગામ મોટું છે. ગામની અંદર નગર પંચાયત છે, આ ગામમાં તમામ જાતિ રહે છે અને તેમાં આદિવાસી અને હરિજન પણ છે.

આ ગામમાં પ્રાથમિક સુવિધા સારી છે. મજૂરી પણ બાર મહિના મળી રહે છે. મોટેભાગે આદિવાસીઓ બાર મહિના સુધી ખેડૂતોને ત્યાં બંધાય છે. તેમાં ખાવા-પીવાનું, કપડાં બુટ - ૪૦૦૦ રૂપિયા આપવામાં આવે છે.

શૈક્ષણિક પાસાંને ધ્યાનમાં રાખીને જોઈએ તો આદિવાસીઓમાં શિક્ષણ પણ ઘણું જ સારું છે. ધોરણ-૮ માં કેટલાંક બાળકો ભણે છે. એક તડવી આદિવાસી તલાટીની નોકરી કરે છે. શહેર નજીક હોવાથી મજૂરીના દર ઊંચા મળે છે. તેનાથી શહેરની અસર હેઠળ કેટલાક વ્યસનો કે ખરાબ ટેવો પડેલી છે જેવી કે દારૂ પીવો, આંકડા રમવા વગેરે. આ રીતે જેવી સારી આવક છે તેવું ખરાબ ટેવોના કારણે ખર્ચનું પ્રમાણ પણ છે. તે આ સમાજની નબળાઈ કહી શકાય. આદિવાસીઓના મકાનમાં પાણીની પણ મુશ્કેલી છે.

- **ગામ-અસલાલી (તા.દસ્ક્રોઈ, જિ. અમદાવાદ):**

આ ગામની કુલ વસતિ ૭૦૦૦ ની છે. વસતિની રીતે જોઈએ તો લેઉઆ પટેલ, ઠાકોર, પ્રજાપતિ, ભંગી, ચમાર, વણકર અને આદિવાસીઓમાં તડવી, વસાવા અને હળપતિ રહે છે.

આ ગામમાં આદિવાસીઓ છેલ્લા વીસ વરસથી રહે છે તેમનું મૂળ વતન છોટા ઉદેપુર, વડોદરા અને સુરત છે. મૂળ તો આ આદિવાસીઓ મજૂરી માટે શરૂઆતમાં આવ્યા હતા. મજૂરી કરીને પોતાનું જીવન નિભાવે છે તેમની પાસે જમીન નથી. તેમના પંચાયતના સભ્યનું કહેવું છે કે સમાજકલ્યાણ ખાતું શિક્ષણ માટે રસ ધરાવતું નથી. લોન લઈને પશુપાલનનો ધંધો પણ કરે છે. આ આદિવાસીઓ બારમાસના બંધાયેલા ખેતમજૂરી તરીકે હળ હાંકવા વગેરે કામે રહે છે. દૈનિક પંદર રૂપિયા મજૂરી મળે છે.

મહિલાઓને ઘરકામ કરવાના રૂા. ૩૦-૩૫ મળે છે તેમાં વાસણ અને કપડાં ધોવાનું કામ હોય છે. એક આદિવાસી ભાઈને સાઈકલની દુકાન પણ છે. કડિયાકામની મજૂરી કામ કરતાં કરતાં કડિયાનું કામ આ લોકો શીખે છે.

(૧) ખેડવા માટે જમીન નથી.

(૨) રોડ નહિ હોવાને કારણે જવા-આવવાની મુશ્કેલી પડે છે.

(૩) પાણી ભરાઈને કાદવ થઈ જાય છે.

- **ગામ-સુખપર (તા.જિ.ભુજ) :**

આ ગામ ભુજથી લગભગ પાંચ કિ.મી. ના અંતરે આવેલું છે. આ ગામમાં લેઉઆ પટેલ, લુહાર, બ્રાહ્મણ, હરિજનમાં મેઘવાળા, ચમાર, મુસલમાન અને કોળી પારઘી આદિવાસી રહે છે.

આ આદિવાસીઓ ઘણી પેઢીઓથી આ ગામમાં રહે છે. આદિવાસીઓમાં પારઘી અને કોળી જાતિના છે. તેમના પોતાને પણ ખબર નથી કે તેમનું પોતાનું મૂળ વતન કયું છે. આ મુખ્યત્વે ખેતીકામમાં ચોકીદારનું કામ કરે છે અને વાડીઓ પર રહેવા જતા રહે છે. છૂટક મજૂરીનું કામ કરે છે.

શિક્ષણ ઘણું જ નબળું છે. વાડીઓ દૂર હોઈ જે ચોકીદારનું કામ કરે છે તેનાં બાળકો ભણવાનું છોડી દઈને તેમની સાથે રહેવા જાય છે.

આ લોંકોના ફળીયામાં પાણીનો એક નળ મૂકેલો હતો. થોડાક ઘરમાં લાઈટ છે. બાકીનાએ લાઈટ માટેનાં ફોર્મ ભર્યા છે. સરકારી લાભો મળતા નથી તેવી ફરિયાદ તેમની હતી.

સામાજિક રીતરિવાજ આજુબાજુના ગામ પ્રમાણે પાળે છે. હિંદુ ધર્મ પાળે છે અને હિંદુના વાર-તહેવારની ઉજવણી કરે છે. કોઈ મુશ્કેલી ન હતી.

- **ગામ-બારોઈ (તા. મુંદ્રા, જિ.કચ્છ-ભૂજ) :**

આ ગામમાં વાણિયા, બ્રાહ્મણ, મુસલમાન, હરિજન અને આદિવાસીમાં દાતણિયા લોકો રહે છે.

આ આદિવાસીઓ જયાં રહે છે તે ફળિયા કે વિસ્તારોને વાડી તરીકે ઓળખાય છે. તેમના વિસ્તારમાં ૧ થી ૪ ધોરણની શાળા છે અને તે શાળામાં તેમનાં જ બાળકો ભણે છે. શિક્ષણ ઘણું જ સારું છે.

આ લોકો ઘણાં વરસોથી અહીંયા રહે છે. દરેકને પોતાની સારી સારી વાડીઓ પણ છે. તેઓ પ્રમાણમાં સુખી છે, તેમ છતાં થોડાંક કુટુંબોની પાસે વાડીની જમીનનું પ્રમાણ ઓછું છે તે મજૂરી કરે છે. મજૂરીના દર રૂા.૧૫ દૈનિક પ્રમાણે મળે છે.

દરેકને ત્યાં લાઈટ છે અને પાણી માટે તો તેમના જ કૂવા છે તેમાંથી પાણી ભરે છે. એકંદરે કોઈ મુશ્કેલી નથી.

- **મોટી ભુજપુર (તા.મુંદ્રા, જિ.કચ્છ-ભુજ) :**

આ ગામમાં મુખ્યત્વે દરબાર (જાડેજા) ની વસ્તી છે. આ સિવાય જૈન વાણિયા, રબારી, હરિજન અને દાતણિયા આદિવાસી રહે છે.

આ દાતણિયા આદિવાસી આ ગામમાં ઘણાં વરસોથી આવીને રહે છે. મૂળ ગામની ખબર નથી.

ચોકીદારનું અને છૂટક મજૂરીનું કામ કરે છે. તેમનો વિસ્તાર વાડી કહેવાય છે.

શિક્ષણ માટે તેમના વિસ્તારમાં ધોરણ ૧ થી ૪ ની પ્રાથમિક શાળા ચાલે છે. મુલાકાત દરમિયાન ૩૦ કુટુંબો રહેતા હતા. બાકીના વાડીઓમાં જતા રહયા હતા. મજૂરી પણ નિયમિત મળે છે વાડીઓનો વિસ્તાર હોવાથી ચોકીદારનું પણ કામ કરે છે.

આ આદિવાસી વિસ્તારમાં પાણી લાઈટની સુવિધા નથી નદીમાંથી પાણી ભરી લાવે છે. ચોમાસામાં પાણી પણ ભરાઈ જાય છે વગેરે.

- ગામ-રવાપર (તા.નખત્રાણા, જિ.કચ્છ-ભૂજ) :

આ ગામમાં ખાસ કરીને પટેલની વસતિ છે. અન્ય તમામ જાતિના લોકો રહે છે. કુલ વસતી ૩૦૦૦ ની છે. તેમાં આદિવાસી પારઘી અને કોળી રહે છે.

આ આદિવાસીઓ અહીં ઘણાં વરસથી રહે છે. છૂટક મજૂરી અને ચોકીદારનું કામ કરે છે. ચોકીદારનું કામ ઉચ્ચક રીતે લે છે. ખેડૂતને અને પારઘીને સામસામે પોષાય તો તે કામ આપે છે. જમીન નથી. ફક્ત છૂટક અને ખેતમજૂરી. તેથી જીવન નિર્વાહ કરવામાં મુશ્કેલી પડે છે.

પ્રાથમિક સુવિધાઓમાં પાણી માટે પંપ છે. પોતાનાં મકાન છે. ગામથી ઘણા દૂર રહે છે. એટલે ગામની સાથેના વ્યવહારમાં મુશ્કેલી રહે છે.

## પ્રકરણ - ૮

## તારણો અને ભલામણ

અગાઉના પ્રકરણોમાં સર્વેક્ષણમાં આવરી લીધેલ છૂટાછવાયા આદિવાસીઓની સામાજિક, આર્થિક, શૈક્ષણિક, આરોગ્ય વિષયક અને વસવાટની પરિસ્થિતિ જોઈ. આંકડાઓ પરથી સ્પષ્ટ રીતે કહી શકાય કે છૂટાછવાયા આદિવાસીઓની આર્થિક સ્થિતિ સારી નથી. મોટાભાગનાં કુટુંબો ગરીબી રેખા નીચે જીવે છે. બહુ જ થોડી રકમમાં ગુજરાન ચલાવે છે. સાથે તેઓ દેવાદાર પણ છે. આદિવાસીઓમાં પણ ખાસ કરીને કુનબી, પારધી, વારલી, કાથોડી, ગોંડ વગેરેની આર્થિક સ્થિતિ તો દયાજનક છે. આર્થિક સ્થિતિ સાથે તેમની શૈક્ષણિક સ્થિતિ પણ સારી નથી. સર્વેક્ષણમાં આવરી લીધેલ કુટુંબોમાં ૨૦.૩૦ ટકા સાક્ષરતા હતી. એમાંથી પણ પુરુષોમાં ૩૭.૧૪ ટકા સાક્ષરતા હતી. જયારે સ્ત્રીઓમાં સાક્ષરતા માત્ર ૧૮.૮૦ ટકા હતી. આમ સ્ત્રીઓમાં અભણની સંખ્યા વિશેષ જોવા મળે છે. તેમના રહેઠાણોની સ્થિતિ પણ દયાજનક છે. નથી તેમાં કોઈ પ્રાથમિક સુવિધાઓ કે નથી તેમાં સારી રીતે રહી અને ઉંઘી શકાય તેટલી જગ્યા. કેટલાક મકાનો એવાં છે કે જેને રસ્તો નથી માત્ર કેડી (પગપાળા ચાલી શકાય તેવું) છે. ત્યાં કોઈ બીમાર પડે તો વાહન લઈ જવું શકય જ ના બને. આમ છેલ્લાં ૪૦ વર્ષના આયોજિત વિકાસ અને કેન્દ્ર અને રાજય સરકારના તેમને માટેના અનેકવિધ વિકાસ કાર્યક્રમો હોવા છતાં પણ અનુસૂચિત જનજાતિના લોકોની સ્થિતિ દયાજનક લાગે છે. આ ઉપરાંત સર્વેક્ષણ દ્વારા અન્ય જે તારણો નીકળ્યાં છે તે આ મુજબ છે :

### (અ) સામાન્ય :

(૧) આપણે આ સર્વેક્ષણ કાર્યમાં ઘણા મોડા પડયા છીએ તેમ છતાં તેની પણ અગત્ય સમજાય એ જ ઘણું છે.

(૨) સર્વેક્ષણમાં ૯૮૮ ગામનાં કુટુંબોને આવરી લીધા છે.

(૩) સૌથી વધુ કુટુંબો વડોદરા જિલ્લાના ૩૪૩૧૮ (૩૬.૫૩ ટકા) હતા અને પ્રાયોજના જિલ્લામાં છૂટાછવાયાની વસતિ મળી કુલ ૮૬.૨૮ ટકા કુટુંબો થાય છે.

(૪) સરેરાશ ગામદીઠ સર્વેક્ષણ કરેલ કુટુંબોની સંખ્યા ૯૫ હતી. આ સંખ્યા વલસાડ જિલ્લામાં ૧૪૦ હતી જે સૌથી વધુ છે અને મહેસાણા જિલ્લામાં આ સંખ્યા ૨૪ ની હતી જે સૌથી ઓછી હતી.

(૫) સર્વેક્ષિત કુટુંબોમાં ભીલ જાતિનાં કુટુંબો કુલ કુટુંબના ૩૬.૫૯ ટકા હતા જે સૌથી વધુ હતાં.

(૬) ભીલ, દૂબળા, રાઠવા, નાયકા અને ધાનકા આમ પાંચ જાતિના જ ૮૮ ટકા કુટુંબો થાય છે.

(૭) આદિવાસીઓની જમીન પહેલાં બિન આદિવાસીઓ હસ્તક જતી હતી. હાલમાં જમીન જવા અંગે કશું જાણવા મળતું નથી. (કાયદાકીય જોગવાઈને લીધે હોઈ શકે.)

(૮) આદિવાસીઓ અન્ય કોમો સાથે રહેતા હોવાથી તેમના જીવનમાં અનેક સામાજિક, આર્થિક અને સાંસ્કૃતિક અડચણો આવતી રહે છે. આથી

(૯) પ્રાયોજના વિસ્તારોમાં કામ કરવું તેના કરતાં છૂટાછવાયા આદિવાસીઓમાં કામ કરવું ઘણું જ અઘરું છે.

(૧૦) જિલ્લામાં આ લોકો માટે વિકાસલક્ષી યોજનાઓ છે પણ તે લેનાર સુધી પહોંચાડવા માટે સપ્રમાણનો અભાવ છે, અને તેમનું કહેવું છે કે -

(૧૧) જે આદિવાસી કાર્યકરો આગળ આવે છે તે પાછળ જોતા નથી.

**(બ) પાયાની સુવિધાઓ :**

(૧) મોટાભાગનાં કુટુંબોને રહેવા માટે રહેઠાણની જરૂરી સગવડ ન હતી.

(૨) કુટુંબનું વિભાજન થાય તો અન્ય બાજુમાં બીજુ ઘર બાંધી શકે તેવી ખુલ્લી જગ્યા ઘણાને ત્યાં નથી.

(૩) કેટલેક સ્થળે ગામના ઉકરડા (તીથલ, ઉતરસંડા) આદિવાસી વસવાટની આજુબાજુ હતા.

(૪) કેટલાંય કુટુંબોને એક કિલોમીટર કે તેથી વધુ ચાલીને પીવા માટેનું પાણી લાવવું પડે છે. દા.ત. ગામઠી.

(૫) લગભગ મોટાભાગના કુટુંબોને ત્યાં પાણીના નિકાલ અંગેની કોઈ સગવડતા નથી.

(૬) જાહેર સંડાસ કે મુતરડી તો કયાંય જ નહિ.

(૭) જયાં વીજળી છે, તેવા ગામોમાં અનુસૂચિત જનજાતિનો વસવાટ છે ત્યાં વીજળીના થાંભલા પૂરતા નથી. આદિવાસી ઘરોમાં બહુ થોડાને ત્યાં વીજળી છે.

(૮) આદિવાસી વસવાટની નજીક કયાંય આંગણવાડી કે બાલવાડી છે પરંતુ પ્રાથમિક શાળાએ જવાનું અંતર વધુ છે.

(૯) પ્રૌઢ શિક્ષણના વર્ગો ચાલતા હોય તેવું કયાંય જોવા ન મળ્યું.

(૧૦) અમુક ગામોમાં યુવા મંડળ છે.

(૧૧) મેલેરિયાના કર્મચારીઓ નિયમિત અને સમયસર મુલાકાત લેતા હોય તેવું સાંભળવા કે જોવા ન મળ્યું.

**(ક) વસતિ વિષયક :**

(૧) સઘન આદિવાસી વિસ્તારની નજીકના વિસ્તારમાં છૂટાછવાયા આદિવાસીઓની વસતિ વધુ છે જયારે

જેમ દૂર થતા જાય તેમ તેની વસતિ ઓછી થતી જાય છે, આને લઈ આ કુટુંબો વચ્ચે પ્રવાહ અટકી જાય છે, આને લઈને કેટલાક આનુષાંગિક પ્રશ્નો થાય છે સાથે જ

(૨) દૂરના વિસ્તારમાં જયાં છૂટાછવાયાની વસતિ છે ત્યાંના ગામોમાં પ્રભાવી જાતિ સામાજિક, આર્થિક રીતે વર્ચસ્વ ધરાવે છે અને આ બંનેને લઈને તેઓનો રાજનૈતિક પ્રભાવ પણ પડે છે. આ બધાને લઈને ત્યાં વસતા આદિવાસી કુટુંબોને આર્થિક રીતે અને શૈક્ષણિક રીતે શોષાવાનો વારો આવે છે.

(૩) રાજયમાં દાયકાનો વસતિ વૃધ્ધિનો દર (૨૭.૬૭ ટકા) અને રાજયના આદિવાસીઓનો દાયકાના વૃદ્ધિદર (૨૯.૮૩ ટકા) માં બહુ મોટો તફાવત (ગાળો) નથી.

(૪) રાજયમાં અને અનુસૂચિત જનજાતિમાં ૧૯૬૧ થી ૧૯૭૧ ના દશકામાં જે વસતિ વધારો (૨૯.૬૯ અને ૩૫.૫૮ ટકા) થયો છે તેના કરતા ૧૯૭૧ થી ૧૯૮૧ના દશકામાં વસતિ વધારાના દર (૨૭.૬૭ ટકા અને ૨૯.૮૩ ટકા) ઘટયો છે.

(૫) સર્વેક્ષિત કુટુંબોમાં ૧૦૦૦ પુરુષોએ ૯૩૧ સ્ત્રીઓ હતી.

(૬) કુટુંબ કદ સરેરાશ ૫.૦૩ ટકા હતું. સર્વેક્ષિત જિલ્લામાં મોટું કુટુંબ કદ ૮.૦૭ ટકા મહેસાણામાં હતું અને નાનું કુટુંબકદ ૪.૩૩ અમદાવાદમાં હતું.

(૭) સર્વેક્ષણ કુટુંબોના વયજૂથમાં ૭ થી ૧૪ વર્ષ અને ૧૫ થી ૨૫ વર્ષના વયજૂથમાં પુરુષોની સંખ્યા વધુ હતી જયારે ૬ વર્ષથી નીચે, ૨૬ થી ૫૦ વર્ષ અને ૫૦ વર્ષથી ઉમરમાં પુરુષો કરતાં સ્ત્રીઓની સંખ્યા વધુ હતી.

(૮) ૦ થી ૧૪ વર્ષના વયજૂથમાં કુલ વસતિના ૩૮.૧૯ ટકા છે. એટલે કે આ સમાજમાં વસતિ વધી રહી છે. આ આધાર પર જ ભવિષ્યમાં કેટલી શાળા કરવી અને કેટલાને કામ આપવું તેનો ખ્યાલ આવી શકે.

(૯) ૦ થી ૧૪ અને ૫૦ વર્ષથી ઉપરમાં કુલ વસતિના ૪૭.૭૧ ટકા છે એટલે કે આ વસતિની આર્થિક જવાબદારી અન્ય સભ્યો પર પડે છે.

(૧૦) ૫૦ વર્ષથી ઉપરમાં કુલ વસતિના માત્ર ૮.૭૨ ટકા છે. મતલબ કે આયુષ્ય મર્યાદા ઓછી છે.

(ડ) **સાક્ષરતા અંગે :**

(૧) રાજયમાં સાક્ષરતાની માત્રા ૪૩.૭૫ ટકા છે જયારે આદિવાસીમાં આ માત્ર ૨૧.૧૪ ટકા છે.

(૨) બાળક નિશાળે જાય તેનાં કરતાં મજૂરી પર જાય તેવી સ્થિતિ અને લાગણી તેમના વાલીઓની છે.

(૩) ૧૯૭૧ થી ૧૯૮૧ ના દાયકા દરમિયાન રાજ્યમાં અને અનુસુચિત જનજાતિમાં સાક્ષરતામાં વધારો અનુક્રમે ૭.૯૬ ટકા અને ૭.૦૨ હતો. આ બંને વચ્ચે બહુ ગાળો નથી.

(૪) રાજ્યમાં ગ્રામ્ય વિસ્તારમાં ૧૯૬૧, ૧૯૭૧ અને ૧૯૮૧ માં સાક્ષરતામાં વધારો થયો છે. જ્યારે શહેરી વિસ્તારમાં ૧૯૬૧ થી ૧૯૭૧માં વધારો (૬.૧૪ ટકા) થયો છે. પરંતુ ૧૯૭૧ થી ૧૯૮૧માં (૫.૩૫ ટકા) ઘટાડો થયો છે.

અનુસુચિત જનજાતિમાં ગ્રામ્ય અને શહેરીમાં ૧૯૬૧ થી ૧૯૭૧માં (૯.૫૧ અને ૧૮.૯૬ ટકા) જે વધારો નોંધાયો છે, તેના કરતાં ૧૯૭૧ થી ૧૯૮૧ (૬.૮૮ ટકા અને ૭.૦૩ ટકા) માં ઘટાડો થયો છે.

(૫) અનુસુચિત જનજાતિમાં શહેરી વિસ્તારમાં અભણ પુરુષો ૫૮.૯૪ ટકા અને ગ્રામ્ય વિસ્તારમાં ૭૦.૪૭ ટકા હતા જ્યારે અભણ સ્ત્રીઓ શહેરી વિસ્તારમાં ૭૯.૮૦ ટકા અને ગ્રામ્ય વિસ્તારમાં ૮૯.૦૦ ટકા હતી.

(૬) સર્વેક્ષિત કુલ આદિવાસી વસતિમાંથી ૭૮.૮૬ ટકા અભણ હતા.

(૭) સાક્ષરમાંથી પણ માત્ર ૧૬ ટકા જ માધ્યમિક કે ઉચ્ચ શિક્ષણની કક્ષા સુધી પહોંચ્યા હતા.

(૮) સર્વેક્ષણમાં આવરી લીધેલ વસતિમાં ૭૧.૭૦ ટકા અભણ હતા, ૧૪.૬૦ ટકા શિક્ષિત હતા અને ૧૩.૭૦ ટકાનું શિક્ષણ ચાલુ હતું.

(૯) પુરુષોમાં ૬૨.૮૬ ટકા અભ્ય અને સ્ત્રીઓમાં ૮૧.૨૦ ટકા અભણ હતા.

(૧૦) સૌથી વધુ શિક્ષિતો ૨૯.૯૬ વલસાડમાં હતા અને સૌથી ઓછા શિક્ષિતો મહેસાણામાં ૨.૪૦ ટકા હતા.

(૧૧) સર્વેક્ષણમાં આવેલ જિલ્લામાંથી કોઈપણ જિલ્લામાં ૩૦ ટકાથી વધુ સાક્ષરતા નથી.

(૧૨) કુલ શિક્ષિતોમાંથી ૮૬.૪૬ ટકાએ પ્રાથમિક શિક્ષણ, ૯.૧૩ માધ્યમિક, ૩.૪૭ ઉચ્ચમાધ્યમિક, ૦.૪૨ પી.ટી.સી., ૦.૩૬ ગ્રેજ્યુએટ, ૦.૦૫ અનુસ્નાતક અને ૦.૧૧ ટકાએ ટેકનિકલ શિક્ષણ લીધું હતું.

(૧૩) ચાલુ અભ્યાસમાં બાલવાડીમાં ૧૯.૮૫ ટકા, પ્રાથમિકમાં ૭૦.૨૫ ટકા, માધ્યમિક ૮.૨૦ ટકા, ઉચ્ચ માધ્યમિક ૧.૧૩ ટકા, કૉલેજમાં ૦.૪૦, ટેકનિકલમાં ૦.૯૦ ટકા હતા તો પ્રાથમિક કક્ષા સુધીમાં જ ૯૦.૦૦ ટકા શિક્ષણ લેનાર છે. તેમાં પણ

(૧૪) ચાલુ શિક્ષણમાં કુમાર કરતાં કન્યાઓની સંખ્યા દરેક કક્ષાએ (બાલવાડી સિવાય) ઓછી હતી.

(૧૫) શિક્ષણ લેવાની ઉંમરમાં શાળાએ ન જતા બાળકોની સંખ્યા ભાવનગરમાં (૭૦.૫૧ ટકા) વધુ હતી અને સાબરકાંઠામાં (૧૦.૭૯ ટકા) ઓછી હતી.

(૧૬) શાળાએ બાળકો ન જવા પાછળના કારણોમાં આર્થિક મુશ્કેલી (૪૨.૦૦ ટકા) હતી જયારે ૧૩૭૯ (૫.૪૭ ટકા) બાળકો શાળાએ ન જવા પાછળના કારણોમાં ગામમાં શાળા નથી તેવું જણાવે છે.

(૧૭) કુલ શિક્ષિતોમાંથી ૨૪૮૪ શિક્ષિત બેકારો પણ હતા. જેમણે એસ.એસ.સી., પી.ટી.સી., સ્નાતક, અનુસ્નાતક અને ટેકનિકલ શિક્ષણ મેળવેલ છે આમાંથી

(૧૮) ૭૮૫ બેકારોએ રોજગાર કચેરીમાં નામ નોંધાવ્યા છે. બેકારોમાંથી ૪૪૦ને એક પણ વખત મુલાકાત માટે બોલાવ્યા ન હતા, જયારે ૧૪૦ ને એક વખત, ૮૮ને બે વખત, ૪૬ ને ત્રણ વખત અને ત્રણથી વધુ સમય મુલાકાત માટે બોલાવ્યા હોય તેવાની સંખ્યા ૬૭ હતી.

(ઈ) **સ્થાવર મિલકત અને આર્થિક વ્યવસ્થા :**

(૧) ગુજરાતની કામ કરતી વસતિના પ્રમાણમાં કામ કરતી આદિવાસી વસતિનું પ્રમાણ વધુ છે.

(૨) છેલ્લા ત્રણ દશકાનું ચિત્ર જોતાં આદિવાસી કુટુંબોમાં દરેક દશકે ખેતી કરનારની સંખ્યા ઘટતી જાય છે.

(૩) ખેતી અને ખેતમજૂરી કરનારની સંખ્યામાં ગુજરાત રાજયની વસતિ કરતાં આદિવાસીઓમાં સંખ્યા વધુ છે.

(૪) ગૃહઉદ્યોગમાં કામ કરનારની સંખ્યા ક્રમે ક્રમે ઘટતી જાય છે.

(૫) વેપાર ધંધામાં સંખ્યા વધતી જાય છે. જે બતાવે છે કે નવા ધંધા તરફનો ઝોક વધુ છે.

(૬) મોટાભાગના કુટુંબોને પોતાનાં મકાન છે, પરંતુ આ ઘર ઝૂંપડા પ્રકારના કાચા મકાનો છે. મોટાભાગે એક રૂમ અને ઓસરી છે.

(૭) છૂટાછવાયા આદિવાસીઓ પાસે કોઈ મોટી સ્થાયી અસ્કયામતો કે મિલકત નથી. થોડાઘણા ચાંદીના ઘરેણાં ખરાં.

(૮) છૂટાછવાયા આદિવાસીઓ પાસે આવકના સ્ત્રોત લઘુતમ છે સાથે તેઓ એક કરતાં વધુ વ્યવસાય સાથે સંકળાયેલા છે.

(૯) આ આદિવાસી વિસ્તારમાં સિંચાઈ યોજનાના લાભ બહુ જ ઓછો કે નહિવત પ્રમાણમાં મળે છે.

(૧૦) સર્વેક્ષિતોમાં મોટાભાગના કુટુંબોનો (૭૦ ટકા) મુખ્ય વ્યવસાય મજૂરી (ખેતી, જંગલ કે અન્ય) હતો.

(૧૧) તેમનો પરંપરાગત ધંધો ખેતી હોવા છતાં સર્વેક્ષણમાં આવરી લીધેલ કુટુંબના માત્ર ૨૪.૫૩ ટકા કુટુંબો ખેતી કરતા હતા.

(૧૨) આ ખેતી કરનાર કુટુંબો પાસે ખેતીનાં સાધનો અપૂરતાં અને પ્રાથમિક કક્ષાનાં હતા.

(૧૩) તેઓની ફરિયાદ છે કે મજૂરીના દર પૂરતા મળતા નથી. દર રૂા.૮ થી ૧૦ મળે છે. સાથોસાથ કામ વધુ સમય લેવાય છે. આમ મજૂરીના વેતનમાં અને કામના કલાકોમાં તેઓનું શોષણ થાય છે. વળી આ મજૂરી કાયમી ધોરણે પણ નથી મળી.

(૧૪) હજુ પણ સર્વેક્ષિતોમાંથી ૧૦૯૫૮ સભ્યો હાળી તરીકે હતા. જો કે એક વાત સારી જોવા મળે કે

(૧૫) જુદી જુદી કક્ષામાં (કલાસ વનથી ફોર સુધી) નોકરી કરતા ૨૧૪૪ કુટુંબોના સભ્યો હતા.

(૧૬) પૂરક આવક મેળવવામાં પશુપાલન વ્યવસાય ઘણો ઉપકારક અને આશીર્વાદરૂપ બન્યો છે.

(૧૭) સર્વેક્ષિતોમાં કુલ વસતિના ૪૫.૦૬ ટકા લોકો આર્થિક પ્રવૃત્તિમાં સામેલ છે.

(૧૮) સ્ત્રીઓ કરતાં પુરુષોમાં કામ કરનારનું પ્રમાણ વધુ છે.

(૧૯) નાનાં બાળકો (૧૦ થી ૧૨ વર્ષ) પણ આર્થિક પ્રવૃત્તિમાં મદદ કરે છે. મતલબ કે બાળ મજૂરો છે.

(૨૦) સર્વેક્ષિત કુટુંબોમાંથી ૧૦.૮૯ ટકા કુટુંબોની વાર્ષિક આવક માત્ર રૂા.૨૪૦૦ સુધીની હતી.

(૨૧) સર્વેક્ષણમાં આવરી લીધેલ કુટુંબોમાંથી ૯૧.૦૭ ટકાની વાર્ષિક આવક રૂા.૪૮૦૦ કે તેથી ઓછી છે. એટલે કે આ કુટુંબો ગરીબી રેખા નીચે જીવે છે.

(૨૨) સર્વેક્ષણમાં આવેલ કુટુંબોની કુટુંબદીઠ વાર્ષિક આવક રૂા.૩૦૩૩ ની હતી અને વાર્ષિક વપરાશી ખર્ચ રૂા.૩૭૯૫ હતો.

(૨૩) કુટુંબદીઠ સૌથી વધુ વાર્ષિક આવક ચારણ જાતિને રૂા.૪૨૧૧ હતી. જ્યારે સૌથી ઓછી વાર્ષિક આવક કુનબી, કાથોડી અને ગોંડ જાતિને રૂા.૨૪૦૦ હતી.

(૨૪) કુટુંબદીઠ વધુ વાર્ષિક ખર્ચ સીદી જાતિને રૂા.૬૫૨૦ હતું અને ઓછા ખર્ચમાં પારધી, અડવીચી, વારલી અને ગોંડજાતિને રૂા.૨૪૦૦ હતો.

(૨૫) સૌથી વધુ દેવાદાર જાતિ ચારણ હતા અને ઓછું દેવું હોય તેવી બરડા જાતિ હતી. (કોંકણા, કુનબી અને ગોંડજાતિમાં કોઈ કુટુંબને દેવું ન હતું.

(૨૬) સર્વેક્ષિત ૯૩૯૩૨ કુટુંબોમાંથી ૨૨૪૫૬ (૨૩.૯૧ ટકા) કુટુંબો દેવાદાર છે.

(૨૭) સૌથી વધુ દેવાદાર કુટુંબો જામનગર જિલ્લામાં હતા અને સૌથી ઓછા દેવાદાર કુટુંબો ભાવનગર જિલ્લામાં હતા.

(૨૮) દેવું શાહુકકાર, વેપારી અને બેંકોનું વધુ હતું.

(૨૯) દેવું કરવા પાછળના મુખ્ય કારણોમાં ખાધા ખોરાક અને સામાજિક પ્રસંગોની ઉજવણી હતી. આમ આ દેવું બિન ઉત્પાદકીય હતું.

(ઉ) **આરોગ્ય સંબંધમાં :**

(૧) છૂટાછવાયા વિસ્તારમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર કે અન્ય આરોગ્ય સંબંધમાં સવલતો અપૂરતી હતી.

(૨) સર્વેક્ષિતોના ૦.૭૪ ટકા (૩૪૯૧) સભ્યો જુદા જુદા મહારોગના ભોગ બન્યા હતા. આ સંખ્યા નાની હોવા છતાં ધ્યાનાકર્ષક અને ચિંતા ઉપજાવે તેવી છે. સાથે આ મહારોગોમાં કેન્સરના દર્દી વધુ હતા.

(૩) ૩૪૯૧ મહારોગથી પીડાતા દર્દીમાંથી માત્ર ૨૩૫ને આરોગ્ય અંગે આર્થિક સહાય સરકારશ્રી તરફથી મળી હતી.

(૪) મહારોગથી પીડાતા સભ્યોને આ લાભ સરેરાશ રૂા.૧૬૮ પ્રમાણે મળ્યો હતો.

(૫) સગર્ભા સ્ત્રી અને નાના બાળકોને મળી કુલ ૧૫૧૯૮ ને પોષક આહારયુક્ત યોજનાનો લાભ મળ્યો હતો.

(૬) આ યોજનાનો લાભ વડોદરા, ભરૂચ અને પંચમહાલમાં વધુ મળ્યો છે.

(૭) સર્વેક્ષણમાં આવરી લીધેલ કુટુંબોના સભ્યોમાં જુદા જુદા પ્રકારના ૨૦૭૧ વિકલાંગો હતા.

(૮) ખોડ-ખાંપણમાં હાથે-પગે લૂલા-લંગડા, બાળલકવા અને આંધળા લોકોની સંખ્યા વધુ હતી.

(૯) ૨૦૭૧ ખોડ-ખાંપણવાળી વ્યક્તિઓમાંથી ૯૬૧ (૪૦.૪૬ ટકા) તો ૧ થી ૧૪ વર્ષના છે.

(૧૦) કુટુંબ નિયોજન અપનાવનારની સંખ્યામાં વધારો થતો જાય છે. સર્વેક્ષિતોમાં ૪૨૮૫૭ સભ્યોએ કુટુંબ નિયોજન ઓપરેશન કરાવ્યું છે.

(૧૧) કુટુંબ નિયોજન ઓપરેશન કરાવનારમાં પુરુષો (૧૦૨૮૧) કરતાં સ્ત્રીઓની (૩૨૫૭૬) સંખ્યા વધુ હતી.

(ઊ) **સહકારી યોજના :**

(૧) વિવિધ પ્રકારની સહકારી મંડળીમાં નોંધાયેલા ૭૦૯૬ સભાસદો હતા આમાંથી.

(૨) ૧૨૭૪નું કહેવું હતું કે તેમને પુરતું અને નિયમિત ધીરાણ મળે છે.

(૩) જુદી જુદી યોજનામાંથી સરકારી સહાય મેળવેલ ૫૩૧૭ સભાસદો હતા.

(૪) સહાય આપનારમાં સમાજકલ્યાણ વિભાગ, જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, કોર્પોરેશન, આઈ.આર.ડી. મુખ્ય હતા. સ્વૈચ્છિક સંસ્થાઓ તરફથી અમુક સહાય મળી છે.

(૫) તેઓનો સૂર એવો પણ હતો કે કાગળ ઉપર યોજનાઓ બહુ થાય છે પણ વ્યવહારમાં પત્તો ખાતો નથી એટલે કે યોજનાઓ જે કાગળ પર છે તેને ધરતી પર ઉતારવી જોઈએ.

● ભલામણો :

આગળના પ્રકરણોથી ખ્યાલ આવે છે કે છૂટાછવાયા આદિવાસીઓનો વિકાસ અનેક કારણોસર થઈ શકયો નથી. જેમાં મુખ્યત્વે શિક્ષણનો અભાવ, આર્થિક સ્થિતિ નબળી, યોજનાઓથી અજાણ વગેરે છે. ગરીબી સારાએ સમાજમાં જોવા મળે છે. વળી ચર્ચાઓ દ્વારા જાણવા મળ્યું કે તેમનું શોષણ પણ થાય છે. જીવન નિર્વાહ માટે એક કરતાં વધુ વ્યવસાયમાં પડયા હોવા છતાં આખું વર્ષ પેટે પૂરતું ખાવાનું મેળવી શકતા નથી.

છૂટાછવાયા આદિવાસીઓને બે સમય ખાવા પૂરતું નહિ મળી રહે તો તેમનો આત્મવિશ્વાસ ટકશે નહિ. તેઓ આળસુ નથી, સખત મજૂરી અને પરિશ્રમ કરે છે. છતાં જીવન નિર્વાહ ચલાવવો મુશ્કેલ બને છે તેવા સમયે તેઓ આત્મવિશ્વાસ અને ગૌરવથી જીવન જીવી શકે તે માટે થોડી મદદ કરી આગળ લાવવાનો પ્રયત્ન કરવામાં આવે તો બીજા આદિવાસીઓ કરતા પણ ઝડપથી આગળ આવી શકે તેમ છે.

ક્ષેત્રકાર્ય દરમિયાન અભ્યાસને આધારે તેમજ પ્રશાસનમાં કામ કરતા અધિકારીઓ સાથે ચર્ચા કરી અને છૂટાછવાયા રહેતા આદિવાસીઓની ઈચ્છા મુજબ તેમનો વિકાસ કરવો હોય તો શું કરવું જોઈએ તેનાં સૂચના અહીં મૂકયા છે જે તેમના ભાવિ વિકાસને માટે વિશદ વિચારણા માંગી લે તેવા છે.

(અ) પાયાની સવલતોની પૂર્તિ :

(૧) અભિનવ ગ્રામ નિર્માણ કાર્યક્રમ :

આગળ પ્રકરણમાં જોયું તેમ છૂટાછવાયા અનુસૂચિત જનજાતિના વસવાટ પાસે ગંદકી હોય, ગામના ઉકરડા તે બાજુ જ હોય, રસ્તા કાચા તો કયાંય વળી રસ્તા નહિ. આ બધાની અસર તેમના જીવન ઉપર થાય છે અને તેને લઈને કયારેક રોગોનો ભોગ બને છે. જાહેર જાજરૂ કે મુતરડી તો ત્યાં હોય જ નહિ. પાણીનો નિકાલ થઈ શકે તેવી પણ વ્યવસ્થા નથી. પીવાના પાણી માટેના સ્ટેન્ડ પોસ્ટ

(ગામમાં હોય તો પણ) ત્યાં ન હોય, ઘણા સ્થળોએ ગામમાં વીજળીના થાંભલા હોય પણ આ લોકોના વસવાટ બાજુ થાંભલા હોય તો તે પણ અપૂરતા હોય છે તો આ બધા કાર્યક્રમોને અગ્રિમતા આપવી જોઈએ. આમ વ્યક્તિલક્ષી અને કુટુંબલક્ષી જરૂરીયાતોની સાથે પાયાની સવલતો ઉપર પણ ખાસ પ્રકારનું અને અગ્રીમતા ધોરણે ધ્યાન આપવું જોઈએ.

(૨) **ઘરથાળનો પ્લોટ :**

૨૦ મુદ્દાના કાર્યક્રમ નીચે જેમની પાસે રહેઠાણનું મકાન ન હોય તેમને ઘર બાંધવા સારુ ઘરથાળનો પ્લોટ આપવામાં આવે છે. સર્વેક્ષણ દ્વારા જાણવા મળ્યું કે આ લાભ ૨૬૬૩૮ કુટુંબોને મળ્યો હતો જે વાત ઘણી સારી કહી શકાય પરંતુ કેટલાંક કુટુંબો પાસેથી એવું જાણવા મળ્યું કે તેમને મળેલા પ્લોટ ગામથી દૂર છે તો કોઈએ જણાવ્યું કે પ્લોટ ખાડા ટેકરાવાળી જગ્યા પર છે. એકંદર ઘરથાળના પ્લોટ અંગેનું ચિત્ર સારું જોવા મળે છે. આમ છતાં જયાં જયાં ત્રૂટીઓ છે તેને નજરમાં રાખી વિશેષ ધ્યાન આપવું જોઈએ.

(બ) **આર્થિક કાર્યક્રમો :**

(૧) **ખેતીની જમીન :**

છૂટાછવાયા આદિવાસીઓનો વસવાટ સારાયે ગુજરાતમાં છે આમાંથી કેટલાંક કુટુંબોને ખેતીની જમીનના પ્રશ્નો છે. કેટલાકની જમીન પહેલાં ચાલી ગઈ છે તો કેટલાકના નામે જમીન નથી અને તેમાં જમીન ખેડતા હોય આદિવાસી પણ જમીનનો અસલ માલિક અન્ય કોઈ ખેડૂત હોય. આ પ્રશ્ન કચ્છમાં તા વધુ જોવા મળે છે. આ સિવાય જૂનાગઢ જિલ્લામાં જંગલ વિસ્તારની આસપાસ પણ જમીન અંગેના પ્રશ્નો છે આ જમીન રેવન્યુ ચોપડે ચડી શકતી નથી. તો આ બાબતમાં જરૂરી કાયદાકીય સુધારા કરી આદિવાસીઓને નિર્ભય બનાવવા જોઈએ કેટલાકના કેસ કોર્ટોમાં ચાલે છે પરંતુ આ લોકોને કોર્ટોના કાયમી ધક્કા ખાવા કે વકીલોને ફી આપવી પરવડે તેમ નથી તો આ બધાના ચૂંગાલમાંથી તેમને બહાર કાઢવા જરૂરી કાયદાકીય સુધારા કરવા જોઈએ.

(૨) ગામમાંથી કે આજુબાજુમાં જયાં સરકારી ખેડાણ થઈ શકે તેવી જમીનો અગ્રતાના ધોરણે આ લોકોને આપવી જોઈએ. આવી ફાજલ જમીન કેટલાકને મળી છે. પરંતુ આ જમીન ખાડા ટેકરાવાળી હોવાથી આદિવાસી કુટુંબો તેને બરાબર કરાવી શકે તેમ નથી. તો જયાં આવી જમીન અપાય ત્યાં પ્રથમ તબક્કે સરકારી યોજના દ્વારા જમીન નવસાધ્ય કરી આપવી જોઈએ.

(૩) કચ્છના પારધીઓ ખજૂરીની ખેતી કરે છે. આ માટે તેઓ વાડી, ખેડૂતો પાસેથી મજૂરીએ ભાડે લઈ લે છે. આના બદલે તેમને જમીન અપાય તો તેઓ પોતે જ ખેડૂત બનશે. ખેડૂત તરીકેના લાભ મળશે અને આવકમાં વૃધ્ધિ થશે. આ કામ પારધી સિવાય અન્ય આદિવાસીઓ કરવા ઈચ્છે તો કરવા દેવું જોઈએ એ ઉપરાંત

(૪) કચ્છમાં વાઘરી લોકો વાડી રાખી કામ કરે છે, આવું જે લાંબા સમયથી કરતા હોય તેને ત્યાં ગણોતધારો લાગુ પાડી, વાડીઓ, વાઘરી લોકોએ અપાવવી જોઈએ.

- ખેતી :

(૧) સર્વેક્ષણમાં આવરી લીધેલ કુટુંબોમાંથી ૨૧૫૪૫ કુટુંબો જમીન ધરાવતા હતા. આમ છતાં ખેતીમાંથી જીવન નિર્વાહ થતો ન હતો. આ કુટુંબો પોતાની જમીનનું સારી રીતે જતન કરી શકે અને ખેતીની પ્રવૃત્તિમાંથી સારી આવક મેળવી શકે તે માટે કેટલાક પાયાનાં કામ કરવા જેવાં છે જેમાં

(એ) ખેતી માટેના સુધારેલા સાધનો, સમયસર બિયારણ અને કિટસ આપવા, ખેતી માટે જરૂરી બળદ, સબસીડી અને લોનથી આપવા, રાસાયણિક ખાતર, જંતુનાશક દવાઓ અને બળદગાડાં વગેરેની સહાય આપવી જોઈએ.

(બ) ખાસ તો પિયતની સગવડતા કરવી જોઈએ. જો પિયત હશે તો જ ખેતીમાંથી વધુ ઉત્પાદન મેળવી શકાશે, તો આ માટે કૂવા, બોર, તળાવ, ચેક ડેમ, લીફ્ટ ઈરીગેશન (ટપક સિંચાઈ વગેરે પરિસ્થિતિ અનુકૂળ કાર્યક્રમોનું અમલીકરણ કરવું જોઈએ.

(ક) જયાં જમીનનું ધોવાણ થતું હોય તે અટકાવવા પાળા બાંધવા, નાળા બાંધવા વગેરે કરવું જોઈએ.

(ડી) પરંપરાગત પાકની જગ્યાએ નવા પાક લે, રોકડિયા પાક લે, ફળાઉ ઝાડ ઉછેરે કે વનીકરણ જેવા કાર્યક્રમો અપનાવે તેવા પ્રચાર અને પ્રસાર આ વિસ્તારમાં સઘન બનાવવો જોઈએ.

(ક) પશુપાલન :

છૂટાછવાયા આદિવાસીઓનો મોટો સમૂહ ગ્રામ્ય વિસ્તારમાં છે. અગાઉનાં અનેક સંશોધનો અને પ્રત્યક્ષ અનુભવો દ્વારા કહી શકાય કે આદિવાસીઓને પૂરક આવક મેળવવામાં પશુપાલન વ્યવસાય હાલના તબક્કે ઘણો ઉપયોગી, ઉપકારક અને આશીર્વાદરૂપ બન્યો છે. વળી પશુપાલન રાજયના ખેતી અર્થતંત્રમાં ઘણો મહત્વનો ભાગ ભજવે છે. ગુજરાતમાં ડેરી ઉદ્યોગ ઘણો વિકાસ પામ્યો છે અને પામતો જાય છે. લગભગ દરેક જિલ્લામાં દૂધ ડેરીઓ છે. તો આ બધી સ્થિતિને નજરમાં રાખીને છૂટાછવાયા આદિવાસીઓ કુટુંબોને આમા વધુ સાંકળવા જોઈએ આ માટે -

(૧) કેટલાક કુટુંબો આ વ્યવસાય કરે છે, જેમનો વ્યવસાય સારી રીતે ચાલતો હોય તેમને વધુ દૂધાળાં ઢોર આપવાં જોઈએ. વધુ દૂધ કઈ રીતે મેળવી શકાય તે માટે જરૂરી તાલીમ આપવી જોઈએ સાથે

(૨) જેમણે જિલ્લાવાર દૂધાળા ઢોરની માંગણી કરી છે તેમને સહકારી મંડળી કે અન્ય કોઈ યોજના દ્વારા જરૂરી પશુધન આપવું જોઈએ.

(૩) કેટલીક જગ્યાએ ઘાસનો પ્રશ્ન છે તો આ માટે ઘાસ ડીપો બનાવી તેમાંથી આદિવાસી કુટુંબોને ઘાસ પુરું પાડવું જોઈએ અથવા તો સામુદાયિક ચારા ઉછેર ફાર્મ કરવું જોઈએ.

(૪) કેટલાંક સ્થળોએથી (દા.ત. સાબરકાંઠા, મહેસાણા, ખેડા) એવું જાણવા મળ્યું કે દૂધ ડેરી ક્ષમતા અમુક જ લીટર સાચવવાની હોવાથી કેટલાક ગામોમાં અઠવાડિયામાં એકાદ-બે દિવસ ડેરી તરફથી દૂધ લેવામાં આવતું નથી. તો તે અંગે જરૂરી કાર્યવાહી કરવી જોઈએ. દૂધનો જથ્થો વધુ રાખી શકાય તેવા શીત કેન્દ્રો બનાવવા જોઈએ. જો એક અઠવાડીયામાં એક-બે દિવસ દૂધ નહિ લેવામાં આવે તો પૂરક આવક મળવાને બદલે નુકસાન થશે તો આ બાબતને અગ્રિમ ધોરણે લઈ જિલ્લે-જિલ્લે વધુ શીત કેન્દ્રો બનાવવા જોઈએ.

(૫) એક બાબત એ જાણવા મળી કે પશુ માટે લોન મંજૂર થયા પછી દરેક લાભાર્થીને નક્કી કરેલા દિવસે વિમાની કડીઓ મારવા માટે ડૉકટર કડી દીઠ અમુક રકમ લે છે જે રકમ ન આપે તો ગમે તે સ્થળે બોલાવે અને પૈસા ન આપે ત્યાં સુધી કડી મારતા નથી અને તેવા પશુ માટેની મળતી સહાય મળતી નથી. આ માટે સરકારશ્રીએ બરાબર ધ્યાન રાખવું જોઈએ, અને જે કડી મારવાની પ્રથા છે તે કાઢી નાંખવી જોઈએ અથવા તો બીજી કોઈ વ્યવસ્થા ઉભી કરવી જોઈએ, જેથી લાભાર્થીનું શોષણ થતું અટકે.

(૬) મજૂરી :

આદિવાસીઓનો મુખ્ય વ્યવસાય મજૂરી થતો જાય છે સર્વેક્ષણ દ્વારા એ જોઈ શકાયું કે મોટાભાગના કુટુંબો કોઈને કોઈ મજૂરી કામમાં છે પરંતુ મજૂરી કરતા સભ્યોના અનેક પ્રશ્નો છે, પરંતુ તેમનામાં સંગઠન ન હોવાથી તેઓનો પ્રશ્નો પ્રત્યે દુર્લક્ષ સેવાય છે પરંતુ આને જયારે મોટોવર્ગ મજૂરી કામમાં હોય ત્યારે જરૂરી કાર્યક્રમોનું અમલીકરણ કરવું જોઈએ.

(૧) સરકારે મજૂરીના દર બાંધ્યા છે, અને તેને માટે લઘુત્તમ વેતનધારો અમલમાં મૂકયો છે પરંતુ આનું અમલીકરણ કયાંય દેખાતું ન હોય તેવું મનાય છે. આ લોકોનો વસવાટ અન્ય સમાજ સાથે છે એટલે અહીં તો સમય પ્રમાણે મજૂરી અપાય છે. સીઝનમાં થોડા પૈસા મળે પરંતુ સીઝન ન હોય ત્યારે તો

પાંચ-સાત રૂપિયા માંડ મળે. મજૂરીમાં પણ સ્ત્રીઓને પુરુષો કરતાં ઓછા દર અપાય છે. આ ઉપરાંત જેઓ માસિક કે વાર્ષિક ધોરણે ખેડૂતોને ત્યાં કામ કરે છે તેમને પણ પૂરતું વેતન મળી રહે તે ખાસ જોવું જોઈએ. વળી કેટલાક અગાઉથી માલિક પાસેથી થોડા પૈસા લઈને બંધાય છે, અને પછી બોન્ડેડ લેબર બની જાય છે.

(૨) કેટલીક બહેનો ઘરકામ પણ કરે છે તો તેમાં પણ તેમનું શોષણ થાય છે, તો બહેનોને પુરતું વેતન મળે તેવા નિયમો કરવા જોઈએ.

આમ મજૂરીમાં અનેક રીતે જેમ કે ઓછું વેતન આપવું, વધુ સમય કામ કરાવવું વગેરે રીતે તેમનું શોષણ થતું અટકાવવું જોઈએ.

(૩) આપણે ત્યાં ૬૦ ટકા મીઠું કચ્છમાં પાકે છે, મોટાભાગના અગરીયા આદિવાસીઓ છે., આ લોકોને પૂરતું વેતન મળે, તેઓ કાયમી બને સાથે તેઓને અન્ય સગવડો જેવી કે ઘર, બાળકો માટે શિક્ષણ અલ્પ પ્રમાણમાં છે તેને માટેની જરૂરી સુધારા કરવા જોઈએ.

**(ઈ) અન્ય આર્થિક કાર્યક્રમો :**

(૧) જુદા જુદા ઉદ્યોગક્ષેત્રે તેઓને આગળ લાવવાની તક પૂરી પાડવી જોઈએ, આ માટે ઉદ્યોગ અંગે જરૂરી જાણકારી અને તાલીમ આપવાં જોઈએ.

(૨) ગામડામાં રહી રોજગારી મેળવી શકે તે માટે દૂકાન, ફલોરમીલ, શાકભાજીની લારી, કાપડની ફેરી, સુથારી કામ વગેરે પ્રકારના ધંધા માટે જરૂરી લોન અને સબસીડી આપવાં જોઈએ આ ઉપરાંત

(૩) કોલસા બનાવવાનો (કચ્છ) ધંધો, શહેરમાં રીક્ષા ફેરવી શકે, રેંકડી ફેરવી શકે, બારદાનં સીવવાનો ધંધો, ટાયર પંકચર, સો મીલ ચલાવવી વગેરે અંગે મદદ અને માર્ગદર્શન આપવાં જોઈએ.

(૪) છૂટાછવાયા આદિવાસીઓને કેટલાક વસવાટની આસપાસ પથ્થરો છે તો તેવા સ્થળોએ કવોરી ઉદ્યોગ વિકસાવી અને તેમાં આ લોકોને આવરી લેવા જોઈએ.

(૫) જયાં આસપાસ જંગલ હોય ત્યાં મધ, ગુંદર, તેમજ ગૌણ વનપેદાશો એકઠી કરવા માટે તેમને પરવાનો આપવો જોઈએ અને તેની ખરીદી નિગમ દ્વારા જ થાય તેમ કરવું જોઈએ.

(૬) પ્રિન્ટીંગ (કાપડમાં), કાગળના રમકડાં, ફુલદાની વગેરે કામ આદિવાસીઓ (કચ્છના) કરે છે તો તેમને પૂરતાં સાધનો, કાચી સામગ્રી અને આની ખરીદી કોઈ સહકારી મંડળી રચીને થાય તેમ કરવું જોઈએ.

(૭) આદિવાસીઓ ઘેરબેઠાં રોજી મેળવી શકે તે માટે અંબર ચરખા, ભરત-ગૂંથણ, સીવણ, પ્લાસ્ટીક અને

કાગળની કોથળીઓ, અગરબત્તી વગેરે પ્રકારના ગૃહઉદ્યોગ માટે તેમને તૈયાર કરવા જોઈએ અને આ માટે ગૃહઉદ્યોગ ધંધાના વિકાસ માટે આદિવાસી નિગમ મારફત તમામ સહાય અપાવવી જોઈએ.

(૮) આ લોકો શરીરે મજબૂત અને મહેનતુ છે, તો આ બાબતને ધ્યાનમાં લઈને તેઓને ડ્રાઈવર, મોટર મિકેનીક, ફીટર, વેલ્ડીંગ વગેરેની ટેકનિકલ તાલીમ માટેના વર્ગોમાં તેઓને સ્કોલરશીપ આપી લેવા જોઈએ, આવા વર્ગો જુદા જુદા વિસ્તારોમાં ચલાવવા જોઈએ તો આવા વિવિધ ક્ષેત્રોમાં તેઓને લેવામાં આવશે તો રસપૂર્વક કામ પણ કરશે જે દ્વારા તેઓનો આર્થિક વિકાસ થશે.

આ ઉપરાંત સુથારી, લુહારી, કડિયાકામ વગેરેનું કામ ઈચ્છતા ઈસમોને તાલીમ આપી કામ કરતા કરવા જોઈએ જેથી તેઓ આર્થિક રીતે પગભર બને.

(૯) ગુજરાત સરકાર દ્વારા વિવિધ પ્રકારના રોજગારલક્ષી કાર્યક્રમો અમલમાં મૂકયા છે પરંતુ આ યોજનાંઓનો લાભ મધ્યમ અને ગરીબ વર્ગ સુધી પહોંચવો જોઈએ, તેટલા પ્રમાણમાં પહોંચતો નથી. આની પાછળનું મુખ્ય કોઈ પરિબળ હોય તો તે એ કે આવા વ્યવહારુ કાર્યક્રમો વિશેની માહિતી લોકો સુધી પહોંચતી નથી. આથી અનુસૂચિત જનજાતિના (છૂટાઃછવાયા) વિસ્તારોમાં સંબંધિત અધીકારી દ્વારા શિબિરો ગોઠવવી જોઈએ અને આવી યોજનાઓનો લાભ કઈ રીતે લઈ શકાય તેનું પુરતું માર્ગદર્શન પૂરું પાડવું જોઈએ તો ઘણા લોકો આ યોજનાનો લાભ લઈ શકે અને રોજગારી મેળવી શકે.

(ઉ) **મરઘાં ઉછેર :**

આદિવાસીઓ મોટેભાગે મરઘાં રાખે છે તો જેમને આ કામ કરવું છે તેમને દશ-દશ મરઘાં આપી અને તેના ઈંડાનું ઉત્પાદન થાય તે બજાર કિંમતે ખરીદી શહેર સુધી પહોંચાડવાની વ્યવસ્થા કરવામાં આવે તો તેમને દરરોજની પૂરક રોજી મળી રહે.

આ ઉપરાંત સામુહિક ધોરણે (દા.ત. મઢીમાં છે તેવું) મરઘાં ઉછેર ફાર્મ બનાવી મરઘાં મંડળી ઉભી કરી શકાય. જયાં વધુ વસતિ છે ત્યાં આ કાર્યક્રમ અમલમાં મૂકી શકાય તેમ છે.

ઉપરોકન બંને કાર્યક્રમો માટે વ્યક્તિગત કે સામુહિક જરૂરી લોન આપવી જોઈએ અને જે કાંઈ ઉત્પાદન થાય તેમાંથી ક્રમે ક્રમે વસુલાત કરવી જોઈએ.

(ઊ) **માછીમારી :**

છૂટાછવાયા આદિવાસીઓના વસવાટની આસપાસ કેટલેક સ્થળે તળાવ, નદી, દરિયા કિનારો વગેરે છે. તો આ લોકોને માછીમારીની વ્યવસ્થિત તાલીમ આપીને, સહાયને ધોરણે જરૂરી સાધનો

પૂરાં પાડવા જોઈએ. તો આના દ્વારા જે ઉત્પાદન થશે તેમાંથી તેઓ પોતા માટે પણ મચ્છી રાખી શકશે અને જે કોઈ વધારો હશે તેનું વેચાણ કરશે તો તેમને પૂરક આવક મળી શકશે.

(ઔ) **રહેઠાણ :**

અનુસૂચિત જનજાતિના રહેઠાણની સ્થિતિ સારી નથી, જેમની પાસે મકાન છે, તે મકાન કહેવા પૂરતાં જ છે; તેમાં સારી રીતે રહી શકાય તેવું કે અન્ય પ્રાથમિક સુવિધાઓ નથી. વળી બધા સભ્યો સારી રીતે રહી શકે તેવી જગ્યા પણ નથી. કેટલાંક તો ભાડાના મકાનમાં છે. જેમને પોતાનાં મકાન છે તેમાંથી કેટલાકને મકાનની જમીન પોતાની માલીકીની નથી, તો કેટલાક માત્ર ઝુંપડામાં રહે છે જેમ કે કચ્છમાં કોળીઓ ભૂંગા અને કૂબામાં રહે છે. રહેઠાણ માટે નીચેના કાર્યક્રમો અમલમાં મૂકવા જોઈએ.

(૧) ગ્રામ્ય વિસ્તારોમાં ગૃહનિર્માણ યોજના નીચે તેમને મકાન બાંધી આપવાં જોઈએ અને તેનો કબજો તેમને મળે તેમ કરવું જોઈએ. જેમ કે ઉત્તરસંડા (તા.નડિયાદ) માં આવી યોજના દ્વારા આદિવાસીઓ માટે જ મકાન બનાવ્યા હતા પરંતુ મકાન બન્યા પછી અમુક લોકોએ તેને ખરીદી લીધાં અને અત્યારે આદિવાસીઓ ત્યાં ભાડું ભરે છે. આવું અન્ય સ્થળોએ પણ હોઈ શકે.

(૨) જેમને મકાનો છે તેમની હાલત સારી નથી, મકાનો માટીનાં હોવાથી ચોમાસામાં દિવાલ ખરી પડે છે, દિવાલોમાં તિરાડ પડે છે. છાજ બરોબર ન હોવાથી ચોમાસામાં વરસાદનું પાણી અંદર ઘરમાં જ પડે છે તો આ બધા માટે આર્થિક સહાય આપી રહેઠાણો વ્યવસ્થિત કરાવવાં જોઈએ.

(અ) **શિક્ષણ :**

છૂટાછવાયા આદિવાસીઓમાં શિક્ષણનું પ્રમાણ ઓછું છે, જે છે તે પણ પ્રાથમિક કે માધ્યમિક કક્ષા સુધીનું છે. છૂટાછવાયા આદિવાસીઓમાં શૈક્ષણિક સ્તર સુધારવા માટે વિવિધ પ્રકારના કાર્યક્રમો અમલમાં મૂકી શકાય.

(૧) આ કુટુંબોના બાળકો મજૂરીમાંથી જે કંઈ લાવે તેના કરતાં વાલીને વધુ કંઈ મળે તેવા સંઘન પગલાં લેવામાં આવે તો શિક્ષણ તરફ અભિમૂખતા વધે.

(૨) જે જે ગામમાં શાળાઓ નથી ત્યાં પ્રાથમિક શિક્ષણ માટેની શાળા તો હોવી જ જોઈએ.

(૩) પુરુષો કરતાં સ્ત્રીઓમાં શિક્ષણનું પ્રમાણ ઓછું છે, એવું સર્વેક્ષણ પરથી દેખાઈ આવેછે. આદિવાસી બહેનો વધુ પ્રમાણમાં શિક્ષણ લેતી થાય તે માટે વધુ પ્રોત્સાહનો આપવાં જોઈએ.

(૪) શાળાથી વંચિત બાળકો માટે ઔપચારિક શિક્ષણ કેન્દ્રો ખોલવાં જોઈએ અને આ કુટુંબોને જ શિક્ષિત બેરોજગાર યુવકોને આ કાર્યક્રમ હાથ ધરવા પ્રવૃત્ત કરવા જોઈએ. આ ઉપરાંત લોકોના શૈક્ષણિક ઉત્થાન માટે.

(એ) નિવાસી શાળા, આશ્રમશશાળા કે ફરતી શાળાઓ ખોલવી જોઈએ. દર હજારની વસતિએ એક આશ્રમ શાળા તો હોવી જ જોઈએ, આજે તો કચ્છ જેવા વિસ્તારમાં આદિવાસીઓ માટે એક છાત્રાવાસ નથી.

(બી) શહેરી વિસ્તારમાં વધુ છાત્રાલય ખોલવાં જોઈએ જેથી માધ્યમિક કે ઉચ્ચ શિક્ષણ લેવા માગતા આદિવાસી બાળકોને સગવડતા મળી રહે.

(સી) પ્રૌઢ શિક્ષણના વર્ગોનું પણ પૂરતા પ્રમાણમાં આયોજન કરવું જોઈએ. આમાં શિક્ષિત બેકારોને રાખવા જોઈએ અને તેમને માનદ વેતન આપવું જોઈએ.

(ડી) માધ્યમિક શિક્ષણ લેતાં બાળકોને પણ કપડાં અને પુસ્તકો આપવાં જોઈએ અને વાર્ષિક શિષ્યવૃત્તિ આપવી જોઈએ.

(ઈ) આજુબાજુ નવી આશ્રમશાળા ન ખૂલે ત્યાં સુધી જુની આશ્રમશાળામાં વધુ સંખ્યા લેવા માટે પણ જરૂરી છૂટછાટ આપવી જોઈએ.

**(એ) આરોગ્ય :**

(૧) સર્વેક્ષણમાં મહાવ્યાધિથી પીડાતા કિસ્સાઓ જોવા મળ્યા છે. આવા દર્દીઓને પૂરતી સારવાર તેમજ આર્થિક મદદ મળવી જોઈએ. સર્વેક્ષણમાં આવેલ કિસ્સાઓમાંથી ઘણાની એવી ફરીયાદ છે કે આર્થિક રીતે સમયસર અને યોગ્ય મદદ મળતી નથી. વળી ટી.બી., કેન્સર વગેરેને માટે જે નાણાકીય સહાય રૂ.૫૦ (એક વર્ષ સુધી જ) આપવામાં આવે છે તે અપૂરતી છે. આમાં રકમ અને સમયગાળામાં વધારો કરવો જોઈએ.

(૨) અંત્યોદય યોજના કાર્યક્રમ નીચે સમાજકલ્યાણ અને આર્થિક વિકાસ નિગમ દ્વારા વૃદ્ધ વ્યક્તિને પેન્શન આપવાની યોજના છે. તપાસ દરમિયાન જાણવા મળ્યું કે ઘણા કિસ્સાઓમાં વૃધ્ધોને પેન્શન મળતું નથી. આ સંબંધમાં સંબંધકર્તા અધિકારીઓ પણ પત્રો લખે છે તો સંતોષકારક જવાબ મળતા નથી આ ઉપરાંત

(૩) આરોગ્ય સેવામાં વસતિની સાથે અંતરને પણ ધ્યાનમાં લેવાવું જોઈએ. આના માટે ફરતા દુવાખાનાની સગવડ ઉભી કરવી જોઈએ. પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો વધુ ખોલવાં જોઈએ.

(૪) આરોગ્યની વિસ્તૃત અને ઊંડી તપાસ આરોગ્ય ખાતા દ્વારા કે નજીકની મેડીકલ કૉલેજ દ્વારા થવી જોઈએ.

(૫) આ કુટુંબોના બાળકોમાં કયાંક કયાંક આંખ, પેટ અને ચામડીના રોગો દેખાય છે તો આની તપાસ કરી, આરોગ્ય વિષયક સારવાર આપવી જોઈએ.

(૬) પોષક આહાર યોજનાનો લાભ વધુ બાળકો સુધી પહોંચે તેવા કાર્યક્રમો કરવા જોઈએ.

સર્વેક્ષણના આધારે એ જોઈ શકાયું છે કે લગભગ ૯૧ ટકા કુટુંબો ગરીબી રેખા નીચે જીવ. છે. અત્યારે જીવન નિર્વાહનો મુખ્ય આધાર ખેતમજૂરી કે અન્ય પ્રકારની મજૂરી પર છે. કામ ન મળે ત્યારે કેટલાંક કુટુંબો સ્થળાંતર પણ કરે છે અને સ્થળાંતરને કારણે કેટલાક પ્રશ્નો પણ ઉભા થાય છે.

અભ્યાસ આધારે એ જોઈ શકાયું કે ખાસ કરીને તેમને માટે પાયાની કેટલીક સુવિધાઓ ઉભી કરવી પડશે એ સાથે જ તેઓ આર્થિક રીતે પગભર બની શકે તે માટે ઘણું બધું કરવું પડે તેમ છે અને તે માટેનું ખર્ચ પણ કરવો પડશે. યુવકો હવે નવા ધંધા ઈચ્છે છે અને તે રીતે સ્વનિર્ભર બની આગળ આવવા ઈચ્છે છે.

છૂટાછવાયા આદિવાસીઓના સર્વાંગી વિકાસ માટે આ યોજના દ્વારા આશરે ૧,૨૧,૮૩,૯૬,૦૬૦ રૂપિયાનું ખર્ચ આવતા પાંચ વર્ષના તબક્કામાં થશે. કદાચ આપણને આ ખર્ચ વધુ લાગશે પરંતુ આટલી મોટી વસતિ માટે આ ખર્ચ બહુ ન કહી શકાય. વળી આ ખર્ચ એકવાર કરવાથી ભવિષ્યમાં તેનો ઉત્તરોત્તર લાભ મળતો રહેશે. સાથે આ ખર્ચ કરવા પાછળના બીજાં પણ કેટલાંક કારણો છે. જેમાં

(૧) આ કુટુંબો છૂટાછવાયા વસવાટ કરતા હોવાથી તેમને આદિવાસી તરીકે લાભો બરોબર આને યોગ્ય રીતે મળ્યા નથી.

(૨) આ સમાજનું જો કોઈ બુનિયાદી માળખું બનાવવું હશે તો પ્રથમ ખર્ચ કરવો પડશે અને

(૩) ખર્ચ કરવાથી આખું સામાજિક અને આર્થિક માળખું બદલાઈ જશે આની સાથોસાથ ધ્યાન પર લાવવું જરૂરી છે કે વિકાસ યોજનામાં તેમનો સાથ સહકાર પણ જરૂરી છે.

● **વિકાસ કાર્યક્રમ :**

(૧) **ઘર :**

આગળ જોયું તેમ છૂટાછવાયાં કુટુંબો માટે રહેઠાણના પ્રશ્ન ઘણો વિકટ છે. જે મકાનો હાલમાં છે તેની સ્થિતિ પણ સારી કહી શકાય એમ નથી. તેમની આ અંગેની જરૂરીયાતને બે-ત્રણ વિભાગમાં આપી છે.

(૧) જેમને ઘરથાળનો પ્લોટ મળ્યો છે અને તેના પર મકાન બનાવવા ઈચ્છે છે તેવા ૧૩૨૯૨ કુટુંબો છે.

| ક્રમ | વર્ષ | ઘરોની સંખ્યા | | એક ઘર બાંધવાનો ખર્ચ | | કુલ ખર્ચ |
|---|---|---|---|---|---|---|
| ૧. | પ્રથમ વર્ષે | ૨૬૫૮ | X | ૭૦૦૦ | = | ૧,૮૬,૦૬,૦૦૦ |
| ૨. | બીજુ વર્ષે | ૨૬૫૮ | X | ૭૦૦૦ | = | ૧,૮૬,૦૬,૦૦૦ |
| ૩. | ત્રીજા વર્ષે | ૨૬૫૮ | X | ૭૦૦૦ | = | ૧,૮૬,૦૬,૦૦૦ |
| ૪. | ચોથા વર્ષે | ૨૬૫૮ | X | ૭૦૦૦ | = | ૧,૮૬,૦૬,૦૦૦ |
| ૫. | પાંચમા વર્ષે | ૨૬૬૦ | X | ૭૦૦૦ | = | ૧,૮૬,૨૦,૦૦૦ |
| | કુલ | ૧૩૨૯૨ | X | ૭૦૦૦ | = | ૯,૩૦,૪૪,૦૦૦ |

(૨) ઘરથાળ માટેના પ્લોટ માટેની માંગણી ૫૫૪૯૭ કુટુંબો ની છે.

| ક્રમ | વર્ષ | ઘરથાળના પ્લોટની માંગણી | વિશેષ નોંધ |
|---|---|---|---|
| ૧. | પ્રથમ વર્ષે | ૧૧૦૯૯ | જે જે ગામમાં પ્લોટ |
| ૨. | બીજા વર્ષે | ૧૧૦૯૯ | અંગેની માંગણી આવી છે. |
| ૩. | ત્રીજા વર્ષે | ૧૧૦૯૯ | તે તે ગામમાંથી આજુબાજુમાંથી |
| ૪. | ચોથા વર્ષે | ૧૧૦૯૯ | ઘરથાળ માટેનો સો વાર જેટલી જમીનનો |
| ૫. | પાંચમા વર્ષે | ૧૧૦૦૧ | પ્લોટ ફાળવવો જોઈએ. |

(૩) આગળ જેમણે ઘરથાળના પ્લોટની માંગણી કરી છે તેઓ અને બીજા કેટલાકે નવા મકાનની માંગણી કરી છે આવા કુટુંબો ૫૫૫૬૩ છે.

| ક્રમ | વર્ષ | ઘરોની સંખ્યા | | એક ઘર બાંધવાનો ખર્ચ | | કુલ ખર્ચ |
|---|---|---|---|---|---|---|
| ૧. | ૧ | ૧૧૧૧૨ | X | ૭૦૦૦ | = | ૭,૭૭,૮૪,૦૦૦ |
| ૨. | ૨ | ૧૧૧૧૨ | X | ૭૦૦૦ | = | ૭,૭૭,૮૪,૦૦૦ |
| ૩. | ૩ | ૧૧૧૧૨ | X | ૭૦૦૦ | = | ૭,૭૭,૮૪,૦૦૦ |
| ૪. | ૪ | ૧૧૧૧૨ | X | ૭૦૦૦ | = | ૭,૭૭,૮૪,૦૦૦ |
| ૫. | ૫ | ૧૧૧૧૨૫ | X | ૭૦૦૦ | = | ૭,૭૮,૦૫,૦૦૦ |
| | કુલ | ૫૫૫૬૩ | X | ૭૦૦૦ | = | ૩૮,૮૯,૪૧,૦૦૦ |

(૪) હાલના રહેઠાણમાં મરામત કરાવવાની ઈચ્છા ૩૬૬૫૦ કુટુંબોએ દર્શાવી છે.

| ક્રમ | વર્ષ | મકાન મરામતની સંખ્યા | | એક ઘર માટે સરેરાશ મરામત ખર્ચ | | કુલ ખર્ચ |
|---|---|---|---|---|---|---|
| ૧. | ૧ | ૭૩૩૦ | X | ૨૦૦૦ | = | ૧,૪૬,૬૦,૦૦૦ |
| ૨. | ૨ | ૭૩૩૦ | X | ૨૦૦૦ | = | ૧,૪૬,૬૦,૦૦૦ |
| ૩. | ૩ | ૭૩૩૦ | X | ૨૦૦૦ | = | ૧,૪૬,૬૦,૦૦૦ |
| ૪. | ૪ | ૭૩૩૦ | X | ૨૦૦૦ | = | ૧,૪૬,૬૦,૦૦૦ |
| ૫. | ૫ | ૭૩૩૦ | X | ૨૦૦૦ | = | ૧,૪૬,૬૦,૦૦૦ |
| | કુલ | ૩૬૬૫૦ | X | ૨૦૦૦ | = | ૭,૩૩,૦૦,૦૦૦ |

આમ જેમને મકાન માટે પ્લોટ મળ્યા છે પરંતુ હજુ સુધી મકાન બનાવી શકયા નથી તેવાં કુટુંબો, જેમને નવા મકાનની જરૂરીયાત છે તેવાં કુટુંબો અને મકાન સમારકામ કરાવવાનું છે તેવાં કુટુંબો માટેનો કુલ ખર્ચ રૂા. ૫૫,૫૨,૮૫,૦૦૦.

(૨) વીજળીની સગવડ :

સર્વેક્ષણમાં આવરી લીધેલ ગામોમાં જયાં ગામમાં અને બિન આદિવાસીના ઘરોમાં વીજળી છે પરંતુ આદિવાસી ઘરોમાં વીજળી નથી, તેઓની આર્થિક સ્થિતિ એવી છે કે પોતે વીજળી જોડાણ લઈ શકે તેમ નથી તો આવા કુટુંબોને તેના ઘરોમાં વીજ જોડાણ આપવું જોઈએ, વીજ જોડાણ માટે ૬૦૩૩૩ કુટુંબોની માંગણી છે.

| ક્રમ | વર્ષ | વીજળીનું જોડાણએક ઈચ્છતા ઈસમોજોડાણ | | કુટુંબને વીજ આપવાનો ખર્ચ | | કુલ ખર્ચ |
|---|---|---|---|---|---|---|
| ૧. | ૧ | ૧૨૦૬૬ | X | ૩૦૦ | = | ૩૬,૧૯,૮૦૦ |
| ૨. | ૨ | ૧૨૦૬૬ | X | ૩૦૦ | = | ૩૬,૧૯,૮૦૦ |
| ૩. | ૩ | ૧૨૦૬૬ | X | ૩૦૦ | = | ૩૬,૧૯,૮૦૦ |
| ૪. | ૪ | ૧૨૦૬૬ | X | ૩૦૦ | = | ૩૬,૧૯,૮૦૦ |
| ૫. | ૫ | ૧૨૦૬૯ | X | ૩૦૦ | = | ૩૬,૨૦,૭૦૦ |
| | કુલ | ૬૦૩૩૩ | X | ૩૦૦ | = | ૧,૮૦,૯૯,૯૦૦ |

(બ) આર્થિક વિકાસ :

(૧) ખેતી

સર્વેક્ષિત છૂટાછવાયા આદિવાસી કુટુંબોમાંથી ૨૩૦૩૯ કુટુંબો પાસે ખેતી માટેની જમીન છે. ખેતીની જમીન હોવા છતાં તેમાંથી જરૂરી ઉત્પાદન મેળવી શકાતું નથી. શા માટે તેની ચર્ચા આગળ કરી છે તેમાં ખેતીમાંથી વધુ ઉત્પાદન અને આવક મેળવી શકે તે માટે નીચે મુજબ કાર્યક્રમોનું અમલીકરણ અને ખર્ચ કરવું પડશે.

૧. જમીન સમતલ કરવી, પાળા બાંધવા, નાળા બાંધવા, વાડ બનાવવી, કયારી બનાવવી

| ક્રમ | વર્ષ | ઈચ્છીત કુટુંબ | | ખર્ચ | | કુલ ખર્ચ |
|---|---|---|---|---|---|---|
| ૧. | ૧ | ૨૦૦૦ | X | ૧૦૦૦ | = | ૨૦,૦૦,૦૦૦ |
| ૨. | ૨ | ૨૦૦૦ | X | ૧૦૦૦ | = | ૨૦,૦૦,૦૦૦ |
| ૩. | ૩ | ૨૦૦૦ | X | ૧૦૦૦ | = | ૨૦,૦૦,૦૦૦ |
| ૪. | ૪ | ૨૦૦૦ | X | ૧૦૦૦ | = | ૨૦,૦૦,૦૦૦ |
| ૫. | ૫ | ૨૦૦૦ | X | ૧૦૦૦ | = | ૨૦,૦૦,૦૦૦ |
| | કુલ | ૧૦૦૦૦ | X | ૧૦૦૦ | = | ૧,૦૦,૦૦,૦૦૦ |

૨. સુધારેલ બિયારણ, રાસાયણિક ખાતર, જંતુનાશક દવા :

| ક્રમ | વર્ષ | કુટુંબો | | ખર્ચ | | કુલ ખર્ચ |
|---|---|---|---|---|---|---|
| ૧. | ૧ | ૪૦૦૦ | X | ૧૦૦૦ | = | ૪૦,૦૦,૦૦૦ |
| ૨. | ૨ | ૪૦૦૦ | X | ૧૦૦૦ | = | ૪૦,૦૦,૦૦૦ |
| ૩. | ૩ | ૪૦૦૦ | X | ૧૦૦૦ | = | ૪૦,૦૦,૦૦૦ |
| ૪. | ૪ | ૪૦૦૦ | X | ૧૦૦૦ | = | ૪૦,૦૦,૦૦૦ |
| ૫. | ૫ | ૪૩૭૮ | X | ૧૦૦૦ | = | ૪૩,૭૮,૦૦૦ |
| | કુલ | ૨૦,૩૭૮ | X | ૧૦૦૦ | = | ૨,૦૩,૭૮,૦૦૦ |

૨. **નવી ખેતી માટેની જમીન :**

જેમની પાસે ખેતીની જમીન નથી, તેવાં કુટુંબો ખેતી કરવાની ઈચ્છા રાખે છે. આ માટે પ્રથમ જમીન જોઈએ. જમીનની માંગણી ૩૧૭૨૬ કુટુંબોએ કરી છે.

| ક્રમ | વર્ષ | જમીન ઈચ્છતા કુટુંબો | વિશેષ નોંધ |
|---|---|---|---|
| ૧. | ૧ | ૬૩૪૫ | આ જમીન જંગલની, ગૌચર, |
| ૨. | ૨ | ૬૩૪૫ | સરકારી ખરાબો કે અન્ય રીતે |
| ૩. | ૩ | ૬૩૪૫ | પ્રાપ્ત થતી હોય તેવી જમીન |
| ૪. | ૪ | ૬૩૪૫ | આપવી જોઈએ અને દરેક કુટુંબને |
| ૫ | ૫ | ૬૩૬૬ | ઓછામાં ઓછી ૪ એકર જમીન |
| | | ૩૧૭૨૬ | આપવી જોઈએ. |

૩. **ખેતી માટેનાં સાધનો :**

જે કુટુંબો પાસે ખેતી છે તેઓ પાસે ખેતી કરવાના જરૂરી પ્રાથમિક સાધનો નથી. તેઓ ખેતી સારી રીતે કરી શકે તે માટે હળ, રાંપ, રાંપડી, સમાર, વાવણિયો, પંખો, મોઘ, દવા છાંટવાનો પંપ વગેરે મુજબ આપવાં જોઈએ. લગભગ ૨૦,૦૦૦ કુટુંબોએ આ સાધનોની માંગણી કરી છે.

| ક્રમ | વર્ષ | સાધનો માંગનાર | | ખર્ચ | | કુલ ખર્ચ |
|---|---|---|---|---|---|---|
| ૧. | ૧ | ૪૦૦૦ | X | ૧૫૦૦ | = | ૬૦,૦૦,૦૦૦ |
| ૨. | ૨ | ૪૦૦૦ | X | ૧૫૦૦ | = | ૬૦,૦૦,૦૦૦ |
| ૩. | ૩ | ૪૦૦૦ | X | ૧૫૦૦ | = | ૬૦,૦૦,૦૦૦ |
| ૪. | ૪ | ૪૦૦૦ | X | ૧૫૦૦ | = | ૬૦,૦૦,૦૦૦ |
| ૫. | ૫ | ૪૦૦૦ | X | ૧૫૦૦ | = | ૬૦,૦૦,૦૦૦ |
| | કુલ | ૨૦,૦૦૦ | X | ૧૫૦૦ | = | ૩,૦૦,૦૦,૦૦૦ |

૪. બળદ :

ખેતી કામમાં બળદની અતિ જરૂરીયાત હોય છે. સર્વેક્ષણ દરમિયાન ૨૧૨૪૬ કુટુંબો એ બળદની માંગણી કરી હતી. હાલના તબક્કે દરેકને એક બળદ પણ જો અપાય તો ખેતીનું કામકાજ કરી શકે. આમાંથી તેઓ એક બળદ પોતાનો લે અને બીજો બળદ અન્ય કોઈને ત્યાંથી માંગી લાવે. તે રીતની વ્યવસ્થા ગોઠવી શકાય.

| ક્રમ | વર્ષ | બળદ ઈચ્છતા | | એક બળદનો ખર્ચ | | કુલ ખર્ચ |
|---|---|---|---|---|---|---|
| ૧. | ૧ | ૪૨૪૯ | X | ૨૫૦૦ | = | ૧,૦૬,૨૨,૫૦૦ |
| ૨. | ૨ | ૪૨૪૯ | X | ૨૫૦૦ | = | ૧,૦૬,૨૨,૫૦૦ |
| ૩. | ૩ | ૪૨૪૯ | X | ૨૫૦૦ | = | ૧,૦૬,૨૨,૫૦૦ |
| ૪. | ૪ | ૪૨૪૯ | X | ૨૫૦૦ | = | ૧,૦૬,૨૨,૫૦૦ |
| ૫. | ૫ | ૪૨૫૦ | X | ૨૫૦૦ | = | ૧,૦૬,૨૫,૦૦૦ |
| | કુલ | ૨૧૨૪૬ | X | ૨૫૦૦ | = | ૫,૩૧,૧૫,૦૦૦ |

૫. બળદગાડું :

બળદગાડાની માંગણી ૧૯૧૨૪ કુટુંબોએ કરી છે.

| ક્રમ | વર્ષ | બળદગાડું ઈચ્છતાં કુટુંબો | | એક બળદ-ગાડાનો ખર્ચ | | કુલ ખર્ચ |
|---|---|---|---|---|---|---|
| ૧. | ૧ | ૩૮૨૪ | X | ૫૦૦૦ | = | ૧,૯૧,૨૦,૦૦૦ |
| ૨. | ૨ | ૩૮૨૪ | X | ૫૦૦૦ | = | ૧,૯૧,૨૦,૦૦૦ |
| ૩. | ૩ | ૩૮૨૪ | X | ૫૦૦૦ | = | ૧,૯૧,૨૦,૦૦૦ |
| ૪. | ૪ | ૩૮૨૪ | X | ૫૦૦૦ | = | ૧,૯૧,૨૦,૦૦૦ |
| ૫. | ૫ | ૩૮૩૧ | X | ૫૦૦૦ | = | ૧,૯૧,૫૫,૦૦૦ |
| | કુલ | ૧૯૧૨૩ | X | ૫૦૦૦ | = | ૯,૫૬,૧૫,૦૦૦ |

૪. **પિયતનાં સાધનો :**

આપણે ત્યાં મોટાભાગની ખેતી કુદરત આધારિત છે, ખેતી માટે જો સિંચાઈ વ્યવસ્થા હોય તો ખેડૂતો એકથી વધુ પાકો મેળવી શકે. સર્વેક્ષિત કુટુંબોએ સિંચાઈ અને તેને માટેના આનુષાંગિક સાધનોની ઈચ્છા રાખી છે.

૧. નવો કૂવો :

| ક્રમ | વર્ષ | કૂવા ઉંડા કરાવવાની ઈચ્છા | | કૂવા ઉંડા કરાવવાનું ખર્ચ | | કુલ ખર્ચ |
|---|---|---|---|---|---|---|
| ૧. | ૧ | ૭૪૨ | X | ૫૦૦૦ | = | ૩૭,૧૦,૦૦૦ |
| ૨. | ૨ | ૭૪૨ | X | ૫૦૦૦ | = | ૩૭,૧૦,૦૦૦ |
| ૩. | ૩ | ૭૪૨ | X | ૫૦૦૦ | = | ૩૭,૧૦,૦૦૦ |
| ૪. | ૪ | ૭૪૨ | X | ૫૦૦૦ | = | ૩૭,૧૦,૦૦૦ |
| ૫. | ૫ | ૭૪૨ | X | ૫૦૦૦ | = | ૩૭,૧૦,૦૦૦ |
| | કુલ | ૩૭૧૩ | X | ૫૦૦૦ | = | ૧,૮૫,૬૫,૦૦૦ |

૩. કૂવાનું સમારકામ :

જેમને કૂવા છે તેવામાંથી ૩૦૮૯ કુટુંબોએ કૂવાનું સમારકામ કરાવવાની ઈચ્છા દર્શાવી છે.

| ક્રમ | વર્ષ | કૂવો મરામત કરાવવો | | એક કૂવો મરામત કરાવવાનો ખર્ચ | | કુલ ખર્ચ |
|---|---|---|---|---|---|---|
| ૧. | ૧ | ૬૧૭ | X | ૨૦૦૦ | = | ૧૨,૩૪,૦૦૦ |
| ૨. | ૨ | ૬૧૭ | X | ૨૦૦૦ | = | ૧૨,૩૪,૦૦૦ |
| ૩. | ૩ | ૬૧૭ | X | ૨૦૦૦ | = | ૧૨,૩૪,૦૦૦ |
| ૪. | ૪ | ૬૧૭ | X | ૨૦૦૦ | = | ૧૨,૩૪,૦૦૦ |
| ૫. | ૫ | ૬૨૧ | X | ૨૦૦૦ | = | ૧૨,૪૨,૦૦૦ |
| | કુલ | | | | | ૬૧,૭૮.૦૦૦ |

૪. ઈલેકટ્રીક પંપ અને ઓઈલ એન્જીન :

| ક્રમ | વર્ષ | ઈલેકટ્રીક પંપ/ઓઈલ એન્જીન માંગતા કુટુંબો | | એકનો ખર્ચ | | કુલ ખર્ચ |
|---|---|---|---|---|---|---|
| ૧. | ૧ | ૨૧૫૩ | X | ૫૦૦૦ | = | ૧,૦૭,૬૫,૦૦૦ |
| ૨. | ૨ | ૨૧૫૩ | X | ૫૦૦૦ | = | ૧,૦૭,૬૫,૦૦૦ |
| ૩. | ૩ | ૨૧૫૩ | X | ૫૦૦૦ | = | ૧,૦૭,૬૫,૦૦૦ |
| ૪. | ૪ | ૨૧૫૩ | X | ૫૦૦૦ | = | ૧,૦૭,૬૫,૦૦૦ |
| ૫. | ૫ | ૨૧૫૪ | X | ૫૦૦૦ | = | ૧,૦૭,૭૦,૦૦૦ |
| | **કુલ** | **૧૦૭૬૬** | X | **૫૦૦૦** | = | **૫,૩૮,૩૦,૦૦૦** |

૫. પાઈપ લાઈન નંખાવવી :

૫૬૭૪ ખેડૂત કુટુંબોએ પોતાના ખેતરમાં પાઈપ લાઈન નાંખવાની ઈચ્છા છે.

| ક્રમ | વર્ષ | પાઈપ લાઈન નાંખવાની ઈચ્છા રાખતા કુટુંબો | | એક કુટુંબને થનાર ખર્ચ | | કુલ ખર્ચ |
|---|---|---|---|---|---|---|
| ૧. | ૧ | ૧૧૩૪ | X | ૫૦૦૦ | = | ૫૬,૭૦,૦૦૦ |
| ૨. | ૨ | ૧૧૩૪ | X | ૫૦૦૦ | = | ૫૬,૭૦,૦૦૦ |
| ૩. | ૩ | ૧૧૩૪ | X | ૫૦૦૦ | = | ૫૬,૭૦,૦૦૦ |
| ૪. | ૪ | ૧૧૩૪ | X | ૫૦૦૦ | = | ૫૬,૭૦,૦૦૦ |
| ૫. | ૫ | ૧૧૩૮ | X | ૫૦૦૦ | = | ૫૬,૯૦,૦૦૦ |
| | કુલ | ૫૬૭૪ | X | ૫૦૦૦ | = | ૨,૮૩,૭૦,૦૦૦ |

૬. **પિયતના કૂવા પર વીજળી જોડાણ :**

૫૧૭૪ કુટુંબોએ પોતાના કૂવા પર વીજ જોડાણની ઈચ્છા દર્શાવી છે.

| ક્રમ | વર્ષ | કૂવા પર વીજ જોડાણ ઈચ્છતાં કુટુંબો | | એક કુટુંબને આ લાભ આપતાં થનાર ખર્ચ | | કુલ ખર્ચ |
|---|---|---|---|---|---|---|
| ૧. | ૧ | ૧૦૩૪ | X | ૨૦૦૦ | = | ૨૦,૬૮,૦૦૦ |
| ૨. | ૨ | ૧૦૩૪ | X | ૨૦૦૦ | = | ૨૦,૬૮,૦૦૦ |
| ૩. | ૩ | ૧૦૩૪ | X | ૨૦૦૦ | = | ૨૦,૬૮,૦૦૦ |
| ૪. | ૪ | ૧૦૩૪ | X | ૨૦૦૦ | = | ૨૦,૬૮,૦૦૦ |
| ૫. | ૫ | ૧૦૩૮ | X | ૨૦૦૦ | = | ૨૦,૭૬,૦૦૦ |
| | કુલ | **૫૧૭૪** | X | **૨૦૦૦** | = | **૧,૦૩,૪૮,૦૦૦** |

૪. **શાકભાજી અને ફળાઉ ઝાડ :**

પોતાની ખેતી જમીનમાં શાકભાજી અને વાંસ, વનીકરણ તેમજ ફળાઉ ઝાડમાં આંબા, ચીકુ, પપૈયા, લીંબુ, કેળ, આમળા, દ્રાક્ષ વગેરે ઉગાડવાની ઈચ્છા ૧૧,૦૦૦ કુટુંબોએ કરી છે. આ કુટુંબોને ૩૦૦ રૂપિયાની મદદ આપવી જોઈએ.

| ક્રમ | વર્ષ | ફળાઉ ઝાડની ઈચ્છા રાખતા કુટુંબોમાંથી | | એક કુટુંબ પાછળ થનાર ખર્ચ | | કુલ ખર્ચ |
|---|---|---|---|---|---|---|
| ૧. | ૧ | ૨૨૦૦ | X | ૩૦૦ | = | ૬,૬૦,૦૦૦ |
| ૨. | ૨ | ૨૨૦૦ | X | ૩૦૦ | = | ૬,૬૦,૦૦૦ |
| ૩. | ૩ | ૨૨૦૦ | X | ૩૦૦ | = | ૬,૬૦,૦૦૦ |
| ૪. | ૪ | ૨૨૦૦ | X | ૩૦૦ | = | ૬,૬૦,૦૦૦ |
| ૫. | ૫ | ૨૨૦૦ | X | ૩૦૦ | = | ૬,૬૦,૦૦૦ |
| | કુલ | **૧૧૦૦૦** | X | **૩૦૦** | = | **૩૩,૦૦,૦૦૦** |

૫. પશુધન :

અમે આગળ જણાવ્યું છે તેમ આદિવાસીઓમાં આ વ્યવસાય તરફનો ઝોક વધ્યો છે. સાથે અગાઉના અમારા સર્વેક્ષણથી એમ પણ લાગ્યું કે પશુપાલનના વ્યવસાયમાંથી તેઓ સારી એવી પૂરક આવક મેળવી શકે છે. સર્વેક્ષિત કુટુંબોએ ભેંસ, ગાય, ઘેટાં, બકરાં, ઊંટ અને મરઘાં-બતકાંની ઈચ્છા રાખી છે.

૧. ભેંસ :

| ક્રમ | વર્ષ | ભેંસની ઈચ્છા રાખતા કુટુંબો | | એક ભેંસનો ખર્ચ | | કુલ ખર્ચ |
|---|---|---|---|---|---|---|
| ૧. | ૧ | ૫૯૧૩ | X | ૩૦૦૦ | = | ૧૭,૭૩,૯૦૦ |
| ૨. | ૨ | ૫૯૧૩ | X | ૩૦૦૦ | = | ૧૭,૭૩,૯૦૦ |
| ૩. | ૩ | ૫૯૧૩ | X | ૩૦૦૦ | = | ૧૭,૭૩,૯૦૦ |
| ૪. | ૪ | ૫૯૧૩ | X | ૩૦૦૦ | = | ૧૭,૭૩,૯૦૦ |
| ૫. | ૫ | ૫૯૧૩ | X | ૩૦૦૦ | = | ૧૭,૭૩,૯૦૦ |
| | કુલ | ૨૯૫૬૫ | X | ૩૦૦૦ | = | ૮,૮૬,૯૫,૦૦૦ |

૨. ગાય :

| ક્રમ | વર્ષ | ગાયની ઈચ્છા રાખતા કુટુંબો | | એક ગાયનો ખર્ચ | | કુલખર્ચ |
|---|---|---|---|---|---|---|
| ૧. | ૧ | ૧૮૮૨ | X | ૧૫૦૦ | = | ૨૮,૨૩,૦૦૦ |
| ૨. | ૨ | ૧૮૮૨ | X | ૧૫૦૦ | = | ૨૮,૨૩,૦૦૦ |
| ૩. | ૩ | ૧૮૮૨ | X | ૧૫૦૦ | = | ૨૮,૨૩,૦૦૦ |
| ૪. | ૪ | ૧૮૮૨ | X | ૧૫૦૦ | = | ૨૮,૨૩,૦૦૦ |
| ૫. | ૫ | ૧૮૮૨ | X | ૧૫૦૦ | = | ૨૮,૨૩,૦૦૦ |
| | કુલ | ૯૪૧૦ | X | ૧૫૦૦ | = | ૧,૪૧,૧૫,૦૦૦ |

૩. ઘેટાં :

| ક્રમ | વર્ષ | ઘેટાં માંગનાર કુટુંબો | | એક કુટુંબને બે ઘેટાં આપવાનો ખર્ચ | | કુલ ખર્ચ |
|---|---|---|---|---|---|---|
| ૧. | ૧ | ૩૦૩ | X | ૮૦૦ | = | ૨,૪૨,૪૦૦ |
| ૨. | ૨ | ૩૦૩ | X | ૮૦૦ | = | ૨,૪૨,૪૦૦ |
| ૩. | ૩ | ૩૦૩ | X | ૮૦૦ | = | ૨,૪૨,૪૦૦ |
| ૪. | ૪ | ૩૦૩ | X | ૮૦૦ | = | ૨,૪૨,૪૦૦ |
| ૫. | ૫ | ૩૦૩ | X | ૮૦૦ | = | ૨,૪૨,૪૦૦ |
| | કુલ | ૧૫૧૫ | X | ૮૦૦ | = | ૧૨,૧૨,૦૦૦ |

૪. બકરાં :

| ક્રમ | વર્ષ | બકરા માંગનાર કુટુંબો | | એક કુટુંબને બે બકરાં આપવાનો ખર્ચ | | કુલ ખર્ચ |
|---|---|---|---|---|---|---|
| ૧. | ૧ | ૨૯૬૭ | X | ૮૦૦ | = | ૨૩,૭૩,૬૦૦ |
| ૨. | ૨ | ૨૯૬૭ | X | ૮૦૦ | = | ૨૩,૭૩,૬૦૦ |
| ૩. | ૩ | ૨૯૬૭ | X | ૮૦૦ | = | ૨૩,૭૩,૬૦૦ |
| ૪. | ૪ | ૨૯૬૭ | X | ૮૦૦ | = | ૨૩,૭૩,૬૦૦ |
| ૫. | ૫ | ૨૯૭૦ | X | ૮૦૦ | = | |
| | કુલ | ૧૪૮૩૯ | X | ૮૦૦ | = | ૧,૧૮,૭૧,૨૦૦ |

૫. ઊંટ :

ઊંટની માંગણી કચ્છ જિલ્લામાંથી વધુ થઈ છે.

| ક્રમ | વર્ષ | ઊંટ ઈચ્છતા કુટુંબો | | એક ઊંટ આપવા પાછળ થનાર ખર્ચ | | કુલ ખર્ચ |
|---|---|---|---|---|---|---|
| ૧. | ૧ | ૧૩૫ | X | ૮૦૦૦ | = | ૧૦,૮૦,૦૦૦ |
| ૨. | ૨ | ૧૩૫ | X | ૮૦૦૦ | = | ૧૦,૮૦,૦૦૦ |
| ૩. | ૩ | ૧૩૫ | X | ૮૦૦૦ | = | ૧૦,૮૦,૦૦૦ |
| ૪. | ૪ | ૧૩૫ | X | ૮૦૦૦ | = | ૧૦,૮૦,૦૦૦ |
| ૫. | ૫ | ૧૩૫ | X | ૮૦૦૦ | = | ૧૦,૮૦,૦૦૦ |
| | કુલ | ૬૭૫ | X | ૮૦૦૦ | = | ૫૪,૦૦,૦૦૦ |

૬. મરઘાં-બતકા :

૩૯૬૨ કુટુંબોએ મરઘાં-બતકાંની માંગણી કરી છે. દરેક કુટુંબને એક મરઘો અને બે મરઘીનું યુનિટ આપવું જોઈએ.

| ક્રમ | વર્ષ | મરઘા-બતકા ઈચ્છતા કુટુંબો | | એક મરઘા-બતકા આપવા પાછળ થનાર ખર્ચ | | કુલ ખર્ચ |
|---|---|---|---|---|---|---|
| ૧. | ૧ | ૭૯૨ | X | ૧૦૦ | = | ૭૯,૨૦૦ |
| ૨. | ૨ | ૭૯૨ | X | ૧૦૦ | = | ૭૯,૨૦૦ |
| ૩. | ૩ | ૭૯૨ | X | ૧૦૦ | = | ૭૯,૨૦૦ |
| ૪. | ૪ | ૭૯૨ | X | ૧૦૦ | = | ૭૯,૨૦૦ |
| ૫. | ૫ | ૭૯૪ | X | ૧૦૦ | = | ૭૯,૪૦૦ |
| | કુલ | ૩૯૬૨ | X | ૧૦૦ | = | ૩,૯૬,૨૦૦ |

૬. કુટુંબમાં આવક વૃધ્ધિ માટે નવા ધંધા રોજગારની ઈચ્છા :

સર્વેક્ષણ કુટુંબના મુખ્ય સભ્યો પોતાના કુટુંબમાં આવક વૃધ્ધિ થાય તે માટે કેટલાક નવા ધંધા કરવા ઈચ્છે છે. અમને મુલાકાત દ્વારા જણાવ્યું છે કે ખરેખર આવા નવા ધંધા આપવાથી બેકારી નિવારી શકાય, વધુ લોકોને કામ મળી રહે, સ્પર્ધા નહિ થાય અને લોકોનું-કુટુંબોનું સ્થળાંતર થતુ અટકશે એટલે નવા ધંધા માટે તેઓને જરૂરી મદદ અને પ્રોત્સાહન આપવા જ જોઈએ :

૧. ઊંટલારી :

માલવાહક તરીકે કેટલાક કુટુંબોએ ઊંટલારીની માંગણી કરી છે.

| ક્રમ | વર્ષ | કુટુંબો | | એક ઊંટલારીનું ખર્ચ | | કુલ ખર્ચ |
|---|---|---|---|---|---|---|
| ૧. | ૧ | ૯૦૨ | X | ૧૦,૦૦૦ | = | ૯૦,૨૦,૦૦૦ |
| ૨. | ૨ | ૯૦૨ | X | ૧૦,૦૦૦ | = | ૯૦,૨૦,૦૦૦ |
| ૩. | ૩ | ૯૦૨ | X | ૧૦,૦૦૦ | = | ૯૦,૨૦,૦૦૦ |
| ૪. | ૪ | ૯૦૨ | X | ૧૦,૦૦૦ | = | ૯૦,૨૦,૦૦૦ |
| ૫. | ૫ | ૯૦૫ | X | ૧૦,૦૦૦ | = | ૯૦,૫૦,૦૦૦ |
| | કુલ | ૪૫૧૩ | X | ૧૦,૦૦૦ | = | ૪,૫૧,૩૦,૦૦૦ |

૨. હાથલારી :

| ક્રમ | વર્ષ | કુટુંબો | | એક હાથલારીનું ખર્ચ | | કુલ ખર્ચ |
|---|---|---|---|---|---|---|
| ૧. | ૧ | ૧૧૫૫ | X | ૫૦૦ | = | ૫,૭૭,૫૦૦ |
| ૨. | ૨ | ૧૧૫૫ | X | ૫૦૦ | = | ૫,૭૭,૫૦૦ |
| ૩. | ૩ | ૧૧૫૫ | X | ૫૦૦ | = | ૫,૭૭,૫૦૦ |
| ૪. | ૪ | ૧૧૫૫ | X | ૫૦૦ | = | ૫,૭૭,૫૦૦ |
| ૫. | ૫ | ૧૧૫૯ | X | ૫૦૦ | = | ૫,૭૯,૫૦૦ |
| | કુલ | ૫૭૭૯ | X | ૫૦૦ | = | ૨૮,૮૯,૫૦૦ |

૩. સીવણ સંચા :

કુટુંબમાં બહેનોએ સીવણ સંચાની માંગણી કરી છે.

| ક્રમ | વર્ષ | કુટુંબો | | એક સીવણ-સંચાનું ખર્ચ | | કુલ ખર્ચ |
|---|---|---|---|---|---|---|
| ૧. | ૧ | ૩૯૦ | X | ૩૦૦૦ | = | ૧૧,૭૦,૦૦૦ |
| ૨. | ૨ | ૩૯૦ | X | ૩૦૦૦ | = | ૧૧,૭૦,૦૦૦ |
| ૩. | ૩ | ૩૯૦ | X | ૩૦૦૦ | = | ૧૧,૭૦,૦૦૦ |
| ૪. | ૪ | ૩૯૦ | X | ૩૦૦૦ | = | ૧૧,૭૦,૦૦૦ |
| ૫. | ૫ | ૩૯૪ | X | ૩૦૦૦ | = | ૧૧,૮૨,૦૦૦ |
| | કુલ | ૧૯૫૪ | X | ૩૦૦૦ | = | ૫૮,૬૨,૦૦૦ |

૪. દળવાની ઘંટી :

૨૧૨૪ કુટુંબોએ દળવાની ઘંટી માંગી છે. એન્જીન સહિત એક ઘંટી પાછળ ૧૦,૦૦૦ ખર્ચ થશે

| ક્રમ | વર્ષ | કુટુંબો | | એક ઘંટી પાછળ ખર્ચ | | કુલ ખર્ચ |
|---|---|---|---|---|---|---|
| ૧. | ૧ | ૪૨૪ | X | ૧૦,૦૦૦ | = | ૪૨,૪૦,૦૦૦ |
| ૨. | ૨ | ૪૨૪ | X | ૧૦,૦૦૦ | = | ૪૨,૪૦,૦૦૦ |
| ૩. | ૩ | ૪૨૪ | X | ૧૦,૦૦૦ | = | ૪૨,૪૦,૦૦૦ |
| ૪. | ૪ | ૪૨૪ | X | ૧૦,૦૦૦ | = | ૪૨,૪૦,૦૦૦ |
| ૫. | ૫ | ૪૨૮ | X | ૧૦,૦૦૦ | = | ૪૨,૮૦,૦૦૦ |
| | કુલ | ૨૧૨૪ | X | ૧૦,૦૦૦ | = | ૨,૧૨,૪૦,૦૦૦ |

૫. સાયકલ સ્ટોર્સ :

| ક્રમ | વર્ષ | કુટુંબો | | એક સાયકલ સ્ટોર્સ પાછળ ખર્ચ | | કુલ ખર્ચ |
|---|---|---|---|---|---|---|
| ૧. | ૧ | ૪૯૩ | X | ૧૦૦૦ | = | ૪,૯૩,૦૦૦ |
| ૨. | ૨ | ૪૯૩ | X | ૧૦૦૦ | = | ૪,૯૩,૦૦૦ |
| ૩. | ૩ | ૪૯૩ | X | ૧૦૦૦ | = | ૪,૯૩,૦૦૦ |
| ૪. | ૪ | ૪૯૩ | X | ૧૦૦૦ | = | ૪,૯૩,૦૦૦ |
| ૫. | ૫ | ૪૯૩ | X | ૧૦૦૦ | = | ૪,૯૩,૦૦૦ |
| | કુલ | ૨૪૬૬ | X | ૧૦૦૦ | = | ૨૪,૬૬,૦૦૦ |

૬. ઘડિયાળ રીપેરીંગ :

| ક્રમ | વર્ષ | કુટુંબો | | ઘડિયાળ રીપેરીંગના સાધનો માટે એક કુટુંબને મદદ | | કુલ સાધનો |
|---|---|---|---|---|---|---|
| ૧. | ૧ | ૧૫૪ | X | ૧૦૦૦ | = | ૧૫,૪૦૦ |
| ૨. | ૨ | ૧૫૪ | X | ૧૦૦૦ | = | ૧૫,૪૦૦ |
| ૩. | ૩ | ૧૫૪ | X | ૧૦૦૦ | = | ૧૫,૪૦૦ |
| ૪. | ૪ | ૧૫૪ | X | ૧૦૦૦ | = | ૧૫,૪૦૦ |
| ૫. | ૫ | ૧૫૪ | X | ૧૦૦૦ | = | ૧૫,૪૦૦ |
| | કુલ | ૭૭૦ | X | ૧૦૦૦ | = | ૭,૭૦,૦૦૦ |

૭. રેડિયો રીપેરીંગ :

| ક્રમ | વર્ષ | કુટુંબો | | રેડિયો રીપેરીંગના સાધનો એક કુટુંબ માટે ખર્ચ | | કુલ ખર્ચ |
|---|---|---|---|---|---|---|
| ૧. | ૧ | ૨૦૮ | X | ૧૦૦૦ | = | ૨,૦૮,૦૦૦ |
| ૨. | ૨ | ૨૦૮ | X | ૧૦૦૦ | = | ૨,૦૮,૦૦૦ |
| ૩. | ૩ | ૨૦૮ | X | ૧૦૦૦ | = | ૨,૦૮,૦૦૦ |
| ૪. | ૪ | ૨૦૮ | X | ૧૦૦૦ | = | ૨,૦૮,૦૦૦ |
| ૫. | ૫ | ૨૧૦ | X | ૧૦૦૦ | = | ૨,૧૦,૦૦૦ |
| | કુલ | ૧૦૪૨ | X | ૧૦૦૦ | = | ૧૦,૪૨,૦૦૦ |

૮. ઓટોમોબાઈલ્સ :

| ક્રમ | વર્ષ | કુટુંબો | | એક કુટુંબને લાભ આપવા થનાર ખર્ચ | | કુલ ખર્ચ |
|---|---|---|---|---|---|---|
| ૧. | ૧ | ૧૧૭ | X | ૧૫૦૦ | = | ૧,૭૫,૫૦૦ |
| ૨. | ૨ | ૧૧૭ | X | ૧૫૦૦ | = | ૧,૭૫,૫૦૦ |
| ૩. | ૩ | ૧૧૭ | X | ૧૫૦૦ | = | ૧,૭૫,૫૦૦ |
| ૪. | ૪ | ૧૧૭ | X | ૧૫૦૦ | = | ૧,૭૫,૫૦૦ |
| ૫. | ૫ | ૧૧૯ | X | ૧૫૦૦ | = | ૧,૭૮,૫૦૦ |
| | કુલ | ૫૮૭ | X | ૧૫૦૦ | = | ૮,૮૦,૫૦૦ |

૯. સુથારીકામ :

| ક્રમ | વર્ષ | કુટુંબો | | એક કુટુંબને લાભ આપવા થનાર ખર્ચ | | કુલ ખર્ચ |
|---|---|---|---|---|---|---|
| ૧. | ૧ | ૨૩૮ | X | ૫૦૦ | = | ૧,૧૯,૦૦૦ |
| ૨. | ૨ | ૨૩૮ | X | ૫૦૦ | = | ૧,૧૯,૦૦૦ |
| ૩. | ૩ | ૨૩૮ | X | ૫૦૦ | = | ૧,૧૯,૦૦૦ |
| ૪. | ૪ | ૨૩૮ | X | ૫૦૦ | = | ૧,૧૯,૦૦૦ |
| ૫. | ૫ | ૨૪૦ | X | ૫૦૦ | = | ૧,૧૯,૦૦૦ |
| | કુલ | ૧૧૯૨ | X | ૫૦૦ | = | ૫,૯૬,૦૦૦ |

૧૦. કડિયાકામ :

| ક્રમ | વર્ષ | કુટુંબો | | એક કુટુંબને લાભ આપવા થનાર ખર્ચ | | કુલ ખર્ચ |
|---|---|---|---|---|---|---|
| ૧. | ૧ | ૨૦૭ | X | ૨૦૦ | = | ૪૧,૪૦૦ |
| ૨. | ૨ | ૨૦૭ | X | ૨૦૦ | = | ૪૧,૪૦૦ |
| ૩. | ૩ | ૨૦૭ | X | ૨૦૦ | = | ૪૧,૪૦૦ |
| ૪. | ૪ | ૨૦૭ | X | ૨૦૦ | = | ૪૧,૪૦૦ |
| ૫. | ૫ | ૨૦૭ | X | ૨૦૦ | = | ૪૧,૪૦૦ |
| | કુલ | ૧૦૩૫ | X | ૨૦૦ | = | ૨,૦૭,૦૦૦ |

૧૧. લુહારીકામ :

| ક્રમ | વર્ષ | કુટુંબો | | એક કુટુંબને લાભ આપવા થનાર ખર્ચ | | કુલ ખર્ચ |
|---|---|---|---|---|---|---|
| ૧. | ૧ | ૪૪ | X | ૧૦૦૦ | = | ૪૪,૦૦૦ |
| ૨. | ૨ | ૪૪ | X | ૧૦૦૦ | = | ૪૪,૦૦૦ |
| ૩. | ૩ | ૪૪ | X | ૧૦૦૦ | = | ૪૪,૦૦૦ |
| ૪. | ૪ | ૪૪ | X | ૧૦૦૦ | = | ૪૪,૦૦૦ |
| ૫. | ૫ | ૪૮ | X | ૧૦૦૦ | = | ૪૮,૦૦૦ |
| | કુલ | ૨૨૪ | X | ૧૦૦૦ | = | ૨,૨૪,૦૦૦ |

૧૨. ઈંટ ઉદ્યોગ :

| ક્રમ | વર્ષ | કુટુંબો | | એક કુટુંબને લાભ આપવા થનાર ખર્ચ | | કુલ ખર્ચ |
|---|---|---|---|---|---|---|
| ૧. | ૧ | ૮૧ | X | ૫૦૦ | = | ૪૦,૫૦૦ |
| ૨. | ૨ | ૮૧ | X | ૫૦૦ | = | ૪૦,૫૦૦ |
| ૩. | ૩ | ૮૧ | X | ૫૦૦ | = | ૪૦,૫૦૦ |
| ૪. | ૪ | ૮૧ | X | ૫૦૦ | = | ૪૦,૫૦૦ |
| ૫. | ૫ | ૮૨ | X | ૫૦૦ | = | ૪૧,૦૦૦ |
| | કુલ | ૪૦૬ | X | ૫૦૦ | = | ૨,૦૩,૦૦૦ |

૧૩. સહકારી મંડળીમાં મત્સ્ય ઉદ્યોગ :

| ક્રમ | વર્ષ | કુટુંબો | | એક કુટુંબને લાભ આપવા થનાર ખર્ચ | | કુલ ખર્ચ |
|---|---|---|---|---|---|---|
| ૧. | ૧ | ૧૪૦ | X | ૭૦૦ | = | ૯૮,૦૦૦ |
| ૨. | ૨ | ૧૪૦ | X | ૭૦૦ | = | ૯૮,૦૦૦ |
| ૩. | ૩ | ૧૪૦ | X | ૭૦૦ | = | ૯૮,૦૦૦ |
| ૪. | ૪ | ૧૪૦ | X | ૭૦૦ | = | ૯૮,૦૦૦ |
| ૫. | ૫ | ૧૪૦ | X | ૭૦૦ | = | ૯૮,૦૦૦ |
| | કુલ | ૭૦૦ | X | ૭૦૦ | = | ૪,૯૦,૦૦૦ |

૭. નવા ધંધા રોજગાર માટે તાલીમની જરૂરીયાત :

આદિવાસી યુવકો અને યુવતીઓ કેવા પ્રકારના નવા ધંધા કરવા માંગે છે અને તે માટે કેટલો ખર્ચ થશે તે અંગે જોયું. હવે આવા નવા પ્રકારના ધંધા માટે તાલીમ અતિ આવશ્યક છે. સર્વેક્ષિત કુટુંબોના કેટલાક યુવક-યુવતીઓ આ પ્રકારની તાલીમની ઈચ્છા રાખે છે. તો આવા યુવકોને તાલીમ કેન્દ્રો દ્વારા પ્રતિવર્ષ અમુક યુવકોને બોલાવી જરૂરી ત્રણ કે છ માસની તાલીમ આપવી જોઈએ અને તાલીમ ગાળા સમયમાં સ્ટાઈપેન્ડ આપવું જોઈએ. જરૂરી સાધનો માટે કેટલો ખર્ચ થશે તે વિગતે આગળ દર્શાવ્યું છે. સાથે એ વાત જણાવું કે આગળ જે તે વ્યવસાયો માટે સાધનોની માંગણી કરી છે તેમાંના કેટલાક તો એ કામ જાણે છે એટલે તેમણે તાલીમ લેવા અંગે ઈચ્છા દર્શાવી નથી જેઓ આ કામ નથી જાણતા તેમણે તાલીમ લેવાની ઈચ્છા રાખી છે.

૧. કડિયાકામ :

| ક્રમ | વર્ષ | સભ્યો | | એક વ્યક્તિને આપવાનું સ્ટાઈપેન્ડ (૧ માસ) | | કુલ ખર્ચ |
|---|---|---|---|---|---|---|
| ૧. | ૧ | ૩૭૭ | X | ૨૦૦ | = | ૭૫,૪૦૦ |
| ૨. | ૨ | ૩૭૭ | X | ૨૦૦ | = | ૭૫,૪૦૦ |
| ૩. | ૩ | ૩૭૭ | X | ૨૦૦ | = | ૭૫,૪૦૦ |
| ૪. | ૪ | ૩૭૭ | X | ૨૦૦ | = | ૭૫,૪૦૦ |
| ૫. | ૫ | ૩૮૧ | X | ૨૦૦ | = | ૭૬,૨૦૦ |
| | કુલ | ૧૮૮૯ | X | ૨૦૦ | = | ૩,૭૭,૮૦૦ |

૨. સુથારીકામ :

| ક્રમ | વર્ષ | સભ્યો | | એક વ્યક્તિને આપવાનું સ્ટાઈપેન્ડ (૩ માસ) | | કુલ ખર્ચ |
|---|---|---|---|---|---|---|
| ૧. | ૧ | ૩૨૧ | X | ૬૦૦ | = | ૧,૯૨,૬૦૦ |
| ૨. | ૨ | ૩૨૧ | X | ૬૦૦ | = | ૧,૯૨,૬૦૦ |
| ૩. | ૩ | ૩૨૧ | X | ૬૦૦ | = | ૧,૯૨,૬૦૦ |
| ૪. | ૪ | ૩૨૧ | X | ૬૦૦ | = | ૧,૯૨,૬૦૦ |
| ૫. | ૫ | ૩૨૩ | X | ૬૦૦ | = | ૧,૯૩,૮૦૦ |
| | કુલ | ૧૬૦૭ | X | ૬૦૦ | = | ૯,૬૪,૨૦૦ |

૩. વાંસકામ :

| ક્રમ | વર્ષ | સભ્યો | | એક વ્યક્તિને આપવાનું સ્ટાઈપેન્ડ (૧ માસ) | | કુલ ખર્ચ |
|---|---|---|---|---|---|---|
| ૧. | ૧ | ૧૪૮ | X | ૨૦૦ | = | ૨૯,૬૦૦ |
| ૨. | ૨ | ૧૪૮ | X | ૨૦૦ | = | ૨૯,૬૦૦ |
| ૩. | ૩ | ૧૪૮ | X | ૨૦૦ | = | ૨૯,૬૦૦ |
| ૪. | ૪ | ૧૪૮ | X | ૨૦૦ | = | ૨૯,૬૦૦ |
| ૫. | ૫ | ૧૫૨ | X | ૨૦૦ | = | ૩૦,૪૦૦ |
| | કુલ | ૭૪૪ | X | ૨૦૦ | = | ૧,૪૮,૮૦૦ |

૪. મત્સ્યોદ્યોગ :

| ક્રમ | વર્ષ | સભ્યો | | એક વ્યક્તિને આપવાનું સ્ટાઈપેન્ડ (૧ માસ) | | કુલ ખર્ચ |
|---|---|---|---|---|---|---|
| ૧. | ૧ | ૨૦૦ | X | ૨૦૦ | = | ૪૦,૦૦૦ |
| ૨. | ૨ | ૨૦૦ | X | ૨૦૦ | = | ૪૦,૦૦૦ |
| ૩. | ૩ | ૨૦૦ | X | ૨૦૦ | = | ૪૦,૦૦૦ |
| ૪. | ૪ | ૨૦૦ | X | ૨૦૦ | = | ૪૦,૦૦૦ |
| ૫. | ૫ | ૨૦૪ | X | ૨૦૦ | = | ૪૦,૮૦૦ |
| | કુલ | ૧૦૦૪ | X | ૨૦૦ | = | ૨,૦૦,૮૦૦ |

૫. ખાદી ઉદ્યોગ :

| ક્રમ | વર્ષ | સભ્યો | | એક વ્યક્તિને આપવાનું સ્ટાઈપેન્ડ (૧ માસ) | | કુલ ખર્ચ |
|---|---|---|---|---|---|---|
| ૧. | ૧ | ૭૪ | X | ૬૦૦ | = | ૪૪,૪૦૦ |
| ૨. | ૨ | ૭૪ | X | ૬૦૦ | = | ૪૪,૪૦૦ |
| ૩. | ૩ | ૭૪ | X | ૬૦૦ | = | ૪૪,૪૦૦ |
| ૪. | ૪ | ૭૪ | X | ૬૦૦ | = | ૪૪,૪૦૦ |
| ૫. | ૫ | ૭૬ | X | ૬૦૦ | = | ૪૫,૬૦૦ |
| | કુલ | ૩૭૨ | X | ૬૦૦ | = | ૨,૨૩,૨૦૦ |

૬. સીવણકામ :

| ક્રમ | વર્ષ | સભ્યો | | એક વ્યક્તિને આપવાનું સ્ટાઈપેન્ડ (૩ માસ) | | કુલ ખર્ચ |
|---|---|---|---|---|---|---|
| ૧. | ૧ | ૧૫૬ | X | ૬૦૦ | = | ૯૩,૬૦૦ |
| ૨. | ૨ | ૧૫૬ | X | ૬૦૦ | = | ૯૩,૬૦૦ |
| ૩. | ૩ | ૧૫૬ | X | ૬૦૦ | = | ૯૩,૬૦૦ |
| ૪. | ૪ | ૧૫૬ | X | ૬૦૦ | = | ૯૩,૬૦૦ |
| ૫. | ૫ | ૧૬૦ | X | ૬૦૦ | = | ૯૬,૦૦૦ |
| | કુલ | ૭૮૪ | X | ૬૦૦ | = | ૪,૭૦,૪૦૦ |

૭: ઈલેક્ટ્રીશીયન :

| ક્રમ | વર્ષ | સભ્યો | | એક વ્યક્તિને આપવાનું સ્ટાઈપેન્ડ (૩ માસ) | | કુલ ખર્ચ |
|---|---|---|---|---|---|---|
| ૧. | ૧ | ૧૯ | X | ૬૦૦ | = | ૧૧,૪૦૦ |
| ૨. | ૨ | ૧૯ | X | ૬૦૦ | = | ૧૧,૪૦૦ |
| ૩. | ૩ | ૧૯ | X | ૬૦૦ | = | ૧૧,૪૦૦ |
| ૪. | ૪ | ૧૯ | X | ૬૦૦ | = | ૧૧,૪૦૦ |
| ૫. | ૫ | ૧૯ | X | ૬૦૦ | = | ૧૧,૪૦૦ |
| | કુલ | ૯૫ | X | ૬૦૦ | = | ૧૧,૪૦૦ |

૮. વાયરમેન :

| ક્રમ | વર્ષ | સભ્યો | | એક વ્યક્તિને આપવાનું સ્ટાઈપેન્ડ (૩ માસ) | | કુલ ખર્ચ |
|---|---|---|---|---|---|---|
| ૧. | ૧ | ૫૨ | X | ૬૦૦ | = | ૩૧,૨૦૦ |
| ૨. | ૨ | ૫૨ | X | ૬૦૦ | = | ૩૧,૨૦૦ |
| ૩. | ૩ | ૫૨ | X | ૬૦૦ | = | ૩૧,૨૦૦ |
| ૪. | ૪. | ૫૨ | X | ૬૦૦ | = | ૩૧,૨૦૦ |
| ૫. | ૫ | ૫૨ | X | ૬૦૦ | = | ૩૧,૨૦૦ |
| | કુલ | ૨૬૦ | X | ૬૦૦ | = | ૧,૫૬,૦૦૦ |

૯. ટર્નર :

| ક્રમ | વર્ષ | સભ્યો | | એક વ્યક્તિને આપવાનું સ્ટાઈપેન્ડ (૩ માસ) | | કુલ ખર્ચ |
|---|---|---|---|---|---|---|
| ૧. | ૧ | ૩૧ | X | ૬૦૦ | = | ૧૮,૬૦૦ |
| ૨. | ૨ | ૩૧ | X | ૬૦૦ | = | ૧૮,૬૦૦ |
| ૩. | ૩ | ૩૧ | X | ૬૦૦ | = | ૧૮,૬૦૦ |
| ૪. | ૪ | ૩૧ | X | ૬૦૦ | = | ૧૮,૬૦૦ |
| ૫. | ૫ | ૩૧ | X | ૬૦૦ | = | ૧૮,૬૦૦ |
| | કુલ | ૧૫૫ | X | ૬૦૦ | = | ૯૩,૦૦૦ |

૧૦. ફીટર

| ક્રમ | વર્ષ | સભ્યો | | એક વ્યક્તિને આપવાનું સ્ટાઈપેન્ડ (૩ માસ) | | કુલ ખર્ચ |
|---|---|---|---|---|---|---|
| ૧. | ૧ | ૩૧ | X | ૬૦૦ | = | ૧૮,૬૦૦ |
| ૨. | ૨ | ૩૧ | X | ૬૦૦ | = | ૧૮,૬૦૦ |
| ૩. | ૩ | ૩૧ | X | ૬૦૦ | = | ૧૮,૬૦૦ |
| ૪. | ૪ | ૩૧ | X | ૬૦૦ | = | ૧૮,૬૦૦ |
| ૫. | ૫ | ૩૧ | X | ૬૦૦ | = | ૧૮,૬૦૦ |
| | કુલ | ૧૫૫ | X | ૬૦૦ | = | ૯૩,૦૦૦ |

૧૧. વેલ્ડર :

| ક્રમ | વર્ષ | સભ્યો | | એક વ્યક્તિને આપવાનું સ્ટાઈપેન્ડ (૨ માસ) | | કુલ ખર્ચ |
|---|---|---|---|---|---|---|
| ૧. | ૧ | ૨૨ | X | ૪૦૦ | = | ૮,૮૦૦ |
| ૨. | ૨ | ૨૨ | X | ૪૦૦ | = | ૮,૮૦૦ |
| ૩. | ૩ | ૨૨ | X | ૪૦૦ | = | ૮,૮૦૦ |
| ૪. | ૪ | ૨૨ | X | ૪૦૦ | = | ૮,૮૦૦ |
| ૫. | ૫ | ૨૪ | X | ૪૦૦ | = | ૯,૬૦૦ |
| | કુલ | ૧૧૨ | X | ૪૦૦ | = | ૪૪,૮૦૦ |

૧૨. ઓટોરીપેરર :

| ક્રમ | વર્ષ | સભ્યો | | એક વ્યક્તિને આપવાનું સ્ટાઈપેન્ડ (૨ માસ) | | કુલ ખર્ચ |
|---|---|---|---|---|---|---|
| ૧. | ૧ | ૧૫૭ | X | ૪૦૦ | = | ૬૨,૮૦૦ |
| ૨. | ૨ | ૧૫૭ | X | ૪૦૦ | = | ૬૨,૮૦૦ |
| ૩. | ૩ | ૧૫૭ | X | ૪૦૦ | = | ૬૨,૮૦૦ |
| ૪. | ૪ | ૧૫૭ | X | ૪૦૦ | = | ૬૨,૮૦૦ |
| ૫. | ૫ | ૧૬૧ | X | ૪૦૦ | = | ૬૪,૪૦૦ |
| | કુલ | ૭૮૯ | X | ૪૦૦ | = | ૩,૧૫,૬૦૦ |

૧૩. સ્ક્રીન પ્રિન્ટીંગ :

| ક્રમ | વર્ષ | સભ્યો | | એક વ્યક્તિને આપવાનું સ્ટાઈપેન્ડ (૨ માસ) | | કુલ ખર્ચ |
|---|---|---|---|---|---|---|
| ૧. | ૧ | ૧૪ | X | ૪૦૦ | = | ૫૬૦ |
| | કુલ | ૧૪ | X | ૪૦૦ | = | ૫૬૦ |

૧૪. પ્રિન્ટીંગ પ્રેસ :

| ક્રમ | વર્ષ | સભ્યો | | એક વ્યક્તિને આપવાનું સ્ટાઈપેન્ડ (૨ માસ) | | કુલ ખર્ચ |
|---|---|---|---|---|---|---|
| ૧. | ૧ | ૨૨ | X | ૪૦૦ | = | ૮,૮૦૦ |
| ૨. | ૨ | ૨૨ | X | ૪૦૦ | = | ૮,૮૦૦ |
| ૩. | ૩ | ૨૩ | X | ૪૦૦ | = | ૮,૮૦૦ |
| | કુલ | ૬૭ | X | ૪૦૦ | = | ૨૬,૮૦૦ |

૧૫. કમ્પોઝીટર :

| ક્રમ | વર્ષ | સભ્યો | | એક વ્યક્તિને આપવાનું સ્ટાઈપેન્ડ (૨ માસ) | | કુલ ખર્ચ |
|---|---|---|---|---|---|---|
| ૧. | ૧ | ૨૪ | X | ૪૦૦ | = | ૯,૬૦૦ |
| ૨. | ૨ | ૨૪ | X | ૪૦૦ | = | ૯,૬૦૦ |
| ૩. | ૩ | ૨૪ | X | ૪૦૦ | = | ૯,૬૦૦ |
| ૪. | ૪ | ૨૪ | X | ૪૦૦ | = | ૯,૬૦૦ |
| ૫. | ૫ | ૨૫ | X | ૪૦૦ | = | ૧૦,૦૦૦ |
| | કુલ | ૧૨૧ | X | ૪૦૦ | = | ૪૮,૪૦૦ |

૧૬. હીરાઉદ્યોગ:

| ક્રમ | વર્ષ | સભ્યો | | એક વ્યક્તિને આપવાનું સ્ટાઈપેન્ડ (૨ માસ) | | કુલ ખર્ચ |
|---|---|---|---|---|---|---|
| ૧. | ૧ | ૮૭ | X | ૪૦૦ | = | ૩૪,૮૦૦ |
| ૨. | ૨ | ૮૭ | X | ૪૦૦ | = | ૩૪,૮૦૦ |
| ૩. | ૩ | ૮૭ | X | ૪૦૦ | = | ૩૪,૮૦૦ |
| ૪. | ૪ | ૮૭ | X | ૪૦૦ | = | ૩૪,૮૦૦ |
| ૫. | ૫ | ૯૦ | X | ૪૦૦ | = | ૩૬,૦૦૦ |
| | કુલ | ૪૩૮ | X | ૪૦૦ | = | ૧,૭૫,૨૦૦ |

૧૭. ઘડિયાળ રીપેરીંગ:

| ક્રમ | વર્ષ | સભ્યો | | એક વ્યક્તિને આપવાનું સ્ટાઈપેન્ડ (૨ માસ) | | કુલ ખર્ચ |
|---|---|---|---|---|---|---|
| ૧. | ૧ | ૨૨ | X | ૪૦૦ | = | ૮,૮૦૦ |
